THE 'STUDENT'S MIRROR'

OR

NOTES ON THE GUJARATI AND THE ENGLISH VERB,

calculated
To facilitate the journey of the young learner to the Temple of Learning.

વિદ્યાર્થી દર્પણ

અથવા

યુવાન વિદ્યાર્થીનું વિદ્યામંદિર પ્રત્યેનું ગમન સરળ થાય એવું ગુજરાતી તથા અંગ્રેજી ક્રિયાપદ વિશે વિવેચન.

BY

NARHARRAM NARBHERAM MUNSHI,
HEAD MASTER, GOVERNMENT MIDDLE SCHOOL, SURAT.

PRINTED AT THE MISSION PRESS, SURAT

1890.

Price Rs. 1-4.

THE

'STUDENT'S MIR

OR

NOTES ON THE GUJARATI .
THE ENGLISH VERB,

calculated

To facilitate the journey of the young learner to the Temple of Learning.

વિદ્યાર્થી દર્પણ

અથવા

યુવાન વિદ્યાર્થીનું વિદ્યામંદિર પ્રત્યેનું ગમન સરળ થાય એવું ગૂજરાતી તથા અંગ્રેજી ક્રિયાપદ વિશે વિવેચન.

BY

NARHARRAM NARBHERAM MUNSHI,

HEAD MASTER, GOVERNMENT MIDDLE SCHOOL,

SURAT.

1890.

Price Rs. 1-4.

Registered under Act XXV. of 1867.

RINTED AT THE IRISH MISSION PRESS SURAT

TO

E. GILES, Esqr., M. A.,

Educational Inspector, N. D.,

THIS HUMBLE WORK IS DEDICATED

WITH FEELINGS OF ADMIRATION

AND ESTEEM,

FOR HIS NOBLEMINDEDNESS AND SCHOLARLY KNOWLEDGE,

BY

His Obedient Servant,

NARHARRAM NARBHERAM MUNSHI.

PREFACE.

It is a well known fact that a close and intimate acquaintance with grammar is of paramount importance in the acquisition of a good and correct knowledge of a language. Of all the parts of Speech the verb is the most important, and requires one's sole and undivided attention. That there are many grammars both in English and Gujarati written by abler hands than mine is a fact known to all. What more good, it may, therefore, be said, be done by such a book as the one offered to the public by me. This book is, however, quite different from all others, as it treats of both the Gujarati and the English Verb. This treatment is peculiar, as a reference to the contents and a perusal of the notes will not, I am confident, fail to show. Most of the rules given by me are mechanical that is such as proceed from my own brain. There is nothing learned or philosophic about these rules. They are simple and just framed to meet fully the difficulties and requirements of the young learner.

During my upwards of 36 years' service in the Educational Department I have used most of the rules, wherever I have served, with the required amount of success and real good to boys. Now that the time for me to retire on pension is near, the thought of doing some substantial good to the Department in which my whole life has been spent has suggested itself to my mind. This thought it is that has induced me to lay before the literary public this present book of mine, in

the sanguine hope that it will prove very useful to both scholars and masters. It would certainly be egotistic in me to enlarge on the merit of the book. For one to be impressed with an idea of its great utility, it is only necessary that he should put himself to the trouble of going through it in good earnest.

Though I have secured some good opinions, and could have gained more, I have not inserted these opinions in the book, as is commonly done by the majority of authors. The reason why I have not done so is the fact that, from the great good I have been able to effect by the use of the Notes, I see good reason to entertain the hope that it will not fail to meet with general encouragement and approbation.

I have spared no pains to make this book as comprehensive and as concise as possible, and, at the same time, to insert in it all that my long experience has suggested as best calculated materially to help the young learner in his studies. I am fully aware of the elaborate nature of the work I have taken the liberty of laying before the literary public. Though I have done it the amount of justice my humble abilities have permitted, there is I know ample room for improvement. I shall therefore be very glad to see better men than myself coming forward with suggestions most likely to enhance its utility.

Quite different as the treatment of this book is; composed as it is expressly for the real benefit of students under Standards from 1st to 7th; and calculated as it is to prove very useful to both natives and Europeans, I sanguinely hope that the Educational authorities will, on a regular review of it, be pleased to extend to it the degree of patronage it may be found

to deserve. In treating of the auxiliaries *Will, Shall, Should, Would, &c. Participle* and *Gerund, Present Infinitive* and *Present Perfect Infinitive*, the *Infinitive Absolute*, and some kinds of verbs, I have consulted the following works.

1 Howard's Senior Grammar.
2 Arnold's Grammar.
3 Bain's Higher English Grammar.
4 Hiley's Grammar.
5 Cornwell's Grammar.
6 Sullivan's Grammar.
7 Mason's Grammar.
8 Smith's Grammar.
9 Latham's Grammar
10 Adam's English Language.
11 Angus Hand Book of the English Tongue.
12 Latham's Hand Book of the English Tongue.
13 Sheppard's Manual of General English, and Middle School Manual.
14 Rowe and Webb's Hints.

In conclusion I beg to express my warmest and most sincere thanks to Mr. B. F. Patel, at present Vice Principal Elphinstone High School, for the pains taken by him in reading with me more than half of the manuscript, and making many suggestions likely to increase its usefulness and secure its accuracy.

With all my heart I beg to thank the many respectable gentlemen and others in and out of Surat, who have put down their names as subscribers. Several of the subscription lists not having been received in time, and people being overanxious to see the book out, I am sorry I have not been able to give the really long list of the subscribers.

ERRATA.

Page.	Line.	Incorrect.	Correct.
10	6	તાં	માં
22	28	”	જૂન
30	25	કલાક	દહાડા
31	19	માઁડે	માંડે
51	1	૧૧૦	૨૧૦
59	21	૨૩૪	૨૩૫
59	27	૨૩૮	૨૩૫
63	19	૨૪૦	૨૫૦
90	16	having being done	having been done
107	15	me	we
108	13	siugular	singular
120	13	બતાવવું	બતાવવુ
139	23	pronuon	pronoun
168	24	પ્રતે	પ્રત્યે
225	5	aske	ask
242	6	ભાષના	ભાષાના
249	18	તેમને	તે મને
251	21	affraid	afraid
259	11	ટુંક	ટૂંક

CONTENTS.

Notes on the Gujarati and the English Verb.

1. થવું કે હોવું, કરવું, કે ખમવું એટલે અંગ્રેજીમાં *being, doing* કે *suffering* જે શબ્દ બતાવેછે તે શબ્દને ગુજરાતીમાં ક્રિયાપદ અને અંગ્રેજીમાં verb કહેછે. Verb કહેવાનું કારણ એ કે વાક્યમાં એ મુખ્ય શબ્દ છે.

2. ક્રિયાપદના પ્રકાર બે છે, અકર્મક અને સકર્મક.

3. અકર્મક એટલે જેના કર્ત્તામાં હોવાનો અથવા કર્મ ઉપર નહીં જતું હોય એવા કામનો અર્થ હોયછે, જેમકે, તે છે, તે ચાલેછે, તે દોડેછે. એમાં હોવાનું, ચાલવાનું, અને દોડવાનું કામ તે જે કર્ત્તા છે તેમાંજ રહેછે.

4. કર્મવાળા ક્રિયાપદ અથવા જેના કર્ત્તાનું કામ બીજાપર જાયછે તેને સકર્મક કહેછે. જેમકે, તેઓ અંગ્રેજી બોલેછે, તે છોકરો ચોપડી વાંચેછે. એમાં બોલવાનું કામ તેઓ જે કર્ત્તા છે તેનાપરથી અંગ્રેજીપર જાયછે તેથી અંગ્રેજી કર્મ છે, અને વાંચવાનું કામ છોકરાપરથી ચોપડીપર જાયછે તેથી ચોપડી કર્મ છે.

5. ક્રિયાનો કરનાર અથવા જેને વિશે બોલવામાં આવેછે તેને કર્ત્તા કહેછે. કોણ, શું, કે નાર બોલથી કર્ત્તા નીકળી આવેછે. ઉદાહરણ, તે છોકરો ગયો. કાચ ખડીગયો. પહેલા વાક્યમાં કોણ ગયો એમ પૂછવામાં આવે તો તેના જવાબમાં છોકરો બોલાય તેથી છોકરો કર્ત્તા થયો. વળી એજ વાક્યમાં ગયો નું મૂળરૂપ જે જા છે તેને નાર

લગાડવાથી જાનાર = જનાર એ સવાલના જવાબમાં પણ કર્ત્તા તરીકે છોકરોજ બોલવાનો છે. તેમજ શું પડ્યું અને પડનાર એ બે સવાલથી કાગ્ર કર્ત્તા છે એમ જણાઈ આવે.

6. ક્રિયાના ખમનારને કર્મ કહેછે, અને એ કોને, શું, કે વાનું બોલથી જણાઈ આવેછે. ઉદાહરણ, જમનાદાસે ભાઈદાસને દીઠો. એ વાક્યમાં કોને દીઠો એ સવાલના જવાબમાં ભાઈદાસ બોલાય તેથી ભાઈદાસ કર્મ છે. તેમજ 'તેણે ચોપડી લીધી' માં શું લીધું પૂછવાથી ચોપડી કર્મ છે એમ માલમ પડે. વળી પહેલા વાક્યમાં કેખને અને બીજામાં લેને વાનું લગાડયાથી કર્મ જણાઈ પડે.

7. અકર્મકને અંગ્રેજીમાં *intransitive* ઇન્ટ્રન્ઝિટિવ અને સકર્મકને *transitive* ટ્રન્ઝિટિવ કહેછે.

8. કર્ત્તા એટલે અંગ્રેજીમાં *subject* સબ્જેક્ટ, અને કર્મ એટલે *object* ઑબ્જેક્ટ.

9. કર્મ બે પ્રકારનાં છે, એક જીવવાળું અને બીજું જીવ વગરનું. જીવવાળું કર્મ ચોથી વિભક્તિમાં અને જીવવગરનું બીજીમાં આવેછે. જેમકે, તેણે રામભાઈને રૂપીઆ આપ્યો. એમાં રામભાઈમાં જીવ છે તેથી તે ચોથીમાં છે, અને રૂપીઆમાં જીવ નહીં હોવાથી તે બીજીમાં છે.

10. ચોથી વિભક્તિના કર્મને અંગ્રેજીમાં *dative case* નો *object*, અને બીજીના કર્મને *accusative case* નો *object* કહેછે.

11. ચોથીના કર્મને અનુપસ્થ એટલે આઘેનું, અને બીજીના કર્મને ઉપસ્થ એટલે પાસેનું કર્મ કહેછે. અનુપસ્થ કર્મનું અંગ્રેજી indirect object અને ઉપસ્થ કર્મનું direct object.

12. અનુપસ્થ કર્મને ને કે વાસ્તે લાગેછે. જેમકે, મેં તેને સારી ચોપડી આપી, અને તેના બાપે તેને વાસ્તે સારી ચોપડી વેચાતી લીધી.

13. Indirect object ને અંગ્રેજીમાં *to* કે *for* લાગેછે. જેમકે, He gave a good book *to* me, અને He bought a good slate *for* me.

14. ઉપલી કલમમાં indirect object ની પેહેલાં direct object આવેલો છે, તેથી *to* અને *for* બોલવામાં આવ્યા છે, પણ જો indirect object ની પછી direct object લેવામાં આવે તો પ્રત્યક્ષ બોલવાની જરૂર નથી. જેમકે, He gave me a good book, અને He bought me a good slate.

15. જે સકર્મક ક્રિયાપદને બે કર્મ હોતાં નથી તે ક્રિયાપદની બાબતમાં ને વાળું કર્મ ચોથીમાં નહીં પણ બીજીમાં છે એમ સમજવાનું છે. જેમકે, મેં ભાઈદાસને દીઠો. તેઓએ તેને મારયો. એમાં ભાઈદાસને અને તેને બીજીમાં છે તેથી અંગ્રેજીમાં ને બાતલ રાખવાનો છે.

16. અંગ્રેજીમાં નામની બાબતમાં પહેલી અને બીજી વિભક્તિનાં રૂપ સરખાંજ છે. જેમકે Rambhai saw Bhaidas અને Bhaidas saw Rambhai. પહેલા વાક્યમાં રામભાઈ કર્ત્તા અને ભાઈદાસ કર્મ છે, અને બીજામાં ભાઈદાસ કર્ત્તા અને રામભાઈ કર્મ છે, અને એઓનાં રૂપમાં કંઈ ફેર પડતો નથી. તેથી 'મેં ભાઈદાસને દીઠો' નું I saw to Bhaidas નહીં પણ I saw Bhaidas, અને 'તેઓએ તેને મારયો' નું They beat to him નહીં પણ They beat him.

17. એકજ કર્મવાળા સકર્મક ક્રિયાપદનું કર્મ જીવવાળું હોય તો ને બોલવો એવો ગુજરાતીમાં સાધારણ નિયમ છે, પરંતુ અંગ્રેજી નિયમ પ્રમાણે ને નહીં બોલવામાં આવે ને બીજી

ગણાય એમ પણ બનેછે. જેમકે, તેણે બે વાઘ જોયા. તેઓએ વાઘ મારયો. બીજા વાક્યમાં વાઘને મારયો બોલવામાં આવે તો વાઘને મારીનાખ્યો એમ નહીં પણ વાઘને માર મારયો એમ સમજવાનું છે. તેમજ છોકરો મારયો અને છોકરાને મારયોની બાબતમાં પણ સમજવાનું છે.

18. બે કર્મવાળા સકર્મક ક્રિયાપદની બાબતમાં જીવવાળું કર્મ ચોથીમાં, અને એક કર્મવાળા સકર્મક ક્રિયાપદની બાબતમાં બીજીમાં છે એમ મનમાં રાખવાનું છે.

19. જીવવગરના કર્મની બાબતમાં ગુજરાતીમાં અંગ્રેજીમાં હોયછે તેમ પહેલી અને બીજીનાં રૂપમાં ફેર પડતો નથી. જેમકે, તે ચોપડી પડી ગઈ, અને મેં તે ચોપડી લીધી. That book fell down, અને I took that book. પહેલા ગુજરાતી વાક્યમાં ચોપડી કર્ત્તા અને બીજામાં કર્મ છે, અને પહેલા અંગ્રેજી વાક્યમાં *book* subject, અને બીજામાં object છે.

20. જીવવાળું કર્મ ચોથીમાં લેવું એ નિયમનો અપવાદ એ છે કે એ બીજીમાં પણ આવે, અને જીવવગરનું કર્મ બીજીમાં લેવું એવો સાધારણ નિયમ છે, તોપણ એના અપવાદ પણ છે ખરા. ઉદાહરણ, લોક પૈસાને પૂજેછે. આ ઘડીઆળને કોણે છેડયું હતું? તમારા ઘરને તે વખોડેછે. તે પોતાના દુ:ખને રડેછે.

21. અનુપસ્થ કર્મ જીવવાળું અને ઉપસ્થ કર્મ જીવવગરનું હોયછે, પણ વખતે ઉપસ્થ કર્મ જીવવાળું પણ હોય ખરૂં. જેમકે, તેણે પોતાના છોકરાને મહેતાજીને સોંપ્યો. આ વાક્યમાં છોકરાને જીવવાળું ઉપસ્થ કર્મ છે, અને ને લાગ્યા છતાં બીજીમાં છે. તેથી અંગ્રેજીમાં He entrusted to his son to the master નહીં પણ He entrusted his son to the master.

22. ક્રિયાપદના ટુંકામાંટુંકા રૂપને મૂળ કહેછે, અને સંસ્કૃતના જે રૂપઉપરથી એ નીકળેલું હોય તેને ધાતુ કહેછે. જેમકે, કર મૂળ અને કૃ ધાતુ કહેવાય.

23. મૂળને અંગ્રેજીમાં root કહેછે.

કાળ Tense, કૃદંત participle.

24. ક્રિયાપદને ત્રણ મુખ્ય કાળ હોયછે, તેનાં નામ વર્ત્તમાન, ભૂત, અને ભવિષ્ય.

25. વર્ત્તમાન એટલે અંગ્રેજીમાં present, ભૂત past, અને ભવિષ્ય future.

26. કાળની બાબતમાં ક્રિયાપદને બે રૂપ હોયછે, એક સાદું કે હમેશાનું અને બીજું ચાલુ.

27. સાદા રૂપમાં જે ક્રિયા હોય તે કોઈ કોઈ વાર કે રોજ કે હમેશા થાયછે અથવા થતી હતી એમ સમજવાનું છે. ઉદાહરણ, તે મારી પાસે (કોઈ કોઈ વાર) આવેછે. તે તેઓની પાસે (રોજ) કે (હમેશા) જાયછે. તે મારી પાસે (કોઈ કોઈ વાર) આવતો. તે તેઓની પાસે (રોજ કે હમેશા) જતો.

28. ચાલુ રૂપમાં જે ક્રિયા હોય તે બોલતી વખતે થાયછે અથવા થતી હતી એમ સમજવાનું છે. જેમકે, તે (હાલમાં) પોતાનો પાઠ વાંચેછે. (તે વખતે) તે પોતાનો પાઠ વાંચતો હતો.

29. હો, પાસેહો, અને કર એ ત્રણ ક્રિયાપદ ઉપર બધો પાયો રચેલો છે.

30. હો ઉપરથી છે, હતો, અને હોશે એ ત્રણ મુખ્ય કાળના ક્રિયાપદ નીકળેલા છે.

31. છે, હતો, અને હોશે એ મુખ્ય તેમ સહાયકારક ક્રિયાપદ છે.

32. છે, હતો, અને હોશે સહાયકારક હોયછે ત્યારે તેઓ મિશ્રિત કાળ બનાવવાનું કામ કરેછે.

33. ક્રિયાપદને ત્રણ મુખ્ય કાળ હોયછે તેમ ત્રણ મુખ્ય કૃદંત પણ હોયછે, વર્ત્તમાન કૃદંત, ભૂતકૃદંત, અને ભવિષ્ય કૃદંત.

34. વર્ત્તમાન કૃદંતની નિશાણી તો, તી, તું, તા, તી, તાં, ભૂત કૃદંતની યો-ઈ-યું, યા, ઈ, યાં, અને ભવિષ્ય કૃદંતની વાનો, વાની, વાનું, વાના, વાની, વાનાં. ભૂત કૃદંતની નિશાણી એલો, એલી, એલું, એલા, એલી, એલાં પણ છે.

35. વર્ત્તમાન કૃદંત એટલે present participle, ભૂત કૃદંત past participle, અને ભવિષ્ય કૃદંત future participle.

36. છે, હતો, અને હોશે સહાયકારક હોયછે ત્યારે ત્રણ મિશ્રિત કાળ બનાવવાને તેઓની મદદમાં ભૂત કૃદંત લેવાની જરૂર છે. જેમકે, કર ઉપરથી એવા ત્રણ કાળ કરવા હોય તો કરનું ભૂત કૃદંત જે કરેલું છે તેની જોડે છે લીધાથી કરેલું છે થાય, હતો લીધાથી કરેલું હતું, અને હોશે લીધાથી કરેલું હોશે.

37. ત્રણ મિશ્રિત કાળને ભૂત વર્ત્તમાન, ભૂતભૂત, અને ભૂત ભવિષ્ય કહેછે.

38. ત્રણ મિશ્રિત કાળનાં નામ સહેલથી અપાય તેટલા સારૂ યાદ રાખવું કે ત્રણ મુખ્ય કાળની પહેલાં ભૂત બોલ ઉમેરવો, એટલે વર્ત્તમાનની પહેલાં ભૂત મૂકયાથી ભૂતવર્ત્તમાન, ભૂતની પહેલાં ભૂત મૂકયાથી ભૂતભૂત, અને ભવિષ્યની પહેલાં ભૂત મૂકયાથી ભૂત ભવિષ્ય.

39. છે, હતો, અને હોશે ને સહાયકારક તરીકે ભૂત કૃદંતની સાથે જોડવાથી ત્રણ મિશ્રિત કાળનાં સાદાં રૂપ થાયછે.

40. છે ઉપરથી ભૂત વર્ત્તમાન હોચલો છે, હતો ઉપરથી ભૂતભૂત હોચલો હતો, અને હોશે ઉપરથી ભૂત ભવિષ્ય હોચલો હોશે.

41. કરેલો છે એ ભૂતવર્ત્તમાન શી રીતે એ જાણવું હોય તો એના બે ભાગ કરેલો + છે કરવા. પછી કરેલો ઉપરથી ભૂતકૃદંત બોલ કાઢવો, અને તેમાંથી કૃદંત શબ્દ કાઢી નાખવાથી ફક્ત ભૂત રહેવાનો. એમ કર્યા પછી છે ઉપરથી વર્ત્તમાન બોલ લઈને ભૂતની પછી મૂકયો એટલે ભૂતવર્ત્તમાન થઈ રહ્યો. એજ પ્રમાણે કરેલોહતો અને કરેલોહોશેની બાબતમાં કરવાથી ભૂતભૂત અને ભૂતભવિષ્ય એ નામ નીકળી આવે.

42. ત્રણ મિશ્રિત કાળનાં નામ ઉપરથી દાખલા આપવા હોય તો ભૂતવર્ત્તમાનમાં ભૂતની પછી કૃદંત બોલ ઉમેરવો, અને વર્ત્તમાનને ઠેકાણે છે મૂકવો, એટલે કરેલો છે થાય. એજ પ્રમાણે ભૂતભૂત અને ભૂતભવિષ્યમાં કૃદંત બોલ ઉમેરવાથી અને ભૂતને બદલે હતો અને ભવિષ્યને ઠેકાણે હોશે મૂકવાથી કરેલો હતો અને કરેલો હોશે થાય.

43. મિશ્રિત કાળને અંગ્રેજીમાં compound tenses કહે છે.

44. ભૂત વર્ત્તમાન એટલે અંગ્રેજીમાં present perfect, ભૂતભૂત past perfect, અને ભૂતભવિષ્ય future perfect.

45. ભૂતવર્ત્તમાનને માટે પૂર્ણવર્ત્તમાન અથવા પૂર્વવર્ત્તમાન, ભૂતભૂતને માટે દ્વિત્વભૂત કે પૂર્વભૂત, અને ભૂતભવિષ્યને માટે પૂર્ણભવિષ્ય કે પૂર્વભવિષ્ય પણ બોલવાનો ગુજરાતીમાં ચાલ છે.

46. Compound tenses નાં નામ સહેલથી અપાય એટલા માટે કરવાનું એ કે ત્રણ મુખ્ય કાળની પછી perfect બોલ બોલવો, એટલે present ની પછી perfect આવ્યાથી present perfect, past ની પછી perfect લખ્યાથી past

perfect, અને future ની પછી perfect લેવાથી future perfect થયા.

47. છે, હતો, અને હોશે ને મુખ્ય ક્રિયાપદના વર્ત્તમાન કૃદંત સાથે જોડયાથી વર્ત્તમાન, ભૂત, અને ભવિષ્યનાં ચાલુ રૂપ થાયછે. જેમકે, કર ઉપરથી એવા ત્રણ કાળ કરવા હોય તો કરનું વર્ત્તમાન કૃદંત જે કરતો છે તેની જોડે છે લીધાથી કરતો છે, હતો લીધાથી કરતો હતો, અને હોશે લીધાથી કરતો હોશે.

48. ઉપલી કલમમાં ભૂતકાળ તથા ભવિષ્યકાળનાં ચાલુ રૂપ તો બોલવામાં આવેછે તેમજ છે, પણ વર્ત્તમાનકાળનું ચાલુ રૂપ જે કરતો છે છે તેમ કંઇ બોલવાનો ધારો નથી, એવે ઠેકાણે કરેછે બોલવામાં આવેછે. એ ઉપરથી યાદ રાખવાનું એ કે જે વખતની વાત હોય તે વખતે કરેછે એમ હોય તો કરેછે ની બરાબર કરતો છે છે એમ સમજવું. ઘણુંકરીને ગામડાંના લોક કરતો છે, આવતો છે, દોડતો છે વગેરે બોલેછે.

49. ઉપર કહેલાં ત્રણ ચાલુરૂપના દાખલા ઉપરથી તેઓનાં નામ, અને નામ ઉપરથી દાખલા કલમ ૪૧-૪૨ માં બતાવેલી રીત પ્રમાણે કરવાથી આપી શકાય.

50. ગુજરાતીમાં જેને ચાલુરૂપ કહેછે તેને અંગ્રેજીમાં continuous forms કહેછે.

51. ચાલુ વર્ત્તમાન એટલે અંગ્રેજીમાં present continuous, ચાલુ ભૂત past continuous, અને ચાલુ ભવિષ્ય future continuous.

52. ચાલુ વર્ત્તમાનને અપૂર્ણ વર્ત્તમાન પણ કહેછે, ચાલુ ભૂતને અપૂર્ણભૂત અથવા વર્ત્તમાનભૂત, અને ચાલુ ભવિષ્યને વર્ત્તમાન ભવિષ્ય કે અપૂર્ણ ભવિષ્ય.

53. Present continuous એટલે present progressive અથવા present imperfect, past continuous past progressive કે past imperfect, અને future continuous future progressive કે future imperfect.

54. ચોતરીસમી કલમમાં ભૂત કૃદંતની નિશાણી યો-ઇ-યું વગેરે આપેલી છે, પણ કેટલાએક ક્રિયાપદની બાબતમાં એ નિશાણીને બદલે ઓ-ઈ-ઉં. આ, ઈ, આં બોલવામાં આવેછે. એવા ક્રિયાપદનાં નામ. જા, બેસ, પેસ, ખા, પી, લે, દે, નાસ, દેખ, સૂ, બી, મર.

55. ઉપલી કલમમાં આવેલા ક્રિયાપદનો ભૂત કાળ કરવો હોય તો જા ઉપરથી ગયો, બેસ બેઠો, પેસ પેઠો, ખા ખાધો, પી પીધો, લે લીધો, દે દીધો, નાસ નાઠો, દેખ દીઠો, સૂ સૂતો, બી બીધો, મર મુઓ. ગુજરાતીમાં જા અને અંગ્રેજીમાં go મળતા આવેછે, કારણ કે બનેનો ભૂત કાળ જૂદાજ શબ્દવડે થાયછે.

56. બેસ, પેસ, ખા, પી વગેરે ક્રિયાપદનો ભૂતકાળ નિયમથી જૂદીજ રીતે થાયછે તેથી એવા ક્રિયાપદને અનિયમિત કહેછે. ગુજરાતીમાં નિયમિત કરતાં અનિયમિત ક્રિયાપદ થોડા છે. પણ અંગ્રેજીમાં તો અનિયમિત ક્રિયાપદ ઘણા છે. એ બાબતમાં બે ભાષા જૂદી પડેછે.

57. છે, હતો, અને હોશેની સાથે વાનો જે ભવિષ્ય કૃદંતની નિશાણી છે તે જોડયાથી ત્રણ કાળ થાયછે તેનાં નામ ભવિષ્ય વર્ત્તમાન, ભવિષ્ય ભૂત, અને ભવિષ્ય ભૂતભૂત.

58. મુખ્ય ક્રિયાપદ કર સાથે વાનો જોડયાથી કરવાનો છે, કરવાનો હતો, અને કરી રહેવાનો હતો એ ત્રણ કાળ થાયછે.

59. એ ત્રણ કાળનાં નામ તા. દાખલા કલમ ૪૧-૪૨ અને ૪૯ ઉપર નજર રાખવાથી આવી શકાય.

60. ભવિષ્ય ભૂતભૂત બનાવવાની રીત એવી છે કે ભવિષ્ય ભૂતમાં જે ક્રિયાપદ હોય તેના છેલ્લા અક્ષરને અવ્યય કૃદંતનો પ્રત્યય ઈ લગાડવો, અને પછી રહે ઉમેરવું. જેમકે, **કરવાનો હતો** તાં મૂળ ક્રિયાપદનો છેલ્લો અક્ષર ર છે તેને ઈ જોડી એટલે કરી થયું, અને તેની પછી રહે ઉમેરવું કે **કરી રહેવાનો હતો** થયું.

61. વર્ત્તમાન કાળના પેટામાં બે કાળ આવેછે તેનાં નામ અનિયમિત વર્ત્તમાન અને વિધિ વર્તમાન—ઉદાહરણ, કર, કરે, અને કરવો-વાનું.

62. ભૂતકાળના પેટામાં બે કાળ આવેછે, એક અનિયમિત ભૂત અને બીજો સંકેત ભૂત. દાખલા, કરતો, બોલતો, જમતો, અને કરત, બોલત, જમત.

63. ભવિષ્ય કાળના પેટામાં એક કાળ આવેછે તેને આજ્ઞાર્થ ભવિષ્ય કહેછે. જેમકે, કરજે, કરજો. કરશો પણ બોલવામાં આવેછે, પણ એની જોડે માં કે નહીં આવેછે. જેમકે, કરશો માં કે કરશો નહીં.

64. ત્રણ મિશ્રિત કાળનાં ચાલુ રૂપ બાબત યાદ રાખવાનું કે ભૂત વર્ત્તમાનમાં છેની બરાબર **હોયચલો છે** છે, ભૂતભૂતમાં **હતો**ની બરાબર **હોયચલો હતો**, અને ભૂતભવિષ્યમાં હોશેની બરાબર **હોયચલો હોશે**.

65. ચાલુ વર્ત્તમાન તા. ચાલુ ભૂત વર્ત્તમાનમાં ક્રિયાપદનું રૂપ સરખુંજ આવેછે. જેમકે, તે મારી પાસે હાલ આવેછે, અને તે મારી પાસે પાંચ દહાડા થયાં આવેછે. પહેલી બાબતમાં **આવેછે=આવનો છે** કે તેમાં છે ની બરાબર છે છે, પણ બીજી બાબતમાં **આવેછે=આવનો છે=આવતો હોયચલો**

છે સમજવું. બીજા વાક્યમાં આવેછે ની બરાબર આવ્યા કરેછે પણ છે.

66. વર્ત્તમાન ભૂત અને ચાલુ ભૂતભૂતનાં રૂપ સરખાં છે. ઉદાહરણ, તે વખતે તે ચોપડી વાંચતો હતો, અને તે બે કલાક થયાં ચોપડી વાંચતો હતો. પહેલામાં હતો એટલે હતો, અને બીજામાં હતો=હોચલો હતો. બીજા વાક્યમાં વાંચતો હતો=વાંચતો હોયલો હતો કે વાંચ્યા કરતો હતો.

67. વર્ત્તમાન ભવિષ્ય અને ચાલુ ભૂતભવિષ્યનાં રૂપ સરખાં છે. જેમકે, તે તે વખતે ચોપડી વાંચતો હોશે, અને તે બે કલાક થયાં ચોપડી વાંચતો હોશે. એમાં પહેલામાં હોશેની બરાબર હોશે, અને બીજામાં હોશેની બરાબર હોચલો હોશે. બીજા વાક્યમાં વાંચતો હોશે=વાંચતો હોચલો હોશે=વાંચ્યા કરતો હોશે.

68. વર્ત્તમાન, ભૂત, અને ભવિષ્ય એ ત્રણ મુખ્ય કૃદંત સિવાય બીજાં કૃદંત છે તેનાં નામ અવ્યયકૃદંત, નામકૃદંત, વિશેષણકૃદંત, અને સામાન્ય કે વિલિવર્તમાન કૃદંત.

69. અવ્યય કૃદંત બને વચન અને ત્રણે જાતિમાં સરખેજ રૂપે રહેછે. એ કૃદંતની નિશાણી ઈ, ઈને, અને તાં છે. ઉદાહરણ, તે ચોપડી લઈ બહાર ગયો. તેઓ ચોપડી વાંચીને સૂઈ ગયા. તે ઉતરતાં પડી ગઈ.

70. નામ કૃદંતના રૂપમાં ફેર પડેછે, અને એ મૂળને નાર લગાડયાથી થાયછે. જેમકે, તે લખનારો સારો છે. તે લખનારી સારી છે. તે લખનારા સારા છે.

71. વર્ત્તમાન અને ભૂત એ બને કૃદંતની પછી નામ આવેછે ત્યારે એઓ વિશેષણ કૃદંત છે. ઉદાહરણ, તેણે વહેતા ઝરાનું પાણી પીધું. તેઓએ ભાંગેલી પથરપાટી જોઈ.

વિશેષણ કૃદંતના રૂપમાં ફેર પડેછે. જેમકે, વહેતો, વહેતી, વહેતું, અને ભાંગેલો, ભાંગેલી, ભાંગેલું.

72. સામાન્ય કે વિધિ વર્તમાન કૃદંત નામની બરાબર છે. દાખલા, વહેલા ઊઠવું સારૂં છે, પોતાના પાઠ સારા કરવા એ જરૂરનું છે. એ કૃદંતના રૂપમાં વચન અને જાતિ પ્રમાણે ફેરફાર થાયછે.

73. તાં લાગ્યાથી અવ્યયકૃદંત થાયછે તેમ વર્ત્તમાન-કૃદંત, નામકૃદંત, અને અનિયમિત ભૂતકાળ પણ થાયછે. જેમકે, તે દોડતાં પડીગયો. તે છોકરાં રડતાં હતાં. તેને વાંચતાં આવડતું નથી. તે છોકરાં રોજ બહુ રમતાં.

74. ક્રિયાપદના મૂળને નાર લગાડયાથી જેમ નામકૃદંત થાયછે તેમ યા લગાડયાથી પણ થાયછે. જેમકે, તે કામ કર્યાથી ફાયદો નથી. એમા કરયાની બરાબર કરવા છે.

75. નાર લગાડયાથી થાયછે તેને કર્તૃવાચક કૃતનામ કહેછે, અને યા=વા લગાડયાથી સામાન્ય કૃદંતનામ થાયછે.

76. ભૂતવર્ત્તમાન અને વર્ત્તમાનભૂત, વર્ત્તમાનભવિષ્ય અને ભવિષ્યવર્ત્તમાન, અને ભૂતભવિષ્ય અને ભવિષ્યભૂત એ કાળોના દાખલા આપેલા છે તે સારી રીતે મનમાં ઠસાવવા જોઈએ કે ભૂલથાપથી એકમેક ન થઈ જાય.

77. કાળોનું કોષ્ટક. Table of tenses. મૂળભેદ Active voice. કર ક્રિયાપદ ત્રીજો પુરૂષ એકવચન.

વર્ત્તમાન	સાદો એટલે હમેશાનો	કરેછે.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરેછે-કરતો છે-કરવામાં છે.
,,	અનિયમિત	કરે.
,,	વિધિ	કરવો-વી-વું.
,,	ભવિષ્ય	કરવાનો છે.
,,	ભૂત	કરેલો છે-કરી રહેલો છે. કર્યાને—થયું છે.

વર્તમાન ચાલુભૂત (મુદતનો)	કરેછે. કરતો છે-કર્યા કરેછે.
ભૂત સાદો એટલે હમેશાનો	કર્યો. કીધો.
,, ચાલુ (ફલાણી વખતે)	કરતો હતો. કરવામાં હતો.
,, અનિયમિત (રિતિ ભૂત)	કરતો.
,, સંકેત	કરત.
,, ભવિષ્ય	કરવાનો હતો.
,, ભૂત	કરેલો હતો. કરી રહેલો હતો. કર્યાને- થયું હતું.
,, ભવિષ્ય ભૂત	કરી રહેવાનો હતો.
ભવિષ્ય સાદો એટલે હમેશાનો	કરશે,
,, ચાલુ (ફલાણી વખતે)	કરતો હોશે. કરવામાં હોશે.
,, ભૂત	કરેલો હોશે. કરી રહેલો હોશે. કર્યાને-થશે.
,, ચાલુ ભૂત (મુદતનો)	કરતો હોશે. કર્યા કરતો હોશે.
,, આજ્ઞાર્થ	કરજે. કરીશ.

સધ્યભેદ. Passive voice.

78. સધ્યભેદની નિશાણી આ છે. ક્રિયાપદના મૂળ રૂપમાં જે અંત્યાક્ષર એટલે છેલ્લો અક્ષર હોયછે તેની જોડે આ ઉમેરવાથી એ ભેદ થાયછે. જેમકે, કર માં ર ની પછી આ ઉમેરવાથી કરા થયું.

79. આ ઉપરથી વર્તમાન આયછે, ભૂત આયો, ભવિષ્ય આશે, ભૂતવર્તમાન આયલો છે, ભૂતભૂત આયલો હતો, અને ભૂતભવિષ્ય આયલો હોશે.

80. આયછે વગેરેની પહેલાં કર મૂકવાથી કરાયછે, કરાયો, કરાશે, કરાયલો છે, કરાયલો હતો, અને કરાયલો હોશે એ સધ્યભેદના કાળ બનેછે.

81. સહ્યભેદની નિશાણી જે આ છે તે ક્રિયાપદના મૂળ રૂપ જોડે આવેછે.

82. આ નું વર્તમાનકૃદંત આતો, ભૂત આયલો, ભવિષ્ય આવાનો, અવ્યય આઈ, આઈને, કે આતાં, નામ આનાર, અને સામાન્ય કે વિધિવર્તમાન આવો.

83. છે, હતો, અને હોશે ની સાથે આતો જોડ્યાથી આતો છે, આતો હતો, અને આતો હોશે થાયછે. એની પહેલાં કર મૂકવાથી કરાતો છે, કરાતો હતો, અને કરાતો હોશે એ ત્રણ મુખ્ય કાળનાં સહ્યભેદનાં ચાલુ રૂપ બનેછે.

84. છે, હતો, અને હોશે ની સાથે આયલો જોડવાથી આયલો છે, આયલો હતો, અને આયલો હોશે થાયછે. એની પહેલાં કર મૂકવાથી કરાયલો છે, કરાયલો હતો, અને કરાયલો હોશે એ ત્રણ મિશ્રિત કાળનાં સહ્યભેદનાં સાદાં રૂપ બનેછે

85. કર ની સાથે આતો મૂકવાથી કરાતો થાયછે તે વર્તમાનકૃદંત અને અનિયમિત ભૂતકાળનો ક્રિયાપદ બને છે, આયલો થી કરાયલો ભૂતકૃદંત કે ભૂતકૃદંત વિશેષણ, આઈ, આઈને, આતાંથી, કરાઈ, કરાઈને, કરાતાં અવ્યયકૃદંત, આનાર થી કરાનાર નામકૃદંત, અને આવો થી કરાવો સામાન્ય કે વિધિવર્તમાન કૃદંત.

86. જેમ મૂળને આનાર લગાડ્યાથી નામકૃદંત થાયછે તેમ આયા=આવાથી પણ થાયછે. જેમકે, તે કામ કરાયા= કરાવાથી ફાયદો નથી થવાનો.

87. કાળોનું કોષ્ટક. Table of tenses. સહ્યભેદ Passive voice. કર ક્રિયાપદ. ત્રીજો પુરૂષ એકવચન.

વર્તમાન સાદો એટલે હમેશાનો કરાયછે.

,, ચાલુ (ફલાણી વખતે) કરાયછે. કરાતુંછે. કરાવામાંછે.

વર્ત્તમાન	અનિયમિત	કરાય.
,,	વિધિ	કરાવું.
,,	ભવિષ્ય	કરાવાનું છે.
,,	ભૂત	કરાયલું છે. કરાઇ રહેલું છે. કરાયાને-થયું છે.
,,	ચાલુ ભૂત (મુદતનો)	કરાયછે. કરાયા કરેછે.
ભૂત	સાદો એટલે હમેશાનો	કરાયું.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરાતું હતું, કરાતામાં હતું.
,,	અનિયમિત(રિતિભૂત)	કરાતું.
,,	સંકેત	કરાત
,,	ભવિષ્ય	કરાવાનું હતું.
,,	ભૂત	કરાયલું હતું. કરાઇ રહેલું હતું. કરાયાને-થયું હતું.
,,	ભવિષ્ય ભૂત	કરાઇ રહેવાનું હતું.
,,	ચાલુ ભૂત (મુદતનો)	કરાતું હતું. કરાયા કરતું હતું.
ભવિષ્ય	સાદો એટલે હમેશાનો	કરાશે.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરાતું હોશે. કરાવામાં હોશે.
,,	ભૂત	કરાયલું હોશે. કરાઇ રહેલું હોશે. કરાયાને-થશે.
,,	ચાલુ ભૂત	કરાતું હોશે. કરાયા કરતું હોશે.
,,	આજ્ઞાર્થ	કરાજે. કરાઇશ.

પ્રેરકભેદ. Causal form.

88. પ્રેરકભેદમાં ક્રિયાનો કરનાર એટલે કર્ત્તા કંઇ કામ જાતે કરવાને બદલે બીજાની મારફતે તે કામ કરાવેછે. ઉદાહરણ, તે માણસ પોતાની ચોપડી મારી પાસે લખાવેછે. હું મારું ઘર એ સુથાર પાસે બંધાવુંછું. પ્રેરકમાં પ્રેર એટલે મોકલ.

89. ક્રિયાપદના મૂળરૂપના અંત્યાક્ષરને **આવ** કે **આડ** લગાડ્યાથી પ્રેરકભેદ થાયછે. જેમકે, અમે અમારી કલમ તેની પાસે ઘડાવીએછીએ. તે બાયડી પોતાના છોકરાને જમાડેછે. **આવ**ના ત્રણ સાદા મુખ્ય કાળ **આવેછે** વર્ત્તમાન, **આવ્યો** ભૂત, અને **આવશે** ભવિષ્ય, અને ત્રણ મિશ્રિત કાળ **આવ્યો** છે ભૂત વર્ત્તમાન, **આવ્યો હતો** ભૂતભૂત, અને **આવ્યો** હોશે ભૂતભવિષ્ય.

90. **આવેછે** વગેરેની પહેલાં લખ મૂકવાથી **લખાવેછે, લખાવ્યો, લખાવશે, લખાવ્યો છે, લખાવ્યો હતો,** અને **લખાવ્યો હોશે** થાયછે.

91. Active voice. ત્રીજો પુરૂષ એક વચન.

વર્ત્તમાન	સાદો એટલે હમેશાનો	લખાવેછે.
,,	ચાલુ (ફલાણી વખતે)	લખાવેછે. લખાવતો છે. લખાવવામાં છે.
,,	અનિયમિત	લખાવે.
,,	વિધિ	લખાવવો.
,,	ભવિષ્ય	લખાવવાનો છે.
,,	ભૂત	લખાવેલો છે. લખાવી રહેલો છે. લખાવ્યાને-થયું છે.
,,	ચાલુ ભૂત (મુદતનો)	લખાવેછે. લખાવ્યા કરેછે.
ભૂત	સાદો એટલે હમેશાનો	લખાવ્યો.
,,	ચાલુ (ફલાણી વખતે)	લખાવતો હતો. લખાવવામાં હતો.
,,	અનિયમિત (રિતિ ભૂત)	લખાવતો.
,,	સંકેત	લખાવત.
,,	ભવિષ્ય	લખાવવાનો હતો.
,,	ભૂત	લખાવ્યો હતો. લખાવીરહેલો હતો. લખાવ્યાને-થયું હતું.

ભૂત	ભવિષ્યભૂત	લખાવી રહેવાનો હતો.
,,	ચાલુ ભૂત (કૃદતનો)	લખાવતો હતો. લખાવ્યા કરતો હતો.
ભવિષ્ય	સાદો એટલે હમેશાનો	લખાવશે.
,,	ચાલુ (કહેલાણી વખતે)	લખાવતો હોશે. લખાવવામાં હોશે.
,,	ભૂત	લખાવેલો હોશે. લખાવી રહેલો હોશે. લખાવ્યાને-થશે.
,,	ચાલુ ભૂત (કૃદતનો)	લખાવતો હોશે. લખાવ્યા કરતો હોશે.
,,	આજ્ઞાર્થ	લખાવજે. લખાવીશ.

પાસેહો ક્રિયાપદ.

92. **પાસેહો** ક્રિયાપદની પાછળ છે મૂકવાથી **પાસે હોયછે** કે **પાસે છે** વર્ત્તમાન, હતોથી **પાસે હતું** ભૂત, અને હોશેથી **પાસે હોશે** ભવિષ્ય એ ત્રણ મુખ્ય કાળ થાયછે.

93. છે, હતો, અને હોશેની સાથે **પાસેહોનું** ભૂત કૃદંત **પાસે હોયલો** જોડ્યાથી **પાસે હોયલો છે** ભૂતવર્ત્તમાન, **પાસે હોયલો હતો** ભૂતભૂત, અને **પાસે હોયલો હોશે** ભૂતભવિષ્ય એ ત્રણ મિશ્રિત કાળ થાયછે.

94. ત્રણ મિશ્રિત કાળમાં **પાસે હોયલો છે, પાસે હોયલો હતો,** અને **પાસે હોયલો હોશે** આપેલા છે, પરંતુ એવી રીતે ગુજરાતીમાં બોલવાનો ચાલ નથી.

95. વર્તમાન અને ભૂતવર્ત્તમાનમાં **પાસે છે,** ભૂત અને ભૂતભૂતમાં **પાસે હતો,** અને ભવિષ્ય અને ભૂતભવિષ્યમાં **પાસે હોશે** બોલવાની ગુજરાતીમાં રૂઢી છે.

96. ત્રણ મિશ્રિત કાળમાં **પાસે છે=પાસે હોયલો છે, પાસે હતો=પાસે હોયલો હતો,** અને **પાસે હોશે=પાસે હોયલો હોશે** છે એમ સમજવું.

97. **પાસેહોના** ત્રણ સાદા કાળમાં ફલાણી વખતે એવો અર્થ છે, અને ત્રણ મિશ્રિત કાળમાં મુદતનો અર્થ છે એમ મનમાં રાખવાનું છે.

98. ફલાણી વખતે **પાસે છે, પાસે હતો,** અને **પાસે હોશે** હોય તો **પાસેછે=પાસે છે, પાસે હતો=પાસે હતો,** અને **પાસે હોશે=પાસે હોશે,** પણ ફલાણા વખતથી કે આટલી મુદત થયાં **પાસે છે** વગેરે હોય તો **પાસે છે=પાસે હોયલો છે, પાસે હતો=પાસે હોયલો હતો,** અને **પાસે હોશે=પાસે હોયલો હોશે.** ઉદાહરણ, તેની પાસે પાંચ ચોપડી છે. તેની પાસે પાંચ ચોપડી હતી. તેની પાસે પાંચ ચોપડી હોશે. તેની પાસે ચાર દહાડા થયાં પાંચ ચોપડી છે. તેની પાસે ચાર દહાડા થયાં પાંચ ચોપડી હતી. તેની પાસે ચાર દહાડા થયાં પાચ ચોપડી હોશે.

99. **પાસેહોના** છ કાળનું કોષ્ટક. Table of the six tenses of **પાસેહો.**

કર્ત્તભેદ. Active voice.		**સકર્મભેદ.** Passive voice.
વર્ત્તમાન	પાસે છે-પાસે હોયછે.	પાસે હોવાયછે.
ભૂત	પાસે હતો-પાસે હોયો.	પાસે હોવાયો.
ભવિષ્ય	પાસે હોશે.	પાસે હોવાશે.
ભૂતવર્ત્તમાન	પાસે છે. પાસે હોયલો છે.	પાસે હોવાયલો છે.
ભૂતભૂત	પાસે હતો. પાસે હોયલો હતો.	પાસે હોવાયલો હતો.
ભૂતભવિષ્ય	પાસે હોશે. પાસે હોયલો હોશે.	પાસે હોવાયલો હોશે.

સકર્મભેદનાં છ કાળનાં રૂપ ઉપર આપેલાં છે તે નવતરાં તો લાગે છે, પણ અંગ્રેજી ભણનારને ઉપયોગી થઈ પડે એવાં છે એમ સમજીને આપવામાં આવ્યાં છે.

100. **પાસે છે વગેરેના સંબંધમાં એટલું જાણવું અગત્યનું છે** કે પાસે હોનાર વસ્તુ કર્ત્તા ગણવાનો છે, પણ અંગ્રેજીમાં તો

તે વસ્તુ જેની પાસે હોય તે કર્ત્તા થાયછે. જેમકે, જમનાદાસની પાસે સારી ચોપડી છે. એ વાક્યમાં **ચોપડી** કર્ત્તા છે, પણ અંગ્રેજીમાં **જમનાદાસ** કર્ત્તા ગણવાનો છે.

101. ગુજરાતીમાં કર્ત્તા પહેલી, ત્રીજી, અને પાંચમીમાં આવેછે, પણ અંગ્રેજીમાં ફક્ત પહેલીમાંજ આવેછે, તેથી ઉપલી કલમમાં **જમનાદાસની** છે તેમાંથી **ની** કાઢીનાખવી એવો નિયમ છે.

102. કોઈ પણ વસ્તુ જેની પાસે હોય તે સર્વનામ હોય તો તે સર્વનામની છઠ્ઠી વિભક્તિનું રૂપ નહીં પણ પહેલીનું રૂપ અંગ્રેજીમાં લેવું. જેમકે, તેની પાસે કલમ છે. એ વાક્યનું અંગ્રેજી કરતી વખતે **તેની**માંથી **ની** કાઢીનાખીને *his* ન બોલતાં *he* બોલવો. તેમજ મારી પાસે કલમ છે એમાં *my* નહીં પણ *I* બોલવો.

103. **પાસે છે** ને ઠેકાણે **ને છે** બોલવાનો ગુજરાતીમાં ચાલ છે. જેમકે, તેને ઘણાં છોકરાં છે. મને બે હાથ અને બે પગ છે.

104. જેની પાસે છે અને જેને છે હોય તે બનેમાં જીવ હોયછે એટલું એ બેમાં મળતાપણું છે.

105. **ને છે** જીવવગરની વસ્તુની બાબતમાં પણ વપરાયછે, જેમકે, તે ઘરને ઘણાં બારણાં છે. પણ **પાસે છે** એવી રીતે વપરાતો નથી. એટલો એ બેમાં ફેર છે.

106. જેની પાસેછે અને જેને છે એ બનેમાં જીવ હોય ત્યારે એક એવો નિયમ આપી શકાય કે હરકોઈ માણસના પોતાના અંગની જે વસ્તુ હોય તે તથા તે વસ્તુના જેટલું તેને જે વહાલું હોય તેની બાબતમાં **ને છે** બોલવો, અને તે સિવાયની વસ્તુની બાબતમાં **પાસે છે** વાપરવો.

107. પૈસો ઘણી વહાલી વસ્તુ છે, અને બધા તેને દેવની માફક પૂજેછે, તોપણ છોકરાં કરતાં તેનો દરજ્જો હલકો છે, કારણ કે તેની પાસે ઘણો પૈસો છે, અને તેને ઘણાં છોકરાં છે એમ બોલવામાં આવેછે.

108. વર્તમાન, ભૂત, અને ભવિષ્ય એ ત્રણે કૃદંત જેની સાથે છે, હતો, અને હોશે જોડ્યાથી જૂદા જૂદા કાળ થાયછે તેમાં ક્રિયાપદ સકર્મક અને અકર્મક બને હોયછે.

કર ક્રિયાપદ.

109. કર ક્રિયાપદનો અર્થ વખતે જારીરાખ થાયછે, અને એવે ઠેકાણે એની પહેલાં હમેશા ભૂતકૃદંત આવેછે. જેમકે, તે મારી પાસે આવ્યા કરેછે, તેઓ કંઇવારના લખ્યા કરેછે.

110. કર નું એક બારા કામ એ છે કે જ્યારે એકવાર કહેલો ક્રિયાપદ ફરીથી નહીં બોલવો હોય ત્યારે એ વપરાયછે. જેમકે, તે માણસ અંગ્રેજી સારૂં બોલેછે, અને તમે પણ તેમ કરોછો. એમાં કરોછો બોલોછો ને માટે આવેલો છે.

111. હા કહેવી હોય અને સવાલ પુછવો હોય ત્યારે કર સરખે રૂપે વપરાયછે. જેમકે, તે પોતાનો પાઠ સારો કરેછે. તે પોતાનો પાઠ સારો કરેછે? પણ ના કહેવી હોય ત્યારે કરેછે નહીં પણ કરતો નથી બોલવાનો ચાલ છે.

112. હો ક્રિયાપદનાં નકારનાં રૂપ.

વર્ત્તમાન	છે નહીં. નથી.	ભૂતવર્ત્તમાન	હોયલો નથી-નથી.
ભૂત	નહોતો-હતો નહીં.	ભૂતભૂત	હોયલો નહોતો. નહોતો, હતો નહીં.
ભવિષ્ય	નહીં હોશે. હોશે નહીં.	ભૂતભવિષ્ય	હોયલો નહીં હોશે. હોયલો હોશે નહીં. નહીં હોશે. હોશે નહીં.

113. **પાસેહુંનાં નકારનાં રૂપ.**

વર્તમાન	પાસે નથી.	ભૂતવર્તમાન	પાસે હોયલો નથી. પાસે નથી.
ભૂત	પાસે નહોતો.	ભૂતભૂત	પાસે હોયલો નહોતો. પાસે નહોતો.
ભવિષ્ય	પાસે નહીં હોશે. પાસે હોશે નહીં.	ભૂતભવિષ્ય	પાસે હોયલો નહીં હોશે. પાસે હોયલો હોશે નહીં. પાસે હોશે નહીં. પાસે નહીં હોશે.

114. કર ક્રિયાપદનાં નકારનાં રૂપ. કર્તરિપ્રયોગ Active voice. —ત્રીજો પુરૂષ એકવચન

વર્તમાન	સાદો એટલે હમેશાનો	કરતો નથી
,,	ચાલુ (ફલાણી વખતે)	કરતો નથી કરવામાં નથી.
,,	અનિયમિત	નહીં કરે. કરે નહીં.
,,	વિધિ	નહીં કરવું. કરવું નહીં.
,,	ભવિષ્ય	કરવાનો નથી. કરવાનો છે નહીં.
,,	ભૂત	કરેલું નથી. કરી રહેલો નથી. કર્યાનો-થયું નથી.
,,	ચાલુ ભૂત (મુદતનો)	કરતો નથી. કર્યા કરતો નથી.
ભૂત	સાદો એટલે હમેશાનો	કર્યો નહીં. કીધો નહીં. નહીં કર્યો. નહીં કીધો.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરતો નહોતો. નહોતો કરતો. કરવામાં નહોતો.
,,	અનિયમિત (રિતિભૂત)	કરતો નહીં.
,,	સંકેત	કરત નહીં. નહીં કરત.

ભૂત	ભવિષ્ય	કરવાનો નહોતો. નહોતો કરવાનો.
,,	ચાલુ ભૂત (મુદતનો)	કરતો નહોતો. કર્યા કરતો નહોતો. નહોતો કર્યા કરતો.
ભવિષ્ય	સાદો એટલે હમેશાનો	કરશે નહીં. નહીં કરશે.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરતો હોશે નહીં. કરતો નહીં હોશે. નહીં કરતો હોશે. કરવામાં નહીં હોશે. કરવામાં હોશે નહીં.
,,	ભૂત	કરેલો હોશે નહીં. કરી રહેલો નહીં હોશે. કર્યાને—થશે નહીં.
,,	ચાલુ ભૂત (મુદતનો)	કરતો હોશે નહીં. કર્યા કરતો હોશે નહીં.
,,	આજ્ઞાર્થ	કરતો નહીં. નહીં કરતો. કરીશ નહીં. કરીશ મા.

115. કર ક્રિયાપદનાં નકારનાં રૂપ. સકર્મક Passive voice. ત્રીજો પુરુષ એકવચન.

વર્ત્તમાન	સાદો એટલે હમેશાનો	કરાતું નથી.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરાતું નથી. નથી કરાતું. કરાવામાં નથી.
,,	અનિયમિત	કરાય નહિ. નહિ કરાય.
,,	વિધિ	કરાવું નહીં-નહીં કરાવું.
,,	ભવિષ્ય	કરાવાનું નથી-નથી કરાવાનું.
,,	ભૂત	કરાયલું નથી-કરાઈ રહેલું નથી-કરાયાને-થયું નથી.
,,	ચાલુભૂત (મુદતનો)	કરાતું નથી-કરાયા કરતું નથી.
,,	સાદો એટલે હમેશાનો	કરાયું નહીં-નહીં કરાયું.

ભૂત	ચાલુ (ફલાણી વખતે)	કરાતું નહોતું-નહોતું કરાતું-કરાવામાં નહોતું.
,,	અનિયમિત (રિતિભૂત)	કરાતું નહીં.
,,	સંકેત	કરાત નહીં-નહીં કરાત.
,,	ભવિષ્ય	કરાવાનું નહોતું-નહોતું કરાવાનું.
,,	ભૂત	કરાયલું નહોતું-કરાઇ રહેલું નહોતું-કરયાને-થયું નહોતું.
,,	ભવિષ્યભૂત	કરાઇ રહેવાનું નહોતું-નહોતું કરાઇ રહેવાનું.
,,	ચાલુભૂત (મુદતનો)	કરાતું નહોતું-કરાયા કરતું નહોતું.
ભવિષ્ય	સાદો એટલે હમેશાનો	કરાશે નહીં-નહીં કરાશે.
,,	ચાલુ (ફલાણી વખતે)	કરાતું હોશે નહીં-નહીં કરાતું હોશે-કરાવામાં નહીં હોશે.
,,	ભૂત	કરાયલું હોશે નહીં-કરાઇ રહેલું નહીં હોશે-કરાયાને-થશે નહીં.
,,	આજ્ઞાર્થ	કરાતો નહીં. કરાઇશ નહીં-કરાઇશ મા.

116. લખ ક્રિયાપદનાં નકારનાં રૂપ. પ્રેરકભેદ. Causal form. ત્રીજો પુરૂષ એકવચન.

વર્તમાન	સાદો એટલે હમેશાનો	લખાવતો નથી-નથી લખાવતો.
,,	ચાલુ (ફલાણી વખતે)	લખાવતો નથી-લખાવવામાં નથી.

વર્તમાન	અનિયમિત	નહીં લખાવે-લખાવે નહીં.
,,	વિધિ	લખાવવો નહીં-નહીં લખાવવો.
,,	ભવિષ્ય	લખાવવાનો નથી-નથી લખાવવાનો.
,,	ભૂત	લખાવેલો નથી- લખાવી રહેલો નથી-લખાવ્યાને-થયું નથી.
,,	ચાલુ ભૂત (મુદતનો)	લખાવતો નથી. લખાવ્યા કરતો નથી.
ભૂત	સાદો એટલે હમેશાનો	લખાવ્યો નહીં. નહીં લખાવ્યો.
,,	ચાલુ (ફલાણી વખતે)	લખાવતો નહોતો. નહોતો લખાવતો. લખાવવામાં નહોતો.
,,	અનિયમિત (રિતિભૂત)	લખાવતો નહીં.
,,	સંકેત	લખાવત નહીં. નહીં લખાવત.
,,	ભવિષ્ય	લખાવવાનો નહોતો. નહોતો લખાવવાનો.
,,	ભૂત	લખાવ્યો નહોતો. લખાવી રહેલો નહોતો. લખાવ્યાને–થયું નહોતું.
,,	ભવિષ્યભૂત	લખાવી રહેવાનો નહોતો. નહોતો લખાવી રહેવાનો.
,,	ચાલુભૂત (મુદતનો)	લખાવતો નહોતો. લખાવ્યા કરતો નહોતો.
ભવિષ્ય.	સાદો એટલે હમેશાનો	લખાવશે નહીં. નહીં લખાવશે.

ભવિષ્ય	ચાલુ (ફલાણી વખતે)	લખાવતો હોશ નહીં. લખાવવામાં હોશે નહીં.
,,	ભૂત	લખાવેલો હોશ નહીં. લખાવી રહેલો હોશ નહીં. લખાવ્યાને-થશે નહીં.
,,	ચાલુભૂત (મુદતનો)	લખાવતો હોશ નહીં. લખાવ્યા કરતો હોશ નહીં.
,,	આજ્ઞાર્થ	લખાવતો નહીં. લખાવીશ નહીં. લખાવીશ મા.

117. કેટલાક કાળ એક બીજાનું કામ કરેછે એ અંગ્રેજી ભણનારને ઉપયોગી થઈ પડે માટે નીચેની કલમોમાં બતાવવામાં આવ્યું છે.

118. વિધિવર્ત્તમાન (૧) ભૂતને માટે વપરાયછે. જેમકે, કાગનું બેસવું અને તાડનું પડવું એટલે કાગ બેઠો અને તાડ પડ્યું. (૨) વર્ત્તમાનને માટે. મારે તો ત્યાં રોજ જવું=હું તો ત્યાં રોજ જાઉંછું. (૩) અનિયમિત ભૂત. હું ત્યાં હતો ત્યારે મારે તો તેની પાસે રોજ જવું = હું રોજ જતો. (૪) આજ્ઞાર્થ ભવિષ્ય. તમારે રોજ આવવું હોં = તમે રોજ આવજો હો.

119. ભૂતકાળ (૧) ભવિષ્યને ઠેકાણે વપરાયછે. પડ્યો કે મુવો=પડશે કે મરશે. (૨) ચાલુ વર્ત્તમાન. કોઈને કોઈ બોલાવેછે ત્યારે તે કહેછે કે આવ્યો એટલે આવુંછું. (૩) વર્ત્તમાન. નિશાળે છુટી થઈ કે=નિશાળે છુટી થાયછે કે. (૪) ભવિષ્ય. ત્યાં ગયા કે બધું માલમ પડશે=ત્યાં જશો કે બધું માલમ પડશે. (૫) સંશયાર્થભૂત. તે હોત તો ફિકર શેની હતી= ફિકર શેની હોત. (૬) ભૂત વર્ત્તમાન. હું હમણાજ આવ્યો= હું હમણાજ આવ્યો છું.

120. ચાલુવર્ત્તમાન કોઈવાર ચાલુભૂતને અર્થે વપરાયછે. જેમકે, હું એમ બોલુંછું એટલે તે આવ્યો=હું એમ બોલતો હતો એટલે તે આવ્યો.

121. ભૂતવર્ત્તમાન કોઈ વખત ભૂતભૂતને માટે વપરાયછે. જેમકે, મેં તે લીધું તો છે નહીં એટલે તો તેણે મને ગાળ દીધી= મેં તે લીધું તો હતું નહીં એટલે તો તેણે મને ગાળ દીધી.

122. અનિયમિત વર્ત્તમાન નીચે લખેલા કાળને અર્થે વપરાયછે.

(૧) વર્ત્તમાન. પછી કળી આવે, તે ફાટે અને ફુલ નીકળે=
" કળી આવેછે, તે ફાટેછે અને ફુલ નીકળેછે.

(૨) અનિયમિતભૂત. તે રોજ બે વાગે આવે=બે વાગે આવતો.

(૩) વર્ત્તમાનભૂત. તેની સાથે પાઘડી તાણાતી જાય=તાણાતી જતી હતી.

(૪) ભવિષ્ય. તે આવે તો આવે=તે આવશે તો આવશે.

(૫) ભૂતભૂત. તમે આવો નહીં ને તે બચે નહીં=તમે નહીં આવ્યા હોત તો તે બચત નહીં.

(૬) ચાલુવર્ત્તમાન. એ પેલો જાય=એ પેલો જાયછે.

(૭) ભૂત. એવું કહીને પંથી જાય=રાજાને મન ચિંતા થાય=એવું કહીને પંથી ગયો ને રાજાને મન ચિંતા થઈ.

123. *Be, Have,* અને *Do* ત્રણ verbs જેના પર અંગ્રેજી ભાષાની ઈમારત રચાયલી છે.

124. *Be, have,* અને *do* એ principal મુખ્ય અને auxiliary સહાયકારક બને હોયછે.

125. Principal verb તરીકે *be* નો અર્થ હો કે થા થાયછે.

126. *Be* માંથી *is, are, am,* અને *art* present tense વર્ત્તમાનકાળનાં, *was, wast, were,* અને *wert* past

tense ભૂતકાળનાં, અને will *be, shall be, wilt be, shalt be* future tense ભવિષ્યકાળનાં રૂપ નીકળેલાં છે.

127. *Be* ઉપરથી ત્રણ principal tenses એટલે present, past, અને future નાં રૂપ is, was, અને will be, is એટલે છે, was હતો, અને will be હોશે અથવા થાશે=થશે.

128. ત્રણ principal tenses સિવાય ત્રણ compound tenses એટલે મિશ્રિત કાળ છે. તેનાં નામ present perfect, past perfect, અને future perfect.

129. Present, past, અને future ત્રણ principal tenses છે તેની પછી *perfect* બોલ મૂકવાથી ત્રણ compound tenses બને છે. જેમકે, present ની પછી *perfect* મૂકવાથી present perfect, past ની પછી *perfect* ઉમેરવાથી past perfect, અને future ની પછી *perfect* મૂકવાથી future perfect.

130. Present perfect એટલે ભૂતવર્ત્તમાન, past perfect ભૂતભૂત, અને future perfect ભૂતભવિષ્ય.

131. હાલના કે ચાલતા વખતને માટે બોલવું હોય તો present tense વાપરવો. જેમકે, He reads his book. They write their copies. She prepares her lessons.

132. પાછળ થઈ ગયલી વાત બાબત બોલવું હોય તો past tense વાપરવો-જેમકે, He read his book They took their slates.

ગુજરાતીમાં ભૂતવર્તમાન કે ભૂતભૂત હોય તોપણ અંગ્રેજીમાં past tense જ લેવો. ઉદાહરણ, મેં તેને કાલે દીઠો છે. I saw him yesterday. તેણે તે પાંચ દહાડા ઉપર લીધું હતું. He took it five days ago.

133. પાછલા વખતમાં કંઈ કામ શરૂ થયું હોય અને હાલના વખત સુધી આણવામાં આવ્યું હોય એવા કામની બાબતમાં present perfect tense વાપરવાનો છે. જેમકે, He has finished his lesson. તેણે પોતાનો પાઠ પૂરો કીધો છે. They have read their exercises. તેઓએ પોતાના અભ્યાસપાઠ વાંચ્યા છે. પહેલા વાક્યમાં પાઠ કરવાનું કામ, અને બીજામાં અભ્યાસપાઠ વાંચવાનું કામ કંઈવારનું શરૂ થયલું તે હાલમાં પૂરૂં થયું છે એમ સમજવું. Principal verb ના past participle જોડે *has* કે *have* મુકવાથી present perfect tense બને છે. કરનારી વસ્તુ હાલમાં હોય નહીં તો તેવી વસ્તુની બાબતમાં present perfect નહીં પણ past વાપરવો. જેમકે, Baber has founded the Mogul Empire નહીં પણ Baber founded the Mogul Empire, કારણ કે હાલમાં એ Empire છે નહીં.

134. ગયલા વખતમાં બે કામ થયલાં હોય, અને તેમાંનું એક થતાં પહેલાં બીજું પૂરૂં થયલું હોય તો past perfect વાપરવો. દાખલાને માટે 'He came to school' અને 'He prepared his lesson.' એ બે વાક્ય લેવાં. એમાંના એકમાં આવવાનું અને બીજામાં તૈયાર કરવાનું કામ છે. હવે પહેલું કામ થતાં પહેલાં બીજું કામ પૂરૂં થયલું જણાવવું હોય તો 'He had prepared his lesson before he came to school,' અને બીજું કામ પૂરૂં થતાં પહેલાં પહેલું પૂરૂં થયલું બતાવવું હોય તો 'He had come to school before he prepared his lesson' એમ બોલવું. પહેલા વાક્યનું ગુજરાતી નિશાળે આવ્યા પહેલાં તેણે પોતાનો પાઠ તૈયાર કીધો હતો, અને બીજાનું પોતાનો પાઠ તૈયાર કીધા પહેલાં તે નિશાળે આવ્યો હતો. Principal verb ના past participle જોડે *had* લગાડયાથી એ કાળ બને છે.

135. Past perfect ને pluperfect પણ કહેછે. વળી એ કાળને relative tense કહેછે, એટલે એ એકલો વપરાતો નથી, પણ past tense માં બીજું કામ આવ્યું હોય તેના સંબંધમાંજ વાપરવાનો છે. તેથી ગુજરાતીમાં એ કાળ એકલો આવ્યો હોય તો અંગ્રેજીમાં past tense જ લેવો.

136. આવતા વખતમાં બે કામ થવાનાં હોય, અને તેમાંનું એક થતાં પહેલાં બીજું થઈ રહેવાનું હોય તો future perfect tense વાપરવો. દાખલાને માટે 'He will come to school,' અને 'He will prepare his lesson' એ બે વાક્ય લેવાં. એકમાં આવવાનું અને બીજામાં તૈયાર કરવાનું કામ છે. હવે પહેલું કામ થતાં પહેલાં બીજું કામ પૂરું થયલું બતાવવું હોય તો 'He will have prepared his lesson before he will come to school,' અને બીજું થતાં પહેલાં પહેલું પૂરું થયલું જણાવવું હોય તો 'He will have come to school before he will prepare his lesson' એમ બોલવું. ગુજરાતીમાં નિશાળે આવ્યા પહેલાં તેણે પોતાનો પાઠ તૈયાર કીધો હોશે, અને પોતાનો પાઠ તૈયાર કરયા પહેલાં તે નિશાળે આવ્યો હોશે. પહેલા અંગ્રેજી વાક્યમાં *before* ની પછી 'he will come' ને બદલે 'he comes,' અને બીજામાં 'he will prepare' ને બદલે 'he prepares' બોલવું જોઈએ. Principal verb ના past participle જોડે 'shall have,' કે 'will have' લેવાથી future perfect બનેછે.

137. Past perfect ની માફક future perfect ને relative tense કહેછે, એટલે એ એકલો નહીં પણ future tense ના સંબંધમાં વાપરવાનો છે.

138. 'He had prepared his lesson before he came to school' અને 'He will have prepared his lesson before he comes to school' એ બને વાક્યનું

ગુજરાતી કરતી વખતે 'નિશાળે આવ્યા પહેલાં' બોલવામાં આવેછે, પણ past perfect ની બાબતમાં એ આવ્યાનો તરજૂમો *came* કરવો, અને future perfect ની બાબતમાં આવ્યાની બરાબર આવશે છે એમ સમજીને એને માટે *will come* અથવા *comes* બોલવું. એવે ઠેકાણે present tense નું રૂપ વચન પ્રમાણે વાપરવું વધારે સારૂં છે.

139. *Be* principal verb, હોયછે ત્યારે એના પરથી થયેલા ત્રણ simple tenses is, was, અને will be, અને ત્રણ compound tenses has been, had been, અને will have been.

140. Is એટલે છે, was હતો, અને will be હોશે, અને has been એટલે છે (હોયલો છે), had been હતો (હોયલો હતો), અને will have been હોશે (હોયલો હોશે).

141. *Is* એટલે છે અને *has been* એટલે છે, *was* હતો અને *had been* હતો, અને *will be* હોશે અને *will have been* હોશે એ પ્રમાણે બોલવાનો ગુજરાતીમા ચાલ છે, પરંતુ બેમાં ફેર એટલો છે કે *is* એટલે છે, *was* હતો, અને *will be* હોશે એ અમુક વખતને માટે છે, પણ *has been* છે, *had been* હતો, અને *will have been* હોશે એ મુદતને માટે છે. દાખલા. તે હાલમાં ત્યાં છે. He is there now. તે ત્યાં બે દહાડા થયાં છે. He has been there for two days. તે ત્યારે ત્યાં હતો. He was there then. તે ત્યાં બે દહાડા થયાં હતો. He had been there for two days. તે ત્યારે ત્યાં હોશે. He will be there then. તે ત્યાં બે કલાક થયાં હોશે. He will have been there for two days.

142. *Be* માંથી નીકળેલાં ત્રણ participle છે તેનાં નામ present વર્ત્તમાન *being*, past ભૂત *been*, અને perfect અથવા compound past અવ્યય કૃદંત *having been*. *Being* એટલે હોતા કે થતા, *been* હોયલો કે થયલો, અને *having been* હોઇને કે થઈને.

143. *Being*, *been*, અને *having been*, એ ત્રણ participles ઉપરથી માલમ પડેછે કે અંગ્રેજીમાં present participle ની નિશાણી *ing* છે, past participle ની *n*, અને perfect participle ની *having*.

144. past participle ની *n* સિવાય બીજી નિશાણી *d-t* છે. એ participle ની બાબતમાં ઘરકેલી ઘણી છે કેટલાક ક્રિયાપદને *d* કે *ed* લાગ્યાથી past tense અને past participle થાયછે, અને કેટલાકને *t* કે *n* લાગ્યાથી થાયછે.

145. જે ક્રિયાપદનાં past tense અને past participle *d* અથવા *ed* લાગ્યાથી થાયછે તેઓને weak conjugation એટલે નિયમિત ક્રિયાપદ કહેછે, અને જેનાં past tense અને past participle *t* કે *n* લાગેથી થાયછે તેઓને strong conjugation ના એટલે અનિયમિત ક્રિયાપદ કહેછે. અનિયમિત એટલા બધા છે કે તેઓનાં નામ મોડે કર્યા વગર બીજો ઇલાજ નથી. એવા કેટલાક ક્રિયાપદ નીચેની કલમમાં આપેલા છે.

146.

Present.	Past.	Participle.
Inlay	inlaid	inlaid
Lade	laded	laded
Partake	partook	partaken
Shape	shaped	shapen or shaped
Slay	slew	slain

Waylay	**waylaid**	**waylaid**
Swell	**swelled**	**swollen and swelled**
Beget	**begot (also begat)**	**begotten or begot**
Bereavo	bereft	bereft
Beseech	besought	besought
Cleave	clove (and cleft)	cloven (and cleft)
Heeve	hove	hoven (and heaven)
Seek	sought	sought
Shear	shore	shorn
Sheethe	sod	sodden
Speed	sped	sped
Cling	clung or clang	clung
Sling	slung or slang	slung
Slink	slunk or slank	slunk
Abide	abode	abode
Bestride	bestrid	bestridden
Rive	rived	riven
Slide	slid	slidden or slid
Smite	smote	smitten and smit
Stride	strode and strid	stridden
Gird	girt (=girded)	girt
Mow	mowed	mown
Shoe	shod	shod

Present, Past, અને Participle માં સરખુંજ રૂપ હોય એવા ક્રિયાપદ.

Knit	knit	knit
Quit	quit	quit

Rid	rid	rid
Slit	slit	slit
Split	split	split
Shed	shed	shed
Shred	shred	shred
Spread	spread	spread
Sweat	sweat	sweat
Thrust	thrust	thrust

આ કલમમાં આપેલા ક્રિયાપદ સિવાય બીજા આપવા જેવા ઘણા છે. પણ તેવા પાઠમાળા ભાગ પહેલામાં આવેલા છે તેથી અત્રે દાખલ કરવામાં આવ્યા નથી. કેટલાક એવા ક્રિયાપદ આગળ ખાશ ક્રિયાપદ આવેલા છે તેની સાથે આપવામાં આવ્યા છે તેથી આ ઠેકાણે લેવામાં આવ્યા નથી.

147. *Be* auxiliary.

Be auxiliary હોયછે ત્યારે એનો અર્થ **આ** થાયછે, અને એવે અર્થે એ passive voice બનાવવાનું કામ કરેછે.

148. **આ** ની જોડે ક્રિયાપદનું મૂળરૂપ આવેછે તેમ *be* જોડે આવતું નથી. *Be* ની પછી તો past participle મૂકવાનું છે. ઉદાહરણ, **લખા = લખ + આ,** પણ અંગ્રેજીમાં *be write* નહીં પણ *be written*.

149. *Is, are, am, art* auxiliary હોયછે ત્યારે એઓ active voice ના present tense નું continuous form બનાવવાનું કામ કરેછે. જેમકે, He is going home. તે ઘેર જાયછે. They are going to school. તેઓ નિશાળે જાયછે.

150. Passive voice માં present tense નું continuous form *is, are* વગેરેની મદદથી થાયછે. It is being written તે લખાયછે. It is being done. તે કરાયછે.

151. Passive voice ના present tense નું indefinite form એટલે સાદું રૂપ *is*, *are* વગેરેની મદદથી બનેછે. જેમકે, The book is read. ચોપડી વંચાયછે. The boy is punished. છોકરાને સજા થાયછે.

152 *Was*, *wast*, *were*, *wert* auxiliary હોયછે ત્યારે તેઓ બે કામ કરેછે, એક તો active voice માં past tense નું continuous form કરવાનું. જેમકે, He was going home. તે ઘેર જતો હતો. They were reading their lessons. તેઓ પોતાના પાઠ વાંચતા હતા, અને બીજું passive voice માં તેજ કાળનું indefinite form કરવાનું. જેમકે, The book was written. ચોપડી લખાઈ. The slates were given. પથરપાટી અપાઈ.

153. *Be* auxiliary હોયછે ત્યારે active voice માં future tense નું continuous form એને વડે થાયછે. The boy will be punishing છોકરો સજા કરતો હશે. He will be running તે દોડતો હોશે.

154. Passive voice માં future tense નું continuous form *be* auxiliary તરીકે કરેછે. જેમકે, The book will be being written. ચોપડી લખાતી હશે. The boy will be being punished. છોકરાને સજા થતી હોશે.

155. સહેલાઈની નિશાણી આ છે તે ઉપરથી વર્તમાન આયછે, ભૂત આયો, ને ભવિષ્ય આશે, અને ભૂતવર્તમાન આયલો છે, ભૂતભૂત આયલો હતો, અને ભૂતભવિષ્ય આયલો હોશે. આયછે એટલે *is*, આયો *was*, અને આશે *will be*, અને આયલો છે *has been*, આયલો હતો *had been*, અને આયલો હોશે *will have been*.

156. ઉપલી કલમમાં *been* સહાયકારક છે, તેથી *write* principal verb નું past participle *written* એની પછી લેવામાં આવે તો present tense *is written*, past *was written*, અને future *will be written*, present perfect *has been written*, past perfect *had been written*. અને future perfect *will have been written*.

157. *Is, are* વગેરે અને *was, were* વગેરેની પછી present અને past બન્ને participle આવેછે. Present participles transitive અને intransitive બન્ને ક્રિયાપદનાં હોય, પણ past participles તો transitive verbs નાંજ હોવાં જોઈએ.

158. કેટલાક intransitive નાં past participles જોડે *is, are*, અને *was, were*, આવેછે ખરા. ઉદાહરણ, *arrive, come, fall, end, flee, go, return, rise, set, vanish*. *Is arrived, are come, was fled, were gone*, ઇત્યાદી.

Have, had come, વગેરે time અને action એટલે વખત અને કામને લાગુ પડેછે, અને *are come, are gone* વગેરે state, presence કે absence એટલે સ્થિતિ, હાજરી કે ગેર હાજરીને લાગુ પડેછે. Hiley's grammar page 139 article 391 b.

159. ઉપલી કલમમાં આપેલા intransitive verbs નાં past participles ની જોડે *is, are*, અને *was, were* આવેછે ખરા, પરંતુ એ બાબતમાં યાદ રાખવાનું એ છે કે એ past participle નાં રૂપ passive voice નાં છે, પણ અર્થ passive માં કરવાનો નથી. તેથી વ્યાકરણ કરતી વખતે *is* વગેરેનું વ્યાકરણ જૂદું કરવું, અને past participle ને past participial adjective ભૂતકૃદંત વિશેષણ કહેવું. જેમકે, The boy is come, એમાં *come* નું વ્યાકરણ past participial adjective qualifying the noun *boy* એમ બોલવું.

160. *Being* એટલે આતો એ passive voice ના present participle ની નિશાણી છે, અને એને વડે present, past, અને future એ ત્રણ કાળનાં continuous forms થાયછે. દાખલા, That boy is being beaten, That boy was being beaten, અને That boy will be being beaten, એજ પ્રમાણે તે ઘર બંધાયછે, નો તરજાૂમો That house is being built થાય.

161. 'તે ઘર બંધાયછે' ને માટે 'That house is building' પણ બોલાય, પણ 'તે છોકરો મરાયછે' ને માટે 'That boy is beating' નહીં બોલાય. એનું કારણ એ છે કે 'That house is building' નો active voice માં તરજાૂમો કરવામાં આવે તો 'તે ઘર બાંધેછે' એમ થાય. હવે ઘરમાં કંઈ બાંધવાની શક્તિ નથી, તેથી એ વાક્યના તરજાૂમો passive voice માંજ કરવો જોઈએ. પણ 'That boy is beating' નું active voice માં 'તે છોકરો મારેછે' બોલાય તો તે કંઈ અર્થ વગરનું નહીં થાય.

That house is building ના સંબંધમાં એટલું વધારે જાણવાનું છે કે is building એટલે is a building અથવા is in building.

162. ઉપલી કલમમાં જે બાબત આવેલી છે તેને લગતો એક એવો નિયમ છે કે જ્યારે subject ત્રીજા પુરૂષમાં અને જીવવાળો હોય ત્યારે active voice ના રૂપનો અર્થ પણ active voice માં થઈ શકે, પણ subject ત્રીજા પુરૂષમાં અને જીવ વગરનો હોય ત્યારે active voice નું રૂપ વાપરવું પણ અર્થ passive voice માં કરવો.

163. 'That house is building' એટલે 'તે ઘર બંધાય છે' તેમ 'Preparations were making' એટલે 'તૈયારી થતી હતી,' 'A book was writing' 'ચોપડી

લખાતી હતી.' 'It has been doing' 'તે કરાયા કરેછે'—
'તે કરાયછે.'

Being ની જો ડે past participle લેવું એવો નિયમ છે તેથી *being take, being took, being speak, being spoke* નહી પણ *being taken, being spoken.*

164. *Been* એટલે આચલો passive voice નાં past participle ની નિશાણી છે તે બે કામ કરેછે, એક તો active voice નાં ત્રણ compound tenses નાં continuous forms કરવાનું, અને બીજું passive voice નાં તેજ tenses નાં સાદાં રૂપ બનાવવાનું. દાખલા, He has been writing his lessons for three hours તે ત્રણ કલાક થયાં પોતાના પાઠ લખેછે, He had been writing his lessons for three hours તે ત્રણ કલાક થયાં પોતાના પાઠ લખતો હતો, અને He will have been writing his lessons for three hours તે ત્રણ કલાક થયાં પોતાના પાઠ લખતો હોશે. એ ચાલુ રૂપ થયાં. That lesson has been written તે પાઠ લખાયલો છે, That lesson had been written તે પાઠ લખાયો હતો, અને That lesson will have been written તે પાઠ લખાયલો હોશે. એ સાદાં રૂપ થયાં.

Been આવ્યો એટલે passive voice થયો એ ખોટો વિચાર છે. નિયમ એવો છે કે *been* ની પછી present participle આવેલું હોય ત્યારે active voice નું ચાલુ રૂપ સમજવું, અને જ્યારે એની પછી past participle આવ્યું હોય ત્યારે passive voice નું સાદું રૂપ સમજવું.

165. *Been* ની પછી present participle અને past participle બને આવે. Present participle transitive અને intransitive બને ક્રિયાપદનું હોય, પણ past participle તો transitive verbs નુંજ હોવું જોઈએ.

166. Passive voice નું past participle અને perfect participle બને *been* વડેજ થાયછે. જેમકે,

been written. લખાયલો, અને *having been written* લખાઇને. *Be* જેમાંથી *been* નીકળેલું છે તે intransitive છે તેથી *is been* કે *was been* બોલવું તદ્દન ખોટું છે.

167. Passive voice માં ગુજરાતીમાંથી અંગ્રેજીમાં તરજૂમો કરતી વખતે ક્રિયાપદના મૂળરૂપનું ભૂતકૃદંત કરવાનું છે, અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં તરજૂમો કરતી વખતે past participle નું ક્રિયાપદનું મૂળરૂપ એટલે જે root હોય તે કરવાનું છે. જેમકે, લખાયછે=લખ+આયછે=લખેલો+આયછે=*written is=is written*, લખાયો=લખ+આયો=લખેલો+આયો=*written was=was written*, અને લખાશે=લખ+આશે=લખેલો+આશે=*written+will be=will be written*. *Has been written* છે+આયલો+લખેલો=છે+આયલો+લખ=લખાયલો છે, *had been written*=હતો+આયલો+લખેલો=હતો+આયલો+લખ=લખાયલો હતો, અને *will have been written*=હોશે+આયલો+લખેલો=હોશે+આયલો+લખ=લખાયલો હોશે.

168. Principal transitive verb ના past participle ની સાથે *being* જોડયાથી passive voice નું present participle થાયછે, પણ *being* વગર એકલું past participle બોલવાનો પણ ધારો છે. જેમકે, Being confused at what he saw he could not speak a single word. એ વાક્યમાં *being* નહીં બોલતાં Confused at what he saw વગેરે બોલવામાં આવે તો ચાલે. 'This being done, he made off' ને ઠેકાણે 'This done he made off' બોલી શકાય.

169. Passive voice ના perfect participle અવ્યય કૃદંતની નિશાણી *having been* છે તે પણ *being* ની માફક

નહીં બોલવામાં આવે તો ચાલે. જેમકે, Having been found quite unfit, he was not admitted. Found quite unfit he was not admitted. Having been surprised at what he heard, he said not a syllable. Surprised at what he heard he said not a syllable.

170. *Is* અને *are* ની સાથે transitive verb નું past participle આવ્યાથી present passive થાયછે, પણ તેનો અર્થ present perfect passive માં લેવાય ખરો. જેમકે, *is written* એટલે લખાયછે અને લખાયલું છે બને થાય, *is done* કરાયછે અને કરાયલું છે, *is made* બનેછે, બનાવાયછે, અને બનેલું છે, બનાવાયલું છે.

171. Active voice નો passive voice કરવાની બાબતમાં નિયમ એવા છે કે subject ને object બનાવવો અને object ને subject બનાવવો, અને verb નું passive form કરીને object ની પહેલાં *by* મૂકવો. ઉદાહરણ, Jamnadas saw Bhaidas active voice અને Bhaidas was seen *by* Jamnadas passive voice. આમાં Jamnadas જે subject છે તે object થઈજાયછે, અને Bhaidas જે object છે તે subject થઈ જાયછે. Jamnadas અને Bhaidas નામ છે તેથી એઓનાં રૂપમાં ફેર પડતો નથી.

172. Personal pronouns પુરૂષ સર્વનામ subject અને object હોયછે ત્યારે તેઓની nominative case અને accusative case સરખી ન હોવાથી ફેરફાર કરવાની જરૂર પડેછે. ઉદાહરણ, I saw him માં *I* subject છે તે object થાય તો *I* ની accusative જે *me* છે તે લખવી, અને *him* જે object છે તેની nominative કરવી એટલે *him* નો *he* કરવો, અને verb નું રૂપ passive નું કીધું એટલે was seen

થયું. તેથી 'I saw him' નું passive 'He was seen by me' થયું.

173. *He sees them* નું passive *him is seen they=they is seen by him.* એમાં *is seen* નહીં પણ *are seen* જોઇએ કારણ કે *they* plural number બહુ વચનમાં છે. એવીજ રીતે *They see him* નું passive *them are seen he=he are seen by them.* એમાં *are seen* નહીં પણ *is seen* જોઇએ, કેમકે *he* singular number એકવચનમાં છે.

174. ઉપલી કલમ ઉપરથી યાદ રાખવાનું એટલું કે subject singular number માં હોય અને object plural number માં હોય, અથવા એથી ઉલટું હોય ત્યારે verb નું form બદલવું તે object ઉપરથી જે subject થાય તે પર નજર રાખીને બદલવું. બીજી રીતે એમ કે verb singular હોય અને object plural હોય તો verb નું બદલેલું form plural number માં આવે, અને verb plural હોય અને object singular હોય તો verb નું ફેરવેલું form singular number માં આવે.

175. Passive voice નો active voice કરવાને માટે Ganpat is punished by Rambhai એ દાખલો લેવો. એમાં subject ને object બનાવવો, અને verb નું રૂપ active voice નું કરીને *by* કાઢીનાખવો. Ganpat નામ છે એટલે object તરીકે એનેએજ રૂપે રહેછે, અને Rambhai નામ છે તેથી subject તરીકે સરખેજ રૂપે રહેછે. એ પ્રમાણે કરવાથી Ganpat is punished by Rambhai નું active Rambhai punishes Ganpat થયું.

176. Personal pronouns subject અને object હોયછે ત્યારે તેઓની case જુદી હોવાને લીધે ફેરફાર કરવાની

નજર છે. 'He was seen *by* me' માં *he* જે subject છે તેને object કરવામાં આવે તો *he* ની accusative જે *him* છે તે લખવી, અને *me* object છે તેની nominative કરવી, એટલે *me* નો *I* કરવો, અને verb નું form બદલ્યું એટલે *saw* થયું. એ પ્રમાણે કરવાથી 'He was seen by me' નું active 'I saw him' થયું.

177. *They are seen by him=them see he=he see them.* એમાં *see* નહીં પણ *sees* બેલાય, કેમકે *he* singular છે. તેથી *He sees them.* તેમજ *He is seen by them* નું *him sees they=they sees him* એમાં *sees* નહીં પણ *see* બોલવું, કારણ કે *they* plural છે. Verb નું form બદલવાની બાબતમાં કલમ ૧૭૮ ના છેલા ભાગમાં જે લખેલું છે તે લક્ષમાં રાખવું.

178. જે transitive verbs ને બે objects હોય છે તેનું passive એક તો ધારા પ્રમાણે અને બીજું બીજી રીતે થાયછે, અને એ બીજી રીતે થયલા passive voice માં આવેલા verb ને object આવેછે. ઉદાહરણ, 'He showed me a book' નું ધારા પ્રમાણે passive 'A book was shown to me by him,' અને બીજું 'I was shown a book *by* him.' બીજી રીતે થયલા passive માં *book was shown* નો object છે એમ સમજવું. 'A book was shown to me *by* him' માં *shown* ની પછી *to* ન બોલતાં એકલો *me* પણ બોલાય.

179. બીજી રીતે passive કરવાની બાબતમાં નિયમ એવો છે કે જીવવાળા એટલે dative case ના object ને subject બનાવવો, અને જીવવગરના એટલે accusative case ના object ને object રહેવા દેવો.

180. *Show* ના જેવા બીજા verbs, *administer, allow, forgive, give, offer, permit, point out, refuse* ઇત્યાદી.

181. *Be, become, turn out* વગેરે intransitive verbs એવા છે કે એઓના અર્થ પૂર્ણ કરવાને એઓની પછી નામ કે વિશેષણ જોઇએ. તેથી જો એ ક્રિયાપદ એકલા બોલવામાં આવે તો અર્થ અધૂરો રહે. એ ઉપરથી એવા ક્રિયાપદને અંગ્રેજીમાં *copulative verbs* કહેછે. ઉદાહરણ, He is good અને He is a good man. They will become clever અને They will become clever boys. He will turn out bad અને He will turn out a bad man.

182. *Appoint, call, choose, consider, elect, make, name* વગેરે એવા transitive verbs છે કે તેઓનો અર્થ પૂર્ણ કરવાને active voice માં બીજી accusative અને passive voice માં nominative ની જરૂર છે. જેમકે, They appointed him general અને He was appointed general by them. He called that man a rogue અને That man was called a rogue *by* him. We chose him leader અને He was chosen leader by us. એજ પ્રમાણે *consider* વગેરેની બાબતમાં પણ થઇ શકે.

ઉપલી કલમમાં active voice ના દાખલામાં *general, rogue,* અને *leader* accusative case માં બીજા object ગણવાના છે, અને passive voice મા એનાંએજ નામ nominative case માં બીજા subject સમજવાના છે.

183. ઉપલી કલમમાં *general, rogue,* અને *leader* એ ત્રણ નામ છે તે વડે *appoint, call,* અને *choose* નો અર્થ પૂર્ણ થાયછે, તેથી એઓને એ ક્રિયાપદની પૂર્વણી કહેછે. પૂર્વણીને અંગ્રેજીમાં *complements* કહેછે. એજ પ્રમાણે

કલમ ૧૮૧ માં *good* અને *man is* ની, *clever* અને *boys become* ની, અને *bad* અને *man will turn out* ની પૂર્ણાણી એટલે *complements* છે એમ સમજવું.

184. *Appoint, call, choose* વગેરે ક્રિયાપદ અને કલમ ૧૮૦ માં આપેલા *show, allow, forgive* વગેરે ક્રિયાપદમાં મળતાપણું એટલું છે કે બન્નેની બાબતમાં active voice માં બે object આવેછે, અને passive voice માં બે object માંથી એક subject થાયછે.

185. ઉપલી કલમમાં આવેલા બે જાતના ક્રિયાપદમાં ફેર એટલો છે કે પહેલાની બાબતમાં બે object સરખાજ હોયછે તેથી જ્યારે passive voice માં એક object subject થાયછે ત્યારે બીજો object જે રહેછે તેનો સંબંધ તે subject ની જોડે હોયછે તેથી તેને પણ subject તરીકે લેવાનો છે. એવા subject ને ગુજરાતીમાં ઉપકર્ત્તા કહેછે. પણ બીજી જાતના ક્રિયાપદની બાબતમાં આવતા બે object કંઈ સરખા હોતા નથી, તેથી જ્યારે passive voice માં એક object subject થાય છે ત્યારે બીજો object જે રહેછે તે subject થી બીલકુલ નિરાળો છે તેથી તેને object તરીકે ગણવાનો છે.

186. *Is are,* અને *was, were* ની સાથે future participle જોડયાથી ત્રણ કાળ થાયછે તેનાં નામ present prospective, past prospective, અને past perfect prospective. Present prospective એટલે ભવિષ્ય વર્ત્તમાન, past prospective ભવિષ્યભૂત, અને past perfect prospective ભવિષ્યભૂતભૂત.

187. ભવિષ્ય કૃદંતની નિશાણી વાનો છે, અને વાનોનું અંગ્રેજી *to* છે તેથી કરવાનો છે એટલે *is to do,* કરવાનો હતો *was to do,* અને કરી રહેવાનો હતો *was to have done.*

188. *Is to do* present prospective, *was to do* past prospective, અને *was to have done* past perfect prospective.

189. Present prospective અને past prospective માં *to do* આવેછે તેને present infinitive સામાનાર્થ વર્તમાન, અને past perfect prospective માં *to have done* આવેછે તેને perfect infinitive સામાનાર્થ ભૂતવર્તમાન કહેછે. *To do* એટલે કરવું, અને *to have done* કરી રહેવું.

The verb *Have*.

190. *Have* એ *be* ની માફક principal અને auxiliary બને હોયછે. Principal verb તરીકે એના છ અર્થ થાયછે તે નીચેની કલમોમાં બતાવવામાં આવ્યા છે.

The 1st meaning of *Have* as a principal verb.

191. Principal verb તરીકે *have* નો પહેલો અર્થ પાસે-છે, ને છે અથવા માં છે થાયછે. ઉદાહરણ, તેની પાસ ચોપડી છે He has a book. તેને પાંચ દીકરા છે He has five sons. તેનામાં બહુ અક્કલ છે He has much sense.

192. 'He has a book' 'તેની પાસે ચોપડી છે' present tense, 'He had a book' 'તેની પાસે ચોપડી હતી' past tense, 'He will have a book' 'તેની પાસે ચોપડી હોશે' future tense. 'He has had a book' 'તેની પાસે ચોપડી છે' present prefect tense, 'He had had a book' 'તેની પાસે ચોપડી હતી' past perfect tense, અને 'He will have had a book' 'તેની પાસે ચોપડી હોશે' future perfect tense.

193. ઉપલી કલમમાં જે આપવામાં આવ્યું છે તે ઉપરથી જણાયછે કે present અને present perfect, past અને

past perfect, અને future અને future perfect ને માટે ગુજરાતીમાં સરખું બોલવામાં આવેછે, પણ present નો પાસેછે, past નો પાસે હતો, અને future નો પાસે હોશે ફલાણું વખતે પાસે છે, પાસે હતો અને પાસે હોશે છે, અને present perfect નો પાસે છે, past perfect નો પાસે હતો અને future, perfect નો પાસે હોશે મુદતને માટે છે, એટલે આટલા કલ.ક કે દહાડા થયાં પાસે છે, પાસે હતો, અને પાસે હોશે. ઉદાહરણ, He has that pen present અને He has had that pen for 5 days present perfect, He had that pen past, અને He had had that pen for 5 days past perfect, અને He will have that pen future અને He will have had that pen for 5 days future perfect. (કલમ ૯૫ મી જુઓ).

194. Table of the tenses of *Have*.

Active voice, Third person singular.

Present	વર્તમાન	has	પાસેછે-પાસે હોયછે.
Past	ભૂત	had	પાસે હતો પાસ હોયો.
Future	ભવિષ્ય	will have	પાસે હોશે.
Present perfect	ભૂતવર્તમાન	has had	પાસેછે-પાસે હોયલો છે.
Past perfect	ભૂતભૂત	had had	પાસે હતો-પાસ હોયલો હતો.
Future perfect	ભૂતભવિષ્ય	will have had	પાસે હોશે-પાસે હોયલો હોશે.

Passive voice. સંધિભેદ.

Present	વર્ત્તમાન	is had	પાસે હોવાયછે.
Past	ભૂત	was had	પાસે હોવાયો.
Future	ભવિષ્ય	will be had	પાસે હોવાશે.

Present perfect ભૂતવર્ત્તમાન has been had પાસે હોવાયલો છે. Past perfect ભૂતભૂત had been had પાસે હોવાયલો હતો. Future perfect ભૂતભવિષ્ય will have been had પાસે હોવાયલો હોશે. (કલમ ૯૯ મી જુઓ).

195. ઉપલી કલમમાં આપેલું છે તે ઉપરથી He has a book નું passive A book is had by him. He had a book નું A book was had by him, He will have a book નું A book will be had by him, He has had a book for 3 days નું A book has been had by him for 3 days, He had had a book for 3 days નું A book had been had by him for 3 days, અને He will have had a book for 3 days નું A book will have been had by him for 3 days.

કલમ ૧૯૪ મા *have* નાં passive voice નાં રૂપ આપેલાં છે તે નવતરાં લાગે એવાં છે, અને એવાં રૂપ કોઈ પણ grammar માં આપવામાં આવ્યાં નથી, પરંતુ એ રૂપ ખોટાં નથી એમ સમજીને દાખલ કીધાં છે.

196. કલમ ૧૯૫ માં He has a book વગેરે આપેલું છે, તેમાં *has* ને બદલે *possess* વાપરવામાં આવે તો He possesses a book અને A book is possessed by him. He possessed a book અને A book was possessed by him, He will possess a book, A book will be possessed by him, He has possessed a book for 3 days અને A book has been possessed by him for 3 days, He had possessed a book for 3 days અને A

book had been possessed by him for 3 days, અને He will have possessed a book for 3 days અને A book will have been possessed by him for 3 days.

197. Principal verb તરીકે *have* નો પહેલો અર્થ પાસેછે આપવામાં આવેલો છે તે પાસેછે માં પાસે કબજો એટલે possession બતાવે છે. એ પાસે સિવાય બીજા બે પાસે છે, એક નજદીકપણું બતાવનાર અને બીજો ગતિ બતાવનાર. નજદીકપણું બતાવનાર પાસે=*near by* અને *beside*, અને ગતિ બતાવનાર પાસે=*to*. ઉદાહરણ, તેનું ઘર નિશાળની પાસે છે. His house is *near* the school. તે માણસ કસનદાસની પાસે ગયો. That man went *to* Kasandas.

પહેલા ગુજરાતી વાકયમ. નિશાળ છઠ્ઠીમા છે પણ અંગ્રેજીમાં accusative case માં લેવી જોઈએ, તેથી *of the school* નહી પણ *the school* બોલવું તેમજ બીજા વાકયમાં કસનદાસ છઠ્ઠીમાં છે પણ અંગ્રેજીમા accusative વાપરવાની છે, એટલે *of Kasandas* બોલવાનું નથી.

198. *To* ને અર્થે વપરાતો પાસે જેને લાગુ પડેછે તે પુરૂષ સર્વનામ હોય તો અંગ્રેજીમાં છઠ્ઠી નહીં પણ બીજી લેવી જોઈએ. જેમકે, તે મારી પાસે આવ્યો He came *to me*. એ વાકયમાં પાસે મારીને લાગુ પડેછે. એ મારી છઠ્ઠીમાં છે તેની અંગ્રેજીમાં બીજી મને એટલે *me* કરવી. એજ પ્રમાણે તેની પાસે હોય તો *to him* બોલવું, *to his* નહીં બોલવું.

199. નજદીકપણું બતાવનાર પાસે એટલે *near*, અને ગતિ બતાવનાર પાસે એટલે *to* સિવાય એક બીજો પાસે છે તે *from* છે. જેમકે, તેણે મારી પાસે ચોપડી લીધી. He took a book *from me*. તેઓએ તેની પાસે દસ રૂપીઆ લીધા They took ten rupees *from him*.

The 2nd meaning of *have* as a principal verb.

200. Causative અથવા causal form એટલે પ્રેરકભેદ કરવાને માટે *have* principal verb તરીકે કામ લાગેછે. એવે ઠેકાણે એનો અર્થ આવેછે થાયછે. જેમકે, તે છોકરા પોતાની ચોપડીઓ બંધાવેછે. Those boys *have* their books *bound*.

બંધાવેછે નું *have bound* શી રીતે થયું એ જાણવું હોય તો બંધાવેછે= બંધ + આવેછે કરવું, અને બંધ બદલીને ભૂતકૃદંત બાંધેલું કીધું એટલે *bound* થયું, અને આવેછે એટલે *have* તેથી *bound* + *have*=*have bound*.

201. પ્રેરકભેદની નિશાણી આવ છે, તે ઉપરથી વર્ત્તમાન આવેછે, ભૂત આવ્યો, ભવિષ્ય આવશે, ભૂતવર્ત્તમાન આવ્યો છે, ભૂતભૂત આવ્યો હતો, અને ભૂતભવિષ્ય આવ્યો હોશે. આવેછે એટલે *has* present, આવ્યો *had* past, આવશે *will have* future, આવ્યો છે *has had* present perfect, આવ્યો હતો *had had* past perfect, અને આવ્યો હોશે *will have had* future perfect.

202. પ્રેરકભેદમાં આવેછે, આવ્યો વગેરેને માટે અંગ્રેજીમાં *has*, *had* વગેરે આપેલું છે તે જરા નવતરૂં જાણાયછે તો ખરૂં, પણ એની સાથે મુખ્ય ક્રિયાપદનું ભૂતકૃદંત જોડવાથી અર્થ ખુલ્લો માલમ પડે. લખ મૂળ જોડ્યું એટલે લખ + આવેછે = લખાવેછે, લખ + આવ્યો = લખાવ્યો, લખ + આવશે = લખાવશે, લખ + આવ્યો છે = લખાવ્યો છે, લખ + આવ્યો હતો = લખાવ્યો હતો, અને લખ + આવ્યો હોશે = લખાવ્યો હોશે, એ બધાં થયાં.

203. ઉપલી કલમમાં લખ બદલીને ભૂતકૃદંત લખેલું કીધું એટલે લખેલું + આવેછે, લખેલું + આવ્યો, લખે-

લું + આવશે, લખેલું + આવ્યો છે, લખેલું + આવ્યો હતો, અને લખેલું + આવ્યો હોશે થયા. લખેલુંનું અંગ્રેજી *written* છે તેથી એ બધાનું અંગ્રેજીમાં *has written, had written, will have written, has had written, had had written, will have had written.*

204. ઉપલી કલમમાં અંગ્રેજીમાં આપેલા દાખલામાં *written* ની પહેલાં કોઈ પણ object સમજવાનો છે. Lesson object હોય તો *has a lesson written, had a lesson written, will have a lesson written, has had a lesson written, had had a lesson written,* અને *will have had a lesson written.* ગુજરાતીમાં પાઠ લખાવે છે, પાઠ લખાવ્યો, પાઠ લખાવશે, પાઠ લખાવ્યો છે, પાઠ લખાવ્યો હતો, અને પાઠ લખાવ્યો હોશે.

205. Causal form ની નિશાણી અંગ્રેજીમાં *have* સિવાય *get* અને *cause* છે, તેથી Those boys *have* their books *bound* ને ઠેકાણે Those boys *get* their books *bound* અથવા Those boys *cause* their books *to be bound.*

Have અને *get* તો સરખી રીતે વપરાય છે, પણ *cause* વાપરવામાં આવે ત્યારે object ની પછી અને past participle ની પહેલાં *to be* બોલ્યા વગર ચાલે નહીં.

206. ઉપલી કલમમાં બાંધનાર કોઈ આપેલો નથી, તેથી *bound* ની પછી *by him* કે *by them* સમજવાનું છે. એજ કલમમાં passive voice વાપરેલો છે. એજ વાક્યનું active voice માં Those boys *get* him કે them *to bind* their books અથવા Those boys *cause* him કે them *to bind* their books.

207. *Have, get,* અને *cause* સિવાય causal form ની નિશાણી *make* છે. *Get* અને *cause* અને *make*માં ફેર એટલો છે કે *make* ની બાબતમાં *to* બોલવાનો નથી. તેથી ઉપલી કલમમાં આપેલાં વાક્યમાં *make* વાપરવામાં આવે તો Those boys *make* him કે them *bind* their books. પણ passive voice માં *make* ની બાબતમાં પણ *to* બોલાય ખરો. જેમકે, He *is made* by those boys *to bind* their books.

208. *Have* ની પછી જે verb આવેછે તેની પહેલાં *to* બોલવાનો ચાલ નથી. જેમકે, He would *have* me *go* now. એ વાક્યની બરાબર He wishes that I should go અથવા He wishes me to go now. ગુજરાતીમાં તેની એવી મરજી છે કે મારે હમણા જવું જોઈએ.

209. Passive voice માં ગુજરાતીમાંથી અંગ્રેજીમાં તરજૂમો કરતી વખતે ક્રિયાપદના મૂળનું ભૂતકૃદંત કરવાનું છે, અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં તરજૂમો કરતી વખતે past participle નું મૂળરૂપ કરવાનું છે તેમજ causal form ની બાબતમાં પણ કરવાનું છે.

210. Causal form માં *have* ઉપરથી થયલાં participles *having* present, *had* past, અને *having had* compound past અથવા perfect. *Having* એટલે આવનો, *had* આવેલો, અને *having had* આવીને.

211. ઉપલી કલમમાં *written* past participle અને lesson object મૂકવામાં આવે તો *having a lesson written* પાઠ લખાવનો, *had a lesson written* પાઠ લખાવેલો, અને *having had a lesson written* પાઠ લખાવીને.

212. કલમ ૧૧૦ માં આપેલાં participles ના passive voice નાં forms *being had* એટલે અવાતો, *been had* અવાયલો, અને *having been had* અવાઇને.

213. ઉપલી કલમમાં *had* ને બદલે *made* વાપરવામાં આવે તો બરાબર સમજ પડે. તેથી *being had=being made, been had=been made,* અને *having been had=having been made.* એ બધાંમાં *made* ની પછી 'to lie on the ground' મુકયું એટલે 'being made to lie on the ground' 'ભોંય ઉપર સુવાડાતાં' 'been made to lie on the ground' 'ભોંય ઉપર સુવાડાયલો' અને 'having been made to lie on the ground' ભોંય ઉપર સુવાડાઇને' થાય. 'Being made to lie' નો અર્થ સુવાડાઇને પણ થાય.

214. The different tenses of the verb *write.* Causal form 3rd person singular.

Present વર્તમાન has—written લખાવે છે.
Past ભૂત had—written લખાવ્યો.
Future ભવિષ્ય will have—written લખાવશે.
Present perfect ભૂતવર્તમાન has had—written લખા-વ્યો છે.
Past perfect ભૂતભૂત had had—written લખાવ્યો હતો.
Future perfect ભૂતભવિષ્ય will have had—written લખાવ્યો હોશે.
Present prospective ભવિષ્યવર્તમાન is to have—written લખાવવાનો છે.
Past prospective ભવિષ્ય ભૂત was to have—written લખાવવાનો હતો.

Past perfect prospective ભવિષ્ય ભૂતભૂત was to have had—written લખાવી રહેવાનો હતો.

કલમ ૯૧ માં લખ ક્રિયાપદના પ્રેરકભેદના બધા કાળ ઉપલી કલમમાં આપી શકાય, પણ દાખલાને માટે આપ્યા છે તેટલા બસ છે એમ ધારીને વધારે આપેલા નથી. *has, had* વગેરેની પછી લીટી દોરી છે તેનો મતલબ એ છે કે એ ઠેકાણે કોઈ પણ object જેમકે, lesson book વગેરે જોઈએ. એવો object બોલવામાં આવે ત્યારેજ અર્થ બરાબર સમજાય.

The 3rd meaning of *Have* as a principal verb.

215. Principal verb તરીકે *have* નો ત્રીજો અર્થ પડેછે થાયછે. ઉદાહરણ, present *He has to go* તેને જવું પડેછે, past *He had to go* તેને જવું પડ્યું, future *He will have to go* તેને જવું પડશે, present perfect *He has had to go* તેને જવું પડ્યું છે, past perfect *He had had to go* તેને જવું પડ્યું હતું, અને future perfect *He will have had to go* તેને જવું પડ્યું હશે.

216. *Have* નો અર્થ પડેછે થાયછે તેની બરાબર જરૂર પડેછે એ તેથી ઉપલી કલમમાં આપેલા દાખલામાં *has to go = is obliged to go, had to go = was obliged to go, will have to go = will be obliged to go, has had to go = has beeen obliged to go, had had to go = had been obliged to go,* અને *will have had to go = will have been obliged to go.*

'*He has to go*' એટલે 'તેને જવું પડેછે' છે તેમ 'તેને જવાનું છે' પણ ખરૂં. એમાં જરૂરનો અર્થ રહેલો છે. '*He is to go* નો અર્થ 'તે જવાનો છે' થાયછે. એમાં બોલનારનો એવો ઠરાવ કે ઈરાદો છે કે જવું એમ સમજવાનું છે. 'He is to go' = 'He is for going.' એનું સારૂં ગુજરાતી તે જવામાં છે થાયછે. એજ પ્રમાણે કોઈને એમ પૂછવામાં આવેછે કે તમે જવામાં કે રહેવામાં? Are you for going or stopping?

217. 'He has to go' 'તેને જવાનું છે,' 'He is to go' 'તે જવાનો છે' એ બે સિવાય He wishes અથવા wants to go બોલવામાં આવેછે, અને એનું સારૂં ગુજરાતી 'તેને જવું છે' થાયછે.

The 4th meaning of *have* as a principal verb.

218. Principal verb તરીકે *have* નો ચોથો અર્થ *get* થાયછે. ઉદાહરણ, We have *had* no rain for ten days. He has *had* no prize for two years. He is to *have* a good prize. He was to *have* a good book. પહેલાં બે વાક્યમાં *had* = *got*. અને બીજાં બે વાક્યમાં *have* = *get*.

The 5th meaning of *have* as a principal verb.

219. Principal verb તરીકે *have* નો પાંચમો અર્થ *take* થાયછે. જેમકે, you should *have* mercy upon that poor man. તમારે તે બચારા પર દયા રાખવી જોઈએ. ગુજરાતી રૂઢી પ્રમાણે દયા રાખવી કરવી કે ખાવી બોલવામાં આવેછે, પણ એ રૂઢી પર નજર રાખીને અંગ્રેજીમાં mercy કે pity ની જોડે *keep*, *make* કે *eat* નહીં બોલતાં *have* કે *take* બોલવો જોઈએ.

The 6th meaning of *have* as a principal verb

220. Principal verb તરીકે *have* નો છઠ્ઠો અર્થ *produce* થાયછે. જેમકે, What I said *had* no effect upon him = What I said *produced* no effect upon him. What you say will *have* no effect = What you say will *produce* no effect.

Principal verb તરીકે *have* ના છ અર્થ આપેલા છે તેમાંથી *get* નો અર્થ એને passive voice માં વાપરવાનો અંગ્રેજીમાં ચાલ છે. ઉદાહરણ, Such things are not to be *had* at present, આવી વસ્તુ હાલમાં મળે એમ નથી. What you want can be *had* in the market તમને જે જોઈએછીએ તે બજારમાં મળી શકેછે.

The uses of *have* as an auxiliary verb.

221. Auxiliary verb તરીકે *have* નું એક કામ એ છે કે present perfect tense બનાવવો. એ કામને માટે એ વપરાયછે ત્યારે એનો અર્થ પુરૂષ અને વચન પ્રમાણે છું, છે વગેરે થાયછે.

222. *Have* ની જોડે હમેશ principal verb નું past participle આવેછે. જ્યારે principal verb intransitive હોયછે ત્યારે એનો અર્થ છું, છે વગેરે કરવાનો છે. જેમકે, He *has* run તે દોડયો છે, I *have* walked હું ચાલ્યો છું, you *have* walked તમે ચાલ્યા છો.

223. જે principal verb નું past participle *have* ની જોડે આવેછે તે transitive હોય તો *have* નો અર્થ બધા પુરૂષમાં છે કરવો. જેમકે, I *have* read the book મેં ચોપડી વાંચી છે, Thou *hast* read the book તેં ચોપડી વાંચી છે, He *has* read the book તેણે ચોપડી વાંચી છે વગેરે.

224. Present tense માં *I am* માં *am* એટલે છું *thou art* માં *art* એટલે છે વગેરે આવેછે તેમ present perfect માં 'I have walked' માં *have* એટલે છું 'Thou hast walked' માં *hast* એટલે છે વગેરે આવેછે. વધારે ખુલાસો નીચે જે આપેલું છે તેથી થશે.

Present		Present perfect	
I am	હું છું	I have walked	હું ચાલ્યો છું.
Thou art	તું છે	Thou hast walked	તું ચાલ્યો છે.
He is	તે છે	He has walked	તે ચાલ્યો છે.
We are	અમે છીએ	We have walked	અમે ચાલ્યા છીએ.

You are	તમે છો	You have walked	તમે ચાલ્યાછો.
They are	તેઓ છે	They have walked	તેઓ ચાલ્યાછે.

225. ઉપલી કલમમાં એકવચનમાં વર્તમાન કાળમાં છું, છે, છે ઓવેલા છે, અને ભૂતવર્તમાન કાળમાં પણ એનાએજ આવેલા છે. પરંતુ પહેલા કાળમાં છું એટલે *am* છે તે બીજા કાળમાં *have* થાયછે, છે જે *art* છે તે *hast*, અને છે જે *is* છે તે *has* થાયછે. તેમજ બહુવચનમાં છઇએ જે *are* છે તે *have*, છો *are* છે તે *have*, અને છે *are* છે તે *have* થાયછે.

226. કલમ ૨૨૪ માં વર્તમાન અને ભૂતવર્તમાન કાળમાં જે મળતાપણું બતાવવામાં આવ્યું છે તે મળતાપણું ભૂતવર્તમાનમાં સકર્મક ક્રિયાપદનું ભૂતકૃદંત હોયછે ત્યારે રહેતુ નથી. એમ હોયછે ત્યારે તો ભૂતવર્તમાનમાં બને વચન અને ત્રણે પુરૂષમાં છે આવેછે.

I am	હું છું	I have read	મેં વાંચ્યું છે.
Thou art	તું છે	Thou hast read	તેં વાંચ્યું છે.
He is	તે છે	He has read	તેણે વાંચ્યું છે.
We are	અમે છઇએ	We have read	અમે વાંચ્યું છે.
You are	તમે છો	You have read	તમે વાંચ્યું છે.
They are	તેઓ છે	They have read	તેઓએ વાંચ્યું છે.

227. સકર્મક ક્રિયાપદનું ભૂતકૃદંત હોય ત્યારે બધે છે લેવો એ નિયમ અપવાદ વગરનો નથી. કેટલાક સકર્મક ક્રિયાપદની બાબતમાં અકર્મકના સંબંધમાં આવેલું છે તેમ આવેછે.

I have walked	હું ચાલ્યો છું
I have learnt	હું શીખ્યો છું.
Thou hast walked	તું ચાલ્યો છે

Thou hast learnt	તું શીખ્યો છે.
He has walked	તે ચાલ્યો છે.
He has learnt	તે શીખ્યો છે.
We have walked	અમે ચાલ્યા છુઈએ.
We have learnt	અમે શીખ્યા છુઈએ.
You have walked	તમે ચાલ્યા છો.
You have learnt	તમે શીખ્યા છો.
They have walked	તેઓ ચાલ્યા છે.
They have learnt	તેઓ શીખ્યા છે.

બોલ speak, પરણ કે વર marry, કરડ bite, ડંખ, sting એવીજ જાતના ક્રિયાપદ છે.

228. ઉપલી કલમમાં અકર્મક અને સકર્મક ભૂતકૃદંતવાળા ક્રિયાપદ આવેલા છે તે પુરૂષ, વચન, અને જાતિમાં કર્त्ताને મળતા આવેછે માટે કર્त्तરિ પ્રયોગમાં છે, અને તેઓ કર્त्तરિ પ્રયોગમાં છે તેથીજ કલમ ૨૨૮ માં વર્त्तમાન અને ભૂત-વર્त्तમાનકાળમાં મળતાપણું હોયછે. કર્त्तરિ પ્રયોગમાં કર્त्તા પહેલીમાંજ આવેછે.

229. કલમ ૨૨૬ માં ભૂતવર્त्तમાનમાં વાંચ ક્રિયાપદ આવેલો છે તે પુરૂષ, વચન, અને જાતિમાં કર્મને મળતો આવેછે અને તેથી કર્મણિ પ્રયોગમાં છે, અને એ કર્મણિ પ્રયોગમાં છે તેટલાજ માટે એજ કલમમાં આપેલાં વર્त्तમાન કાળનાં રૂપથી એનાં રૂપ જૂદાં છે.

230. કર્મણિ પ્રયોગમાં કર્त्તા ત્રીજીમાં આવેછે તેથી કલમ ૨૨૬ માં 'I have read' માં *I* એટલે મેં કરવાનો છે, 'Thou hast read' માં *Thou* એટલે તેં, 'He has read' માં *He* એટલે તેણે, અને plural number માં પણ *we* નું આપણે, *you* નું તમે, અને *they* નું તેઓએ કરવું.

231. બોલવુંને અર્થે વપરાતા ક્રિયાપદ ભાખ, વદ, બોલ, ઓચર છે. ભૂતવર્ત્તમાન કાળમાં એ ક્રિયાપદ શીખના જેવા સકર્મક ક્રિયાપદને અને વાંચના જેવા સકર્મક ક્રિયાપદને મળતા આવેછે, એટલે એઓ કર્તરિ અને કર્મણિ બને પ્રયોગમાં વપરાયછે. એ વાત નીચે જે આપેલું છે તે ઉપરથી માલમ પડશે.

I have spoken	હું ઓચર્યો છું.
I have spoken	મેં ઓચરી છે.
Thou hast spoken	તું ઓચર્યો છે.
Thou hast spoken	તેં ઓચરી છે.
He has spoken	તે ઓચર્યો છે.
He has spoken	તેણે ઓચરી છે.
We have spoken	અમે ઓચરયા છૈયે.
We have spoken	અમે ઓચરી છે.
You have spoken	તમે ઓચરયા છો.
You have spoken	તમે ઓચરી છે.
They have spoken	તેઓ ઓચરયા છે.
They have spoken	તેઓએ ઓચરી છે.

આ કલમમાં ગુજરાતીમાં ફેર માલમ પડેછે, પણ અંગ્રેજીમાં તો સરખુંજ આવેલું છે. એનું કારણ એ કે અંગ્રેજીમાં subject હમેશ nominative case માં હોવાથી કર્મણિ પ્રયોગ છેજ નહીં. તેથી અંગ્રેજીમાં જે આપ્યું છે તેને માટે ગુજરાતીમાં બેમાંથી ગમે તે બોલવામાં આવે તો ચાલે, અને ગુજરાતીમાં જુદું જુદું આપેલું છે તેને માટે અંગ્રેજીમાં એકજ જાતનું બોલવામાં હરકત નથી.

232. *Have* ની સાથે past participle જોડયાથી જેમ present perfect tense થાયછે તેમ *had* ની સાથે past participle લેવાથી past perfect tense થાયછે. જેમકે, had walked, had spoken વગેરે. ઉપલી કલમોમાં *have* ની બાબતમાં જેટલું આપેલું છે તેટલું *had* ના સંબંધમાં નીચેની કલમોમાં આવેલું છે.

233.

I was	હું હતો	I had walked	હું ચાલ્યો હતો.
Thou wast	તું હતો	Thou hadst walked	તું ચાલ્યો હતો.
He was	તે હતો	He had walked	તે ચાલ્યો હતો.
We were	અમે હતા	We had walked	અમે ચાલ્યા હતા.
You were	તમે હતા	You had walked	તમે ચાલ્યા હતા.
They were	તેઓ હતા	They had walked	તેઓ ચાલ્યા હતા.

234. ઉપલી કલમમાં એક વચનમાં ભૂતકાળમાં હતો, હતો, હતો આવેલા છે, અને ભૂતભૂત કાળમાં પણ એના એજ આવેલા છે, પરંતુ પહેલા કાળમાં હતો એટલે *was* છે તે બીજા કાળમાં *had* થાયછે, હતો જે *wast* છે તે *hadst*, અને હતો જે *was* છે તે *had* થાયછે. તેમજ બહુ વચનમાં ત્રણે પુરૂષમાં હતા એટલે *were* છે તે ત્રણે પુરૂષમાં *had* થાયછે.

235. કલમ ૨૩૩ માં ભૂત અને ભૂતભૂતમાં જે મળતાપણું છે તે મળતાપણું ભૂતભૂતમાં સકર્મક ક્રિયાપદનું ભૂતકૃદંત હોયછે ત્યારે હોતું નથી. એમ હોયછે ત્યારે તો બને વચન અને ત્રણે પુરૂષમાં હતું આવેછે.

Past		Past perfect.	
I was	હું હતો	I had read	મેં વાંચ્યું હતું.
Thou wast	તું હતો	Thou hadst read	તેં વાંચ્યું હતું.
He was	તે હતો	He had read	તેણે વાંચ્યું હતું.
We were	અમે હતા	We had read	અમે વાંચ્યું હતું.
You were	તમે હતા	You had read	તમે વાંચ્યું હતું.
They were	તેઓ હતા	They had read	તેઓએ વાંચ્યું હતું.

236. સકર્મક ક્રિયાપદનું ભૂતકૃદંત હોય ત્યારે બધે હનું આવે એ નિયમ અચળ નથી. કેટલાક સકર્મક ક્રિયાપદની બાબતમાં અકર્મકના સંબંધમાં હોયછે તેમજ આવેછે.

I had walked	હું ચાલ્યો હતો.
I had learnt	હું શીખ્યો હતો.
Thou hadst walked	તું ચાલ્યો હતો.
Thou hadst learnt	તું શીખ્યો હતો.
He had walked	તે ચાલ્યો હતો.
He had learnt	તે શીખ્યો હતો.
We had walked	અમે ચાલ્યા હતા.
We had learnt	અમે શીખ્યા હતા.
You had walked	તમે ચાલ્યા હતા.
You had learnt	તમે શીખ્યા હતા.
They had walked	તેઓ ચાલ્યા હતા.
They had learnt	તેઓ શીખ્યા હતા.

237. ઉપલી કલમમાં આપેલા અકર્મક અને સકર્મક ભૂતકૃદંતવાળા ક્રિયાપદ પુરૂષ, વચન, અને જાતિમાં કર્તાને મળતા આવેછે, અને તેથી તેઓ કર્તરિ પ્રયોગમાં છે, અને તેઓ કર્તરિ પ્રયોગમાં હોવાને લીધેજ કલમ ૨૩૩ માં ભૂત અને ભૂતભૂતમાં મળતાપણું માલમ પડેછે.

238. કલમ ૨૩૪ માં ભૂતભૂતમાં વાંચ ક્રિયાપદ આવ્યો છે તેને કર્મનાં પુરૂષ, વચન, અને જાતિ લાગેછે, અને તેથી એ કર્મણિ પ્રયોગમાં છે, અને એ કર્મણિ પ્રયોગમાં હોવાથી એનાં રૂપ અને એજ કલમમાં આપેલાં ભૂતકાળનાં રૂપમાં ફેર પડેછે.

239. કર્મણિ પ્રયોગમાં કર્તા ત્રીજીમાં આવેછે તેથી ૨૩૪ મી કલમમાં 'I had read' માં *I* નો મેં કરવો,

'Thou hadst read' માં *Thou* એટલે તેં, 'He had read' માં *He* એટલે તેણે કરવો, બહુ વચનમાં *we* આપણે, *you* તમે, અને *they* તેઓએ.

240. કલમ ૨૩૧ માં જે આપેલું છે તેની જાતનું અત્રે આપવામાં આવે તો નીચે મુજબ.

I had spoken	હું બોલ્યો હતો.
I had spoken	મેં બોલી હતી.
Thou hadst spoken	તું બોલ્યો હતો.
Thou hadst spoken	તેં બોલી હતી.
He had spoken	તે બોલ્યો હતો.
He had spoken	તેણે બોલી હતી.
We had spoken	અમે બોલ્યા હતા.
We had spoken	અમે બોલી હતી.
You had spoken	તમે બોલ્યા હતા.
You had spoken	તમે બોલી હતી.
They had spoken	તેઓ બોલ્યા હતા.
They had spoken.	તેઓએ બોલી હતી.

કલમ ૨૩૧ માં જે આપેલું છે તે બાબત ટિકા કરીને લખ્યું છે તે બધું આ કલમમાં આપેલું છે તેને બરોબર લાગુ પડે છે.

241. Present perfect અને past perfect ની માફક future perfect ની બાબતમાં પણ *have* સહાયકારક તરીકે કામ લાગે છે. જેમકે, shall have walked, and will have spoken વગેરે.

242. Future		Future perfect
I shall be	હું હોઈશ	I shall have walked હું ચાલ્યો હોઈશ.
Thou wilt be	તું હોઈશ	Thou wilt have walked તું ચાલ્યો હોઈશ.

He will be	તે હોશે	He will have walked તે ચાલ્યો હોશે.
We shall be	અમે હોઇશું	We shall have walked અમે ચાલ્યા હોઇશું.
You will be	તમે હોશો	You will have walked તમે ચાલ્યા હોશો.
They will be	તેઓ હોશે	They will have walked તેઓ ચાલ્યા હોશે.

243. ઉપલા કલમમાં એક વચનમાં ભવિષ્યકાળમાં હોઈશ, હોઈશ, અને હોશે આવેલા છે, અને ભૂતભવિષ્યમાં એનાએજ આવેલા છે, પરંતુ પહેલા કાળમાં હોઈશ એટલે *shall be* છે તે બીજામાં *shall have* થાયછે, હોઈશ *wilt be* છે તે *wilt have*, અને હોશે *will be* છે તે *will have* થાયછે. તેમજ બહુ વચનમાં હોઈશું જે *shall be* છે તે *shall have*, હોશો *will be* છે તે *will have*, અને હોશે *will be* છે તે *will have* થાયછે.

244.

I shall be	હું હોઇશ	I shall have read મેં વાંચ્યું હોશે.
Thou wilt be	તું હોઇશ	Thou wilt have read તેં વાંચ્યું હોશે.
He will be	તે હોશે	He will have read તેણે વાંચ્યું હોશે.
We shall be	અમે હોઇશું	We shall have read અમે વાંચ્યું હોશે.
You will be	તમે હોશો	You will have read તમે વાંચ્યું હોશે.
They will be	તેઓ હોશે	They will have read તેઓએ વાંચ્યું હોશે.

245.

I shall have walked	હું ચાલ્યો હોઇશ.
I shall have learnt	હું શીખ્યો હોઇશ.
Thou wilt have walked	તું ચાલ્યો હોઇશ.
Thou wilt have learnt	તું શીખ્યો હોઇશ.
He will have walked	તે ચાલ્યો હોશે.
He will have learnt	તે શીખ્યો હોશે.
We shall have walked	અમે ચાલ્યા હોઇશું.
We shall have learnt	અમે શીખ્યા હોઇશું.
You will have walked	તમે ચાલ્યા હોશો.
You will have learnt	તમે શીખ્યા હોશો.
They will have walked	તેઓ ચાલ્યા હોશે.
They will have learnt	તેઓ શીખ્યા હોશે.

246.

I shall have spoken	હું ઓચરયો હોઇશ.
I shall have spoken	મેં ઓચરી હોશે.
Thou wilt have spoken	તું ઓચર્યો હોઇશ.
Thou wilt have spoken	તેં ઓચરી હોશે.
He will have spoken	તે ઓચર્યો હોશે.
He will have spoken	તેણે ઓચરી હોશે.
We shall have spoken	અમે ઓચરયા હોઇશું.
We shall have spoken	અમે ઓચરી હોશે.
You will have spoken	તમે ઓચરયા હોશો.
You will have spoken	તમે ઓચરી હોશે.
They will have spoken	તેઓ ઓચર્યા હોશે.
They will have spoken	તેઓએ ઓચરી હોશે.

247. *Is* નો present perfect tense *has been*, *was* નો past perfect tense *had been*, અને *will be* નો

future perfect tense *will have been* એ કાળો બનાવવાનું કામ *have* auxiliary તરીકે કરેછે. ઉદાહરણ, He has been there for 5 days, He had been there for 5 days, અને He will have been there for 5 days. ગુજરાતીમાં તે પાંચ દહાડા થયાં ત્યાં છે, તે પાંચ દહાડા થયાં ત્યાં હતો, અને તે પાંચ દહાડા થયાં ત્યાં હોશે.

248 Present perfect, past perfect, અને future perfect નાં active voice નાં ચાલુ રૂપ *have* auxiliary વડે બનેછે. ઉદાહરણ, He has been going there for five days તે ત્યાં પાંચ દહાડા થયાં જાયછે, He had been going there for five days તે ત્યાં પાંચ દહાડા થયાં જતો હતો, અને He will have been going there for five days તે ત્યાં પાંચ દહાડા થયાં જતો હોશે.

249. Present perfect, past perfect, અને future perfect નાં passive voice નાં સાદાં રૂપ auxiliary *have* થી થાયછે. ઉદાહરણ, It has been spoken તે બોલાયલું છે, It had been spoken તે બોલાયલું હતું, અને It will have been spoken તે બોલાયલું હોશે.

240. Active voice નાં ચાલુ રૂપ અને passive voice નાં સાદાં રૂપ એ બનેમાં *has been* વગેરે આવ્યા છે, પણ યાદ રાખવાનું એ છે કે પહેલામાં *has been* એટલે હોયચલો છે, અને બીજામાં *has been* એટલે આયચલો છે. એજ પ્રમાણે *had been* એટલે હોયચલો હતો અને આયચલો હતો, અને *will have been* એટલે હોયચલો હોશે અને આયચલો હોશે.

251. Auxiliary verb તરીકે *have* infinitive mood સામાનાર્થનો present perfect tense બનાવવાનું કામ કરેછે

જેમકે, *to have done* કરી રહેવાને. *To have done* નો present *to do,* અને future *about to do.*

Past, past perfect, future perfect, અને ધારા પ્રમાણેનો future એટલા tenses infinitive mood માં આવતા નથી, તેથી મનમાં એમ રાખવાનું કે આ ચાર કાળમાંનો કોઈ પણ કાળ કોઈ પૂછે તો ભણનારે સાફ જવાબ દેવો કે infinitive mood માં એવો કાળ થતોજ નથી, પણ *to spoke, to had spoken, to will speak* કે *to will have spoken* એમાંનું કંઈ બોલવું નહી, કારણ કે એ બધું ખોટું છે

252. *Have* auxiliary હોયછે ત્યારે એના present participle *having* નો અર્થ ઈ અથવા ઈને થાયછે. *Having* ની પછી હમેશ past participle જ આવેછે. જેમકે, *having done* = કરેલો + ઈને = કર + ઈને = કરીને, અને *having asked* = પૂછેલો + ઈને–પુછ + ઈને=પૂછીને.

253. *Have* ને લગતું એટલું કહેવું જરૂરનું છે કે એની જોડે જે past participle આવેલું હોય તેની જગા બદલવાથી અર્થ બદલાઈ જાયછે. ઉદાહરણ, He has left 50 rupees in his box. તેણે પોતાની પેટીમાં પચાસ રૂપીઆ રહેવા દીધા કે રાખ્યા છે. He has 50 rupees left in his box. તેની પાસે તેની પેટીમાં પચાસ રૂપીઆ બાકી રહેલા છે. He has stolen five rupees. તેણે પાંચ રૂપીઆ ચોર્યા છે. He has five rupees stolen. તેના પાંચ રૂપીઆ ચોરાયા છે. પહેલા અને ત્રીજા વાક્યમાં *have* auxiliary verb છે, અને બીજા અને ચોથામાં principal verb છે.

The verb Do as a principal verb.

254. જ્યારે *do* principal verb હોયછે, ત્યારે એનો અર્થ કરેછે થાયછે. *Do* ઉપરથી 3rd person singular number *does* કરેછે, past *did* કીધું કે કર્યું, future *will do* કરશે, present perfect *has done* કીધું છે કે કર્યું છે, past perfect *had done* કીધું હતું કે કર્યું હતું, અને future perfect કીધું હોશે કે કર્યું હોશે.

255. Principal verb તરીકે *do* એક કામ કરેછે તે એ છે કે આવીગયેલો ક્રિયાપદ ફરીથી બોલવો ન હોય તો એ વપરાયછે. ઉદાહરણ, He speaks English better than you speak. એમાં *speak* ને બદલે *do* મુકાય એટલે He speaks English better than you do. એજ પ્રમાણે You said more than he said = You said more than he did, અને He has walked more than you have walked = He has walked more than you have done.

256. *Do* principal verb હોયછે ત્યારે જો એની પછી present participle આવેછે તો એનો અર્થ પૂરૂં કર થાયછે. જેમકે, To do speaking બોલવું પૂરૂં કરવું. Present perfect when he has done speaking ત્યારે તે બોલી રહેછે, past perfect when he had done speaking ત્યારે તે બોલી રહ્યો, અને future perfect when he will have done speaking ત્યારે તે બોલી રહેશે. *Do* એવે અર્થે આ perfect tenses માંજ વપરાવાનું છે.

257. *Let* ની પછી principal verb તરીકે *do* આવેછે ત્યારે એની પહેલાં *to* પડતો મુકવામાં આવેછે. જેમકે, Let him do what he can, he cannot injure you. આ વાક્યના બીજા ભાગમાં *he* છે તેથી *let him* અને *they* હોય તો *let them* પહેલા ભાગમાં નહીં બોલતાં ફક્ત Do what he can, અને Do what they can એમ પણ બોલવાનો અંગ્રેજીમાં ચાલ છે. Do ની માફક *go*, *say*, *take* વગેરે બીજા ક્રિયાપદ પણ એવી રીતે વપરાયછે.

258. *Do* principal verb તરીકે કોઈવાર એવી રીતે વપરાયછે કે તેની બરાબર *did* લેવાનું છે. દાખલો, *Do* what he could, he did not succeed=Though he *did* what he could, he did not succeed.

259. **Principal verb તરીકે *do* intransitive હોયછે** ત્યારે એના જૂદા જૂદા અર્થ થાયછે. ઉદાહરણ, This turban will do આ પાઘડી ચાલશે. That will do બસ. How do you do? તમારી શી ખબર છે? You do well in this class આ વર્ગમાં તમે ઠીક ચાલોછો. I can not do without you તમારા વગર મારે ચાલે એમ નથી. તમારા વગર મારે ચાલતું નથી.

The verb Do as auxiliary.

260 *Do* auxiliary હોયછે ત્યારે એ બે કામ કરેછે. તેમાં એક વાક્યોનાં પ્રશ્નાર્થ તથા નકારનાં રૂપ બનાવવાનું, અને બીજું present અને past નાં emphatic forms એટલે ભારરૂપ બનાવવાનું. ઉદાહરણ, *Do* they go to school daily? તેઓ રોજ નિશાળે જાયછે? They *do* not go to school daily. તેઓ રોજ નિશાળે જતા નથી. They *do* go to school daily. તેઓ રોજ નિશાળે જાયછેજ. They *did* go to school daily. તેઓ રોજ નિશાળે જતાજ.

261. *Do* auxiliary તરીકે વપરાયછે ત્યારે એની પછી ક્રિયાપદનું મૂળજ એટલે અંગ્રેજીમાં verb નું root લેવાનું છે, એટલે give નો give, take નો take, અને come નો come.

262. ઉપલી કલમમાં *do* ને બદલે *dost* કે *does* હોય તોપણ તેની જોડે verb નું root જ લેવું. એમ કરવાનું કારણ એ કે એવી બાબતમાં subject નો સંબંધ *do* વગેરેની સાથે છે, પણ principal verb નું રૂપ તો એક સરખુંજ રહેછે. *Does* કે *do go* અને *did go* માં *go* ની પહેલાં *to* સમજવાનો છે.

263. અંગ્રેજીમાં સવાલનું વાક્ય કરવાની રીત એવી છે કે ગુજરાતીમાં જે મુખ્ય ક્રિયાપદ હોય તેના બે ભાગ કરવા. જેમકે,

માકું નામ જાણેછે? આ વાક્યમાં જાણેછે = જાણ + છે = *know*+*does*. *Know* અને *does* માંથી રૂલ પ્રમાણે *does* પહેલા મૂકવો, પછી subject, અને પછી principal verb, અને ત્યાર પછી object. એમ કરવાથી Does he know my name? થયું. એમજ પ્રમાણે તે છોકરા એમ કહેછે? Do those boys say so?

264. ઉપલી કલમમાં 'તે મારૂં નામ જાણેછે?' અને 'તે છોકરા એમ કહેછે?' એ બે વાક્યમાં શરૂઆતમાં અને આખરે પણ શું બોલવાનો ગુજરાતીમાં ચાલ છે, પણ અંગ્રેજી કરતી વખત એ શુંને માટે *what* બોલવાનો નથી. સવાલના વાક્યમાં સવાલ પૂછનાર શબ્દ હોય તો શું બોલવાનો નથી. જેમકે, તે મારૂં નામ શી રીતે જાણેછે? How does he know my name? તે છોકરા એમ શા વાસ્તે કહેછે? why do those boys say so?

265. નકારનાં વાક્યમાં પણ principal verb ના બે ભાગ કરવાના છે. જેમકે, તેઓ તમારૂં નામ જાણતા નથી. આ વાક્યમાં જાણતા + નથી = જાણે છે + નહીં = જાણ + એ છે + નહીં = *know* + *do* + *not* = *do not know*. જાણતા નથી = જાણ + ના નથી = *know* + *do not* = *do not know* એમ પણ બતાવી શકાય. એમજ પ્રમાણે તે મારૂં નામ જાણતો નથી = જાણ + તો નથી = *know* + *does* + *not* = *does not know*.

266. ઉપલી કલમમાં *do not know* અને *does not know* આપેલા છે, પણ વખતે *know not* અને *knows not* પણ બોલાય. જેમકે, They *do not know* your name અને He *does not know* my name અથવા They *know not* your name અને He *knows not* my name.

267. સવાલનાં હકારનાં રૂપ. Present tense.

Do I	હું ઊછું	Do I know	હું ઊછું + જાણ	હું જાણુંછું ?
Dost thou	તું એ છે	Dost thou know	તું એ છે + જાણ	તું જાણે છે ?
Does he	તે એ છે	Does he know	તે એછે + જાણ	તે જાણેછે?
Do we	અમે ઇએ છુઇએ	Do we know	અમે ઇએછુઇએ + જાણ	અમે જાણીએ છુઇએ ?
Do you	તમે ઓ છો	Do you know	તમે ઓછો + જાણ	તમે જાણોછો ?
Do they	તેઓ એ છે	Do they know	તેઓ એછે + જાણ	તેઓ જાણેછે ?

268. સવાલનાં નકારનાં રૂપ.

Do I not	હું તો નથી	Do I not know	હું તો નથી + જાણ	હું જાણતો નથી ?
Dost thou not	તું તો નથી	Dost thou not know	તું તો નથી + જાણ	તું જાણતો નથી ?
Does he not	તે તો નથી	Does he not know	તે તો નથી + જાણ	તે જાણતો નથી ?
Do we not	અમે તા નથી	Do we not know	અમે તા નથી + જાણ	અમે જાણતા નથી ?
Do you not	તમે તા નથી	Do you not know	તમે તા નથી + જાણ,	તમે જાણતા નથી ?
Do they not	તેઓ તા નથી	Do they not know	તેઓ તા નથી + જાણ	તેઓ જાણતા નથી ?

269. નકારનાં રૂપ.

I do not	હું તો નથી	I do not know	હું તો નથી + જાણ	હું જાણતો નથી.

Thou dost not	તું તો નથી	Thou dost not know	તું તો નથી + જાણ	તું જાણતો નથી.
He does not	તે તો નથી	He does not know	તે તો નથી + જાણ	તે જાણતો નથી.
We do not	અમે તો નથી	We do not know	અમે તો નથી + જાણ	અમે જાણતા નથી.
You do not	તમે તો નથી	You do not know	તમે તો નથી + જાણ	તમે જાણતા નથી.
They do not	તેઓ તો નથી	They do not know	તેઓ તો નથી + જાણ	તેઓ જાણતા નથી.

270. સવાલનાં હકારનાં રૂપ. Past tense.

Did I	મેં યું	Did I know	મેં યું + જાણ	મેં જાણ્યું ?
Didst thou	તેં યું	Didst thou know	તેં યું + જાણ	તેં જાણ્યું ?
Did he	તેણે યું	Did he know	તેણે યું + જાણ	તેણે જાણ્યું ?
Did we	અમે યું	Did we know	અમે યું + જાણ	અમે જાણ્યું ?
Did you	તમે યું	Did you know	તમે યું + જાણ	તમે જાણ્યું ?
Did they	તેઓએ યું	Did they know	તેઓએ યું + જાણ	તેઓએ જાણ્યું ?

271.

Did I	હું તો હતો	Did I know	હું તો હતો + જાણ	હું જાણતો હતો ?
Didst thou	તું તો હતો	Didst thou know	તું તો હતો + જાણ	તું જાણતો હતો ?
Did he	તે તો હતો	Did he know	તે તો હતો + જાણ	તે જાણતો હતો ?

Did we	અમે તો હતા	Did we know	અમે તો હતા + જાણ	અમે જાણતા હતા ?
Did you	તમે તો હતા	Did you know	તમે તો હતા + જાણ	તમે જાણતા હતા ?
Did they	તેઓ તો હતા	Did they know	તેઓ તો હતા + જાણ	તેઓ જાણતા હતા ?

272. સવાલનાં નકારનાં રૂપ.

Did I not	મેં યું નહીં	Did I not know	મેં યું નહીં + જાણ	મેં જાણ્યું નહીં ?
Didst thou not	તેં યું નહીં	Didst thou not know	તેં યું નહીં + જાણ	તેં જાણ્યું નહીં ?
Did he not	તેણે યું નહીં	Did he not know	તેણે યું નહીં + જાણ	તેણે જાણ્યું નહીં ?
Did we not	અમે યું નહીં	Did we not know	અમે યું નહીં + જાણ	અમે જાણ્યું નહીં ?
Did you not	તમે યું નહીં	Did you not know	તમે યું નહીં + જાણ	તમે જાણ્યું નહીં ?
Did they not	તેઓએ યું નહીં	Did they not know	તેઓએ યું નહીં + જાણ	તેઓએ જાણ્યું નહીં ?

273.

Did I not	હું તો નહોતો	Did I not know	હું તો નહોતો + જાણ	હું જાણતો નહોતો ?
Didst thou not	તું તો નહોતો	Didst thou not know	તું તો નહોતો + જાણ	તું જાણતો નહોતો ?
Did he not	તે તો નહોતો	Did he not know	તે તો નહોતો + જાણ	તે જાણતો નહોતો ?
Did we not	અમે તો નહોતા	Did we not know	અમે તો નહોતા + જાણ	અમે જાણતા નહોતા?

Did you not	તમે તો નહોતા	Did you not know	તમે તો નહોતા + જાણ	તમે જાણતા નહોતા?
Did they not	તેઓ તો નહોતા	Did they not know	તેઓ તો નહોતા + જાણ	તેઓ જાણતા નહોતા?

274. નકારનાં રૂપ.

I did not	હું યો નહીં	I did not walk	હું યો નહીં + ચાલ	હું ચાલ્યો નહીં.
Thou didst not	તું યો નહીં	Thou didst not walk	તું યો નહીં + ચાલ	તું ચાલ્યો નહીં.
He did not	તે યો નહીં	He did not walk	તે યો નહીં + ચાલ	તે ચાલ્યો નહીં.
We did not	અમે યા નહીં	We did not walk	અમે યા નહીં + ચાલ	અમે ચાલ્યા નહીં.
You did not	તમે યા નહીં	You did not walk	તમે યા નહી + ચાલ	તમે ચાલ્યા નહીં.
They did not	તેઓ યા નહીં	They did not walk	તેઓ યા નહીં + ચાલ	તેઓ ચાલ્યા નહીં.

275.

I did not	મેં યું નહીં	I did not know	મેં યું નહીં + જાણ	મેં જાણ્યું નહીં.
Thou didst not	તેં યું નહીં	Thou didst not know	તેં યું નહીં + જાણ	તેં જાણ્યું નહીં.
He did not	તેણે યું નહીં	He did not know	તેણે યું નહીં + જાણ	તેણે જાણ્યું નહીં.
We did not	અમે યું નહીં	We did not know	અમે યું નહીં + જાણ	અમે જાણ્યું નહીં.
You did not	તમે યું નહીં	You did not know	તમે યું નહીં + જાણ	તમે જાણ્યું નહીં.
They did not	તેઓએ યું નહીં	They did not know	તેઓએ યું નહીં + જાણ	તેઓએ જાણ્યું નહીં.

276.

I did not	હું તો નહોતો	I did not know	હું તો નહોતો + જાણ	હું જાણતો નહોતો.
Thou didst not	તું તો નહોતો	Thou didst not know	તુ તો નહોતો – જાણ	તું જાણતો નહોતો.
He did not	તે તો નહોતો	He did not know	તે તો નહોતો + જાણ	તે જાણતો નહોતો.
We did not	અમે તો નહોતા	We did not know	અમે તો નહોતા + જાણ	અમે જાણતા નહોતા.
You did not	તમે તો નહોતા	You did not know	તમે તો નહોતા + જાણ	તમે જાણતા નહોતા.
They did not	તેઓ તો નહોતા	They did not know	તેઓ તો નહોતા + જાણ	તેઓ જાણતા નહોતા.

277.

I did not	હું તો નહીં	I did not run	હું તો નહીં + દોડ	હું દોડતો નહીં.
Thou didst not	તું તો નહીં	Thou didst not run	તુ તો નહીં + દોડ	તું દોડતો નહીં.
He did not	તે તો નહીં	He did not run	તે તો નહીં + દોડ	તે દોડતો નહીં.
We did not	અમે તો નહીં	We did not run	અમે તો નહીં + દોડ	અમે દોડતા નહીં.
You did not	તમે તો નહીં	You did not run	તમે તો નહીં + દોડ	તમે દોડતા નહીં.
They did not	તેઓ તો નહીં	They did not run	તેઓ તો નહીં + દોડ	તેઓ દોડતા નહીં.

Do, Does વગેરેના સહાયકારક તરીકેના ઉપયોગ બાબત આટલું બધું લંબાણે લખાણ કરવુ પડયું છે તેનું કારણ એ છે કે એઓનાં સવાલ અને નકારનાં રૂપ બનાવવામાં ખાશ મુશ્કેલી છે. એ મુશ્કેલી હોવાનુ કારણ એ કે ગુજરાતીમાં વર્તમાનકાળમા ચાલુક કામ બતાવનારૂં ક્રિયાપદનું હકારનું જે રૂપ છે તે રૂપથી સવાલનું જૂદું રૂપ નથી, પણ અંગ્રેજીમાં તો present tense માં continued

action અમુક કામ દર્શાવનાર verb નું affirmative form એટલે હકારનું રૂપ છે તે રૂપથી જાદું રૂપ સવાલ અને નકારની બાબતમાં છે. એ બાબતમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ફેર પડે છે તે યાદ રાખવાનો છે.

7

278. The different tenses of *Do* as a principal verb. Active voice.

3rd person singular.

Present indefinite	સાદો કે હમેશાનો	He does	તે કરે છે.
" continuous	ચાલુ વર્તમાન	He is doing	તે કરે છે. તે કરતો છે. તે કરવામાં છે.
" perfect	સાદો ભૂતવર્તમાન	He has done	તેણે કીધું છે. તે કરી રહેલો છે. તેને કરવાને-થયું છે.
" " continuous	ચાલુ ભૂતવર્તમાન	He has been doing	તે કરે છે. તે કર્યા કરે છે.
" prospective	ભવિષ્યવર્તમાન	He is to do	તે કરવાનો છે.
" emphatic	ભાર રૂપનો વર્તમાન	He does do	તે કરે છે જ.
Past indefinite	સાદો કે હમેશાનો	He did	તેણે કીધું. તે કરતો હતો=તે કરતો:
" continuous	ચાલુ ભૂત	He was doing	તે કરતો હતો. તે કરવામાં હતો.
" perfect	સાદો ભૂતભૂત	He had done	તેણે કીધું હતું. તે કરી રહેલો હતો. તેને કરવાને-થયું હતું.

Past continuous	ચાલુ ભૂતભૂત	He had been doing	તે કરતો હતો. તે કરયા કરતો હતો. (કંઈવારનો)
„ prospective	ભવિષ્યભૂત	He was to do	તે કરવાનો હતો.
„ perfect prospective	ભવિષ્યભૂતભૂત	He was to have done	તે કરી રહેવાનો હતો.
„ emphatic	ભાર રૂપનો ભૂત	He did do	તેણે કીધુંજ. તે કરતોજ.
Future indefinite	સાદો કે હમેશાનો	He will do	તે કરશે.
„ continuous	ચાલુ ભવિષ્ય	He will be doing	તે કરતો હોશે. તે કરવામાં હોશે.
„ perfect	સાદો ભૂતભવિષ્ય	He will have done	તેણે કીધું હોશે. તે કરી રહેશે હોશે-તેને કરયાને-થશે.
„ „ continuous	ચાલુ ભૂત ભવિષ્ય	He will have been doing	તે કરતો હોશે. તે કરયા કરતો હોશે. (કંઈવારનો).
Passive voice	The verb *Do*.		
Present indefinite	સાદો કે હમેશાનો	It is done	તે કરાયછે.
„ continuous	ચાલુ વર્તમાન	It is being done	તેકરાયછે. તે કરાતું છે. તે કરાવામાં છે.
„ perfect	સાદો ભૂતવર્તમાન	It has been done	તે કરાયલું છે. તે કરાઈરહેલું છે. તેને કરાયાને—થયું છે.

Present prospective	ભવિષ્ય વર્તમાન	It is to be done	તે કરાવાનું છે.
Past indefinite	સાદો કે હમેશાનો	It was done	તે કરાયું. તે કરાતું હતું=તે કરાતું.
402. 'Learn to read' માં *to read* = *reading* છે, તેથી *to read* noun છે. એવા infinitive ને The true infinitive અથવા infinitive substantive કહેછે. *Reading* ને present participial noun અથવા gerund કહેછે.

403. 'Read to learn' માં *to learn* એ વાંચવાનું કારણ બતાવેછે, અને 'that you may learn' ની બરાબર છે. એવા infinitive ને કારણદર્શક infinitive એટલે gerundial infinitive અથવા infinitive of purpose કહેછે.

404. *Infinitive mood* માં આવનાર verb accusative case માં હોયછે ત્યારે એનું ગુજરાતી વો-વી-વું વગેરેથી કરવાનું છે, અને dative case માં હોયછે ત્યારે વાને કે વાને વાસ્તે થી કરવાનું છે એવો સાધારણ નિયમ છે, પરંતુ એ નિયમના અપવાદ નીચે પ્રમાણે છે.

(*a*) માગ, માંડ, દે, લાગ વગેરે ક્રિયાપદ જોડે વો-વી-વું વગેરે નહીં પણ ફક્ત વાજ આવેછે. જેમકે, લખવા માગ, કરવા માંડ, જવા દે, બોલવા લાગ.

(*b*) શીખવ, શીખ, આવડ વગેરેની જોડે તાં જ બોલવામાં આવેછે. જેમકે, ગાતાં શીખવ, લખતાં શીખ, દોડતાં આવડ.

(*c*) ચહા, ઈચ્છ વગેરેની બાબતમાં વા કે વાને બોલવાના છે. જેમકે, કરવા ચહા અથવા કરવાને ચહા, જવા ઈચ્છ કે જવાને ઈચ્છ.

(*d*) બતાવ, જાણ વગેરેની સાથે ઈ બોલવાની છે. જેમકે, કરી બતાવ, લખી બતાવ, રમી જાણ, ગાઈ જાણ.

(*e*) ભૂલીજાની જોડે વો, વી, વું, કે વાનું આવેછે. જેમકે, વાંચવો–વી–વું કે વાંચવાનું ભૂલીજા. એની જોડે તાં અને વાને પણ બોલાયછે. જેમકે, કહેતાં કે કહેવાને ભૂલી જા. કરતાં કે કરવાને ભૂલી જા.

(*f*) જે transitive verb ના object તરીકે infinitive substantive આવેછે તેને વાસ્તે જ્યારે ગુજરાતીમાં નામ અને ક્રિયાપદ બે બોલવામાં આવેછે ત્યારે વાનો–વાની–વાનું વગેરે આવેછે. જેમકે, જમવાનો ઈરાદો કર, બેસવાની મરજી કર, જવાનું મન કર.

405. ઉપલી કલમમાં જેટલા અપવાદ આપેલા છે તેમાં વો–વી–વું સિવાય બીજા જૂદા પ્રત્યયો આવેલા છે, પરંતુ અંગ્રેજીમાં તો એ બધાને માટે *to* વાળો verb જ બોલવાનો છે, તેથી અપવાદ (*a*) માં લખવામાગ want to write, કરવામાંડ begin to do, જવાદે allow to go, બોલવા લાગ commence to speak; (*b*) માં ગાતાં શીખવ teach to sing, લખતાં શીખ learn to write, દોડતાં આવડ know to run; (*c*) માં કરવા ચહા અથવા કરવાને ચહા wish to do, જવા ઈચ્છ કે જવાને ઈચ્છ desire to go; (*d*) માં કરી બતાવ show to do, લખી બતાવ, show to write, રમી જાણ know to

play, ગાઈ જાણ know to sing; (*e*)માં વાંચવો–વી–વું કે વાંચવાનું ભૂલી જા forget to read; અને (*f*) માં જમવાનો ઇરાદો કર intend to dine, બેસવાની મરજી કર wish to sit, જવાનું મન કર think to go.

406. ઉપલી કલમમાં *want, begin, allow* વગેરે transitive verbs છે, તે બધાના object તરીકે infinitive substantive આપવામાં આવેલો છે, પરંતુ *know* અને *show*ની બાબતમાં એકલો infinitive substantive નહીં બોલતાં તેની પહેલાં *how* મૂકવો, એટલે know how to run, અને show how to do અને how to write એમ જોઈએ. વળી *teach* અને *learn* ની બાબતમાં infinitive substantive એકલો અથવા *how*ની જોડે આવી શકે, તેથી teach to sing અથવા teach how to sing, અને learn to write અથવા learn how to write બને ચાલે.

407. ઉપલી કલમમાં જેની બાબતમાં *how* વગર ચાલેજ નહીં એવા verb એટલે *know* અને *show* સિવાય બધાની બાબતમાં infinitive substantive ને બદલે present participial noun અથવા gerund બોલી શકાય. જેમકે, want to write = want writing, begin to do = begin doing, allow to go = allow going, teach to sing = teach singing, wish to sit = wish sitting વગેરે.

408. ઉપલી કલમમાં આપેલા transitive verbs જેને direct object તરીકે infinitive substantive આવેછે તે બધામાં જેને indirect object હોય એવા want, allow, teach, wish, desire, અને show છે. એ બધામાં indirect object તરીકે *him* મૂકવામાં આવે તો want him to write, allow him to go, teach him to sing, wish him to

sit, desire him to go, અને show him how to do એ પ્રમાણે થાય.

409. *Infinitive mood* માં આવનાર verb accusative case માં નહીં પણ dative case માં હોય ત્યારે વાને કે વાને વાસ્તે પ્રત્યયો આવે એ બાબતમાં એટલુંજ વધારે કહેવાનું છે કે વખતે એકલું વા પણ બોલવામાં આવેછે. જેમકે, ભણવાને જા, ભણવાને વાસ્તે જા, કે ભણવા જા, જમવાને આવ, જમવાને વાસ્તે આવ, કે જમવા આવ. અંગ્રેજીમાં બધાનું Go to learn અને Come to dine.

410. Infinitive substantive direct object તરીકે accusative case માં આવેછે, તેમ subject તરીકે nominative case માં આવેછે. જેમકે, બહુ રમવું સારૂં નથી To play much is not good. નિશાળે વહેલા જવું સારૂં છે To go to school early is good. Infinitive substantive subject તરીકે વપરાયછે ત્યારે ગુજરાતીમાં વો-વી-વું સિવાય બીજા પ્રત્યયો બોલવાના નથી.

411. *Surprise,delight, affect* વગેરે આશ્ચર્ય,આનંદ, અને શોક દર્શાવનાર verb passive voice માં વપરાયછે ત્યારે જો એઓની પછી *know, see, hear* વગેરે verb *infinitive mood* માં આવે તો *to know* નો અર્થ જાણવો વગેરે અથવા જાણવાને વગેરે, *to see* નો જોવો વગેરે અથવા જોવાને વગેરે, અને *to hear* નો સાંભળવો વગેરે અથવા સાંભળવાને વગેરે નહીં પણ જાણીને, જોઈને, અને સાંભળીને કરવો. ઉદાહરણ. I was surprised *to know* that he was there તે ત્યાં છે એમ જાણીને હું આશ્ચર્ય પામ્યો. He was delighted *to see* such a good book એવી સારી ચોપડી જોઈને તે આનંદ પામ્યો. His brother was much

affected *to hear* **this sad news** આ કમનસીબ ભરેલા સમાચાર સાંભળીને તેના ભાઈને બહુ લાગ્યું.

412. ઉપલી કલમમાં *know* અને *see infinitive mood* માં છે તે જો indicative mood માં past tense માં વાપરવામાં આવે તો *know* નો *knew* અને *see* નો *saw* થાય. એમ થાય તો *surprise* અને *delight* જેઓ verb તરીકે વાપરવામાં આવેલા છે તેઓને nouns તરીકે વાપરવા. એટલું કીધા પછી બે વાક્યમાં *I* અને *he* subject છે તેથી તેની જુદી *my* અને *his* લેવી, અને ત્યાર પછી શરૂમાં *To* મૂકવો. એ પ્રમાણે કરવામાં આવે તો ફેરવેલાં વાક્યો To my surprise I knew that he was there, અને To his delight he saw such a good book થાય. I was surprised અને He was delighted ને બદલે Rambhai was surprised અને Rambhai was delighted હોય તો To his surprise Rambhai knew વગેરે અને To his delight Rambhai saw that વગેરે બોલવું. જો Rambhai ને બદલે Rambai હોય તો To her surprise Rambai knew that વગેરે અને To her delight Rambai saw that વગેરે બોલાય. I was surprised અને He was delighted માં greatly હોય તો તેનું adjective કરીને To my great surprise અને To his great delight એમ બોલવું. એજ પ્રમાણે *you* હોય તો To *your* વગેરે અને *we* હોય તો To *our* વગેરે આવે.

413. ઉપલી કલમમાં I was surprised અને He was delighted ને ઠેકાણે To my surprise અને To his delight, અને I was greatly surprised અને He was greatly delighted ને બદલે To my great surprise અને To his great delight બોલાય એમ બતાવ્યું છે, પણ

to નહીં વાપરવો હોયતો My surprise કે great surprise was that વગેરે અને His delight કે great delight was that વગેરે બોલી શકાય.

414. ઉપલી કલમમાં *To* વાળાં વાક્યો એટલે To my great surprise I knew that he was there અને To his great delight he saw such a good book માંના પહેલામાં *I knew* નહીં બોલતાં ફક્ત To my great surprise he was there બોલી શકાય. બીજા વાક્યમાં *he saw* ના object તરીકે સારું નામ આવેલું છે, તેને ઠેકાણે જો 'that his father was all right' જેવું that થી શરૂ થતું નામ રૂપી વાક્ય હોય તો *he saw* નહીં બોલીને ફક્ત To his great delight his father was all right બોલાય.

415. Infinitive mood ઘણા verbs, participles, adjectives અને substantives ની જોડે object તરીકે આવેછે. જેમકે, 'I desire *to please* all reasonable men' 'Desiring *to please* &c.,' 'Desirous *to please* &c., My desire *to please* &c.' Arnold's Grammar Article 61.

416. *Infinitive mood* માં આવનાર verb વખતે એવી રીતે આવેછે કે તેના સંબંધમાં કોઈ subject જણાતો નથી. એવા verb ને *infinitive absolute* કહેછે. Absolute એટલે નોખો અથવા નિરાળો. ઉદાહરણ, To tell the truth, that man is a great rogue. સાચું કહેવાડો તો (કહુંછું કે) તે માણસ બહુ લુચ્ચો છે.

417. ઉપલી કલમમાં *infinitive mood* માં આવનાર verb નો જે ઉપયોગ બતાવેલો છે તે બાબત શેપર્ડ સાહેબનું કહેવું એવું છે કે એ verb કારણદર્શક infinitive એટલે

infinitive of purpose છે, તેથી *to tell* ની પહેલાં *In order* સમજવાનું છે. એમ સમજ્યામાં આવે તો In order to tell the truth, (I must say that) that man is a great rogue.

418. ઉપલી કલમમાં અંગ્રેજી વાક્યમાં *to tell* ને infinitive of purpose ગણવું એવો શપર્ડ સાહેબનો અભિપ્રાય છે, પરંતુ *to tell* ની પહેલાં 'If you want me' અથવા 'If I am wanted' અધ્યાહાર્ય છે એમ ગણવામાં આવે તો *to tell* infinitive substantive પણ થઈ શકે. એ પ્રમાણે If you want me or If I am wanted to tell the truth, (I must say that) that man is a great rogue.

419. જ્યારે એક માણસ બીજા માણસને જેટલું કહેવા માગતો હોય તેમાંનું કહેવા જેટલું કહી રહેછે, અને નહીં કહેવા જેવું હોય તે નઠારૂં ન લાગે એવી રીતે કહેવાને ઇચ્છેછે ત્યારે તે એમ બોલેછે કે 'તે દહાડે તમે જે કીધું હતું તેતો વળી કહેતો નથી.' એવી રીતનું જે બોલવું થાયછે તેનું અંગ્રેજી 'Not to mention what you did the other day.' આ વાક્યમાં *to mention infinitive absolute* છે. એ અંગ્રેજી વાક્ય I do not to mention વગેરેની બરાબર છે, પણ Do ની પછી આવનાર verb ની પહેલાં *to* પ્રત્યક્ષ બોલવાનો ચાલ નથી તેથી I do not mention વગેરે બોલવામાં આવે તો *to mention do* નો object થાય અને તેથી infinitive substantive ગણાય.

420. Infinitive absolute ના બીજા દાખલા Thou say so! Thus to rob me of my child! To think that it should come to this! વગેરે છે.

જેઓનો અભિપ્રાય એવો છે કે To tell the truth વગેરે અને Not to mention વગેરેમાં *to tell* અને *to mention* infinitive of purpose છે

તેઓનું કહેવું એમ છે કે ખરેખરા *infinitive absolute* આ કલમમાં આપ્યા પ્રમાણે છે, અને *to tell* અને *to mention* ને infinitive substantive ગણવા એવો જેઓનો વિચાર છે તેઓનું કહેવું એમ છે કે કલમ મજકુરમાં આપેલા verbs જુદી જાતના *infinitive absolute* છે.

421. *Infinitive mood* માં to do so present indefinite tense એટલે સાદો વર્તમાન છે. એનો present continuous એટલે ચાલુ વર્તમાન to be doing so એટલે બોલતી વખતે એમ કરવું. ઉદાહરણ, He appears to do so એટલે એમ જણાયછે કે તે રોજ કે હમેશ એમ કરેછે, અને He appears to be doing so તે બોલતી વખતે એમ કરતો હોય એવું જણાયછે.

422. ઉપલી કલમમાં He appears to do so છે તેની બરાબર It appears that he does so, અને He appears to be doing so = It appears that he is doing so. Past tense માં He appeared to do so = It appeared that he did so, અને He appeared to be doing so = It appeared that he was doing so.

423. 'To have done so' present perfect infinitive છે, તેનું continuous form 'To have been doing so' છે. 'To have done so' એટલે એમ કરી રહેવું, અને to have been doing so કંઈ વખતથી એમ કર્યા કરવું. ઉદાહરણ, He appears to have done so એમ જણાયછે કે તેણે એમ કીધું છે, અને He appears to have been doing so એમ જણાયછે કે તે કંઈ વારનો એમ કરેછે.

424. ઉપલી કલમમાં He appears to have done so છે તેની બરાબર It appears that he has done so, અને He appears to have been doing so = It appears

that he has been doing so. Past tense માં He appeared to have done so = It appeared that he had done so, અને He appeared to have been doing so = It appeared that he had been doing so.

425. Present infinitive અને perfect infinitive એ બે tenses માંથી કયો tense વાપરવો એ બાબત કોઈવાર તકરારી થઈ પડેછે. 'તેના ઉપર ગયે અઠવાડીએ લખવાનો મારો ઇરાદો હતો' એ વાક્યને માટે કેટલાક કહેછે કે I intended to write to him last week, અને કેટલાક કહેછે કે I intended to have written to him last week લખવું.

426. મિ. સલિવાન પોતાના અંગ્રેજી વ્યાકરણમાં લખેછે કે 'ગયે અઠવાડીએ તેના પર લખવાનો મારો ઇરાદો હતો' નું અંગ્રેજી બે રીતે કરવામાં આવેછે, એક તો I intended to write to him last week, અને બીજી I intended to have written to him last week. કેટલાક વૈયાકરણીઓનાં વ્યાકરણમાંથી દાખલા લઈને મિ. સલિવાને પોતાનો અભિપ્રાય એવો જણાવ્યો છે કે એવી બાબતમાં present infinitive જ વાપરવો, કારણ કે ઉપલા ગુજરાતી વાક્યમાં ઇરાદો રાખવાનું કામ past tense માં છે, તોપણ લખવાનું કામ તો present tense માં છે.

427. દાક્તર કૉર્નવેલ પોતાના વ્યાકરણમા જે લખેછે તે ઉપરથી માલમ પડેછે કે એવે ઠેકાણે બને tenses વપરાય, પણ તેમ કરવામાં અર્થનો ફેર પડે. I intended to have written માં નકારનો અર્થ રહેલો છે, એટલે જ્યારે કોઈ માણસનો લખવાનો ઇરાદો હોય અને તેણે લખ્યું નહોય ત્યારે એમ બોલાય. પણ ખરેખર લખ્યું કે નહીં લખ્યું એવું બતાવવું ન હોય ત્યારે I intended to write બોલવું.

428. ઉપલી કલમમાં કહેલું છે તે પ્રમાણે કોઈ માણસ ખરેખર ન આવ્યો હોય તો તેને વાસ્તે He intended to have come એમ બોલવું ખોટું નહીં કહેવાય. દાક્તર કૉર્નવેલનું વધારે કહેવું એવું છે કે જ્યારે perfect infinitive વાપરવામાં આવેછે ત્યારે subjunctive mood માં past tense અને past perfect tense માં હોયછે તેમ ખરી વાતથી ઉલટી વાત, ધારણા કે ઇરાદો સમજવાનાં છે.

429. ગ્રીપર્ડ સાહેબ પોતાના Middle School Manual ની કલમ ૧૫૬ માં લખેછે, કે *commanding, hoping, desiring, intending* વગેરેના verbs ની પછી perfect infinitive વાપરવો એ ખોટું છે તેથી એવે ઠેકાણે present infinitive જ વાપરવો, પરંતુ એને લગતી નોટ આપેલી છે તેમાં એવું છે કે કેટલાક વૈયાકરણીઓનો વિચાર એવો છે કે *hoping* વગેરેના verbs ની જોડે જો hope વગેરે પૂર્ણ ન થઈ હોય તો perfect infinitive વપરાય ખરો. ઉદાહરણ, I hoped to have passed, but I failed, અને I hoped to pass, and I passed. ગ્રીપર્ડ સાહેબનું વધારે કહેવું એમ છે કે auxiliary verbs ની પછી perfect infinitive જ વાપરવો. જેમકે, 'I was to have gone' 'He must have come.'

430. હૉવર્ડ સાહેબ પોતાના મોટા વ્યાકરણની કલમ ૩૫૭ માં લખેછે કે I was about to call on you when you came in. એજ સાહેબ એજ વ્યાકરણની કલમ ૩૫૮ માં લખેછે કે I was to have called on Mr. A yesterday. એ બીજા વાક્યનો અર્થ એવો કે મારો મળવાનો ઇરાદો હતો પણ તેમ મેં કીધું નહોતું.

ઉપલી કલમોમાં જેટલા વૈયાકરણીઓના અભિપ્રાય આપવામાં આવ્યા છે તેમાં ડાક્તર કૉર્નવેલનો અભિપ્રાય મને ખરો લાગેછે, કારણ કે ઘણી અંગ્રેજી ચોપડીમાં

મેં બને tenses વપરાયલા જોયલા છે, અને વિદ્વાન અંગ્રેજી ગૃહસ્થોનો વિચાર મારા જાણવામાં આવ્યો છે. વળી auxiliary verbsની પછી perfect infinitiveજ વાપરવો એવો શેપર્ડ સાહેબનો જે અભિપ્રાય છે તે અભિપ્રાય Howard's Senior Grammarની કલમ ૩૫૭માં 'I was about to call on you when you came in' જે આપેલું છે તે ઉપરથી મને બરાબર લાગતો નથી. બધું જોતાં હું મારો અભિપ્રાય એવો જણાવવા માગું છું કે મનમાં અર્થ હોય તે પ્રમાણે એ બે tensesમાંથી વાપરવાનો હોય તે વાપરવો. જે કામ કરવા ધાર્યું હોય તે કામ થયું ન હોવ તો બોલનારે perfect infinitive વાપરવો, અને તે કામ ખરેખર કરવામાં આવ્યું કે નહી આવ્યું એ બાબત કંઇ અણસારો નહીં કરવાનો હોય તો present infinitive વાપરવો. બીજી રીતે એમ કે જો કોઇ perfect infinitive વાપરે તો એમ સમજવું કે બોલવામાં આવેલું કામ થયું નથી, અને present infinitive વાપરે તો જે કામ હોય તે થયું અથવા નહીં થયું બને સમજવું.

431. Present infinitive to see ક્યારે વાપરવો અને perfect infinitive to have seen ક્યારે વાપરવો એ નીચેના દાખલા ઉપરથી જણાશે.

I am glad to see you = I am glad that I see you.

I am glad to have seen you = I am glad that I have seen you.

કોઇ આપણે મળવા આવે ત્યારે પહેલું વાક્ય બોલવાનું છે, અને તે મળીને જાય તે વખત બીજું બોલવાનું છે. એ બનેના સંબંધમાં નીચેની કલમમાં વાક્ય આપેલાં છે તે ઉપર ધ્યાન રાખવાનું છે.

432. He seems to say so = It seems that he says so એમ જણાયછે કે તે એમ કહેછે.

He seems to have said so = It seems that he has said so એમ જણાયછે કે તેણે એમ કહેલું છે.

He seemed to say so = It seemed that he said so એમ જણાયું કે તેણે એમ કહ્યું.

He seemed to have said so = It seemed that he had said so એમ જણાયું કે તેણે એમ કહ્યું હતું.

He seems to have said so yesterday = It seems that he said so yesterday એમ જણાયછે કે તેણે કાલે એમ કહ્યું હતું.

He appeared to be ill = It appeared that he was ill એમ જણાયું કે તે માંદો છે.

He appeared to have been ill = It appeared that he had been ill, but was not so any longer એમ જણાયું કે તે માંદો હતો, પણ હવે વધારેવાર માંદો નથી.

Subjunctive Mood.

433. *Subjunctive Mood* માં સંશયનો અર્થ છે તેથી એને સંશયાર્થ કહેછે. એ mood માં બે ભાગ આવેછે તેમાંના એકમાં *if* જો અને બીજામાં *then* તો આવેછે. *If* વાળા ભાગને *conditional* એટલે *condition* શરત વાળો, અને *then* વાળાને *consequential* એટલે *consequence* પરિણામવાળો કહેછે.

434. *Condition* વાળા ભાગમાં present tense આવે તો *consequence* વાળા ભાગમાં present કે future tense લેવો. ઉદાહરણ, If he is ill he does not come to school, અને If he be ill he will not come to school. જો તે માંદો હોયછે તો નિશાળે આવતો નથી. જો તે માંદો હોશે તો નિશાળે આવશે નહીં.

435. *Condition* વાળા ભાગમાં future tense આવે તો *consequence* વાળામાં future tense વાપરવો. જેમકે, If you go there soon you will see something very good. If your brother come now all will be done. જો તમે ત્યાં જલદી જશો તો તમે ઘણી સારી વસ્તુ જોશો. જો તમારો ભાઈ હમણા આવશે તો બધું થઈ જશે.

436. *Condition* વાળા ભાગમાં past tense હોય તો *consequence* વાળા ભાગમાં past tense, અને past perfect હોય તો past perfect tense વાપરવો એવો અંગ્રેજીમાં

નિયમ છે. ઉદાહરણ, If he came late he would be punished. If he had come late he would have been punished. જો તે મોડો આવત તો તેને સજા થાત, અને જો તે મોડો આવ્યો હોત તો તેને સજા થઈ હોત કે સજા થાત.

Past ની પછી past અને past perfect ની પછી past perfect વાપરવો એવો અંગ્રેજીમાં નિયમ છે, પણ ગુજરાતીમાં એ નિયમ પ્રમાણે આવતું નથી. તેથી ગુજરાતીમાં ગમેએમ હોય તોપણ અંગ્રેજીમાં તો એ નિયમને અનુસરીને ચાલવું જોઈએ.

437. Present tense માં ફક્ત *condition* વાળા ભાગમાંનો verb, અને past અને past perfect માં બન્ને ભાગમાંના verbs *subjunctive mood* માં છે એમ સમજવું.

438. *Condition* વાળા ભાગમાં *if* ન બોલવો હોય તો Should he come late he would be punished, અને Had he come late he would have been punished એમ બોલવું.

439. *Condition* વાળા ભાગમાં subject singular number માં છતાં verb plural number માં આવે, જેમકે, If he want to learn he should work hard. If this world were our final rest? બીજા વાક્યમાં *if* ન બોલવો હોય તો Were this world our final rest?

440. Howard's Senior Grammar ની કલમ ૩૫૮ પ્રમાણે past perfect ની પછી past પણ આવે. જેમકે, "Had Zoroaster in all his institutions invariably supported this exalted character, his name would deserve a place with those of Numa and Confucius." Gibbon. એ વાક્યમાં the result would have been that એટલું અધ્યાહાર્ય છે એમ સમજવાનું છે. "If he had been better educated, he would have a better chance of success" (than he has in fact).

441. *If* સિવાય *subjunctive mood* ની નિશાણી *except unless, provided, that, though, although* વગેરે છે.

442. That અથવા in order that થી શરૂ થતું નામરૂપી વાક્ય કારણદર્શક હોયછે ત્યારે તેમાં આવતા principal verb ની જાડે present tense માં *may* અને past tense માં *might* વાપરવાનું છે, અને એ પ્રમાણે કરવાથી જે verb થાયછે તે *subjunctive mood* માં છે એમ સમજવું. ઉદાહરણ, He comes here that he may see you, અને He came here that he might see you. ગુજરાતીમાં તમને મળે તેટલા સારૂ તે અત્રે આવેછે, અને તમને મળે એટલા સારૂ તે અત્રે આવ્યો કે આવતો. એ દાખલામાં *may see* અને *might come* નો mood *subjunctive* છે.

443. *Till* ની પછી જે બોલવાનું હોય તેમાં આવેલું કામ હજી નહીં થયલું હોય તો *subjunctive mood* ગણવો. જેમકે, I waited till he should come તે આવે ત્યાં સુધી મેં રહ્યા જોઈ. Lest ની બાબતમાં પણ એમજ છે. That boy behaves well lest he be અથવા should be punished રખેને તેને સજા થાય એટલા માટે તે છોકરો સારી રીતે ચાલેછે. પહેલા દાખલામાં *should come* અને બીજામાં *should be punished subjunctive mood* માં છે.

444. ઉપલી કલમમાં I waited till he should come છે તેને બદલે I waited till he came હોય તો ગુજરાતીમાં તે આવ્યો ત્યાં સુધી મેં રહ્યા જોઈ થાય, અને એમ હોય ત્યારે *subjunctive* નહીં પણ *indicative mood* સમજવો.

445. Wish અને prayer બતાવનાર verb ની પછી *subjunctive mood* આવેછે. જેમકે, I wish he would

come soon તે જલદી આવે તો સારૂં. I pray that y u may prosper હું એવી પ્રાર્થના કરૂંછું કે તમારી ચઢતી થાય. *Wish*ની પછી *would come*, અને *pray*ની પછી *may prosper subjunctive mood* માં છે.

446. Howard's Senior Grammar. Section 405.

Subjunctive mood.

Present.		Aorist.	
Sing.		Sing.	
1 Be	જો હું હોઉં.	1 Were	જો હું હોત.
2 Be *and* beest, best	જો તું હોય.	2 Were *and* wert	જો તું હોત.
3 Be	જો તે હોય.	3 Were	જો તે હોત.
Plur.		Plur.	
1 Be (O. E. ben)	જો અમે હોઇએ	1 Were (O. E. weren, weron)	જો અમે હોત.
2 Be (Do.)	જો તમે હોઓ.	2 Were	જો તમે હોત.
3 Be (Do.)	જો તેઓ હોય.	3 Were	જો તેઓ હોત
Sing. / Plur. *Do.* (all the persons)	જો હું કરૂં, તું કરે, તે કરે. અમે કરીએ, તમે કરો, તેઓ કરે.	Sing. / Plur. *Did* (all the persons)	જો હું કરત, તું કરત, તે કરત. અમે કરત, તમે કરત, તેઓ કરત.

Optative Mood.

447. ઉપર કહેલા moods સિવાય એક બીજો mood છે તેને *optative mood* કહેછે. ગુજરાતીમાં એ mood ને. માટે ઈચ્છાર્થ આપી શકાય. એ mood નો દાખલો May you be happy ! તમે સુખી થાઓ ! એટલે બોલનારની એવી ઇચ્છા છે એમ સમજવું. *Optative mood* ને *precative mood* પણ કહેછે. *Precative mood* એટલે પ્રાર્થનાર્થ.

448. ગુજરાતીમાં કાળ અરસપરસ કામ કરેછે તેવી જાતનું કામ અંગ્રેજીમાં tenses કેટલેક દરજ્જે કરેછે.

449. Present indefinite tense વખતે future tense ને માટે વપરાયછે. જેમકે, I will send him when he comes. આ વાક્યમાં *comes = will come* છે. જ્યારે કંઈ કામ થવાનું નક્કી જેવું હોયછે ત્યારે પણ એમ થાયછે. જેમકે, His brother goes to Bombay next week. એમાં *goes = will go* છે.

450. Present indefinite tense વખતે past tense ને માટે વપરાયછે. જેમકે, So he goes into the room and opens his box. આ વાક્યમાં *goes = went*, અને *opens = opened* છે. આવી જાતના present tense ને ***historical present tense*** કહેછે. એ tense નાટકમાં ઘણો વપરાયછે.

451. Indicative mood નો past perfect tense વખતે subjunctive mood ના past perfect tense ને માટે વપરાયછે. જેમકે, Had she lived a twelve month more, she had not died to-day. 'Had not died' = 'would not have died.' A word from him and the poor man had breathed his last. એમાં 'had breathed his last' = 'would have breathed his last.'

452. Present indefinite tense કોઈવાર present continuous tense ને ઠેકાણે આવેછે. જેમકે, A king sits on the rocky brow that looks over the sea-born Salamis. આ વાક્યમાં *sits = is sitting* છે.

453. Present perfect વખતે future perfect ને માટે વપરાયછે. જેમકે, When he has done reading he will

come to you. આ વાક્યમાં 'he has done' = 'will have done' છે.

Present participle અને *Infinitive.*

454. Present participle અને Infinitive માં *ળતા-પણું નીચે પ્રમાણે છે.

(*a*) બન્નેને obje · આવેછે. જેમકે, Doing his le..sons he went out, અને To do your lessons is good

(*b*) બન્નેને adverb લાગેછે. જેમકે, Running mu h he fell down, અને To run much is bad.

(*c*) બન્ને absolutely એટલે નોખા વપરાઇ શકેછે. જેમકે. Properly speaking it is not so, અને To add to his misfortunes he lost his only son. ગુજરાતીમાં વાસ્તવિક બોલીએ તો એમ નથી, અને અધૂરામાં પૂરૂં તેનું કમનશીબ એ હતુ કે તેનો એકનોએક છોકરો મરી ગયો.

Present participle અને *Infinitive* માં ફેર

(*a*) Present participle transitive verb નું હોયછે ત્યારે તે બે કામ કરેછે, એક તો પોતાની પહેલાં જે preposition આવ્યું હોયછે તેની જોડે સંબંધ રાખેછે, અને બીજું પોતાની પછી જે noun અથવા adverb હોયછે તેની જોડે સંબંધ રાખેછે. ઉદાહરણ, In doing his lesson well. એમાં *doing* transitive verb નું present participle છે, અને *in* જે preposition એની આગમજ આવેલું છે, અને *lesson* જે noun અને *well* જે adverb એની પછી આવેલાં છે એ બન્ને જોડે સંબંધ રાખેછે. ફેર એટલો કે *in* ની જોડે એ present participial noun અથવા gerund છે, અને ધારા પ્રમાણે accusative case માં છે, અને *lesson* અને *well* ની સાથે present participle છે. Intransitive

verb નું present participle હોયછે ત્યારે એની પાછળ object તરીકે noun આવતું નથી તેથી એ preposition અને adverb જોડેજ સંબંધ રાખેછે. જેમકે, In going alone in the dark. એમાં *in* ની જોડે *going* gerund છે, અને alone ની જોડે present participle. Present participle નું કામ infinitive કરતું નથી.

(*b*) Present participleને subject હોયછે, પણ infinitiveને નથી હોતો. જેમકે, While going to school I saw him, અને To go to school is good.

455. નીચે જે આપેલું છે તે ઉપરથી જણાશે કે ફક્ત રૂપ ઉપરજ કંઈ જોવાનું નથી.

1 He is coming (the present continuous active).

2 The house is building (do *passive*).

3 This is asking too much (Gerund in *ing* nominative case.)

4 He is come (perfect active).

5 The house is built (perfect passive).

6 He is loved by all (present indefinite passive)."

—Arnold.

Participle and Gerund.

456. *Ing* વાળો verb શરૂઆતમાં આવે અને તેના સંબંધમાં બીજા verb ના subject તરીકે noun અથવા pronuon હોય તો *ing* વાળો verb participle ગણાય, અને તે intransitive અને transitive બંને હોય. જેમકે, Going home Rambhai began to read his lesson. Taking his books he went to school. આમાંના પહેલા વાક્યમાં *going* ના સંબંધમાં *began*નો subject *Rambhai* noun

આવેલા છે, અને બીજામાં *Taking*નાં સંબંધમાં *he* pronoun આવેલો છે તેથી *going* અને *taking* participles છે.

457. *Ing* વાળો verb શરૂઆતમાં આવે અને તેના સબંધમાં ઉપલી કલમમાં બતાવ્યા પ્રમાણે subject આવ્યાને બદલે verb જ આવે તો એ *ing* વાળા verb ને participial noun, verbal noun અથવા gerund ગણવું. એવું gerund intransitive અને transitive બને હોય. જેમકે, Walking early in the morning is healthy. એમાં *walking*ના સંબંધમાં *is* verb આવેલો છે તેથી *walking* gerund છે. Hunting the fox is a favorite field sport એ વાક્યમાં *hunting* ના સંબંધમાં *is* verb આવેલો છે તેથી *hunting* gerund છે.

458. *Ing* વાળા verb ની બાબતમાં જે લખેલું છે તે *having* ની જોડે principal verb નું past participle આવ્યાથી verb નું જે રૂપ થાયછે તેને પણ લાગુ પડેછે. જેમકે, Having returned from school, he ate some fruits. એ વાક્યમાં *having returned* નાં સંબંધમાં *ate* verb ના subject *he* આવેલો છે તેથી *having returned* participle છે. Having abused that man was a great mistake on his part. એ વાક્યમાં *having abused* ના સંબંધમાં *was* verb આવેલો છે તેથી *having abused* gerund છે.

459. *Having + past participle* જેવું રૂપ શરૂઆતમાં હોયછે ત્યારે એની પહેલાં છઠ્ઠી વિભક્તિનું નામ અથવા સર્વનામ મૂકવામાં આવેછે. જેમકે, Rambhai's having done so is a matter of great surprise to me. His having said so is not to be wondered at. એ બે વાક્યામાં *having done* અને *having said* gerunds છે.

460. *Ing* વાળો verb અને *having + past participle* ના રૂપનો verb બને શરૂમાં આવેછે ત્યારે nominative case માં gerunds થાયછે તેમ એઓની પહેલાં prepositions આવ્યાથી એઓ accusative case માં gerunds થાયછે. જેમકે, He was severely punished *for telling* a lie. It was he who prevented me *from going* there. They were greatly mistaken *in doing* so. He was highly delighted *at having heard* so. They suffered much by *having acted* so rudely. He protested strongly against *having said* any thing of the kind.

461. *Ing* વાળા verbs અને *having + past participle* ના રૂપના verbs prepositions ની પછી આવેછે ત્યારે accusative case માં gerunds થાયછે તેમ transitive verbs ની પછી પણ gerunds થાયછે. ઉદાહરણ, His brother likes *going* there every day. They propose *writing* a letter to your brother. I do not recollect *having said* so. He flatly denies *having taken* your book.

462. *Ing* વાળા verbs અને *having + past participle* ના રૂપના verbs prepositions ની પછી active voice માં gerunds થાયછે તેમ *being + past participle* ના રૂપના verbs અને *having been + past participle* ના રૂપના verbs passive voice માં gerunds થાયછે. જેમકે, He is highly provoked at *being treated* thus. There they lay for a long time without *being seen* by any one. They were convicted of *having been concerned* in that plot. He was punished severely

for *having been implicated* in such an offence. પહેલાં બે વાક્યોમાં *being treated* અને *being seen* અને બીજાં બેમાં *having been concerned* અને *having been implicated* passive voice માં gerunds છે.

463. Prepositions આવ્યાથી *ing* વાળા verbs અને *having + past participle* ના રૂપના verbs active voice માં અને *being* વાળા અને *having been + past participle* ના રૂપના verbs passive voice માં accusative case માં gerunds થાયછે તેના જે દાખલા આપવામાં આવ્યા છે તેમાં જે કામ બતાવેલાં છે તે બધાં subject ની જોડે સંબંધ રાખેછે, પણ વખતે એવાં કામ કોઈ બીજાને લાગુ પડે એમ પણ બનેછે. જેમકે, I am not aware of Rambhai's *going* there every day. He was greatly irritated at that boy's *doing* so every now and then. Great was the benefit we derived from his *acting* thus always. I do not know the fact of Purshotam's *having* ever *said* so. He said he had profited much by that man's *having* always *done* so. They told me they had nothing to say against his *having acted* so rudely. He denies the fact of Ratanji's *being treated* thus often. Great was the jealousy he felt at that man's *being rewarded* so richly. I found there was no cause for his *being treated* so ill every day. I know nothing about Pranlal's *having been told* to do so. They could have given no reason for that boy's *having been punished* so severely. Had you been there, you would have felt great anxiety at his *having been taken ill*.

464. ઉપલી કલમમાં બતાવેલાં કામની બાબતમાં prepositions પછી *ing* વાળા verbs અને *having + past participle* ના રૂપના verbs active voice માં અને *being + past participle* અને *having been + past participle* ના રૂપના verbs passive voice માં accusative case માં gerunds થાયછે તેમ transitive verbs ની પછી પણ થાયછે. ઉદાહરણ, Carefully does the master *mark* Ramji's *acting* so rudely now and then. If they had been there, they would have severely *punished* that man's *having acted* contrary to the existing rules. Greatly do we *resent* his *being treated* so cruelly often. Sincerely did they *deplore* his *having been carried* off in the rosy period of his existence.

465. Rambhai's, Ratanji's વગેરે અને man's, boy's વગેરે genitive case માં છે એ ખરૂં છે. એવ કેકાણે accusative case વાપરવી એ ભૂલભરેલું છે. યાદ રાખવાનું એ છે કે masculine અને feminine genders ના નામની બાબતમાંજ genitive વાપરવાની છે. પણ neuter gender માં accusative લેવાની છે. ઉદાહરણ, He is highly delighted at his friend's letter *arriving* in time always. He was ignorant of the fact of such a rule *having come* into operation already. We have no knowledge of the book *being torn.* They told me they had seen no instance of my orders *having* ever *been disobeyed* by any one.

466. *Ing* વાળા રૂપની પહેલાં adjective આવે તો એ રૂપ gerund ગણાય. જેમકે, The book is worth *buying.*

That lesson was worth *reading*. What he says is worth *hearing*.

467. Smith's Grammar માં પાને ૪૭ મી કલમ ૧૨૭ ને લગતી ટીકા નીચે પ્રમાણે છે :—

જો *ing* વાળા રૂપની પહેલાં Article અથવા Article વગર Adjective આવે તો ઘણું કરીને હમેશ એવા રૂપને Noun ગણવું, અને એની પછી preposition *of* આવે ત્યારે તો એને હમેશાજ Noun સમજવું. એથી ઉલટું જો જે ક્રિયાપદમાંથી એવું રૂપ નીકળેલું હોય તે ક્રિયાપદના જેવુંજ એનું construction હોય તો એ gerund થાય.

"In the royal *ordering* of gardens, there ought to be gardens for all the months of the year." (Bacon, Gardens.)

"Beware of hasty *gathering* of riches." (id. Riches.)

"It is the bright day that brings forth the adder,
And that craves wary *walking*." (Sh. I.c.i.2.)
"Such *resting* found the sole
Of unblest feet." (Milt. P L. I.)

"Your *remaining* here would ruin us all." (Ivanhoe XXVI.)

468. ઉપલી કલમમાં આવેલા Grammar ની Article ૨૧૭ માં ing વાળા verb નાં રૂપના ઉપયોગને માટે નીચેના હાલના વખતમાં ચાલતા નિયમો આપેલા છે :—

જો the પહેલેથી આવે તો પછીથી of આવવો જોઇએ; અથવા તો the અને of બને બોલવા નહીં,—

દ્રષ્ટાંતો,—

"By *the* sending *of* the light."

"By *the* preaching *of* repentance."

અથવા,—

"By sending the light."

"By preaching repentance."

પહેલી બાબતમાં *ing* વાળા રૂપનું Nouns તરીકે parsing કરવાનું છે, અને બીજી બાબતમાં Gerunds તરીકે કરવાનું છે.

469. ઉપલી કલમમાં લીધેલા Grammar ની કલમ ર૭ર માં એમ છે કે subject દર્શાવનાર noun અથવા pronoun ની possessive case *gerund* ની પહેલાં વારંવાર આવેછે. જેમકે :—

"The gooseberries were of *her gathering.*" (Vicar of W. ch. XXVI.)

"I remember *his pointing* with the wooden sword." (Ivan. ch. ii.)

"If you do not disapprove of Miss *Lyon's granting* us this favour." (F. Holt. ch. XXXVIII.)

"Who gave you knowledge of your wife's being there?" (B. Jons. in Matz.)

ટીકા.—ઉપલા દાખલામાંના છેલા ત્રણમાં પહેલેથી આવતા noun અથવા pronoun ના સંબંધમાં participle આવેથી સરખોજ અર્થ બતાવી શકાય.

I remember *his* pointing (Ger.)

I remember *him* pointing (Part.) &c.

નીચેના દાખલા સરખાવી જુઓ :—

"Cedric, though surprised.........at his ward (not ward's) appearing in public on this occasion." (Ivan. ch. IV.)

"When we had dined, to prevent the ladies (not ladies') *leaving* us, I generally ordered the table to be removed. (Vicar of W. II.)

(છેલા દાખલામાં "to prevent the ladies from leaving." હોત તો વધારે શુદ્ધ ગણાત.)

470. Rowe અને Webb સાહેબની Hints નામની ચોપડીને પાને ૧૧૫ મે કલમ ર૬૬ માં gerund અને participle ની બાબતમાં નીચે પ્રમાણે છે:—

એમ છતાં *noun* ને qualify કરનાર present participle possessive case થી qualify થનાર verbal noun ને બદલે વાપરવું નહીં. જેમકે :—

Incorrect : 'I insist on *you* doing this.'

Correct : ' „ „ „ *your* „ „.'

Incorrect: 'He died in consequence of the *doctor* not coming.'

Correct: 'He died in consequence of the *doctor's* not coming.'

ટીકા.—એમ છતાં possessive form જે છે, તે persons નેજ માટે છે. I insist on the *letter* going at once એમ બોલવું, પણ એવે ઠેકાણે *letter's* નહીં બોલાય.

471. Angus Hand-Book of the English Tongue માં પાને ૩૧૦ મે કલમ ૫૩૧ માં એ બાબત નીચે પ્રમાણે છે:—

Noun અથવા verb infinitive transitive હોય તો તે case ને govern કરે, અને *ing* વાળું gerund નું રૂપ હોય તો તે preposition થી govern થાય. જો case ને govern કરે તો verb થાય, અને તેની પહેલાં article નહીં આવે. જો article મૂકવામાં આવે તો verb noun થઈ જાય અને તેની પછી *of* જોઈએ. જેમકે:—

'The greatest decorum is to be observed in the bestowing of (or in bestowing, not in the bestowing) good offices.' Spec. 202.

'They left beating (of) Paul.' Acts XXI. 32. જો *of* રાખવામાં આવે તો એ objective genitive ની નિશાણી ગણાય.

472. Mason's English Grammar ને પાને ૭૦ મે કલમ ૧૯૭માં નીચે પ્રમાણે છે:—

Gerund એ *ing* પ્રત્યયવડે verb ઉપરથી થયલું નામ છે, અને જ્યારે એ transitive verb ઉપરથી થયલું હોયછે, ત્યારે verb ની govern કરવાની શક્તિ એનામાં હોયછે. જેમકે,

"He escaped by *crossing* the river." Gerund રૂપે imperfect participle ના જેવું છે, પણ મૂળ અને બંધારણ (construction) માં તેનાથી તદ્દન જૂદું છે.

Have અને *be* ની gerunds compound gerunds બનાવવામાં કામ લાગેછે. જેમકે, "He went crazy through *having lost* his fortune." "He is desirous of *being admired*."

473. ઉપલી કલમમાં કહેલા Grammar ની કલમ ૧૯૮ માં નીચે પ્રમાણે છે:—

Gerunds verbs ના subjects તરીકે અથવા verbs તથા prepositions ના objects તરીકે વપરાયછે. જેમકે, "Losing his fortune drove him mad'; "I like *reading history*"; "He is fond of *studying* mathematics."

474. એજ Grammar ની કલમ ૧૯૯ માં એમ છે કે participles adjectives છે તેથી verbs ના subjects કે objects તરીકે અથવા prepositions ની પછી એએકલા કદી વપરાતાં નથી. એમ પણ કહેવું જોઇએ કે *hiding-place, walking-stick* વગેરે માં વપરાયછે તે gerund છે participle નહીં. Participle ગણવામાં આવે તો 'walking-stick' નો અર્થ ફક્ત 'a stick that walks' એટલે 'ચાલેછે એવી લાકડી' થાય.

475. *Ing* વાળા રૂપને ક્યારે gerund, ક્યારે participial કે verbal noun, અને ક્યારે participle ગણવું એ બરાબર સમજવામાં આવે તેને માટે ત્રણ અંગ્રેજી નિયમ છે તે નીચે પ્રમાણે:—

(*a*) A gerund follows the same construction as the verb from which it is derived, and governs a case.

(b) A participial or verbal noun governs a case, but does not follow the same construction as the verb from which it is derived.

(*c*) A participle follows the same construction as the verb from which it is derived, but does not govern a case.

The auxiliaries Shall, Will, May, Can, Must અને *Ought to.*

The auxiliary Shall.

476. જ્યારે આવતા વખતમાં પોતાનું ધારેલું કરવાની વાત કોઈ માણસ કરેછે ત્યારે તે એમ બોલેછે કે *I shall* do such and such a thing. હું ફલાણું ફલાણું કરીશ. આ દાખલામાં *shall* નું ગુજરાતી ઈશ થાયછે.

477. 2nd અને 3rd person માં કોઈ માણસ પોતાનું કામ કરાવવાને હુકમસર બોલેછે ત્યારે *shall* વપરાયછે. ઉદાહરણ, You *shall* go to him તમે તેની પાસે જજો. He *shall* not do so તેણે એમ નહીં કરવું.

478. 2nd અને 3rd person માં promise વચન કે threat ધમકી આપવાં હોયછે ત્યારે પણ *shall* વપરાયછે. જેમકે, You *shall* be a father to him તમે તેના બાપ થજો. He *shall* be severely punished તેને સખત સજા થશે.

479. 1st person માં સવાલ પૂછવો હોય તો *shall* વાપરવો. જેમકે, *Shall* I go to him હું તેની પાસે જાઉં? *Will* I go to him? બોલવું ખોટું છે, કારણ કે *will* બોલવાથી 'તેની પાસે જવાની મરજી છે' એવું પૂછવું થાય, પરંતુ એવું પૂછવું અર્થ વગરનું છે, કેમકે બોલનારના મનની

વાત તો બોલનારજ જાણે, તેના મનની વાતની બીજાને શી રીતે ખબર પડે? *Shall* I go to him? = Is it your wish that I should go to him?

The auxiliary Will.

480. આગલા વખતમાં કોઈને કંઈ કરવાનું હોય તે વિશે નક્કીપણું બતાવવું હોય તો 1st person માં *will* વાપરવો. જેમકે, I *will* go to him. I *will* do so. હું તેની પાસે જઈશજ. હું એમ કરીશજ. આ દાખલામાં *will* નું ગુજરાતી ઈશ જ થાયછે.

481. કંઈ આગળ કરવાનું અમથું કહી દેખાડવું હોયછે ત્યારે 2nd અને 3rd person માં *will* વપરાયછે. ઉદાહરણ, You *will* go to him તમે તેની પાસે જશો. He *will* go to them તે તેઓની પાસે જશે. આ દાખલામાં *will* નું ગુજરાતી શો અને શે થાયછે.

482. વિવેક પૂર્વક હુકમ કરવો હોય તો 2nd અને 3rd person માં *will* આવે. જેમકે, You *will* go there now તમે ત્યાં હમણાં જજો. He *will* not do so તેણે એમ નહીં કરવું.

483. વખતે 3rd person માં *will* ઠરાવ કે મરજી દર્શાવેછે. જેમકે, He *will* have his own way in every thing બધી વાતમાં તે પોતાની રીત ચલાવવાનો, એટલે પોતાની રીત પ્રમાણે કરવાનો. He *will* do it, happen what may. થવાનું હોય તે થાયની, તેતો તે કરવાનોજ.

484. 2nd અને 3rd persons માં સવાલ કરવો હોય તો *will* વપરાય. ઉદાહરણ, *Will* you go to him? તમે તેની પાસે જશો? *Will* he go to them? તે તેઓની પાસે જશે? એ બે persons માં *will* નો અર્થ શો અને

શે થાયછે. *Will* you go = Are you willing to go, અને *will* he go = Is he willing to go ?

485. 2nd અને 3rd persons માં *shall* વડે પણ સવાલ પુછાય, જેમકે, *shall* you go there ? *Shall* he go there ? પણ એવે ઠેકાણે *will* માં મરજી જેવું છે તેમ *shall* ની બાબતમાં નથી. એવે ઠેકાણે *shall* માં તો ફક્ત ભવિષનોજ અર્થ છે. 3rd person માં *shall* વાળા વાક્ય = Is it your wish that he should go there ? એજ પ્રમાણે *Shall* that man be rewarded ? = Is it your wish that *that* man should be rewarded ?

486. જો એક માણસ બીજા માણસને કંઈ આપવાનું વચન આપે અથવા કંઈ કરવાની મરજી બતાવે તો તેણે *shall* નહીં પણ *will* વાપરવો. જેમકે, I *will* give you that book. એવી રીતે *will* બોલવામાં આવે તો ઠીક, પણ જો *shall* બોલવામાં આવે તો સાંભળનાર માણસને નઠારૂં લાગે, તેથી એવે પ્રસંગે *shall* કદી બોલવો નહીં. તેજ પ્રમાણે કોઈ આપણી પાસે કંઈ માગે તો આપણે You *shall* have what you want બોલવું, અને 3rd person માં પણ He *shall* have the book he wants બોલવું જોઈએ.

487. *Shall* અને *will* નાં જે કામ બતાવ્યાં છે તે બધાં ફરીથી કહી દેખાડવાં હોય તો એમ કે ભવિષ્યની વાત કહેવાનું કામ *shall* 1st person માં કરેછે તે *will* 2nd અને 3rd persons માં કરેછે, અને 1st person માં મરજી વગેરે બતાવવાનું *will* નું જે કામ છે તે *shall* 2nd અને 3rd persons માં કરેછે. વળી 1st person માં સવાલ પુછવાનું કામ *shall* અને 2nd અને 3rd persons માં તેજ કામ *will* કરેછે. એ પ્રમાણે તો બંનેનું કામ સરખું થાયછે. પણ 2nd

અને 3rd persons માં મરજી વગેરે બતાવવાનું જે કામ *shall* કરેછે તે વખતે *will* પણ કરેછે. એ ઉપરથી *will* નું કામ ચઢ્યું એમ કહેવાય. પરંતુ 2nd અને 3rd persons માં *will* નું સવાલ પૂછવાનું કામ છે તે કોઇવાર *shall* કરેછે તેથી બનેનું કામ બરાબર થઇ જાયછે.

488. પડેછે જેનું અંગ્રેજી *has* અથવા *is obliged* થાયછે તેનો future tense કરવો હોય તો 1st person માં *shall* અને 2nd અને 3rd person માં *will* આવે. જેમકે, I *shall have* to go to him મારે તેની પાસે જવું પડશે. You *will have* to go to him તમારે તેની પાસે જવું પડશે. He *will have* to go to them તેને તેઓની પાસે જવું પડશે.

489. એવે ઠેકાણે કોઇ You *shall* have to go to him અને He *shall* have to go to them બોલેછે. એમ બોલવાનું કારણ એવું લાગેછે કે બોલનારના મનમાં એમ હોય છે કે 2nd અને 3rd persons માં ધમકી આપવી હોય તો *shall* વાપરવાનો છે. પણ એ પ્રમાણે બોલનારે યાદ રાખવું કે એવાં વાક્યમાં જરૂરનો અર્થ *have* માંજ આવી રહેલો છે તેથી *shall* ની જરૂર નથી.

The Auxiliary Should past tense of Shall.

490. *Shall* નો past tense જે *should* છે તેના જૂદા જૂદા અર્થ થાયછે. I *should* go if he came જો તે આવત તો હું જાત. આ વાક્યમાં *should* આતની બરાબર છે, અને *supposition* એટલે ધારણા દર્શાવેછે.

491. It is strange that he *should* say so તે એમ કહે એ નવાઇ જેવું છે. આ વાક્યમાં *should* એની બરાબર છે. એ વાક્યમાં કહેવાનું કામ ખરેખર થયલું છે

એમ સમજવું. I am at a loss to see how that man *should* have said so. આ વાક્યનું ગુજરાતી પણ એજ પ્રમાણે થાયછે, એટલે એમાં પણ અર્થ સરખોજ છે. એવે ઠેકાણે *should* aorist એટલે past tense માં છે.

492. I *should* think this is not right. કહું તો નહીં પણ મારા વિચારમાં એ ખરૂં નથી. આ વાક્યમાં *should* ને માટે બરાબર શબ્દ ગુજરાતીમાં નથી. *I think* માં *should* મૂકયાથી એમ સમજવાનું છે કે બોલનારના મનમાં પોતાનો વિચાર ખરો છે એમ તો હોય, પણ તે વિચાર તે વિવેકપૂર્વક કહી બતાવેછે.

493. He eats carefully lest he *should* fall sick રખેને તે માંદો પડે તેટલા સારૂ તે સંભાળીને ખાયછે. આ વાક્યમાં *should* નો અર્થ એ થાયછે. *Lest* ની પછી *should* જ વાપરવું એમ યાદ રાખવાનું છે. પણ *should* નહીં વાપરતાં એકલો principal verb બોલાવવામાં આવે તો ચાલે, એટલે Lest he *should* fall ને બદલે Lest he fall બોલી શકાય.

494. Subjunctive mood માં condition વાળા ભાગમાં ત્રણે persons માં past tense માં *should* વાપરવાનો છે. ઉદાહરણ, He would remain if I *should* go. You would fall if you *should* run. They would beat him if he *should* cry. ગુજરાતીમાં જો હું જાત તો તે રહેત. જો તમે દોડત તો તમે પડત. જો તે રડત તો તેઓ તેને મારત.

495. ઉપલી કલમમાં આપેલા દાખલામાં *if* વાપરવામાં ન આવે તો *Should* I go he would remain. *Should* you run you would fall. *Should* he cry they

would beat him એમ બોલવું. એ બધામાં *should* બોલવો ન હોય તો If I went. If you ran. If he cried આવે.

496. It is strange that he *should* say so, અને Lest he *should* fall જેમાં *should* નો અર્થ એ થાયછે તેમાં આવતા principal verbs subjunctive mood માં છે એમ સમજવું.

497. I *should* do this મારે એ કરવું જોઈએ. એ વાક્યમાં *should*નો અર્થ જોઈએ થાયછે. એવે ઠેકાણે *should* ધર્મ કે ફરજ એટલે અંગ્રેજીમાં *duty* કે *obligation* બતાવેછે. આવા અર્થમાં *should* present tense માં ગણવાનો છે અને indicative mood માં છે. એવે ઠેકાણે *should* માં past tenseનો અંશ છે એમ એટલાપરથી કહી શકાય કે બોલવાના વખતની પહેલાં જે કરવાનું હોય તેની ફરજ હતી.

498. 'I say I *shall* come tomorrow' જેનું ગુજરાતી 'હું કહુંછું કે હું કાલે આવીશ' થાયછે તેમાં જો *I say* ને બદલે *I said* કરવામાં આવે તો I said I *should* come tomorrow થાય. આ દાખલામાં *should* ભવિષ્યમાં જેનો આધાર ભૂતકાળમાં આવેલા ક્રિયાપદપર હોય એવી વાત દર્શાવેછે.

The auxiliary Would past tense of Will.

499. *Will* નો past tense *would* છે, તે જુદે જુદે અર્થે વપરાયછે. He *would* come if you came જો તમે આવત તો તે આવત. આ દાખલામાં *would*=અત છે. 'If you came' ને બદલે Provided you came, In case you came, અથવા In the event of your coming બોલી શકાય. એવે ઠેકાણે *would* past tense માં *supposition* એટલે ધારણા દર્શાવેછે.

500. He *would* come to me daily તે મારી પાસે રોજ આવતો. આ દાખલામાં *would* નો અર્થ તો જે અનિયમિત ભૂતકાળની નિશાણી છે તે થાયછે. એવે અર્થે *would* habitual action એટલે બાધક કામ બતાવેછે. *He would come* ને બદલે *He used to come* અથવા એકલું *came* પણ બોલાય.

501. *Would* he were gone તે જાય તો સારૂં. આ વાક્યમાં *would* ની બરાબર *I wish* અથવા *we wish* છે. એવે ઠેકાણે *would* present tense માં છે.

502. *Wish* ને અર્થે *would* ને બદલે કોઈવાર *had* વાપરવામાં આવેછે. જેમકે, I *would* rather go there now = I *had* rather go there now. ત્યાં હમણાં જવું એવી મારી વધારે મરજી છે અથવા ત્યાં હમણાં જવું એ મને વધારે પસંદ છે. I *would* rather have gone there then = I *had* rather have gone there then તે વખતે હું ત્યાં ગયો હોત તો સારૂં

શેપર્ડ સાહેબ પોતાના Middle School Manual ની કલમ ૨૮૦ માં કહેછે તે પ્રમાણે એમ કે મૂળમા તો *I would rather* બોલવાનો ચાલ હતો પણ એનુ ટૂકું રૂપ *I'd rather* બોલવામાં આવેલુ તે ઉપરથી ભૂલથી એમ સમજવામાં આવ્યુ કે એ રૂપ *I had rather* ને માટે હોશે. તેથી *I would rather* ને ઠેકાણે *I had rather* બોલવાનો ચાલ પડ્યો. *I would rather* અને *I had rather* મા *go* infinitive mood મા છે.

I would કે *I had rather go there now* માં 'than at any other time' અધ્યાહાર્ય ગણવાનુ છે, કારણ કે *rather* comparative degree માં છે.

503. *Would* ની જોડે *be* આવેછે ત્યારે તેની બરાબર *were* છે. જેમકે, *It would be* wrong to say so = It *were* wrong to say so. ગુજરાતીમાં એમ કહેવું ખોટું થાય એટલે જો કોઈ એમ કહે તો ખોટું થાય.

એવે ઠેકાણે જેવી રીતે *would* વપરાયલો છે તેવીજ રીતે ઘણાના બોલવામા અને લખવામાં *will*ને ઠેકાણે *would* આવેછે. જેમકે, It *would* be correct to say so. It *would* be unjust to do so. It *would* be reasonable to talk thus.

504. 'તમે ત્યાં જાઓ તો ઠીક' નું અંગ્રેજી It *would* be well if you should go there, You *would* do well to go there, અને You had better go there. એ ત્રણ અંગ્રેજી વાક્યોમાંથી ત્રીજામાં *had* ની બરાબર *would do* છે એમ ગણી શકાય. જો એમ ગણવામાં આવે તો You had better have gone there = You would have done better to have gone there અથવા It would have been better if you had gone there એમ બોલાય. Rowe અને Webb સાહેબનું પોતાની Hints નામની ચોપડીમાં પાને ૧૧૪મે કલમ ૨૫૩માં કહેલું એવું છે કે, 'You had better go home' માં *had* subjunctive એટલે સંશયાર્થ છે, અને એનો અર્થ *would have* (એટલે *would find*) છે, તેથી આખું વાક્ય You *would find it better to go* home ની બરાબર છે.

505. 1st person માં *would* મરજી બતાવે છે તેમ 2nd અને 3rd persons માં પણ એ કોઈવાર મરજી બતાવે છે. ઉદાહરણ, If you *would* have such prizes, you should work very hard. જો એવાં ઈનામ મેળવવાની તમારી મરજી હોય તો તમારે બહુ સખત કામ કરવું જોઈએ. If he *would* have the comfort of a good life, he must abandon such bad company. જો સારી જીંદગીનું સુખ મેળવવાની તેની મરજી હોય તો તેણે એવી ખરાબ સંગત છોડી દેવી જોઈએ. આ દાખલામાં *if* વાળા ભાગમાં *would* અને *then* વાળા ભાગમાં *should* અને *must* present tense માં છે.

506. કલમ ૪૯૭ માં *should* ધર્મ કે ફરજ એટલે *duty* કે *obligation* ને અર્થે indicative mood માં અને present

tense માં સમજવાનો છે, તેમ *wish* ને અર્થે *would* ની બાબતમાં સમજવાનું છે. ઉદાહરણ, *Would* you give him that book? આ વાક્યમાં *would you = Do you wish to* છે.

507. I *would* have him go there now = I wish that he should go there now અથવા I wish him to go there now. ગુજરાતીમાં તે ત્યાં હમણાં જાય એવી મારી મરજી છે. નકારમાં I *would* not have him go there now = I do not wish that he should go there now અથવા I do not wish him to go there now. તે ત્યા હમણાં જાય એવી મારી મરજી નથી.

508. ઉપલી કલમમાં નકારમાં *wish* ને અર્થે *would* present tense માં છે, પણ નકારમાં એવોજ અર્થે એ past tense માં પણ આવેછે. જેમકે, They *would* not listen to what he said. એ વાક્યની બરાબર They were not willing to અથવા They did not wish to listen to what he said એટલે તેનું કહેવું સાંભળવાને તેઓ રાજી નહોતા અથવા સાંભળવાની તેઓની મરજી નહોતી.

509. *Wish* ને અર્થે *have* ની જોડે *would* આવેછે ત્યારે present tense માં છે એમ સમજવાનું છે, પણ વખતે એમ હોય ત્યારે past tense માં પણ ગણાય. જેમકે, He did not act as they *would have* him એટલે *have* him act. એ અંગ્રેજી વાક્યમાં as they *would have* him act = as they wished that he should act અથવા as they wished him to act. ગુજરાતીમાં જેવી રીતે તેને ચલાવવાની તેઓની મરજી હતી તેવી રીતે તે ચાલતો નહોતો અથવા ચાલ્યો નહીં.

510. **Say what I could, he *would* go out to play.** આ દાખલામાં *would determination* એટલે ઠરાવ દર્શાવેછે. એ અંગ્રેજી વાક્યની બરાબર Though I said what I could, he was determined to go out. કહેવાયું તેટલું મેં કહ્યું તોપણ તે તો બહાર જવાનું નક્કીજ કરી બેઠો.

511. *Like* ની જોડે 1st person માં *should* અને 2nd અને 3rd persons માં *would* વપરાય છે. જેમકે, I *should* like to know where he is, You *would* like to know where he is, અને He *would* like to know where he is. આ વાક્યોમાં *should* અને *would* present tense માં સમજવાના છે. ગુજરાતીમાં તે ક્યાં છે તે જાણવાની મારી મરજી છે, તે ક્યાં છે તે જાણવાની તમારી મરજી છે, અને તે ક્યાં છે તે જાણવાની તેની મરજી છે.

512. He says he *will* come તે કહેછે કે હું આવીશ માં *He says* ને બદલે *He said* બોલવામાં આવે તો He said he *would* come કરવું. આ દાખલામાં *would* past tense માં verb ઉપર આધાર રાખતી ભવિષ્યની વાત દર્શાવેછે.

513. Subjunctive mood માં *condition* વાળા ભાગમાં *should* આવે તો *consequence* વાળા ભાગમાં past tense લેવો એવો નિયમ છે, પણ એવી રીતે હોય ત્યારે future tense પણ આવે. જેમકે, If he *should* not come with me, I *shall* not be able to go there in time. વળી present tense પણ આવે. જેમકે, *Should* he happen to miss his object, he *gives* up the pursuit. એવી રીતે *consequence* વાળા ભાગમાં future અને present tense આવે ત્યારે *condition* વાળા ભાગમાં આવેલો *should* ની જોડેનો principal verb present tense માં છે એમ સમજવાનું છે.

514. **Rowe અને Webb સાહેબની Hints નામની ચોપડીમાં પાને ૧૪૬ મે કલમ ૩૫૧ માં નીચે પ્રમાણે છે:—**

(4) "*Should I* give you } a little more?"
"*Would you* give me }

Shall I give you a little more? કે *Will you* give me a little more? ના કરતાં *should* અને *would* વાળું બોલવું વધારે સભ્યતાપૂર્વક છે.

(5) "*Would you* like me to go with you?" એ રૂપ બોલવામાં સાધારણ રીતે વપરાય છે, તોપણ *Should you* like? વધારે ખરૂં છે.

515. પ્રશ્નાર્થ વાક્યમાં 1st person માં મરજી બતાવવાને *shall* વપરાયછે, અને 2nd અને 3rd person માં *will* વપરાયછે. જેમકે, *Shall* I go there? અને *Will* you go there? અને *Will* he go there? એ નિયમની બાબતમાં યાદ રાખવાનું એ કે 1st અને 2nd person માં જે મરજી છે તે પુછનાર જેને પૂછેછે તેની મરજી છે; અને 3rd person માં જે મરજી છે તે પુછનાર કે જેને તે પૂછેછે તેની મરજી નહીં પણ કોઈ ત્રાહિત માણસની મરજી સમજવાની છે.

516. ઉપલી કલમમાં જે આપેલું છે તેથી ઉલટું લેવામાં આવે તો 1st person માં *Will* I go there? અને 2nd અને 3rd person માં *Shall* you go there? અને *Shall* he go there? થાય. હવે, *Will* I go there? બોલવું છેક અર્થ વગરનું છે, કેમકે પોતાની જવાની મરજી છે કે નહીં એ તો પુછનારજ જાણે. *Shall* you go there? માં મરજીની વાત કંઈ છેજ નહીં. એનો અર્થ એવો કરવાનો છે કે હકીગત છે તે પ્રમાણે તમારાથી ત્યાં જવાશે કે નહીં? *Shall* he go there? નો અર્થ એવો કે તે ત્યાં જાય એવી તમારી મરજી છે?

517. Bain's Higher English Grammar ને પાને ૧૦૫ મે કલમ ૩૦ માં નીચે પ્રમાણે છે.

'Would you?' 'Should I?' 'Should he?' એ સવાલમાં એવી તજવીજ કરવાની છે કે જે માણસને કંઈ કહેવામાં આવેછે તેને ઠરાવ શો છે. 'Should you?' તો ભાગ્યેજ વાપરી શકાય; 'Would I?' તદન બોલાય નહીં એવું છે. 'Would he?' માં જેને વિશે બોલવામાં આવેછે તેના સંભવિત ઇરાદા શા છે એ બાબત ખબર મેળવવાનો અર્થ છે:

'Do you think he would go?'

સવાલ પૂછવામાં 'will' અને 'shall' ની બાબતમાં જવી રૂઢી છે તેવી રૂઢી પ્રમાણે આ બધું છે. ઘણા દાખલામાં 'should' અને 'would' 'shall અને 'will'નાં કોમળ રૂપ છે. '*I should* be very much surprised ખરેખરા future tense ને લાગુ પડેછે, અને '*I shall* be very much surprised' ના જેવુંજ છે. નીચલા વાક્યમાં 'should' અવિશ્વાસની નિશાણી છે:—'I have so much confidence in the sagacity of the Romans within the somewhat narrow sphere of their thoughts that I *should* be cautious in criticising their military and diplomatic administration,' that is I am disposed to be cautious, I prefer to be cautious. જો લખનાર વધારે દૃઢ હોત તો તે indicative નું રૂપ એટલે 'I am' અથવા 'shall be cautious' વાપરત. શેક્સપીઅરમાં 'What should be in that,' Caesar? છે તે 'what is there?' અથવા બીજી રીતે 'I should be glad to know what there is in that, Caesar.' ને માટે છે.

The auxiliary May.

518. *May* auxiliary verb તરીકે જુદે જુદે અર્થે વપરાયછે, અને તે બધા અર્થમાં ગુજરાતીમાં ઉં, એ, એ, ઇએ, ઓ અને એ person અને number પ્રમાણે થાયછે.

519. He *may* come tomorrow તે કાલે આવે. એ વાક્યમાં *may* શક્યતા એટલે *possibility* બતાવેછે. સમજવાનું એ કે તે કાલે આવે એ બની શકે એવું છે, પછી તે આવે કે નહીં પણ આવે.

520. You *may* go home now તમે હમણા ઘેર જાઓ એટલે જવામાં હરકત નથી. આ વાક્યમાં *may* રજા અથવા છૂટ દર્શાવેછે એટલે અંગ્રેજીમાં *permission* અથવા *liberty*.

521. *May* God grant a long life to him! પરમેશ્વર તેને લાંબી જીંદગી બક્ષે. આ વાક્યમાં *may* ઇચ્છા કે પ્રાર્થના બતાવેછે, અને એમાં જે mood વપરાયલો છે તેને ગુજરાતીમાં ઇચ્છાર્થ કે પ્રાર્થનાર્થ અને અંગ્રેજીમાં optative કે precative કહેછે.

522. That થી શરૂ થતાં વાક્યમાં કારણ દર્શાવવું હોય તો તેમાં *may* વાપરવો. જેમકે, I go there that I *may* see your brother હું ત્યાં જાઉંછું તે એટલા સારૂ કે તમારા ભાઇને મળું. યાદ રાખવાનું એ કે આવા દાખલામાં *may* ની જોડેનો principal verb subjunctive mood માં છે.

523. *May* ની જોડે *be* આવે ત્યારે અર્થ હોશે થાય અને *have* આવે ત્યારે પણ હોશે થાય. એ બાબતમાં નિયમ એવો છે કે વર્તમાનકૃદંતની પછી હોશે = *may be,* અને ભૂતકૃદંતની પછી હોશે = *may have.* ઉદાહરણ, તે પોતાની ચોપડી વાંચતો હોશે He *may be* reading his book. તેણે પોતાની ચોપડી વાંચી હોશે He *may have* read his book.

524. *May* કોઇવાર પોતાની પછી આવતા principal verb ની પછી આવેછે. હરકોઇ પોતાના મનની વાત જુસ્સાથી બતાવવા માગેછે ત્યારે એ પ્રમાણે થાયછે. ઉદાહરણ, Happen what *may,* I will not go there, જે થવાનું હોય તે થાયની હું તો ત્યાં નહીં જવાનો અથવા જાઉં. Happen what may = Let that happen which may happen. 'હું

તો ત્યાં નહીં જાઊં' માં વધારે ગુસ્સો આણવો હોય તો 'હું તો ત્યાં નહીં જાઊં નહીં જાઊં ને નહીં જાઊં' એમ બોલવાનો ગુજરાતીમાં ચાલ છે.

525. *May be* ની પહેલાં કોઈવાર impersonal pronoun અપુરૂષવાચક સર્વનામ *it* subject તરીકે આવેછે ત્યારે તેનો ખરો subject verb માંજ સમાયલો છે એમ સમજવું. જેમકે, It *may be* so એમ હોય કે હોશે. આમાં ખરો subject જે હોવાનું હોય તે છે. 'It *may be* that you know him' માં *may be* નો subject 'that you know him' છે.

526. This lesson *may* be easily prepared આ પાઠ સહેલથી તૈયાર થઇ શકે એવો છે. આ દાખલામાં *may* નો અર્થ *can* ના જેવો છે.

527. કલમ ૫૨૨ માં That I may see your brother એ કારણદર્શક વાક્ય છે તેની બરાબર to see, in order to see, for seeing, અથવા for the purpose of seeing your brother છે એમ સમજવું.

528. *May* નો past tense **might** છે તેથી 'I go there that I *may* see your brother' માં *I go* ને બદલે *I went* બોલવામાં આવે તો I went there that I *might* see your brother બોલવું જોઇએ.

જ્યાં *will* વાપરવું જોઇએ ત્યાં *would* વપરાયછે તેમ *may* ને ઠેકાણે *might* બોલવામાં આવેછે. જેમકે, One *may* see them crossing the river. એ બાબતમાં મનમાં રાખવાનું એ કે જે દહાડે કોઇ નદી પાર જવું હોય તેજ દહાડાને માટે હોય તો *may* બોલવો, અને જો કોઇ એ પ્રમાણે કઇ દહાડાથી કરતું હોય તો *might* વપરાય.

529. *May give* present tense છે તેનો past tense *might give*, present perfect *may have given*, અને

past perfect *might have given.* ગુજરાતીમાં આપે, આપત, આપ્યું હોય, અને આપ્યું હોત.

530. Passive voice માં *may be given* અપાય, *might be given* અપાત, *may have been given* અપાયું હોય, અને *might have been given* અપાયું હોત.

531. *May give* નું continuous form *May be giving, might give* નું *might be giving, may have given* નું *may have been giving,* અને *might have given* નું *might have been giving.*

532. *May be giving* એટલે આપતો હોય, *might be giving* આપતો હોત, *may have been giving* આપ્યા કરતો હોય, અને *might have been giving* આપ્યા કરતો હોત.

The auxiliary Can.

533. He *can* prepare so much તે એટલું તૈયાર કરી શકેછે. Those boys *can* walk in this way every day તે છોકરા રોજ એવી રીતે ચાલી શકેછે. આ વાક્યોમાં *can* શક્તિ એટલે *power* દર્શાવેછે.

534. That boy *can* have done so તે છોકરાએ એમ કર્યું હોય એ બની શકે એવું છે. આ દાખલામાં *can* શક્યતા એટલે *possibility* બતાવેછે.

535. *Can* ની જોડે principal verb તરીકે *write* વાપરવામાં આવે તો present tense He *can write* તે લખી શકે, past He *could write* તે લખી શક્યો અથવા લખી શકત, present perfect He *can have written* તે લખી શક્યો હોય, અને past perfect He *could have written* તે લખી શક્યો હોત.

536. ઉપલી કલમમાં *He can write* વગેરેને માટે ગુજરાતીમાં જે આપેલું છે તે પ્રમાણે નહીં બોલતાં સબ્બંદમાં બધું બોલવું વધારે સારૂં છે. તેથી તે લખી શકે=તેનાથી લખાય, તે લખી શક્યો અથવા તે લખી શકત=તેનાથી લખાયું અથવા તેનાથી લખાત, તે લખી શક્યો હોય=તેનાથી લખાયું હોય, અને તે લખી શક્યો હોત = તેનાથી લખાયું હોત.

537. *Can write* નું continuous form *can be writing* લખતો હોય, *could write* નું *could be writing* લખતો હોત, *could have written* નું *could have been writing* લખ્યા કરતો હોત.

538. *Can* = *be able* છે તે *can write* ઉપરથી future tense અને future perfect tense બનાવવાને કામ લાગેછે. જેમકે, *I can write* નું future *I shall be able to write* અને future perfect *I shall have been able to write*. ગુજરાતીમાં હું લખી શકીશ અને હું લખી શક્યો હોઇશ.

539. ઉપલી કલમમાં *I can write* જે present tense નું રૂપ છે તેનું future I *shall be able to write* આપેલું છે, પણ વખતે present tense ના રૂપમાં future નો અર્થ આવેછે ખરો. જેમકે, I can come to you tomorrow હું તમારી પાસે કાલે આવી શકીશ.

540. *I can write* નું future I *shall be able to write*, પણ *you can write* નું you *will be able to write* અને *He can write* નું He *will be able to write*.

541. *Can write* નું passive *can be written* લખી શકાય કે લખાય, *could write* નું *could be written*

લખી શકાત કે લખાત, *can have written* નું *can have been writtn* લખી શકાયું કે લખાયું હોય, અને *could have written* નું *could have been written* લખી શકાયું કે લખાયું હોત.

542. *Can* અને *able* જોડે આવે નહીં, તેથી 'મારાથી કાલે તેની પાસે જવાશે નહીં' નું અંગ્રેજી કરતી વખત I *cannot be able to* go to him tomorrow નહીં પણ I *cannot* go to him tomorrow અથવા I *shall not be able to* go to him tomorrow.

543. પોતાના મનનો વિચાર જુસ્સાથી કોઈ બતાવવા માગેછે ત્યારે *may* ની માફક *can* principal verb ની પછી આવેછે. જેમકે, Do what he *can*, he can do nothing to me. તેનાથી થાય તે કરેની, તે મને કંઈ કરી શકવાનો નથી. એ અંગ્રેજી વાક્યની બરાબર Let him do what he can, he can do nothing to me અથવા Though he will do what he can, he can do nothing to me

544. કોઈ વસ્તુ આપવા બાબત કોઈને પૂછવું હોય તો *will* ના કરતાં *can* બોલવામાં વધારે માન છે, અને *can* વાપરવામાં આવેછે ત્યારે એમ સમજવાનું છે કે એ શબ્દના વાપરનારના મનમાં એમ છે કે બનતા લગી મારી અરજ કબૂલ રહેશેજ. તેથી જેના મનમાં એમ હોય તેણે કોઈ પાસે માગતી વખત *Will* you lend me your pencil ? નહીં પણ *Can* you lend me your pencil ? બોલવું. *Can* ના કરતાં *could* એવી બાબતમાં વળી વધારે સભ્યતાભરેલું છે. જેમકે, *Could* you have the goodness to let me know, &c ? Arnold's Grammar. Page 51. Article 173 (*c*).

545. *Can* ની જોડે *but* આવે અને *but* ની પછી *try* principal verb આવે તો અર્થ એવો થાય કે જે કરવાનું હોય તે કરી જોવાની શક્તિ તો હોય, પછી તે કરવામાં ફતેહ મળે કે નહીં પણ મળે. જેમકે, He *can but try.* એનું ગુજરાતી અજમાવી જોવું એજ એનાથી બને એવું છે. એવે ઠેકાણે *but = only* છે તેથી adverb છે.

546. *Cannot* ની પછી પણ *but try* આવેછે. જેમકે, He *cannot but try.* એનો અર્થ એવો કરવાનો છે કે અજમાવી જોયા સિવાય બીજું તેનાથી બને એમ નથી માટે એણે અજમાવી જોવુંજ જોઈએ.

547. *Cannot* ની પછી *try* સિવાય બીજો verb પણ આવેછે. જેમકે, He *cannot but speak.* એ વાક્યની બરાબર He cannot do any thing but speak, He cannot help speaking, He cannot do without speaking, અને He is forced to speak. એ અંગ્રેજી વાક્યોનું ગુજરાતી તેનાથી બોલ્યા વગર રહેવાતું નથી, તેને બોલ્યા વગર ચાલતુ નથી, અને તેને બોલવાની ફરજ પડેછે. *Cannot* ની પછી આવતા *but* = except છે તેથી preposition છે, અને એની પછીનો verb જે *speak* છે તેને infinitive mood માં govern કરેછે.

548. Such an insult cannot be borne. એ વાક્યમાં *cannot* માંથી *can* કાઢીનાખવો હોય તો ***not*** નો ***no*** કરવો, *be* કાઢીનાખવો, *borne* જે past participle છે તેનું *bearing* present participle કરવું, અને શરૂઆતમાં *There is* મૂકવું. એ પ્રમાણે કરવામાં આવે તો ફેરવેલું વાક્ય There is no bearing such an insult. એવીજ રીતે So long a lesson cannot be prepared = There is no

preparing so long a lesson. A man of such misconduct cannot be trusted = There is no trusting a man of such misconduct. એ દાખલામાં *bearing*, *preparing*, અને *trusting* gerunds છે.

549. *Can* નો past tense *could* છે તેથી જો He says he *can* do it માં *says* ને બદલે *said* બોલવામાં આવે તો He said he *could* do it થાય.

The auxiliary Must.

550. *Must* નું ગુજરાતી *should* ની માફક જોઇએ થાયછે, પણ *should* ધર્મ કે ફરજ એટલે *duty* કે *obligation* બતાવેછે, અને *must* માં જરૂર એટલે *necessity* નો અર્થ રહેલો છે. ઉદાહરણ, તમારે એ કામ કરવું જોઇએ. કરવાનો ધર્મ છે તેથી કરવું જોઇએ એમ હોય તો જોઇએને માટે *should* વાપરવો, પણ કરવાની જરૂર છે એટલે કર્યા વગર છૂટકો જ નથી એમ હોય તો *must* વાપરવો. યાદ રાખવાનું એ છે કે કોઇ ઉપરી પોતાના હાથ નીચેનાને કંઇ કહેતી અથવા લખતી વખત *must* વાપરે તો હરકત નહીં, પણ પોતાના ઉપરીને લખતી કે કહેતી વખત કોઇ *must* વાપરે તો અણઘટતું અને અપમાનભરેલું ગણાય.

551. *May* ની માફક *must* ની જોડે *be* આવેથી અર્થ હોશે થાયછે, અને *have* આવ્યાથી પણ હોશે થાયછે. ઉદાહરણ, He *must be* reading તે વાંચતો હોશે. He *must have* read તેણે વાંચ્યું હોશે. નિયમ એવો છે કે વર્તમાન કૃદંતની પછી હોશે = *must be*, અને ભૂતકૃદંતની પછી *must have*.

552. *May be reading* અને *must be reading* એ બનેનો અર્થ વાંચતો હોશે, અને *may have read* અને

must have read અનેનો વાંચ્યું હોશે થાયછે, પણ ફેર એટલો છે કે *may* ની બાબતમાં કંઈ શક જેવું છે એમ અને *must* ની બાબતમાં કારણસર અથવા આધારસર બોલવું થાયછે એમ સમજવું.

553. *May* ની માફક *must* પણ કોઈવાર principal verb ની પછી આવેછે. ઉદાહરણ, Do that you *must* તે તો તમારે કરવુંજ જોઈએ. તે કર્યા વગર તો તમારો છૂટકો નથી. સાધારણ રીતે You *must* do that, પણ બીજી રીતે બોલવામાં આવેછે ત્યારે બોલનાર ગુસ્સામાં છે એમ સમજવાનું છે.

554. *May* ની માફક *must* ની પહેલાં impersonal pronoun અપુરૂષવાચક સર્વનામ *it* subject તરીકે આવેછે ત્યારે તેનો ખરો કર્ત્તા ક્રિયાપદમાં સમાયલો છે એમ સમજવાનું છે. ઉદાહરણ, It *must be* so એમ હોશેજ. આ દાખલામાં ખરો કર્ત્તા હોવાનું હોય તે છે. 'It must be that you tell the truth' માં *must be* નો ખરો subject 'that you tell the truth' છે.

555. *Shall, will, may,* અને *Can* નાં past tense નાં રૂપ જૂદાં છે તેમ *must* નાં નથી. *must* નાં present અને past tense નાં અને present perfect અને past perfectનાં રૂપ સરખાંજ છે. તેમજ present અને past નાં, present perfect અને past perfect નાં continuous forms માં પણ સરખાપણું છે. ગુજરાતીમાં પણ સરખુંજ બોલવાનું છે.

556. *Must* ની જોડે principal verb *give* વાપરવામાં આવે તો present tense *must give* આપવું જોઈએ અને past tense *must give* આપવું જોઈએ, અને present

perfect *must have given* આપ્યું હોશે, અને past perfect *must have given* આપ્યું હોશે. Continuous forms માં present *must be giving* આપતો હોશે અને past *must be giving* આપતો હોશે, અને present perfect *must have been giving* આપ્યા કરતો હોશે, અને past perfect *must have been giving* આપ્યા કરતો હોશે.

557. Passive voice માં present અને past *must be given* અપાવું જોઈએ, અને present perfect અને past perfect *must have been given* અપાયું હોય.

558. *Must* ની બાબતમાં જૂદા જૂદા કાળમાં મરખાપણું છે, તેથી કાળ બરોબર સમજાય તેને માટે એમ કે He says he *must give* માં *must give* present tense માં અને He said he *must give* માં past tense માં છે. He says he *must have given* માં *must have given* present perfect માં અને He said he *must have given* માં past perfect માં છે. એજ પ્રમાણે continuous forms અને passive voice ની બાબતમાં પણ સમજવાનું છે.

The auxiliary Ought.

559. *Ought* એ *owe* નો past tense છે, અને એનો અર્થ *should* ની માફક જોઈએ થાયછે, એટલે એ પણ *duty* કે *obligation* બતાવેછે, પણ ફેર એટલો કે એવી બાબતમાં *should* સાધારણ રીતે વપરાયછે તેમ *ought* વપરાતો નથી.

560. ઈશ્વર અને માબાપ પ્રતેની ફરજ બતાવવી હોયછે ત્યારે *should* નહીં પણ *ought* વાપરવાનો છે. ઉદાહરણ, You *ought* to worship God. You *ought* to obey your parents. તમારે ઈશ્વરને પુજવો જોઈએ. તમારે તમારાં માબાપના કહ્યામાં રહેવું જોઈએ.

561. *Should* અને *ought* માં બીજો ફેર એ છે કે *should* ની પછી *to* સમજવાનો તો ખરો પણ બોલવાનો નથી, પણ *ought* ની પછી તો *to* અવશ્ય બોલવો જોઈએ.

562. *Ought to* ની જોડે principal verb *write* બોલવામાં આવે તો present *ought to write* લખવું જોઈએ અને past પણ *ought to write* લખવું જોઈએ, અને past perfect *ought to have written* લખવું જોઈતું હતું.

563. Passive voice માં present અને past *ought to be written* લખાવું જોઈએ, અને past perfect માં *ought to have been written* લખાવું જોઈતુ હતુ.

564. *Ought to* નું present અને past માં સરખુંજ રૂપ છે તેથી He says he ought to write માં *ought to write* present tense માં છે, અને He said he ought to write માં past tense માં છે.

565. *Shall, will, may, can, must* અને *ought to* એ બધામાં ફક્ત *will* એવો છે કે કોઈવાર principal verb તરીકે વપરાયછે, અને એમ હોયછે ત્યારે એનો અર્થ *wish* થાયછે. ઉદાહરણ, You will have to go there whether you *will* or not.

566. *Shall, will, may, can* અને *must* ની પછી આવનારા principal verbs ની પહેલાં *to* understood એટલે અધ્યાહાર્ય સમજવાનો છે તેમ *bid, dare, let, hear, make, have, see, behold, do, need* વગેરેની પછી પણ *to* expressed એટલે પ્રત્યક્ષ બોલવામાં આવતો નથી. ઉદાહરણ, I *bid* him do it. He *heard* them speak. They *let* him go. We *made* him sit down વગેરે.

567. ઉપલી કલમમાં આપેલા *bid* વગેરે verbs ની બાબતમાં active voice માં *to* પડતો મૂકવામાં આવેછે, પરંતુ passive voice માં *to* બોલવાનો છે. જેમકે, He was bidden to do it by me. They were heard to speak by him. He was made to sit by us. ફક્ત *let* ની બાબતમાં *to* બોલવાનો નથી તેથી He was let go by them.

Remarks on several Gujarati words.

The word **થયા.**

568. **થયા** એ **થા** ઉપરથી ભૂતકાળનું બહુવચનનું રૂપ છે, અને એનો સાધારણ અર્થ *became* છે, પણ કોઈવાર એનો અર્થ *It is* થાયછે. ઉદાહરણ, તેના બાપને ભરૂચ ગયાને ત્રણ દહાડા **થયા.** *It is* three days since his father went to Broach. મારા ભાઈને નિશાળે ગયાને બે કલાક **થયા.** *It is* two hours since my brother went to school.

569. ઉપલી કલમમાં થયાનો અર્થ *it is* આપેલો છે, પણ વખતે એને માટે *for* કે *during* લેવાનો છે. જેમકે, તેનો બાપ ત્રણ દહાડા **થયા** ભરૂચ ગયલો છે. His father has gone to Broach *for* three days. તેના ભાઈએ પાંચ દહાડા **થયા** સૂરત છોડયું છે. His brother has left Surat *for* five days.

570. કલમ ૫૬૮ માં **થયા** ક્રિયાપદ છે તેથી એનું અંગ્રેજી *it is* આપેલું છે, અને કલમ ૫૬૯ માં એ શબ્દયોગી અવ્યય એટલે preposition છે તેથી *for* કે *during* આપ્યું છે. એ ઉપરથી યાદ રાખવાનું કે જ્યારે **થયા** ક્રિયાપદ હોય ત્યારે એને માટે *it is*, અને શબ્દયોગી અવ્યય હોય ત્યારે *for* કે *during.*

571. થયા ને માટે *it is* કરવાનું હોય એવા વાક્યનો અંગ્રેજીમાં તરજૂમો કરવાની રીત એવી છે કે શરૂઆતમાં આવેલું નામ જે ને લાગ્યાથી ચોથીમાં હોય તેને ને કાઢી નાખીને પહેલીમાં લેવું, અને જે ભૂતકૃદંત નામને ને લાગ્યો હોય તેનું ને કાઢી નાખીને ભૂત કાળનું રૂપ કરવું. એટલું કીધા પછી થયા એટલે *It is* સહુથી પહેલું બોલીને તેની પછી જેટલા દહાડા, મહિના વગેરે હોય તે મૂકવું. દહાડા વગેરે મૂક્યા બાદ *since* બોલવો, અને *since* બોલીને પહેલીવાળું નામ અને તેના પછી ભૂતકાળવાળો ક્રિયાપદ બોલવો. જેમકે. તેના ભાઈને ઘેર આવ્યાને બે કલાક થયા. His brother home came two hours *it is*. *It is* two hours since his brother came home. એજ પ્રમાણે તેઓને તે નિશાળ છોડ્યાંને બે વરસ થયાં. *It is* two years since they left that school.

572. ઉપલી કલમમાં આવેલાં અંગ્રેજી વાક્યો It is two hours since his brother came home અને It is two years since they left that school છે, તેમાંથી *It is* કાઢીને *for* આણવો હોય તો His brother came home અને They left that school માં past tense છે, તે બદલીને present perfect કરવો, એટલે *came* નું *has come* અને *left* નું *have left* કરવું. એમ કીધા પછી *since* ને બદલે *for* મૂકવો, અને ત્યાર પછી two hours અને two years બોલવા. એમ કરવાથી *for* વાળાં વાક્યો His brother has come home for two hours અને They have left that school for two years થાયછે.

573. His brother has come home *for* two hours અને They have left that school *for* two

years છે, તેમાંથી *for* કાઢીને *It is* આણવો હોય તો His brother has come home અને They have left that school માં present perfect છે તે બદલીને past tense કરવો. એટલે *has come* નું *came* અને *have left* નું *left* કરવું. એમ કીધા પછી *for* ને બદલે *since* મૂકવો, અને ત્યાર પછી two hours અને two years ની પહેલાં *It is* બોલવો. એ પ્રમાણે કરવામાં આવે તો *It is* અને *since* વાળાં વાક્યો His brother came home since it is two hours = *It is* two hours *since* his brother came home, અને They left that school since it is two years = *It is* two years *since* they left that school થાય.

574. ઉપલી કલમ ઉપરથી માલમ પડેછે કે *since* ની પહેલાં present tense અને *for* ની પહેલાં present perfect tense આવેલો છે, પણ *since* ની પહેલાં પણ present perfect tense આવે ખરો. જેમકે, તેનો બાપ મુંબઇ ગયો ત્યારથી તે નિશાળે ગયો નથી He has not gone to school since his father went to *Bombay*. 'નિશાળે ગયો નથી' ને બદલે 'નિશાળે જતો નથી' હોય તોપણ present perfect જ વાપરવો જોઇએ.

575. મુદતની વાત એટલે આટલા દહાડા, મહિના કે વરસ હોયછે ત્યારે **થયા** બોલવામાં આવેછે, પણ વખતનો કોઇ પણ ભાગ એટલે કાલ, પરમદહાડે, રવિવાર, ગયું વરસ વગેરે આવેછે ત્યારે **નો** કે **થી** વપરાયછે. જેમકે, તે ત્રણ મહિના **થયા** માંદો છે, અને તે કાલ**નો** ભૂખ્યો છે, અને તેઓ રવિવાર**થી** માંદા છે.

576. ઉપલી કલમમાં પહેલા ગુજરાતી વાક્યમાં **થયા**નું અંગ્રેજી *for* છે તેથી એનું અંગ્રેજી He has been ill *for*

three months, અને બીજા વાક્યમાં નોનું અને ત્રીજામાં થીનું અંગ્રેજી *since* છે. તેથી એ બે વાક્યોનું અંગ્રેજી He has been hungry *since* yesterday અને They have been ill *since* Sunday.

577. ગુજરાતીમાં થયાને ઠેકાણે નો કે થી વપરાય. જેમકે, તે છોકરો નવ દહાડાનો માંદો છે, અને તે માણસ બે મહિનાથી ત્યાં છે, પણ નો કે થીને માટે થયા કદી વપરાય નહીં. તેથી તે કાલનો ભૂખ્યો છે અને તેઓ ગયા ગુરૂવારથી માંદા છેને માટે તે કાલથયા ભૂખ્યો છે, અને તેઓ ગયા ગુરૂવાર થયા માંદા છે એમ બોલાય નહીં.

ગુજરાતીમાં નો કે થી કોઈવાર થયાનું કામ કરેછે, પણ થયા નો કે થીનું કામ કદી કરતો નથી. પણ અંગ્રેજીમાં તો *since* અને *for* એક બીજાને કદી કામ લાગતા નથી, એટલે *since* ને બદલે *for* અને *for* ને બદલે *since* કદી વપરાતા નથી.

578. કલમ ૫૭૪ માં 'He has not gone to school since his father went to Bombay' માં *since* નો અર્થ જ્યારથી થાયછે. એ જ્યારથી ગુજરાતીમાં હમેશા બોલવામાં આવતો નથી, પરંતુ અંગ્રેજીમાં તો જ્યારથી બોલવાનો નથી. તેથી જ્યારથી એટલે *since* પહેલેથી બોલ્યાવગર ચાલેજ નહીં.

579. His father went to Bombay અને They left that school એવાં વાક્યોની પહેલાં *since* નો અર્થ જ્યારથી કરવાનો છે, અને yesterday, Sunday, last year વગેરેની પહેલાં *since* ની બરાબર નો કે થી છે.

580. Since his father went to Bombay, અને Since they left that school એવાં વાક્યોની પહેલાં *It is* વાળો present tense શરૂઆતમાં આણવો હોય તો *since* કાઢીનાખવો, અને *his father* નું *to his father* = તેના બાપને, *went* નું *to having gone* = ગયાને, અને *to*

Bombay નું *Bombay* = મુંબઈ કર્યું એટલે 'તેના બાપને ગયાને મુંબઈ' = 'તેના બાપને મુંબઈ ગયાને થયું. એજ પ્રમાણે બીજા વાક્યમાં *since* કાઢીનાખ્યો, *them* નું *to them* = તેઓને, *left* નું *to having left* = છોડયાને, અને *that school* = તે નિશાળ. એમ કીધું એટલે 'તેઓને છોડયાને તે નિશાળ' = 'તેઓને તે નિશાળ છોડયાને' થયું.

581. *Since* નો અર્થ જ્યારથી અથવા નો કે થી ગમે તે થતો હોય તોપણ એની પહેલાં present perfect tense આવે, અને એની પછીના વાક્યનો તરજૂમો ફેરફાર કરીને કરવાનો હોય ત્યારે એની પહેલાં *It is* જેવો present tense આવે. પણ *for* નો અર્થ થઆં થતો હોય ત્યારે તેની પહેલાં present perfect જ આવે. કોઈ પણ જાતનો present tense બોલવો એ બિલકુલ ખોટું છે.

582. *For* ની પછી જે બોલવામાં આવે છે તે *since* ની પછી બોલાય નહીં, એટલે *for* four days, *for* three months બોલાય, પણ *since* four days, *since* three months એમ કદી બોલાય નહીં.

583. *Since* four days, *since* three months બોલાય નહીં, પણ four days *since*, three months *since* બોલાય. એનું કારણ એ કે એવે ઠેકાણે *since* નો અર્થ ઉપર એટલે *ago* છે. ઉદાહરણ, I saw him some five days *since*. મેં તેને આસરે પાંચ દહાડા ઉપર જોયો હતો.

Four days, months વગેરેની પહેલાં *for* ને બદલે *since* બોલવો એ ઘણી સાધારણ ભૂલ છે. સારૂ અંગ્રેજી ભણેલા પણ વખતે એવી ભૂલ કરેછે. વળી He is long sin e dead એમ કેટલાક બોલેછે, પણ એ બોલવું ખોટું છે, કારણ કે એ વાક્યમાં *since* = *ago* છે તેથી is dead જે present tense છે તે વપરાય નહીં. એ વાક્યને બદલે He died long since બોલવું જોઇએ. He has long been dead બોલવામાં હરકત નથી. છેલ્લું અંગ્રેજી વાક્ય He has been dead a long time અથવા He has a long time been dead ની બરાબર છે.

584. *Since* અને *for* ની પહેલાં present perfect tense વાપરવાનો છે, પરંતુ એઓની પહેલાં present perfect continuous પણ વપરાય. જેમકે, ગયા શનિવારથી તે મારી પાસે આવેછે. He has been coming to me *since* Saturday last. તેનો છોકરો અમદાવાદ ગયો ત્યારથી તે તેઓની પાસે જતો નથી He has not been going to them *since* his son went to Ahmadabad. હું પંદર દહાડા થયા એ ચોપડી વાંચુંછું I have been reading this book *for* 15 days.

585. *Since* અને *for* ની પહેલાં past perfect અને past perfect continuous પણ આવી શકે. જેમકે, He had done nothing *since* morning. He had been reading his lesson *since* he went home. When I saw him he had been writing his exercise *for* 20 minutes. ગુજરાતીમાં સવારથી તેણે કંઈ કાંધું નહોતું. તે ઘેર ગયો ત્યારથી તે પોતાનો પાઠ વાચતો હતો. જ્યારે મેં તેને દીઠો ત્યારે તે વીશ મિનિટ થયા પોતાનો અભ્યાસપાઠ લખતો હતો.

586. *Since* ની પૂર્વે *it is* વાળો present tense, present perfect અને past perfect, અને એ બને perfect નાં continuous forms આવેછે, પણ એની પછી તો past tense જ લેવાનો છે.

He has not been well since he has gone to Bombay અને It is five months since he has been going to them એમ બોલવું તદન ખોટું છે, કેમકે *since* તો વખતનો કોઈ પણ ભાગ એટલે અ ગ્રેજીમાં point of time બતાવેછે, તેથી આ વાકયોમાં આવનાર ક્રિયાપદની જોડે એ વપરાય નહીં.

587. *For* five days કે *for* three months માં *for* નહીં બોલવામાં આવે તો ચાલે, પણ *since* Saturday last

અને **since his father went to Bombay** માં *since* નો બોલવો જોઈએ.

588. It is two years *since* his brother went to Bombay બોલાય છે તેમ It is one year *since* he left school પણ બોલાયછે. એ ઉપરથી જાણવાનું એ છે કે *It is* ની પછી singular અને plural બને number નું noun આવેછે.

589. *It is* ની પછી જેમ બને number નાં nouns આવેછે તેમ ત્રણે genders નાં નામ પણ આવેછે. જેમકે, It is a man. It is a woman. It is a child It is Bhaidas. It is Rambai. It is Third Book Part I

The word કે.

590. કે બોલને માટે અંગ્રેજીમાં જૂદા જૂદા શબ્દો આવેછે તે *if, that, or, and, when* અને *to* છે. 'પૂછો કે તે ઘેર છે' માં *if*, 'કહો કે માં' *that*, 'આ કે પેલું માં' *or*, 'ત્યાં જશો કે તમને માલમ પડશે' માં *and*, 'તે ઝડપથી દોડતો હતો કે પડી ગયો' માં *when*, અને 'તેને કહો કે બેસ' માં *to*

591. ઉપલી કલમમાં *if* વગેરેના ગુજરાતીમાં જે દાખલા આપ્યા છે તેનું અંગ્રેજી Ask *if* he is at home. Tell him *that* he should go to school. He wants this book *or* that slate. Go there *and* you will see. He was running fast *when* he fell down. Tell him *to* sit

592. કોઈવાર પૂછ ક્રિયાપદની પછી એ બોલ એવી રીતે વપરાયછે કે અંગ્રેજીમાં પડતો મૂકવો પડેછે. જેમકે,

તેને પૂછો કે કેટલા વાગ્યા Ask him what o'clock it is. વળી 'તે કહેછે કે હું આવીશ' નું જેમ છે તેમ અંગ્રેજી કરવામાં આવેછે ત્યારે કે બોલવાનો નથી. તેથી એ વાક્યનું અંગ્રેજી He says. "I will come." વખતે ગુજરાતીમાં કે અર્થ્યાહાર્યે હોયછે, પણ અંગ્રેજીમાં તેને માટે *or* બોલવોજ જોઇયે. જેમકે, ચાર પાંચ માણસ four *or* five men, બે ત્રણ દહાડા two *or* three days. વળી સવાલ પૂછવાના વાક્યમાં કે બોલવામાં આવેછે, પણ અંગ્રેજીમાં નથી બોલાતો. જેમકે, 'તમે આવશો કે?' Will you come?

The word જ.

593. જને માટે અંગ્રેજીમાં *only, already, the very, the same* અને *at all* છે. વાહાલા, મને એજ ચોપડી જોઇયે છુઇયે I want *only* this book. તેણે તો તે કરેલું જ છે He has done that *already.* એજ વાડી This is *the very* garden. પાછું તેનું તેજ કરો Do *the same* again. મેં તો કંઇજ નથી આપ્યું I have not given any thing *at all* અથવા I have given nothing *at all.*

The word ઉપર.

594. ઉપરનું અંગ્રેજી *on, over, above, ago* અને *up* થાયછે. *On* એટલે લાગેલું ઉપર. જેમકે, મેજઉપર ચોપડી છે There is a book *on* the table. *Over* અલગ ઉપર. જેમકે, માથા ઉપર છાપરૂં છે. The roof is *over* the head. *Above* કસાથી ઊંચું ઉપર. જેમકે, તે મારી ઉપર છે He is *above* me. નાક મોંની ઉપર છે The nose is *above* the mouth. *Ago* વખત બતાવનારૂં ઉપર. જેમકે, પાંચ દહાડા ઉપર Five days *ago,* અને *up* નીચે નહીં તે

ઉપર. જેમકે, તેને કહો કે ઉપર જાય કે જાઓ Tell him to go *up*.

The word એ ઉપરથી.

595. એ ઉપરથીનું અંગ્રેજી *from this* અથવા *upon this* થાયછે. એ ઉપરથી એમ માલમ પડેછે અથવા પડ્યું એમાં *from this* અને બીજે ઠેકાણે *upon this.* દાખલા, એ ઉપરથી માલમ પડેછે કે તમે જૂઠા છો *From this* it appears that you are a liar. એ ઉપરથી માલમ પડ્યું કે તે આવશે નહીં. *From this* it appeared that he would not come. એ ઉપરથી તેણે મને ગાળ દીધી *Upon this* he abused me. એ ઉપરથી તેના ભાઈએ તે છોકરાને બહુ માર્યો *Upon this* his brother beat that boy much.

596. *From this* અને *Upon this* એ બેમાં પહેલું present અને past બને tenses માં વપરાયછે, અને બીજું ઘણું કરીને past માં વપરાયછે.

The word જાણે અથવા જાણેકે.

597. જાણે અથવા જાણેકે નું અંગ્રેજી *as if* અથવા *as it were* થાયછે. ઉદાહરણ, તે જાણે રાજા હોયની એમ ચાલેછે He acts *as if* he were a king આ નિશાળ જાણેકે પાઠશાળા હોયની એવી છે This school is a college *as it were*. પહેલા ગુજરાતી વાક્યમાંથી એમ ચાલેછે કાઢી નાખવામાં આવે તો જે રહે તેનું અંગ્રેજી He is a king *as it were*, અને બીજામાં એવી છે ને ઠેકાણે એવી દેખાયછે બોલવામાં આવે તો અંગ્રેજીમાં This school looks *as if* it were a college.

The word **બેસીને.**

598. **બેસીને** જેનું અંગ્રેજી ***having sat*** છે તેને માટે વખતે *in by*, અને *on* બોલવામાં આવેછે. જેમકે, તે વહાણમાં **બેસીને** પોતાને શેહેર ગયો He went to his native city *in* a ship. તે આગગાડીમાં **બેસીને** સુરત આવ્યો He came to Surat *by* the railway train. તે તેની પીઠપર **બેસીને** ઘેર ગયો He went home *on* his back.

The word **નહીં તો અથવા નહીંતર.**

599. **નહીં તો** કે **નહીંતર**નું અંગ્રેજી *or*, *otherwise* કે *or else* થાયછે. જેમકે, તમે તેની પાસે જાઓ **નહીં તો** તે તમારા ઉપર ગુસ્સે થશે Go to him *or* he will be angry with you. ઉતાવળ કરો **નહીંતર** મોડું થશે Make haste, *otherwise* you will be late. નિશાળે વખતસર જાઓ **નહીં તો** મહેતાજી તમને સજા કરશે Go to school in time, *or else* the master will punish you.

600. **નહીં તો** કોઈવાર *if not*ની બરાબર હોયછે. ઉપલી કલમમાં *if not* વાપરવામાં આવે તો If you do not go to him, he will be angry with you. If you do not make haste, you will be late. If you do not go to school in time, the master will punish you એ પ્રમાણે બોલાય.

The word **રખે અથવા રખેને.**

601. **રખે** અથવા **રખેને**નું અંગ્રેજી *lest* કે *take care* થાયછે. ઉદાહરણ, **રખે** તે તંગીમાં આવી પડે તેટલા સારૂ તે બહુ કરકસર કરેછે He is very frugal *lest* he should come to want. તમે ત્યાં જાઓછો તો ખરા પણ **રખેને**

કોગળીઆમાં સાફ થઈ જતા you are going there, but *take care* you are not carried off by cholera.

602. રખેને કોઈવાર જોજોહોંની બરાબર છે. જેમકે, તમે બજારમાં કંઈ સામન લેવા જાઓછો તો ખરા, પણ જોજોહોં છેતરાઈ નહીં આવો You are going to the market to buy some furniture, but *take care* you are not deceived. *Take care* ને બદલે *Take heed* અથવા *Mind* બોલાય. *Take care* વગેરેની પછી subjunctive mood આવેછે. જેમકે, "Take heed that no man *deceive* you."—New Testament. પણ બોલવામાં indicative વપરાયછે ખરો. જેમકે, 'Take heed that no man *deceives* you.'

603. રખેને અને જોજોહોંમાં ફેર એ છે કે રખેને વાપરવામાં આવેછે ત્યારે ક્રિયાપદ હકારમાં અને જોજોહોં બોલવામાં આવેછે ત્યારે નકારમાં લેવાનો છે. એજ પ્રમાણે અંગ્રેજીમાં *lest*ની પછી verb હકારમાં એટલે affirmative, અને *take care* વગેરેની પછી નકારમાં એટલે negative હોયછે. એ ઉપરથી રખેને = *lest*, અને જોજોહોં = *Take care* વગેરે છે એમ યાદ રાખવું.

604. *Lesan* = to dismiss ના past participle *lessed* ઉપરથી *lest* નીકળેલો છે જો 'He is very frugal *lest* he should come to want' માંથી 'He is very frugal' કાઢી નાખવામાં આવે તો તે તંગીમાં આવી પડે.

605. રખેને ની પહેલાંનો ભાગ વખતે પ્રત્યક્ષ બોલવામાં આવતો નથી, પણ જ્યાં એમ હોય ત્યાં તે અધ્યાહાર્યે સમજવાનો છે. જેમકે, રખેને તેને સજા થાય He is afraid *lest* he should be punished.

The word સિવાય.

606. **સિવાય** ને માટે અંગ્રેજીમાં *but, except, besides,* અને *without* લેવાના છે. દાખલા, All came *but* અથવા *except* that *boy* તે છોકરા સિવાય બધા આવ્યા એટલે બધા આવ્યા પણ તે છોકરો નહીં આવ્યો. All came *besides* that boy તે છોકરા સિવાય બધા આવ્યા એટલે બધા આવ્યા અને તે છોકરો પણ આવ્યો. All came *without* that boy બધા તે છોકરા સિવાય આવ્યા એટલે બધા તે છોકરાને મૂકીને આવ્યા. *Except* ને બદલે *save* વપરાય.

The word જોઈએ.

607. વિધિવર્તમાન કાળના રૂપનઃ ક્રિયાપદની પછી જોઈએ નું અંગ્રેજી *should* કરવાનું છે. જેમકે, તમારે તેની પાસે જવું જોઈએ you *should* go to him. તેણે તે ચોપડી તમને આપવી જોઈએ He *should* give you that book તે છોકરાએ તે પુસ્તક વાંચવું જોઈએ That boy *should* read that book.

608. નામ, સર્વનામ, અને સંખ્યા વિશેષણની પછી જોઈએ એટલે *want*. જેમકે, તેને પાંચ રૂપીઆ જોઈએ He *wants* five rupees. તેને તે જોઈએ He *wants* that તેઓને તો ચાર જોઈએ *They want* four.

609. જ્યારે જેને જોઈએ તે નામ અથવા સર્વનામ પ્રત્યક્ષ ન હોય ત્યારે જોઈએ નું અંગ્રેજી passive voice માં *is wanted* કે *are wanted* કરવું. જેમકે, એક ચોપડી જોઈએ One book *is wanted.* પાંચ રૂપીઆ જોઈએ Five rupees *are wanted.*

610. 'પાંચ રૂપીઆ જોઈએ' ને માટે 'Five rupees are wanted' છે તેમ 'Five rupees are wanting' પણ

છે. પહેલાનો અર્થ એવો કે પાંચ રૂપીઆની જરૂર છે, અને બીજાનો એવો કે પાંચ રૂપીઆની ઘટ છે.

611. જ્યારે જોઈએ પ્રત્યક્ષ બોલવામાં આવતો નથી તોપણ અંગ્રેજીમાં *should* બોલ્યાવગર ચાલેજ નહીં. જેમકે, તમારે તેની પાસે તે ચોપડી લેવી You *should* take that book from him. *Should* ની માફક *must* અને *ought to* પણ જોઈએ ને માટે વપરાય. તમારે તમારા પાઠ કરવા You *must* prepare your lessons. તમારે તમારાં માબાપ [illegible] તેટલી સેવા બજાવવી You *ought to* serve your parents as much as you can.

The word જોઈતું હતું.

612. જોઈએ ની માફક જોઈતું હતું [illegible]માન કાળના ક્રિયાપદની પછી આવે ત્યારે એનું અંગ્રેજી *should have* કરવું. જેમકે, તમારે ઘેર જવું જોઈતું હતું You *should have* gone home. તેણે નિશાળે આવવું જોઈતું હતું He *should have* come to school. તમારા ભાઈએ તે ચોપડી લેવી જોઈતી હતી Your brother *should have* bought that book.

613. નામ, સર્વનામ, અને વિશેષણની પછી જોઈતું હતું એટલે *wanted* જેમકે, તેના ભાઈને પાંચ રૂપીઆ જોઈતા હતા His brother *wanted* five rupees જમનાદાસને તે જોઈતું હતું Jamnadas *wanted* that. તે છોકરાને નવ જોઈતા હતા That boy *wanted* nine.

614. જેને જોઈતું હતું તે માણસ બોલવામાં ન આવે તો passive voice વાપરવો. જેમકે, પાંચ રૂપીઆ જોઈતા હતા Five rupees *were wanted*. એજ ગુજરાતી વાક્યને માટે Five rupees *were wanting* પણ બોલાય. પહેલા અંગ્રેજી

વાક્યનો અર્થ પાંચ રૂપીઆની જરૂર હતી, અને બીજાનો અર્થ પાંચ રૂપીઆની ઘટ હતી.

615. કરવું જોઈએ, બોલવું જોઈએમાં જેમ જોઈએ વખતે બોલવામાં આવતો નથી તેમ કરવું જોઈતું હતું, બોલવું જોઈતું હતુંમાં જોઈતું બોલવામાં ન આવે તો ચાલે. જેમકે, તમારે તે કરવું હતું You *should have* done that. તેઓએ તેની પાસે થોડા રૂપીઆ લેવા હતા They *should have* taken a few rupees from him. તેણે તે માણસને એક રૂપીઓ આપવો હતો He *should have* given one rupee to that man.

616. *Should have* ને ઠેકાણે *must have* અને *ought to have* વપરાય. જેમકે, તેના બાપે એમ કહેવું નહોતું જોઈતું His father *must not have* said so. તે છોકરાએ પોતાના મહેતાજીનો હુકમ માનવો જોઈતો હતો That boy *ought to have* submitted to his master's order.

The word જેટલું.

617. ગુજરાતીમાં જેટલુંની જોડે તેટલું બોલવાનો ચાલ છે. એ બેમાંથી જેટલું પહેલું અને તેટલું પછી બોલવામાં આવેછે. જેમકે, મને જેટલું જોઈએ તેટલું આપો. પણ અંગ્રેજીમાં એથી ઉલટું છે, એટલે તેટલું પહેલું અને જેટલું પછીથી લેવાનું છે.

618. જ્યારે જેટલું ની પછી કોઈ નામ કે વિશેષણ બોલવામાં નહીં આવે ત્યારે એનું અંગ્રેજી *as* કરવું, અને તેટલું નું હકારમાં *as much* અને નકારમાં *so much* કરવું. ઉદાહરણ, મને જેટલું જોઈએ તેટલું આપો Give me *as much as* I want. તેને જેટલું જોઈએ તેટલું આપતા ના Do not give him *so much as* he wants.

619. વખતે જેટલું પ્રત્યક્ષ બોલવામાં આવતું નથી, પણ અંગ્રેજી કરતી વખતે તે અધ્યાહાર્ય છે એમ સમજવાનું છે. જેમકે, તમારા ભાઈએ મને જોઈએ તેટલું આપ્યું Your brother gave me *as much as* I wanted. તે માણસે તેઓને જોઈએ તેટલું આપ્યું નહીં That man did not give them *so much as* they wanted.

620. જેટલું ની પછી વિશેષણ આવે ત્યારે એનું અંગ્રેજી *as* અને તેટલું નું પણ એવે ઠેકાણે હકારમાં *as* અને નકારમાં *so* કરવું. જેમકે, તમારા ભાઈના જેટલો તે સારો છે He is *as good as* your brother. તે તમારા જેટલો હોશિયાર નથી He is not *so clever as* you.

621. ઉપલી કલમમાં જે બે ગુજરાતી વાક્યો છે તેમાંના પહેલાની બરાબર 'તમારો ભાઈ જેટલો હોશિયાર છે તેટલો તે હોશિયાર નથી.' આ પ્રમાણે ગુજરાતીમાં બોલાતું નથી, પણ અંગ્રેજી કરતી વખતે એવી રીતે ફેરફાર કરવાથી બરોબર સમજ પડે એવું છે. વળી એમ પણ યાદ રાખવું કામનું છે કે ગુજરાતીમાં જેટલો ની જોડે વિશેષણ આવેછે, પણ અંગ્રેજીમાં તેટલો ની જોડે આવેછે.

622. જેટલા ની પહેલાં જે નામ કે સર્વનામ આવેછે તેની બાબતમાં છઠ્ઠી વિભક્તિ બોલવાનો ગુજરાતીમાં ચાલ છે. જેમકે, રામભાઈના જેટલા તમે પ્રમાણિક છો. તેના જેટલો તમારો દોસ્તદાર મજબૂત છે, પરંતુ અંગ્રેજીમાં તો જે બે જાણનો મુકાબલો હોય તે બનેની વિભક્તિ સરખીજ હોવી જોઈએ. પહેલા વાક્યમાં તમે અને રામભાઈ વચ્ચે મુકાબલો છે, અને તમે પહેલીમાં છે તેથી રામભાઈ પણ પહેલીમાં આવવો જોઈએ. બીજા વાક્યમાં દોસ્તદાર અને તેની વચ્ચે મુકાબલો છે તેથી તેના જે છઠ્ઠીમાં છે તેની પહેલી તે કરવી જોઈએ.

623. જેટલું એકલું આવેછે ત્યારે એનું અંગ્રેજી *as* અને તેટલુંનું હકારમાં *as much* અને નકારમાં *so much* થાયછે, અને એની પછી વિશેષણ આવેછે ત્યારે એનું અંગ્રેજી *as* અને તેટલુંનું પણ હકારમાં *as* અને નકારમાં *so* થાયછે, તેથી વિશેષણ આવ્યું હોય ત્યારે હકારમાં *as much good, as much bad* વગેરે, અને નકારમાં *so much good, so much bad* વગેરે નહીં બોલતાં *as good, as bad* વગેરે અને *so good, so bad* વગેરે બોલવું.

624. જેટલું એકલું આવેછે ત્યારે એનું અંગ્રેજી *as* થાયછે, અને તેટલુંનું હકારમાં *as much* અને નકારમાં *so much* થાયછે તેમ જ્યારે એની પછી નામ આવેછે ત્યારે એનું *as* અને તેટલુંનું ઉપર પ્રમાણેજ થાયછે. જેમકે, તેની પાસે તમારા જેટલી ખાંડ છે He has *as much* sugar *as* you. તમારા ભાઈની પાસે તેના જેટલું દૂધ નથી Your brother has not *so much* milk *as* he.

625. કલમ ૬૨૨ માં જે ગુજરાતી વાક્યો આવેલાં છે તેમાં રામભાઈ અને તે છઠ્ઠીમાં છતાં અંગ્રેજીમાં પહેલીમાં લેવાનાં છે એમ બતાવ્યું છે, પણ એઓ accusative case માં આવે ખરા. જેમકે, રામભાઈના જેટલું તેણે મને આપ્યું He gave me *as much as* Rambhai. તેના જેટલું તેઓએ મને આપ્યું નહીં They did not give me *so much as* him.

626. ઉપલી કલમમાં જે બે અંગ્રેજી વાક્યો છે તેમાં *me* અને *Rambhai* ની વચ્ચે મૂકાયલો છે તેથી *Rambhai* accusative case માં છે, પણ *he* અને *Rambhai* વચ્ચે મૂકાયલો હોય તો *Rambhai* nominative માં ગણાય. જો 'રામભાઈએ તમને મારા જેટલું આપ્યું' એમ હોય તો Rambhai gave you *as much as* me બોલવું. નકારમાં

Rambhai did not give you *so much as* me. આ વાક્યનો અર્થ એવો કે રામભાઈ આપનાર છે, અને તમે અને હું લેનાર છુઈએ. એજ વાક્યમાં *as I* હોય તો એવો અર્થ થાય કે રામભાઈ અને હું આપનાર છુઈએ અને તમે લેનાર છો. 'તમારા જેટલી રામભાઈની ચોપડી સારી છે'માં એક તરફ તમારી ચોપડી અને બીજી તરફ રામભાઈની ચોપડી છે તેથી અંગ્રેજીમાં છુટ્ટી વિભક્તિ લઈ શકાય. Rambhai's book is *as good as* yours. નકારમાં Rambhai's book is not *so good as* yours.

627. ઉપલી બે કલમોમાં જેટલું એકલું આવેલું છે, પણ એની પછી દૂધ નામ બોલવામાં આવે તો રામભાઈના જેટલું દૂધ તેણે મને આપ્યું, રામભાઈના જેટલું દૂધ તેણે મને આપ્યું નહીં, રામભાઈએ તમને મારા જેટલું દૂધ આપ્યું, અને રામભાઈએ તમને મારા જેટલું દૂધ આપ્યું નહીં એ પ્રમાણે થાય. અંગ્રેજીમાં He gave me *as much* milk *as* Rambhai. He did not give me *so much* milk *as* Rambhai. Rambhai gave you *as much* milk *as* me. Rambhai did not give you *so much* milk *as* me.

628. જેટલું અને તેટલું ની બાબતમાં જે નિયમો આપેલા છે તે જેટલાં અને તેટલાં ને પણ લાગુ પડે છે. ઉદાહરણ, મને જેટલાં જોઈએ તેટલાં આપો Give me *as many as* I want. તેને જોઈએ તેટલાં આપતાના Do not give him *so many as* he wants. તમારા ભાઈએ મને જોઈએ તેટલાં આપ્યાં Your brother gave me *as many as* I wanted. તે માણસે તેઓને જોઈએ તેટલાં આપ્યાં નહીં That man did not give them *so many as* they wanted. તેની પાસે તમારા જેટલી ચોપડી છે He has *as many* books *as* you. તેના ભાઈ પાસે તમારા જેટલાં

રમકડાં નથી His brother has not *so many* toys *as* you. રામભાઈના જેટલાં તેણે મને આપ્યાં He gave me *as many as* Rambhai. તમારા જેટલાં તેણે મને આપ્યાં નહીં He did not give me *so many as* you. રામભાઈએ તમને મારા જેટલાં આપ્યાં Rambhai gave you *as many as* me. રામભાઈએ તમને મારા જેટલાં આપ્યાં નહીં Rambhai did not give you *so many as* me. રામભાઈના જેટલા ખડિયા તેણે મને આપ્યા He gave me *as many* inkstands *as* Rambhai. તમારા જેટલા ખડિયા તેણે મને આપ્યા નહીં He did not give me *so many* inkstands *as* you. રામભાઈએ તમને મારા જેટલી કલમ આપી Rambhai gave you *as many* pens *as* me. રામભાઈએ તમને મારા જેટલી કલમ આપી નહીં Rambhai did not give you *so many* pens *as* me.

629. As much sugar, so much sugar, અને as much milk અને so much milk માંથી *as* અને *so* કાઢી નાખવામાં આવે તો *much sugar* અને *much milk* રહે. જેમાં *much* નો અર્થ ઘણી અને ઘણું કરવાનો છે Sugar અને milk નામ છે, તેથી *much* આવેલો છે, પણ *good* અને *large* વિશેષણ આવે તો *much* નહીં પણ *very* બોલવો. જેમકે, આ માણસ ઘણો સારો છે This man is *very* good. આ ઘર ઘણું મોટું છે This house is *very* large.

630. ઉપલી કલમમાં આવેલાં વાક્યોમાં માણસના મુકાબલામાં કોઈ બીજો માણસ નથી તેમ ઘરના મુકાબલામાં કોઈ બીજું ઘર પણ નથી. પણ મુકાબલાની વાત હોય ત્યારે ઘણો જે *very* છે તેનો *much* કરવો, અને ઘણું જે *very* છે તેનો પણ *much* કરવો. એટલું કીધા પછી સારાને માટે

better, અને મોટું ને માટે *larger* બોલવું. ઉદાહરણ, પેલા માણસ કરતાં આ માણસ ઘણો સારો છે This man is *much better* than that (man). તે ઘર કરતાં આ ઘર ઘણું મોટું છે This house is *much larger* than that (house).

631. 'Your brother has not so much milk as he' છે તેમાં *not* આવેલો છે તેનું કારણ એ કે એ વાક્યમાં મૂકાયલો છે, પણ જ્યારે મૂકાયલાની વાત નહીં હોય એટલે 'તમારા ભાઈપાસે દૂધ નથી' એટલુંજ હોય તો તેમાં *not* નહીં પણ *no* બોલવો. તેથી એ ગુજરાતી વાક્યનું અંગ્રેજી Your brother has *no* milk. એવે ઠેકાણે *not* બોલવો હોય તો Your brother has *not any* milk એમ બોલાય ખરૂં, પણ *no* બોલવો એ વધારે સારૂં છે.

ઉવેલ્સ પાઠમાળા ભાગ પહેલામાં આવેલા ખાશ ક્રિયાપદ વિશે અગત્યની ટીકા.

The verb Bleed.

632. *Bleed* intransitive હોયછે ત્યારે એનો અર્થ **માંથી લોહી નીકળ** થાયછે. જેમકે, તેની આંગળીમાંથી બહુ લોહી નીકળેછે His finger *bleeds* much. તેના હાથમાંથી બહુ લોહી નીકળ્યું? Did his arm *bleed* much? તેના માથામાંથી બહુ લોહી નીકળ્યું છે His head has *bled* much.

633. ઉપલી કલમમાં આવેલાં ગુજરાતી વાક્યોને માટે અંગ્રેજીમાં જે આપેલું છે તે ઉપરથી જાણવાનું કે **માંથી લોહી નીકળેછે**, **માંથી લોહી નીકળ્યું**, અને **માંથી લોહી નીકળ્યું છે**, એ બધામાં **માંથી** જાણે છેજ નહીં એમ સમજીને તરજૂમો કરવાનો છે, એટલે તેની આંગળી બહુ લોહી નીકળેછે, તેનો હાથ બહુ લોહી નીકળ્યું, અને તેનું માથું બહુ

લોહી નીકળ્યું છે એમ હોય તેમ અંગ્રેજીમાં બોલવાનું છે. વળી યાદ રાખવાનું એ કે એ બધાં ગુજરાતી વાક્યોમાં **લોહી** અને **નીકળ**નો તરજૂમો જૂદો જૂદો નહીં પણ subject ના number અને verb ના tense પ્રમાણે એકઠોજ *bleeds* વગેરેથી કરવાનો છે. **લોહી નીકળે છે** માં **લોહી**ની પહેલાં બહુ છે તે વિશેષણ છે પણ અંગ્રેજીમાં એને adverb તરીકે લેવાનો છે, એટલે એને માટે ફક્ત *much* બોલવાનો છે.

634. *Bleed* transitive તરીકે વપરાયછે ત્યારે એનો અર્થ **ની ફસ ખોલ** કરવાનો છે. જેમકે, એના હાથની ફસ ખોલવી એ સારૂં છે It is good to *bleed* his arm. **ની ફસ ખોલ**માં **ની** છે તે ઉપલી કલમમાં આવેલા **માંથી**ની માફક અંગ્રેજીમાં બોલાય નહીં. એટલે to *bleed of his* arm બોલવું ખોટું ગણાય. જેમ **લોહી** અને **નીકળ** એકઠા લેવાના છે તેમ **ફસ** અને **ખોલ** પણ જોડેજ બોલવાના છે.

The verb **Sweep**.

635. *Sweep* એ transitive verb છે, અને એનો અર્થ **નો પુંજો કાઢ** થાયછે. જેમકે, તે ચાકર તે કોટડીનો પુંજો કાઢેછે That servant *sweeps* that room. *Sweep* નો અર્થ સાધારણ રીતે **વાળ** કરવાનો છે, તેથી ઉપલી કલમમાં છે તેમ જ્યારે **નો પુંજો કાઢેછે** હોય ત્યારે એ બધુ **વાળેછે**ની બરાબર છે, એમ સમજીને *sweep*, *sweeps*, કે *swept* number અને tense પ્રમાણે બોલવું. *Sweep of sweeps of, swept of* વગેરે બોલવું ખોટું ગણાય. **લોહી** અને **નીકળ** અને **ફસ** અને **ખોલ**ની માફક **પુંજો** અને **કાઢ** જૂદા જૂદા નહીં પણ એકઠાજ લેવાના છે.

The verb **Preserve**.

636. *Preserve* એ transitive verb છે, અને એનો અર્થ **બચાવ** થાયછે. વખતે એને માટે **નું જતન કર**

બોલવામાં આવેછે, તેથી જ્યારે નું જતન કરેછેનું અંગ્રેજી કરવું હોય ત્યારે એ બધું બચાવેછેની બરાબર છે એમ સમજીને *preserve* કે *preserves* number પ્રમાણે બોલવાનું છે. જેમકે, પરમેશ્વર બધા માણસનું જતન કરેછે God *preserves* all men *Of* all men બોલવું નહીં.

637. ઉપલી કલમમાં આવેલા ગુજરાતી વાક્યમાં નું જતન કરેછે = ને બચાવેછે થાયછે તેમાં ને ને માટે *to* બોલવાનું નથી, કારણ કે અંગરેજી એ ને લાગ્યાથી માણસ ચોથી એટલે dative case માં છે તોપણ બચાવેછે કંઈ બે કર્મવાળો સકર્મક ક્રિયાપદ નથી, તેથી માણસને બીજીમાં છે એમ સમજીને અંગ્રેજીમાં એકલું *men* બોલવાનું છે. જતન કરમાં પણ જતન અને કર નું અંગ્રેજી એકજ કરવાનું છે.

The verb **Smell.**

638. *Smell* અંગ્રેજીમાં transitive verb હોયછે ત્યારે એનો અર્થ ની વાસ આવ થાયછે. એનો past tense અને past participle બન્ને *smelt* છે. જેમકે, તે માણસને સારા ફૂલની વાસ આવી That man *smelt* a good flower. તેને નઠારા ફૂલની વાસ આવી છે He has *smelt* a bad flower.

639. ઉપલી કલમમાં આવેલાં ગુજરાતી વાક્યોમાં વાસ કર્તા છે, પણ અંગ્રેજીમાં તો જેને વાસ આવી હોય તેને subject બનાવવો. એમાંના પહેલા વાક્યમાં માણસને વાસ આવી છે તેથી માણસને ને કર્તા કરવો એટલે એમાંથી ને કાઢીનાખીને એકલો માણસ રાખવો. એ પ્રમાણે કરવાથી *man* subject થયો, અને બીજા વાક્યમાં એ પ્રમાણે કરવાથી *He* subject થયો, અને વાસ આવી = *smelt* થયું. એ ઉપરથી તે માણસને વાસ આવી = That man *smelt*, અને તેને વાસ આવી = He *smelt*. એટલું કાધા પછી જેની

વાસ આવી હોય, તેમાંથી **ની** કાઢીનાખીને જે રહે તેને object બનાવવો. એવી રીતે **ફૂલની** માંથી **ની** કાઢીનાખવાથી ફૂલ એટલે flower object થયો. તેથી આખું વાક્ય That man *smelt* a good flower, અને He smelt a bad flower. ઉપલી કલમમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે **વાસ આવ** નો એકેકો તરજુમો કરવો. વળી એટલું યાદ રાખવું કામનું છે કે તે માણસને સારા ફૂલની પાસ આવી = તે માણસે સારૂં ફૂલ સૂંઘ્યું.

The verb **Cost.**

640. *Cost* એટલે **ના બેસ** અથવા **એ પડ**. એ transitive verb છે. જેમકે, તે ચોપડીના ચાર આના બેઠા That book *cost* four annas. તે ચોપડી **ચાર આના+એ** = આને પડી નું પણ એજ અંગ્રેજી છે. એ બને ગુજરાતી વાક્યોમાં **આના** કર્તા છે, પણ અંગ્રેજીમાં એનોએજ કર્તા નહીં રાખતાં **ચોપડી** ને કર્તા કરવો, એટલે પહેલા વાક્યમાં **ચોપડીના** છે તેમાંથી **ના** જુદા પાડીને **બેઠા** જોડે લેવો, એટલે **ના બેઠા** થયું. એ **ના બેઠા** નું અંગ્રેજી *cost* કરવું. બીજા વાક્યમાં પણ **ચોપડી** ને કર્તા સમજવો, અને **ચાર આને** માં જે **એ** છે તે છૂટો પાડીને **પડી** જોડે લેવો એટલે **એ પડી** થયું તેનું અંગ્રેજી *cost*. બેઠાની બાબતમાં **ના** ને માટે *of* અને **પડી** ની બાબતમાં **એ** ને માટે *at* કે બીજું કંઇ બોલવું નહીં.

641. ઉપલી કલમમાં કોને ચાર આના બેઠા અથવા કોને ચાર આને પડી એ આવ્યું નથી, પણ એવી તરેહનું બતાવવું હોય ત્યારે *cost* ની પછી અને ચાર આના કે પછી ગમે તે મૂલ હોય તેની પહેલાં જેને બેઠા હોય કે જેને પડી હોય તેનું નામ અથવા નામને ઠેકાણે આવતું સર્વનામ બોલવું. જેમકે, તે ચોપડીના મારા ભાઇને બે રૂપીઆ બેઠા અથવા તે ચોપડી

મારા ભાઈને બે રૂપીએ પડી That book *cost* my brother two rupees

642 ઉપલી કલમમાં મારા ભાઈને માં જે ને છે તેને માટે *to* બોલવામાં આવ્યું નથી તેનું કારણ એ કે એ ગુજરાતી વાક્યમાં મારા ભાઈને જે અનુપસ્થ કર્મ છે તે રૂપીઆ જે ઉપસ્થ કર્મ છે તેની પહેલાં આવેલું છે. જો એ પછીથી આવે તો That book *cost* two rupees to my brother બોલાય. પણ બોલવાનો ધારો તો એવો છે કે અનુપસ્થ કર્મ એટલે indirect object પહેલો લેવો. *Cost* બે object વાળો transitive verb છે, અને એનો past tense અને past participle બંને *cost* છે.

The verb **Feel**.

643 *Feel* નો અર્થ ઉપર હાથ ફેરવી જોવું થાય છે. અને એવે અર્થે એ transitive છે. જેમકે, તેને કહો કે તે કાગળ ઉપર હાથ ફેરવી જો Tell him to *feel* that paper એ verb ને વાપરવાની બાબતમાં નિયમ એવો છે કે જે વસ્તુ ઉપર હાથ ફેરવી જોવાનું હોય તે વસ્તુનું અંગ્રેજી કરતી વખત ઉપર હાથ ફેરવી જોવું નો છૂટો છૂટો તરજૂમો કરવાને બદલે એ verb જ બોલીને તે વસ્તુ બોલવી. *Feel* નો past tense અને past participle બંને *felt* છે. To feel the pulse એટલે નાડ જોવી.

The verb **Sting**.

644. *Sting* એટલે ડંખવું એ એક object વાળો transitive verb છે તેથી એની બાબતમાં ગુજરાતીમાં ડંખાનારને ને લાગે છે તે અંગ્રેજીમાં લેવાનો નથી. જેમકે, તેના ભાઈને માખી ડંખી A fly stung his brother, *to* his brother નહીં. *Sting* નો past tense *stung* કે *stang* અને past participle *stung* છે.

The verb **Bark**.

645. *Bark* નો અર્થ ભસા કરવાનો છે. અંગ્રેજીમાં એ intransitive verb છે. ગુજરાતીમાં એ ક્રિયાપદને વાપરતાં ને બોલવામાં આવેછે, પણ એ ને ને માટે *to* નહીં પણ *at* બોલવાનો છે. જેમકે, તેનો કુતરો તે માણસને ભસેછે. His dog *barks at* that man, *to* that man નહીં. *Bark* નો past tense અને past participle બને *barked* કરવાનાં છે.

The verb **Wait**.

646. *Wait* intransitive verb છે અને એનો અર્થ ની રહા જોવી થાયછે. જેમકે, મેં તે માણસની બહુ રહા જોઈ I *waited for* that man much. એ verb ની બાબતમાં નિયમ એવો છે કે જેની રહા જોવાનું હોય તેની પછી ની હોય તેને માટે અંગ્રેજીમાં *for* બોલવો. *Wait* નો past tense *waited*, અને past participle પણ *waited* થાયછે.

The verb **Mistake**.

647. *Mistake* નો અર્થ ભુલથી જાણવું એ transitive verb છે. જેમકે, મે તે માણસને ભુલથી તમારો ભાઈ જાણ્યો I *mistook* that man *for* your brother. એ ક્રિયાપદને વાપરવા બાબત એમ છે કે જેને ભુલથી જાણવામાં આવે તેમાંથી ને કાઢી નાખીને જે રહે તે મુકવું, અને એમ કીધા પછી ભુલથી જે જાણવામાં આવે તેની પહેલાં *for* બોલીને વાક્ય પુરૂં કરવું. *Mistake* નો past tense *mistook*, અને past participle *mistaken*.

648. *Mistake* નો અર્થ વખતે ભુલ થાયછે. એમ હોયછે ત્યારે ગુજરાતીમાં મૂળબિંદમાં ભુતવર્તમાન કાળ આવ્યો હોય તોપણ અંગ્રેજીમાં passive voice માં present tense અને ભુતભુતકાળ હોય તો past tense લેવો. જેમકે, મને

માલમ પડેછે કે હું ભૂલ્યો છું I find that I am mistaken. મને માલમ પડ્યું કે હું ભૂલ્યો હતો I found that I was mistaken. એજ પ્રમાણે તમે ભૂલ્યા છો। You are mistaken. ગુજરાતી પ્રમાણે I have mistaken અને I had mistaken અને You have mistaken બોલવું વ્યાકરણના નિયમથી ઉલટું છે.

The verb **Lean.**

649. *Lean*નો અર્થ **અઢેલીને ઉભા રહે** થાયછે. જ્યારે અઢેલીને ઉભા રહેવાની વસ્તુ દેખાઇ આવેછે ત્યારે તેના ઉપર અઢેલીને ઉભા રહેનારના હાથ અથવા છાતી મૂકવામાં આવેછે. જેમકે, તે માણસ ખુરસીઉપર અઢેલીને ઉભો હતો That man was *leaning on* a chair. જ્યારે અઢેલીને ઉભા રહેવાની વસ્તુ દેખાય નહીં એવી હોય ત્યારે તેવી વસ્તુને એ લગાડવો, અને અંગ્રેજીમાં એ ને માટે *against* વાપરવો. જેમકે, તે છોકરો ભીંતે અઢેલીને ઉભો હતો That boy was *leaning against* the wall. તે માણસ ખુરસીપર અઢેલીને ઉભો હતો = તે માણસ ખુરસીપર પોતાના હાથ કે છાતી મૂકીને ઉભો હતો, અને તે છોકરો ભીંતે અઢેલીને ઉભો હતો = તે છોકરો પોતાની પીઠ ભીંતે અરકાડીને કે લગાડીને ઉભો હતો. **અઢેલીને ઉભા રહે**માં જેટલું આવેલું છે તે બધાનું જૂદું જૂદું અંગ્રેજી નહીં કરતાં બધાની બરાબર *lean* છે એમ સમજવું. *Lean* નો past tense અને past participle બને *leant* છે.

The verb **Understand.**

650. *Understand* એટલે **નું કહેવું સમજ.** જેમકે, તે તમારા ભાઇનું કહેવું સમજેછે He *understands* your brother. કહેવું સમજેછે નો છૂટો છૂટો તરજુમો કરવામાં આવે તો He *understands* what (that which) your

brother says થાય, પરંતુ એમ નહીં કરતાં your brother જ બોલવું. એવે ઠેકાણે સમજનારના પછી નું આવેછે તેને માટે અંગ્રેજીમાં *of* બોલવાનો નથી, પણ એમ સમજવાનું છે કે એ નું કહેવું સમજમાં જ સમાયલું છે. *Understand* નો past tense અને past participle બન્ને *understood* છે. ભાઈનું ને બદલે તેનું હોય તો *him* કે *her* બોલવું.

The verb Hear.

651. *Understand* નો અર્થ નું કહેવું સમજ થાયછે તેમ *hear* નો અર્થ નું કહેવું સાંભળ થાયછે. જેમકે, તે તમારા બાપનું કહેવું સાંભળેછે He *hears* your father. He hears what (that which) your father says એમ બોલવાની જરૂર નથી. *Hear* નો past tense *heard*, અને past participle પણ *heard* થાયછે. એ ગુજરાતી વાક્યમાં જે નું કે તે કહેવું સાંભળેછે માંજ આવી રહેલું છે એમ ગણીને તેને માટે *of* બોલવાનો નથી.

652. *Hear* ની પછી વખતે *of* બોલાયછે પણ ખરો, પણ અર્થ જુદો થાયછે. જેમકે, I hear of him. ગુજરાતીમાં હું તેને વિશે સાંભળુંછુ એટલે તેને વિશે અથવા તેની જે વાત થાયછે તે સાંભળુંછુ.

The verb Dream.

653. *Dream* એટલે સ્વપ્નું આવવું. એ ક્રિયાપદની બાબતમાં એમ છે કે જેને સ્વપ્નું આવે તે નામ હોય તો અંગ્રેજીમાં તે નામ પછીનો ને રાખવો નહીં, પણ ફકત તે નામનેજ subject તરીકે રાખીને સ્વપ્નું આવવાનું એકડું અંગ્રેજી કરવું. જેમકે, તેના ભાઈને રોજ સ્વપ્નું આવેછે. His brother *dreams* every day. જો જેને સ્વપ્નું આવે તે સર્વનામ હોય એટલે તેને, તમને, કે મને સ્વપ્નું આવ્યું

એમ હોય તો એ બધામાંથી ને કાઢીનાખીને પહેલી વિભક્તિનું રૂપ કરવું, એટલે તેનેનું તે = he કે she. તમનેનું તમે = you, અને મનેનું હું = I કરવો. *Dream* નો past tense અને past participle બને *dreamt* થાયછે.

The verb **Mean**.

654. *Mean* નો અર્થ કહેવા ઇચ્છા થાયછે ત્યારે કહેવા અને ઇચ્છા નો છૂટો છૂટો તરજૂમો કરવો નહીં. જેમકે, તે ઍલ અક્ષર કહેવા ઇચ્છેછે He *means* the letter *l*. He wishes to say the letter *l* એમ નહીં બોલવું. તેના ભાઇએ ખડિયો બોલ કહેવા ઇચ્છ્યો His brother *meant* the word ખડિયો. His brother wished to say the word ખડિયો નહીં. *mean* નો past tense અને past participle બને *meant* છે.

The verb **Wind**.

655. *Wind* એટલે લપેટ. એ ક્રિયાપદ બાબત એમ છે કે ગુજરાતીમાં ઉપર અથવા એ લપેટ બોલવામાં આવેછે, પણ અંગ્રેજીમાં એ ઉપર અથવા એને માટે આસપાસ એટલે *round* બોલવાનો છે. જેમકે, હું તેના માથાઉપર કે તેને માથ + એ = માથે લુગડાનો કકડો લપેટુંછુ I *wind* a piece of cloth *round* his head. *Wind* નો past tense *wound* અને past participle પણ *wound* છે.

The verb **Meet**.

656. *Meet* નો અર્થ ને મળ થાયછે. જેમકે, તે માણસ મને રોજ મળેછે I *meet* that man daily. ગુજરાતીમાં માણસ કર્તા છે, પણ અંગ્રેજીમાં તો જેને મળવાનું હોય તેને subject કરવાનો છે. આ વાક્યમાં મને મળેછે છે તેથી મને જે ચોથીમાં છે તેની પહેલી એટલે હું કરવાનો છે,

અને હું ને માટે *I* બોલવાનો છે. તેને મળેછે હોય તો તેને નો તે જાતિ પ્રમાણે *He* કે *she* લેવાનો છે, અને તેઓને મળેછે હોય તો તેઓને નો તેઓ એટલે *they* કરવાનો છે. *Meet* નો past tense અને past participle *met* થાયછે.

The verb **Tear to pieces**.

657. *Tear to pieces* એટલે ના કકડેકકડા કરીનાખ. જેમકે, તે રોજ મારા કાગળના કકડેકકડા કરીનાખેછે. He daily *tears* my paper to pieces. ગુજરાતીમાં કકડેકકડા કરીનાખવાની વસ્તુની પછી ના આવેછે તેને માટે અંગ્રેજીમાં *of* નહીં બોલતાં તે વસ્તુને *tear* અને *to pieces* ની વચ્ચે object તરીકે મૂકવી. *Tear* નો past tense *tore*, અને past participle *torn*.

658. ઉપલી કલમમાં આવેલા અંગ્રેજી વાક્યનું જેવું ગુજરાતી છે તેવું શી રીતે થાયછે એ બાબત ખુલાસો એ છે કે એને ઠેકાણે *to* કેટલે દરજ્જે એટલે ક્યાંસુધી કંઈ કામ થાયછે તે બતાવેછે. તેથી એ ગુજરાતી વાક્ય = તે રોજ મારો કાગળ કકડા સુધી ફાડી નાખેછે એટલે તે રોજ મારો કાગળ એટલે દરજ્જે ફાડી નાખેછે કે તેના કકડેકકડા થઈ જાયછે. એ પ્રમાણે એ અંગ્રેજી વાક્ય = He daily *tears* my paper so much as to reduce it to pieces અથવા He daily *tears* my paper so much that it is reduced to pieces અથવા pieces are made of it.

659. ઉપલી કલમમાં *to* નો જેવો અર્થ કરી બતાવ્યો છે તેવોજ અર્થ They beat him to death માં થાયછે. આ અંગ્રેજી વાક્યનું ગુજરાતી તેઓએ તેને મોત સુધી માર્યો એટલે એટલો માર્યો કે તે મરીગયો. They beat him so much that he died. **મોત સુધી માર્યો** એ કંઈ સારૂં લાગતું નથી, પણ મરતાસુધી માર્યો એમ બોલવાને હરકત નથી.

The verb **Make angry.**

660. *Make angry* નો અર્થ ખીજવ થાયછે. ખીજનાર વિશેષ નામ હોય તો તેની પછી ને હોય તે કાઢીનાખીને પહેલી વિભક્તિને રૂપેજ object તરીકે *make* અને *angry* વચ્ચે મૂકવો. જેમકે, તેણે ભાઈદાસને ખીજવ્યો He *made* Bhaidas *angry*. સામાન્ય નામની બાબતમા પણ એમજ કરવાનું છે. જેમકે, તે છોકરાને તમારે ખીજવવો નહીં You should not *make* that boy *angry*. જો ખીજનાર સર્વનામ હોય તો જાતિ, વચન અને પુરૂષ પ્રમાણે તેને વચ્ચે મૂકવો. જેમકે, તે તેને રોજ ખીજવેછે He *makes* him કે her *angry* daily. તે મને રોજ ખીજવેછે He *makes* me *angry* daily. તે તેઓને રોજ ખીજવેછે હોય તો He *makes* them *angry* daily.

661. *Make angry* નો ખરો અર્થ ગુસ્સે કર થાયછે, તેથી જ્યારે 'તેણે મને બહુ ખીજવ્યો' હોય ત્યારે એ બહુ angry જે adjective છે તેની પહેલાં મૂકવો. એમ કરવાથી એનું અંગ્રેજી *very* થવાનું. તેથી એ વાક્યનું અંગ્રેજી He *made* me *very angry* થયું. તેમજ તેણે તેઓને બહુ ખીજવ્યા હોય તો He *made* them *very angry* *Make* નો past tense *made* અને past participle પણ *made*.

The verb **Keep standing.**

662. *Keep standing* એટલે ઉભો રાખ. *Make angry* ની બાબતમાં જેમ object *make* અને *angry* ની વચ્ચે મૂકવાનો છે તેમ એ ક્રિયાપદની બાબતમાં પણ જેને ઉભો રાખવામાં આવે તે *keep* અને *standing* ની વચ્ચે *to* વગર આવેછે. જેમકે, તેઓ રામભાઈને રોજ ઉભો રાખેછે They *keep* Rambhai *standing* daily. મેં તે છોકરાને ઉભો

રાખ્યો I *kept* that boy *standing*. તેણે તેઓને ઉભા રાખ્યા છે. He has *kept* them *standing*.

663. *Make angry* માં *angry* adjective છે તેથી બહુનું અંગ્રેજી *very* થાયછે, પણ *keep standing* માં *standing* present participle છે તેથી બહુનું અંગ્રેજી *much* કરવાનું છે, અને એ *much standing*ની પછી લેવાનો છે. જેમકે, તેણે તમારા ભાઈને બહુ ઉભો રાખ્યો. He *kept* your brother *standing* much. *Much* ને ઠેકાણે *long* કે *for a long time* પણ બોલાય. એવે ઠેકાણે *much* adverb છે.

The verb Permit.

664. *Permit* નો અર્થ રજા આપ છે. એ ક્રિયાપદ બાબત એમ છે કે પહેલો રજા આપનાર, પછી રજા આપ, અને ત્યારપછી જેને રજા આપવામાં આવે તેની પછી જે આપેલી હોય તેને માટે અંગ્રેજીમાં *to* નહીં બોલીને જે કરવાને કે કરવાની રજા આપેલી હોય તે કામ infinitive mood માં કરી દેખાડવું. જેમકે, તેણે પોતાના છોકરાને રમવાની રજા આપી He *permitted* his son to play. તેઓએ તે છોકરાને ઘેર જવાની રજા આપી નહીં They did not *permit* that boy to go home. *Permit* નો past tense અને past participle *permitted*. રજા આપનો છુટો છુટો તરજુમો *give leave* થાયછે તે વાપરવામાં આવે તો He gave his son leave to play, અને They did not give that boy leave to go home.

665. *Permit* એ object વાળો transitive verb છે, કારણ કે જેને રજા આપવામાં આવેછે તે indirect object છે, અને જેની રજા આપવામાં આવેછે તે infinitive mood નો

verb direct object છે. તેથી બે object વાળા transitive verbs ની બાબતમાં જેમ બીજવાળા કર્મને passive voice માં subject કરવાનો છે તેમજ એ ક્રિયાપદની બાબતમાં કરવાનું છે. એ પ્રમાણે ઉપલી કલમમાં આવેલાં અંગ્રેજી વાક્યો 'He permitted his son to play' અને 'They did not permit that boy to go home' નું passive કરવું હોય તો His son was *permitted* to play by him, અને That boy was not *permitted* to go home by them.

666. ઉપલી કલમમાં આવેલાં વાક્યોમાંના પહેલામાં *to play=playing was permitted* નો object ગણવાનો છે તેમ He *permitted* me to enter the room નું passive I was *permitted* to enter the room by him છે તેમાં *to enter = entrance into* છે તેને પણ *was permitted* નો object સમજવાનો છે. એ પ્રમાણે ફેરવેલું વાક્ય I was *permitted* entrance into the room by him.

667. *Send, despise, see, worship, hate, bite, beat, punish, defeat,* વગેરે એક object વાળા transitive verbs છે તેથી એઓની જોડે ગુજરાતીમાં ને આવેછે તેને માટે અંગ્રેજીમાં *to* લેવાનો નથી. ઉદાહરણ, તે પોતાના છોકરાને રોજ નિશાળે મોકલેછે He *sends* his son to school every day. તમારે તે માણસને ધિક્કારવો નહીં જોઈએ you should not *despise* that man. હું ભાઈદાસને રોજ જોઉંછું I *see* Bhaidas daily. પરમેશ્વરને રોજ ભજવો એ સારૂં છે It is good to *worship* God daily તમારે પાપને ધિક્કારવું જોઈએ you should *hate* sin. તે કૂતરો ઘણા માણસને રોજ કરડેછે That dog *bites* many men every day. તે છોકરાને તમે મારો તો ઠીક

You had better *beat* that boy. એવી ભૂલને માટે તે પોતાના છોકરાને રોજ સજા કરેછે He daily *punishes* his son for such a fault. તે માણસને હરાવવો એ સહેલું નથી It is not easy to *defeat* that man.

The adverb **There**.

668. *Existence* બતાવનાર verb *is was* વગેરેની જોડે *there* આવેછે ત્યારે જે નિયમ પ્રમાણે ચાલવાનું છે તે નિયમ પાઠમાળાના પહેલા ભાગમાં આપ્યા પ્રમાણે એવો છે કે કોઈની વાત કરવી હોય તો શરૂમાંજ *there* વાપરવાનો છે. જેમકે, એક રાજા હતો There was a king. બે માણસ હતાં There were two men. જમનાદાસ કરીને એક છોકરો હતો There was a boy named Jamnadas.

669. ઉપલી કલમમાં *there* ને માટે જે આપેલું છે તે સિવાય એની બાબતમાં બીજું કહેવાનું એ છે કે જ્યારે કશામાં, કશાઉપર, કશાની પાછળ, કશાની આગળ, કશાની પાસે વગેરે શરૂઆતમાં એટલે હોવાની વસ્તુની આગમજ આવેછે ત્યારે પણ *there* થીજ આરંભ કરવાનો છે. જેમકે, તે ઓરડામાં દસ માણસ છે There are ten men in that room. તેના માથા ઉપર ટોપી છે There is a cap on his head. મારા ઘરની પાછળ મોટો કૂવો છે There is a large well behind my house. તેના બારણા આગળ ઘણા લોક હતા There were many people before his door. તે ઘરની પાસે ઘણા છોકરા હતા There were many boys near that house.

670. હોવાની વસ્તુ પહેલેથીજ લેવામાં આવે તો *there* બોલવો નહીં. જેમકે, કોથળી પેટીમાં છે The bag is in

the box. પાઘડી માથા ઉપર છે The turban is on the head. કૂવો ઘરની પાછળ છે The well is behind the house. છોકરો બારણા આગળ હતો The boy was before the door. છોડીઓ ઘરની પાસે હતી The girls were near the house.

671 ઉપની કલમમાં *there* ક્યારે નહીં બોલવો એ બતાવેલું છે. પરંતુ એ બાબતમાં એક બીજો નિયમ એવો છે કે જ્યારે કશામાં, કશાઉપર, કશાની પાછળ વગેરેની જોડે *existence* નહીં પણ *action* બતાવનાર ક્રિયાપદ આવેછે ત્યારે પણ *there* બોલવાનો નથી. ઉદાહરણ, તે ઘરમાં ઘણાં માણસ મળેછે Many men assemble in that house પાટિયાંની જમીન ઉપર ઘણાં છોકરાં રમેછે Many children play on the floor. મારા ઘરની પાછળ પાંચ છોકરા દોડેછે Five boys run behind my house.

672. *There is* અને *there was*, *there are* અને *there were* નો અર્થ ફક્ત છે, અને હતો, છે અને હતા કરવાનો છે. એવે ઠેકાણે *there* ને માટે ત્યાં બોલવો નહીં. *There is* વગેરેની પછી જે બોલવામાં આવે તેમાં -ત્યાં બોલવો હોય તો બીજો there છેલ્લે લેવો. જેમકે, ત્યાં ઘણી ખાંડ છે There is much sugar there. ત્યાં એક છોકરો હતો There was a boy there. ત્યાં ઘણા છોકરા છે There are many boys there. ત્યાં કેટલાક માણસ હતા There were some men there.

673. *Existence* બતાવનાર verb ની માફક *action* દર્શાવનાર verbs ની બાબતમાં પણ *there* શરૂમાં આવેછે. જેમકે, There followed him some men who were all finely dressed.

674. જ્યારે કોઈ માણસ કોઈ બીજા માણસને આઘેથી જતો દેખેછે ત્યારે તે પોતાની પાસે બેઠેલા માણસને એમ કહેછે કે There he goes એ। પેલા જાય.

પાઠમાળા ભાગ બીજામાં આવેલા ક્રિયાપદ વિશે અગત્યની ટીકા.

The verb Attend.

675. *Attend school* એટલે નિશાળમાં ભણ. એનો છુટો તરજુમો learn in a school થાયછે, પણ તે પ્રમાણે નહીં કરતાં માં ભણ = *attend* છે એમ જાણવું તેથી તે છોકરો સુરત ગવર્નમેન્ટ મિડલ સ્કૂલમાં ભણેછે નું અંગ્રેજી That boy *learns at* the Surat Government Middle School નહીં પણ That boy *attends* the Surat Government Middle School. *Attend* નો past tense અને past participle *attended*.

The verbs Strike *and* Throw.

676. *Strike* અને *Throw* એ બે ક્રિયાપદ કાચને લાકડી માર નું અંગ્રેજી આપતાં વાપરવામાં આવેછે. એ બેમાંથી *strike* વાપર્યો હોય તો નિયમ એવો છે કે પહેલો મારનાર, પછી માર ક્રિયાપદ, અને ત્યારપછી જેને મારવામાં આવે તે લઈ *with* બોલીને મારવાની વસ્તુ બોલવી. જેમકે, તેણે કાચને લાકડી મારી He *struck* the pane with a stick. કાચને લાકડી મારમાં માર = ફેંક લેવામાં આવે તો અંગ્રેજીમાં *throw* બોલાય. *Throw* બોલ્યા પછી તેના object તરીકે લાકડી લેવી, અને કાચનેમાં નેનું અંગ્રેજી *at* કરીને જેને મારવામાં આવે તે લેવું. જેમકે, તે છોકરો વારંવાર કાચને લાકડી મારેછે. That boy often *throws* a stick at the pane.

*Strike*ની બાબતમાં કાચને લાકડી માર = કાચને લાકડીથી માર, અને *throw*ની બાબતમાં કાચ તરફ લાકડી ફેંક છે એમ સમજવું. બીજું મનમાં રાખવાનું એ છે કે પહેલાની બાબતમાં જેને મારવામાં આવેછે તે object થાયછે, અને બીજાની બાબતમાં મારવાની વસ્તુ object થાયછે.

677. ઉપલી કલમમાં જે કહેલુંછે તે ઉપરથી તેણે તે છોકરાને પથર માર્યોનું અંગ્રેજી He struck that boy with a stone અથવા He threw a stone at that boy. તે માણસે તેને પથરપાટી મારી That man struck him with a slate. *Strike* નો past tense *struck* અને past participle *struck*, અને *Throw* નો past tense *threw* અને past participle *thrown*.

The verbs **To fall અને To be lying.**

678. *To fall* અને *To be lying* બન્નેનો અર્થ પડવું થાયછે, પણ એ બેમાં ફેર એ છે કે *to fall* પડવું એટલે પડી જવું, અને to be lying પડવું = પડી રહેવું. તેથી કાચ પડ્યો છે નું અંગ્રેજી કરવું હોય તો **પડ્યો છે = પડી ગયો છે** છે એમ સમજીને The pane has *fallen* બોલવું, અને કાચના કકડા પડ્યા છે નું અંગ્રેજી કરવું હોય તો પડ્યા છે = **પડી** રહ્યા છે છે એમ સમજીને Pieces of the pane are *lying* બોલવું. જો કોઇ માણસ કાચને પડવાની જગા ઉપર જોઇને એમ કહે કે કાચ પડ્યો છે તો અંગ્રેજીમાં The pane is *lying* બોલાય, પણ કાચના કકડા પડ્યા છે એટલે જ્યાં હતા ત્યાંથી પડી ગયાછે એમ હોય તો Pieces of the pane are કે have *fallen* બોલાય. *Fall* નો past tense *fell*, અને past participle *fallen*, અને *lying* નો present tense *lie* છે તેનો past tense *lay* અને past participle *lain*.

The verb **It is wrong of him.**

679. *It is wrong of him* એ **એમાં તેની ભૂલ** છે નું અંગ્રેજી છે. એ અંગ્રેજી ગુજરાતી પ્રમાણે નથી, કારણ

કે ગુજરાતી પ્રમાણે તેની ને વાસ્તે *his* બોલવાનો તેને બદલે *of him* આવેછે, તોપણ એમાં ને માટે *in it* અને ભૂલ ને માટે *mistake* આવતા નથી. એવી જાતનો ફેર છે તેનો ખુલાસો એ કે એ ગુજરાતી વાક્યમાં એ = *it*, માં છે = *is*, તેની = *of him*, અને ભૂલ = ખોટું = *wrong*. એ પ્રમાણે આખું અંગ્રેજી વાક્ય *It is of him wrong* થયું. પરંતુ જેની ભૂલ હોય તે છેલ્લે બોલવાનું છે તેથી *It is wrong of him.*

680. ઉપલી કલમમાં એમાં તેની ભૂલ છે ને બદલે એમાં તમારા ભાઈની ભૂલ છે હોય તો *It is wrong of your brother* થાય, અને એમાં તેના દોસ્તદારની ભૂલ હતી હોય તો *It was wrong of his friend* બોલાય. જો ભૂલ ની પહેલાં ઘણી કે મોટી વિશેષણ હોય તો જેમ ભૂલ ને માટે *mistake* noun નહીં પણ *wrong* adjective બોલવાનું છે તેમ ઘણી કે મોટી ને માટે *great* કે *much* adjective નહીં પણ *very* adverb બોલવાનો છે. તેથી ઉપલાં બે વાક્યોમાં ઘણી કે મોટી ઉમેરવામાં આવે તો અંગ્રેજીમાં *It is very wrong of your brother*, અને *It was very wrong of his friend* થાય.

The verb To be sorry for.

681. *To be sorry for* એનું ગુજરાતી દયા આવવી છે. એ બેમાં ફેર એ છે કે ગુજરાતીમાં દયા નામ છે તે અંગ્રેજીમાં *sorry* adjective થાયછે, આવવી કૃતિ એટલે કરવું બતાવનાર ક્રિયાપદ છે તે બદલાઈને *to be* સ્થિતિ એટલે હોવું બતાવનાર ક્રિયાપદ થાયછે, જેને દયા આવવી હોય તે ચોથીમાં હોય તે પહેલીમાં આવીને subject થાયછે, અને જેની દયા આવવી હોય તેમાં ની ને માટે *for* આવેછે. એ પ્રમાણે

તે છોકરાની મને દયા આવેછે નું અંગ્રેજી તે છોકરાની = *for that boy*, મને = હું = *I*, દયા = *sorry*, અને આવેછે = *am*. એવી રીતે આખું વાક્ય *for that boy I sorry am* = *I am sorry for that boy*. તેને દયા આવેછે હોય તો *He is sorry*, અને તેઓને દયા આવેછે હોય તો *They are sorry*. તે માણસને તમારી ઘણી દયા આવેછે અને તેને તે છોકરીની ઘણી દયા આવી એમ હોય તો અંગ્રેજી *It is wrong of him* ની બાબતમાં બતાવ્યા પ્રમાણે *That man is very sorry for you* અને *He was very sorry for that girl* થાય.

The verb **To outnumber.**

682. *To outnumber* એટલે ની સંખ્યા વધારે થવી. એ transitive verb છે. એને વાપરવાની રીત એવી છે કે જેની સંખ્યા વધારે થવી હોય તેને ની કાઢીનાખીને subject કરવો, અને જેના કરતાં સંખ્યા વધારે થવી હોય તેને object બનાવવો. જેમકે, તે વર્ગમાં નઠારા કરતાં સારાની સંખ્યા વધારે થાયછે. એ વાક્યમાં સારાની સંખ્યા વધારે થાયછે છે તેથી ની કાઢીનાખ્યાથી સારા = *The good* subject, અને નઠારા કરતાં સંખ્યા વધારે થાયછે છે તેથી કરતાં નહીં બોલવાથી નઠારા = *the bad* object બનેછે. એ પ્રમાણે આખું વાક્ય *The good outnumber the bad* in this class થયું. Subject ની બાબતમાં નીને માટે *of* અને object ની બાબતમાં કરતાંને માટે *than* બોલવા એ ખોટું છે. જો સારા કરતાં નઠારાની સંખ્યા વધારે થાયછે હોય તો *The bad outnumber the good* in this class બોલવું.

The verb **To be kind to.**

683. *To be kind to* એ દયા રાખવીનું અંગ્રેજી છે. દયા આવવાની બાબતમાં કલમ ૬૮૧ માં કહેલું છે

તે બધું દયા રાખવીની બાબતમાં લાગુ પડેછે. ફેર એટલો કે દયા આવવીમાં ની દયા આવેછે બોલવામાં આવેછે, પણ દયા રાખવીમાં ઉપર દયા રાખેછે બોલવાનું છે તેથી જેમ નીને બદલે *for* લેવાનો છે, તેમ ઉપરને ઠેકાણે *on* નહીં પણ *to* લેવાનો છે. ઉદાહરણ, તે માણસ તેના ઉપર દયા રાખેછે That man *is kind to him.* તેનો બાપ મારા ભાઈઉપર દયા રાખેછે, His father *is kind to my brother.* બહુ દયા રાખેછે, હોય તો *very kind* બોલવું. Past tenseમાં That man *was kind* અને *very kind to him* અને His father *was kind* અને *very kind to my brother.*

The verb **To consist of.**

684. *To consist of* એટલે ના ભાગ થવા છે તેની બાબતમાં નિયમ એવો છે કે ભાગને નહીં પણ જેના ભાગ થવા હોય તેને subject બનાવવો, પછી *consist* કે *consists of* બોલવું, અને ત્યાર પછી જેટલા ભાગ હોય તેટલા બોલવા. જેમકે, તે ઓરડાના બે ભાગ થાયછે. તે ઓરડો *That room* subject, ના થાયછે *consists of* verb, અને બે ભાગ two parts = That room *consists of* two parts. ભાગ થાયછે = ભાગ હોયછે કે છે, તેથી લશકરના ઘણા ભાગ હતા The army *consisted of* many parts અથવા divisions. ત્રીજા ધોરણના ત્રણ વર્ગ છે The 3rd standard *consists* of three divisions. *Consist* નો past tense અને past participle બને *consisted* છે.

The verb **To believe in.**

685. *To believe in* નું ગુજરાતી જે ની વાત માનવી છે તેમાં વાત નું છુટું અંગ્રેજી કરવાનું નથી, પણ ની વાત ની બરાબર *in* છે એમ સમજવાનું છે. તેથી તે માણસ ભૂતની

વાત માનતો નથી નું અંગ્રેજી That man in genii believe does not = That man does not *believe in genii* ભૂતની વાત માનતો નથી = ભૂત છે એ માનતો નથી. *Believe* ની પછી *in* આવેછે ત્યારે એવો અર્થ થાયછે. પણ તેઓ તે માણસની વાત માનતા નથી નું અંગ્રેજી They do not *believe in* that man નહીં પણ They do not *believe* that man, કારણ કે એ ગુજરાતી વાક્યનો અર્થ એવો છે કે તે માણસ જે કહેછે તે ખરૂં છે એમ તેઓ સમજતા નથી. એવે ઠેકાણે *in* બોલવામાં આવે તો તે માણસ જાણે દેવ હોય એવો અર્થ થાય. To *believe* the *story* of genii નો અર્થ એવો કે ભૂત વિશે જે વાત કહેલી છે, તે ખરી છે એમ સમજવું. *To believe in* નો અર્થ **ની વાત માનવી** થાયછે તેમાં **ની** વાત ને બદલે **ને માનવો** પણ બોલવાનો ચાલછે. જેમકે, તે બધા પરમેશ્વરને માનેછે They all *believe in* God. એ પ્રમાણે ભૂતની વાત માનવી = ભૂતને માનવાં.

The verbs **To cross** અને **To go to the other side of.**

686. *To cross* અને *To go to the other side of* એ પાર જવુંનું અંગ્રેજી છે. *To cross* વાપરવામાં આવે તો **પાર** જવું એટલે ઓળંગવું સમજવું, અને *To go to the other side of* બોલવું હોય તો **પાર** જવું એટલે **ની** બીજી બાજુએ જવું. બાજુની પછી એનું અંગ્રેજી *to* કરવાનું છે, કેમકે *go* ગતિ બતાવનાર verb છે. ઉદાહરણ, તેનો ભાઈ રોજ નદીને પાર જાયછે His brother *crosses* the river daily અથવા His brother *goes to the other side of* the river daily.

The verb **To be fordable.**

687. *To be fordable* એ **પાર થવાનું** અંગ્રેજી છે. એમાં તેની ભૂલ છે, દયા આવવી, દયા રાખવી એ

બધાની બાબતમાં ગુજરાતીમાં નામ આવ્યા છતાં અંગ્રેજીમાં વિશેષણ લેવાનાં છે તેમ પાર થવાની બાબતમાં પણ કરવાનું છે, તેથી પાર થવો = પારવાળી થવી એમ સમજવાનું છે. એ પ્રમાણે નદીમાં પાર છેનું અંગ્રેજી કરવું હોય તો નદી પાર વાળી છે એમ કરીને એને માટે *The river is fordable* બોલવું. તેમજ નદીમાં પાર હતો *The river was fordable*, અને future tense માં *The river will be fordable*.

The verb To be useful.

688. *To be useful* એટલે કામ આવવું એમાં પણ ઉપલી કલમમાં છે તેમજ છે, એટલે કામ આવવું = કામનું થવું સમજવું, તેથી તે ચોપડી કામ આવેછે = તે ચોપડી કામની છે That book *is useful*. બહુ કામ આવેછે = બહુ કામની છે is *very useful*.

The verb To become angry.

689. *To become angry* એટલે રીસ ચઢવી. એ ક્રિયાપદ ઉપલી કલમમાં આવેલા ક્રિયાપદના જેવાજ છે, તેથી રીસ ચઢવી એટલે ગુસ્સે થવું છે. જેને રીસ ચઢવી હોય તેની પહેલી વિભક્તિ કરવાની છે. ઉદાહરણ, તે માણસને રીસ ચઢી. એ વાક્યમાં માણસને રીસ ચઢી છે તેથી માણસ કર્ત્તા, અને રીસ ચઢી = ગુસ્સે થયો. એ પ્રમાણે કરવાથી અંગ્રેજીમાં That man *became angry*. બહુ રીસ ચઢી = બહુ ગુસ્સે થયો *became very angry* બોલવું.

The verb To take one's supper.

690. *To take one's supper* એ વાળુ કરવુંનું અંગ્રેજી છે. એમાં જે *one's* આવેછે તેનો અર્થ હરકોઈનું છે. તેથી મેં વાળૂ કીધું હોય તો *my supper*, તેં હોય તો *thy supper*, તેણે હોય તો *his supper*, અને એમજ પ્રમાણે બહુ

વચનમાં અમે હોય તો *our supper*, તમે હોય તો *your supper*, અને તેઓ હોય તો *their supper* સમજવું. વાળુ કરવુંમાં વાળુ = *supper* છે. પણ કરવું = *to do* કે *to make* નહીં પણ *to take* લેવાનો છે. તેથી મેં વાળુ કીધું I *took my supper*, તેં વાળુ કીધું Thou *tookest thy supper*, અને તેણે વાળુ કીધું He *took his supper*. Plural numberમાં We *took our supper*. You *took your supper*. They *took their supper*. વાળુ કરવુંનું સામટું અંગ્રેજી *to sup* છે. *Sup* નો past tense *supped*, અને past participle *supped*.

The verb **To be benighted**.

691. *To be benighted* નો અર્થ રાત પડી જવી થાયછે, તેથી *fear of being benighted* એટલે રાત પડી જવાની બીક છે. એમાં *being benighted* gerund છે. એ પ્રમાણે તેને રાત પડી હોયતો *He was benighted*, તમને રાત પડી *You were benighted*, મને રાત પડી *I was benighted* વગેરે. યાદ રાખવાનું એ કે જેને રાત પડી હોય તેને subject બનાવવો એટલે તેની પહેલી વિભક્તિ કરવી.

The verb **To make a good use of**.

692. *To make a good use of* એ સારી રીતે વાપરવું નું અંગ્રેજી છે તે ગુજરાતીમાં છે તેમ નથી. સારી રીતે વાપરવું નો છૂટો તરજૂમો *To use well* થાયછે, પણ તેમ નહીં કરતાં સારી રીતે વાપરવું માં વાપરવાના બે ભાગ કરવાના છે, એક નામ અને બીજો ક્રિયાપદ. તેથી વાપરવું = *to make a use*. સારી રીતે એટલે *well* જે adverb છે તેનું *good* adjective કરવાનું છે. એમ કીધું એટલે *to make a good use* થયું. વાપરવું = ઉપયોગ

કરવો થયું એટલે વાપરવાની વસ્તુની પહેલાં નો એટલે *of* મેલવો. ઉદાહરણ, તેણે પોતાની ચોપડી સારી રીતે વાપરી = તેણે પોતાની ચોપડીનો સારો ઉપયોગ કર્યો *He made a good use of his book.* તેઓએ પોતાના પૈસા સારી રીતે વાપર્યા = તેઓએ પોતાના પૈસાનો સારો ઉપયોગ કીધો *They made a good use of their money.* ઘણી સારી રીતે વાપરવું *To make a very good use of.* વધારે સારી રીતે વાપરવું *To make a better use of,* અને સહુથી સારી રીતે વાપરવું *To make the best use of.*

The verb **To feel inclined to.**

693. *To feel inclined to* એટલે કંઈ કરવાનું મન થવું છે, તેથી *I feel inclined to* નો અર્થ કંઈ કરવાનું મને મન થાયછે. એ ગુજરાતી વાક્યમા મને *me* જે ચોથીમા છે તેની હું *I* પહેલી કરવાની છે, મન = મન કે મરજી વાળો! *inclined,* થાયછે = *feel,* અને જે કામ કરવાનું મન હોય તે કામ કરવાની = કરવાને. એ પ્રમાણે કરું એટલે *I inclined feel to* = *I feel inclined to* થયું. ઉદાહરણ, મને બહાર જવાનું મન થાયછે *I feel inclined to go out.* તેને રમવાનું મન થાયછે *He feels inclined to play.* તે છોકરાઓને ભણવાનું મન થાયછે *Those boys feel inclined to learn* *Inclined* past participle છે તેથી બહુ મન થાયછે હોય તો *feels* કે *feel much inclined to.*

The verb **To be adulterated.**

694. *To be adulterated* નો અર્થ માં ભેળ હોવો થાયછે તેથી *The flour is adulterated* એટલે લોટમાં ભેળ છે. એમાં તેની ભૂલ છે, દયા આાવવી, દયા

રાખવી વગેરેની માફક એ ગુજરાતી વાક્યમાં ભેળ જે નામ છે તેનું ભેળવાળો વિશેષણ કરવાનું છે, અને લોટમાં થી માં કાઢી નાખવાનો છે. એમ કીધું એટલે લોટ ભેળવાળો છે થયું. ઘણો કે બહુ ભેળ છે=ઘણો કે બહુ ભેળવાળો છે is *much adulterated*. લોટમાં ઘણો ભેળ હતો હોયતો *The flour was much adulterated*.

The verb **To take into one's service**.

695. *To take into one's service* એ નોકર રાખવોનું અંગ્રેજી છે. એ ગુજરાતી વાક્યનો છૂટો તરજૂમો to keep a servant થાયછે, પણ તેમ ન કરતાં નોકર રાખવો = નોકરીમાં લેવો છે એમ સમજવું. યાદ રાખવાનું એ છે કે નોકર રાખનારના number, gender અને person પ્રમાણે છઠ્ઠી વિભક્તિનું સર્વનામ *into* અને *service*ની વચ્ચે મુકવાનું છે. ઉદાહરણ, તેણે મને નોકર રાખ્યો He took *me into his service*. મેં તે માણસને નોકર રાખ્યો છે. *I have taken that man into my service*. તમે તે છોકરાને નોકર રાખશો? *Will you take that boy into your service?* *Take* એક object વાળો transitive verb છે તેથી મને, તે માણસને, અને તે છોકરાનેમાં નેને માટે *to* બોલવાનો નથી.

The verbs.

To profit by અને **To be benefited by**.

696. *To profit by* અને *To be benefited by* એ બે લાભ થવોના અંગ્રેજી તરીકે આપવામાં આવ્યા છે. એ બે ક્રિયાપદમાં *profit* intransitive અને *benefit* transitive છે. લાભ થવોનું છૂટું અંગ્રેજી to get profit કે benefit થાયછે, તેથી શો લાભ થવો હોય તો what profit કે

benefit to get. પરંતુ લાભ થવાના સામટા અર્થ તરીકે verbs આપેલા છે તેથી *profit to get=to profit, what profit to get=how to profit,* અને *benefit to get = to be benefited, what benefit to get = how to be benefited.* યાદ રાખવાનું એ છે કે *what profit* માં *what* adjective અને *profit* noun છે. *Profit* verb થાયછે ત્યારે *profit* જ રહેછે, પણ *what* adverb થાયછે ત્યારે *how* થાયછે. એ પ્રમાણે છે તેથી જો 'તે માણસને પોતાની જકથી શો લાભ થશે'નું અંગ્રેજી કરવું હોય તો *How will that man profit* by his obstinacy? એને ઠેકાણે *What will that man profit* વગેરે બોલવું ખોટું છે. *What* બોલવો હોય તો What profit will that man get by his obstinacy? એમ બોલવું. એમજ તે છોકરાને ત્યાં જવાથી શો લાભ થયો? *How did that boy profit* by going there? એમ કરવાથી તમારા ભાઈને શો લાભ થયો છે? *How has your brother profited* by doing so? *Benefit* વાપરવા હોય તો *How will that man be benefited* by his obstinacy? *How was that boy benefited* by going there? *How has your brother been benefited* by doing so? લાભ થવાની બાબતમાં બીજું એટલું મનમાં રાખવાનું છે કે જેને લાભ થવાનો હોય તેને *to* નહીં બોલીને subject બનાવવો. *Profit* નો past tense અને past participle *profited,* અને *benefit* નો past tense અને past participle *benefited.*

The verb To touch the place.

697. *To touch the place* એ જે ગુજરાતીને માટે આપવામાં આવ્યું છે તેનાથી બીલકુલ જૂદું છે. બંદર કરવું એ

વહાણ કે આગબોટની બાબતમાં બોલવામાં આવેછે. સમજ વાનુ એ છે કે કોઇ જગાએ બંદર કરવું એટલે તે જગાને અડકવું. તેથી એ આગબોટ ઘણી જગાએ અથવા જગા આગળ બંદર કરેછે = ઘણી જગાએ અડકેછે. અંગ્રેજીમાં This steamer *touches* many *places*. તે વહાણ ક્યાં ક્યાં બંદર કરેછે? *What places* does that ship *touc'* ? ગુજરાતી વાક્યમાં પાછળથી 'તે હું જાણતો નથી' હોય તો I do not know *what places* that ship *touches*. *Touch* ના past tense અને past participle બને *touched*

The verb **To be responsible to**

698. *To be responsible to* એટલે જવાબ આપવો પડવો. **દયા આવવી, દયા રાખવી** વગેરેમાં હોયછે તેમ એ ક્રિયાપદની બાબતમાં પણ છે. એમાં જવાબ નામ છે, તેનું **જવાબવાળો** વિશેષણ થાયછે, અને **આગળો પડશે** = **હોવું** = *to be* થાયછે. ઉદાહરણ, મારે તેને જવાબ આપવો પડેછે = હું તેનો જવાબવાળો કે જવાબદાર છું *I am responsible to him*. તેને તેઓને જવાબ આપવો પડતો = તે તેઓને જવાબવાળો કે જવાબદાર હતો *He was responsible to them*. તમારે કોને જવાબ આપવો પડશે? *To whom will you be responsible* અથવા *Whom will you be responsible to?* જેનો જવાબ આપવો પડવાનું હોય તે બોલવામાં આવે તો **નો** હોય તેનો **વાસ્તે** કરવો. જેમકે, તમારે તમારાં કામનો ઇશ્વરને જવાબ આપવો પડશે You will be responsible to God *for* your acts.

The verb **To be crushed to death.**

699. *To be crushed to death* જે છુંદાઇને મરણ પામવું નું અંગ્રેજી છે તે passive voice માં છે. એનો

active voice *to crush to death* થાયછે. કલમ ૬૫૮ માં *tear to pieces* અને ૬૫૯ માં *beat to death* માં *to* નો જેવો અર્થ થાયછે તેવોજ *to crush to death* માં કરવાનો છે. તેથી active voice માં મરતા સુધી છુંદવું, અને passive voice માં મરતા સુધી છુંદાવું એટલે એટલા છુંદાવું કે મરણ નીપજે. ઉદાહરણ, તે ક્યાં છુંદાઈને મરણ પામ્યો એ હું જાણતો નથી I do not know where he *was crushed to death.*

The verb **To run acros**

700 *To run across* એટલે ચીરીને દોડવું. એ ગુજરાતીમાં દોડવું – *to run* છે, પણ ચીરીને અવ્યયકૃદંત છે તેનું છૂટું અંગ્રેજી *having run* નથી માટે તે આરપારની બાબત છે એમ સમજીને અંગ્રેજીમાં *across* preposition લીધું. જેમકે, તે છોકરો રસ્તો ચીરીને દોડ્યો = તે છોકરો રસ્તાની આરપાર દોડ્યો That boy *ran across* the road. ચોર રસ્તા ચીરીને ક્યારે દોડ્યો? = ચોર રસ્તાની આરપાર ક્યારે દોડ્યો? When did the thief *run across* the road?

701 *Kick, help, injure, kill, take out, save, punish, salute, overlook, amuse,* વગેરે એ ભાગમાં આપેલા verbs એક object વાળા transitive verbs છે તેથી એઓની જોડે ગુજરાતીમાં જે આવેછે તેને માટે અંગ્રેજીમાં *to* બોલવાનો નથી. ઉદાહરણ, તેના બળદે તે માણસને લાત મારી His ox *kicked* that man. તમારે તે છોકરાને મદદ કરવી જોઈએ You should *help* that boy. તમે તેને નુકશાન ન કરો તો ઠીક You had better not *injure* him. તેઓએ તે માણસને શા વાસ્તે મારીનાખ્યો? Why did they *kill* that man? તે છોકરીને કુવામાંથી કાઢવી એ સારૂં છે It is good to *take* that girl *out* of the

well. તે માણસ તે છોકરાને સજાથી બચાવવા માગેછે That man wants to *save* that boy from punishment. તે છોકરાને એ પ્રમાણે સજા કરવી એ સારૂં નથી It is not good to *punish* that boy thus. તમારે તે સદ્ગ્રહસ્થને સલામ કરવી જોઈતી હતી You should have *saluted* that gentleman. તેઓ આ માણસની ભૂલને જોઈ ન જોઈ કરે તો ઠીક They had better *overlook* this man's fault. તે છોકરાંને રમાડવાં એ તમારૂં કામ છે It is your business to *amuse* those children.

On Questions. સવાલ વિશે.

702. સવાલ બે જાતના છે, એક પાધરો અને બીજો આડકતરો. પાધરો સવાલ એટલે *direct question*, અને આડકતરો સવાલ એટલે *indirect question*. ઉદાહરણ, તે છોકરો ક્યાં છે ? એનું *direct question* માં Where is that boy ? અને *indirect question* માં Where that boy is.

703. તે છોકરો ક્યાં છે એમજ ફક્ત હોય તો *direct question* લેવો, પણ તે છોકરો ક્યાં છે ની પછી એ અથવા તે તમે જાણોછો અથવા એ કે તે તમે કહી શકોછો એમ હોય તો *indirect question* લેવો, એટલે અંગ્રેજીમાં Do you know અથવા Can you say where is that boy નહીં પણ where that boy is.

704. જાણુ અને કહુે સકર્મક ક્રિયાપદ છે, અને તે છોકરો ક્યાં છે એ વાક્ય એ ક્રિયાપદનું કર્મ છે માટે એવે ઠેકાણે એ ક્રિયાપદ બોલ્યા પછી એ વાક્ય મૂકવું. Where is that boy that do you know અથવા that can you say એમ બોલવું નહીં.

705. પૂછ ક્રિયાપદ પણ એવે ઠેકાણે આવેછે. જેમકે, તેને પૂછો કે તે છોકરો ક્યાં છે? ઉપલી કલમમાં બતાવ્યા પ્રમાણે એનું અંગ્રેજી Ask him where is that boy નહીં પણ where that boy is.

તે છોકરો ક્યાં છે તે તમે જાણોછો ને બદલે તમે જાણોછો કે તે છોકરો કયાં છે એમ બોલવાનો ગુજરાતીમાં ધારો છે, પણ એમ હોય ત્યારે પણ અંગ્રેજીમાં તો Do you know where that boy is બોલવું.

706. જાણ, કહે અને પૂછ ની પછી ગુજરાતીમાં કે આવેછે તે અંગ્રેજીમાં આવતો નથી તે બાબતમાં નિયમ એવો છે કે એ ક્રિયાપદની પછી સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય આવે તો કે ને માટે કંઈ બોલવું નહીં. એજ પ્રમાણે તમે જાણોછો કે તે છોકરો ક્યારે આવશે? તમે કહી શકોછો કે તે શાવાસ્તે ગેરહાજર છે? અને તે છોકરાને પૂછો કે રામભાઈની શી ખબર છે? એ વાક્યોમાં કયારે, શાવાસ્તે, અને શી સવાલ પૂછનાર શબ્દો આવેલા છે તેથી અંગ્રેજીમાં કે એટલે *that* બોલવો નહીં.

707. પૂછ ક્રિયાપદની પછી સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય આવે ત્યારે કે કાઢી નાખવો એમ ઉપલી કલમમાં કહેલું છે, પણ જ્યારે પૂછ ની પછી સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય આવે ત્યારે કે નું અંગ્રેજી *if* કે *whether* કરવું. ઉદાહરણ, તેને પૂછો કે તે છોકરો ત્યાં છે? Ask him if that boy is there. એટલું યાદ રાખવાનું કે પછાડીથી કે નહીં એવું બોલાતું હોય તો પૂછ પછીના કે નું *if* અથવા *whether* કરવાનું છે.

708. જે વાક્યમાં કે નું *if* કે *whether* કરવાનું હોયછે તે વાક્યમાં *indirect question* લેવાનો છે. ઉદાહરણ, તેને પૂછો કે રામભાઈ પોતાના પાઠ સારા કરેછે? એનું અંગ્રેજી Ask him if does Rambhai prepare કે if Rambhai

does prepare his lessons એમ નહીં પણ Ask him if Rambhai prepares his lessons well. એજ પ્રમાણે તેને પૂછો કે રામભાઇએ તે ઘર જોયું નું Ask him if did Rambhai see કે if Rambhai did see that house નહીં પણ Ask him if Rambhai saw that house, અને તેને પૂછો કે રામભાઇ કાલે આવશે નું Ask him if will Rambhai come નહીં પણ Ask him if Rambhai will come tomorrow.

709. ઉપલી કલમોમાં પૂછ ક્રિયાપદની પછી જેને પૂછવામાં આવેછે તે માણસ અને તે માણસને જે પૂછવામા આવેછે તેમાં આવતો માણસ જૂદા છે તેથી કંઇ પંચાયત નથી, પણ જ્યારે એ બે માણસ એકના એકજ હોયછે ત્યારે અમુક નિયમ પ્રમાણે ચાલવાનું છે.

On **Forms** રૂપ વિશે.

710. જેમ *direct question* અને *indirect question* એવા બે *questions* છે તેમ *direct form* અને *indirect form* એવાં બે *forms* છે. *Direct form* એટલે પાધરૂં રૂપ, અને *indirect form* એટલે આડકતરૂં રૂપ.

711. *Direct form* એટલે જેમાં કહેનાર જે કહેછે અને પૂછનાર જે પૂછેછે તે કહેવું અને પૂછવું તે કહેનાર અને પૂછનારનાજ શબ્દોમાં લેવામાં આવેછે. જેમકે, તે કહેછે કે હું માંદો છું. તે પૂછેછે કે મારો ભાઇ ક્યાં છે.

712. ગુજરાતીમાં એવો નિયમ છે કે કહેનારનું અને પૂછનારનું જે કહેવું અને પૂછવું થાયછે તે જો તે કહેનાર અને પૂછનારને લાગુ પડતું હોય તો બધા પુરૂષમાં પહેલોજ પુરૂષ વાપરવો. જેમકે, હું કહુંછું કે હું, તું કહેછે કે હું, તે કહેછે કે હું. એમ

કહીએછુંએ કે અમ, તમે કહોછો કે અમ, તેઓ કહેછે કે અમ. પૂછવાની બાબતમાં પણ એવોજ નિયમ છે.

713. ગુજરાતીમાં બીજો નિયમ એવો છે કે *direct form* માં કહેનાર અને પૂછનારનું જે કહેવું અને પૂછવું થાયછે તે જો તે કહેનાર અને પૂછનારને નહીં પણ જેને કહેવામાં અને પૂછવામાં આવેછે તેને લાગુ પડતું હોય તો બધા પુરૂષમાં બીજોજ પુરૂષ વાપરવો. જેમકે, તે મને કહેછે કે તું, તે તને કહેછે કે તું, તે તેને કહેછે કે તું. તે અમને કહેછે કે તમે, તે તમને કહેછે કે તમે, તે તેઓને કહેછે કે તમે. પૂછવાની બાબતમાં પણ એજ નિયમ લાગુ પડેછે.

714 ઉપલી બે કલમોમાં જે બે નિયમ આપેલા છે તે નિયમ પ્રમાણે *direct form* માં અંગ્રેજીમાં કરવાનું છે. ઉદાહરણ, I say I. Thou sayest I. He says I. We say we. You say we. They say we, અને He tells me you. He tells thee thou He tells him you. He tells us you. He tells you you. He tells them you. આ બાબતમાં યાદ રાખવાનું એ કે કહેછેની પછી કે આવેછે તે અંગ્રેજીમાં લેવો નહીં.

715. ઉપલી કલમમાં વાકયો આપેલાં છે, તેમાં *ill* બોલ ઉમેરવામાં આવે તો I say I am ill. Thou sayest I am ill. He says I am ill. We say we are ill. You say we are ill. They say we are ill, અને He tells me you are ill. He tells thee thou art ill. He tells him you are ill. He tells us you are ill. He tells you you are ill. He tells them you are ill.

716. કહેનારનું પોતાની જાતને લાગુ પડતું અથવા સાંભળનારને લાગુ પડતું કહેવું થાયછે તેના પહેલા શબ્દનો

પહેલો અક્ષર capital એટલે મોટો કાઢીને તેની પહેલાં " અને અંતે " નિશાણી કરવી. એ નિશાણીને inverted commas કહેછે. એવી રીતે ઉપલી કલમમાંનાં વાક્યો લખ્યાં હોય તો I say, "I am ill." Thou sayest, "I am ill." He says, "I am ill." We say, "We are ill." You say, "We are ill." They say, "We are ill." અને He tells me "You are ill." He tells thee, "Thou art ill." He tells him "You are ill." He tells us, "You are ill." He tells you, "You are ill." He tells them, "You are ill." એ પ્રમાણે થાય.

717. *Direct form* નું *indirect form* કરવું હોય તો પહેલું કરવાનું તો એ કે person બદલી નાખવો. એને વાસ્તે નિયમ એવો છે કે કહેનારની બાબતમાં 1st person હોય તે કહેનારના person પ્રમાણે બદલી નાખવો. જેમકે, I say I am ill. Thou sayest thou art ill. He says he is ill. We say we are ill. You say you are ill They say they are ill.

718. *Indirect form* માં સાંભળનારની બાબતમાં 2nd person હોય તે સાંભળનારના person પ્રમાણે બદલી નાખવો. જેમકે, He tells me I am ill. He tells thee thou art ill. He tells him he is ill. He tells us we are ill. He tells you you are ill. He tells them they are ill.

719. Person ની બાબતમાં ગુજરાતીમાં જે બે નિયમ છે તેમાંના પહેલામાં 1st person માં અને બીજામાં 2nd person માં અંગ્રેજી અને ગુજરાતી ભાષા *indirect form* માં મળતી આવેછે. ઉદાહરણ, I say I am ill અને We say we

are ill, અને He tells thee thou art ill અને He tells you you are ill. હું કહુંછું કે હું માંદો છું અને અમે કહીએ-છીએ કે અમે માંદા છીએ, અને તે તને કહેછે કે તું માંદો છે અને તે તમને કહેછે કે તમે માંદા છો.

720. ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં person ની બાબતના નિયમ જૂદા હોવાથી ભણનારને મુશકેલી પડેછે. પરંતુ વધારે મુશકેલી તો tense ની બાબતના નિયમમાં ફેર છે તેને લીધે છે.

721. કાળની બાબતમાં ગુજરાતીમાં એવો નિયમ છે કે વર્ત્તમાનની પછી વર્ત્તમાન અને ભૂતવર્ત્તમાન આવેછે, અને ભૂતની પછી પણ વર્ત્તમાન અને ભૂતવર્ત્તમાન આવેછે. ઉદાહરણ, તે કહેછે કે હું માંદો છું, અને તે કહેછે કે મેં તે કરેલું છે, અને તેણે કર્યું કે હું માંદો છું, અને તેણે કહ્યું કે મેં તે કરેલું છે.

722. અંગ્રેજીમાં Tense ની બાબતમાં જે નિયમ છે તે પ્રમાણે present ની પછી present અને present perfect આવેછે, અને past ની પછી past અને past perfect આવેછે.

723. કાળની બાબતના ગુજરાતીમાંના નિયમ પ્રમાણે He says he is ill, અને He says he has done it, અને He said he is ill, અને He said he has done it. પણ અંગ્રેજીના નિયમ પ્રમાણે He says he is ill, અને He says he has done it, અને He said he was ill, અને He said he had done it.

યાદ રાખવાનું એ કે present tense ની બાબતમાં તો બને ભાષામાં સરખો નિયમ છે, પણ past ની બાબતમાં ગુજરાતીમાં વર્ત્તમાન કાળ હોય તેનો અંગ્રેજીમાં ભૂત, અને ભૂતવર્ત્તમાન હોય તેનો ભૂતભૂત કરવો જોઈએ.

724. *Indirect form* ના જેટલા દાખલા આવેલા છે તેમાં *that* વાપરવામાં આવે તો ચાલે, એટલે He says he has done it અથવા He says that he has done it, પણ *that* વગર વાક્ય સારૂં લાગેછે એમ સમજવાનું છે.

725. તે મને કહેછે એટલે He tells me ને બદલે તે મને પૂછેછે એટલે He asks me હોય તો ગુજરાતીની રીત પ્રમાણે પૂછવાની વાત *direct question* માં આવેછે. જેમકે, તે મને પૂછેછે કે તમારો ભાઈ ક્યાં છે? એ વાક્યનું અંગ્રેજી *direct form* માં He asks me, "Where is your brother?"

726. ઉપલી કલમમાં આવેલું વાક્ય *indirect form* માં લાવવું હોય તો **પાધરો સવાલ** છે તેનો **આડકતરો સવાલ** કરવો, એટલે Where is your brother નું Where your brother is કરવું. તેથી આખું વાક્ય He asks me where your brother is. પણ નિયમ પ્રમાણે He asks me where my brother is બોલવું જોઈએ.

727. ઉપલી કલમમાં સવાલનું વાક્ય આવેલું છે તેવાં સવાલનાં વાક્યો *indirect form* માં આણવાં હોય તો પહેલું કામ એ કરવાનું છે કે **પાધરા સવાલ** નો **આડકતરો સવાલ** કરવો, અને પછી person અને tense ની બાબતના નિયમોને અનુસરીને બોલવું એટલે ભૂલ નહીં પડે.

728. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ present tense લેવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે ક્યાં રહોછો? I ask him, "Where do you live?" I ask him where you live, અને I ask him where he lives.

729. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દ વગરનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* બન્નેમાં present tense આવે. જેમકે, હું તેને પૂછુંછું કે તમે ત્યાં રહોછો? I ask him, "Do you live there?" I ask him you live there, અને I ask him if he lives there.

730. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય તો *indirect question* માં present અને *indirect form* માં past tense વાપરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે ક્યાં રહોછો? I asked him, "Where do you live?" I asked him where you live, અને I asked him where he lived.

731. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય તો *indirect question* માં present, અને *indirect form* માં past tense લેવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે ત્યાં રહોછો? I asked him, "Do you live there?" I asked him you live there, અને I asked him if he lived there.

732. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્ત્તમાન કાળમાં હોય, અને તે વાક્ય ભૂતવર્ત્તમાનકાળમાં હોય તો *indirect question* માં અને *indirert form* માં present perfect tense લેવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે તે માણસને ક્યાં જોયો છે? I ask him "Where have you seen that man?" I ask him where you have

seen that man, અને I ask him where he has seen that man.

733. *Direct question* માં સવાલ પુછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ભૂતવર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ present perfect tense વાપરવો. જેમકે, હું તેને પૂછું છું કે તમે તે માણસને જોયો છે? I ask him, "Have you seen that man?" I ask him you have seen that man, અને I ask him if he has seen that man.

734. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ભૂતવર્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past perfect tense લેવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે તે માણસને ક્યાં જોયો છે? I asked him, "Where have you seen that man?" I asked him where you have seen that man, અને I asked him where he had seen that man.

735. *Direct question* માં સવાલ પુછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્યમાં ભૂતવર્તમાન કાળ હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past perfect tense વાપરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે તે માણસને જોયો છે? I asked him, "Have you seen that man?" I asked him you have seen that man, અને I asked him if he had seen that man.

736. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્ત્તમાનકાળમાં હોય અને તે વાક્ય ભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* બન્નેમાં future tense વાપરવો.

જેમકે, હું તેને પૂછુંછું કે તમે ક્યારે બહાર જશો ? I aske him, "When will you go out ?" I ask him when you will go out, અને I ask him when he will go out

737. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્ત્તમાનકાળમાં હોય, અને તે વાક્યમાં ભવિષ્યકાળ હોય તો *indirect question* અને *indirect form* માં પણ future tense લેવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે બહાર જશો ? I ask him, "Will you go out ?" I ask him you will go out, અને I ask him if he will go out.

738. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ભવિષ્યકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future વાપરવો એટલે *will* હોય ત્યાં *would* કરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે ક્યારે બહાર જશો ? I asked him, "When will you go out ?" I asked him when you will go out, અને I asked him when he would go out.

739. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ભવિષ્યકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future

લવો એટલે *will* હોય ત્યાં *would* કરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે બહાર જશો ? I asked him, "Will you go out?" I asked him you will go out, અને I asked him if he would go out.

740. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ future perfect tense વાપરવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે તે ક્યારે પૂરૂં કરી રહેશો ? I ask him, "When will you have finished it?" I ask him when you will have finished it, અને I ask him when he will have finished it.

741. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય અને તે વાક્ય ભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* બન્નેમાં future perfect tense વાપરવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે તે બે કલાકમાં પૂરૂં કરી રહેશો ? I ask him "Will you have finished it in two hours?" I ask him you will have finished it in two hours, અને I ask him if he will have finished it in two hours.

742. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્યમાં ભૂતભવિષ્યકાળ હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future perfect tense વાપરવો, એટલે *will* નો *would* કરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે તે ક્યારે પૂરૂં કરી રહેશો ?

I asked him, "When will you have finished it?" I asked him when you will have finished it, અને I asked him when he would have finished it.

743. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future perfect tense વાપરવો, એટલે *will* નો *would* કરો. જેમકે, મેં તેને પુછ્યું કે તમે તે બે કલાકમાં પૂરું કરી રહેશો? I asked him, "Will you have finished it in two hours?" I asked him you will have finished it in two hours, અને I asked him if he would have finished it in two hours.

744. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુવર્તમાનકાળમાં હોય, તો *indirect question* અને *indirect form* બંનેમાં present continuous tense વાપરવો. જેમકે, હું તેને પુછું છું કે તમે ક્યાં જાઓછો? I ask him, "Where are you going?" I ask him where you are going, અને I ask him where he is going.

745. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુવર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ present continuous tense વાપરવો. જેમકે, હું તેને પુછુંછું કે તમે ઘેર જાઓછો? I ask him, "Are you going home?" I

ask him you are going home, અને I ask him if he is going home.

746. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ વર્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past continuous tense લેવો. જેમકે, મેં તેને પુછ્યું કે તમે ક્યાં જાઓછો ? I asked him, "Where are you going ?" I asked him where you are going, અને I asked him where he was going.

747. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ વર્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past continuous tense વાપરવો. જેમકે, મેં તેને પુછ્યું કે તમે ઘેર જાઓછો ? I asked him, "Are you going home ?" I asked him you are going home, અને I asked him if he was going home.

748. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ ભૂતવર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ present perfect continuous tense વાપરવો. જેમકે, હું તેને પુછુછું કે તમે તેઓની પાસે કેટલા દહાડા થયાં જાઓછો ? I ask him "For how many days have you been going to them ?" I ask him for how many days you have been going to them, અને I ask him for how many days he has been going to them.

749. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્ત્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ ભૂતવર્ત્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ present perfect continuous tense વાપરવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે તેઓની પાસે પાંચ દહાડા થયા જાઓછો? I ask him, "Have you been going to them for five days?" I ask him you have been going to them for five days, અને I ask him if he has been going to them for five days.

750. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ ભૂતવર્ત્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past perfect continuous tense વાપરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે તેઓની પાસે કેટલા દહાડા થયા જાઓછો? I asked him, "For how many days have you been going to them?" I asked him for how many days you have been going to them, અને I asked him for how many days he had been going to them.

751. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુભૂતવર્ત્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past perfect continuous tense વાપરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે તમે તેઓની પાસે પાંચ દહાડા થયાં જાઓછો? I asked him, "Have you been going to them for five days?"

I asked him you have been going to them for five days, અને I asked him if he had been going to them for five days.

752. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ future continuous tense વાપરવો. જેમકે, હું તેને પૂછુંછુ કે તમે કાલે અત્યારે શુ કરતા હોશો? I ask him "What will you be doing at this time tomorrow?" I ask him what you will be doing at this time tomorrow, અને I ask him what he will be doing at this time tomorrow.

753. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* બન્નેમાં future continuous tense વાપરવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે કાલે અત્યારે તમારો પાઠ કરતા હોશો? I ask him, "Will you be doing your lesson at this time tomorrow?" I ask him you will be doing your lesson at this time tomorrow, અને I ask him if he will be doing his lesson at this time tomorrow.

754. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ ભવિષ્યમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future continuous tense વાપરવો એટલે *will* નો *would* કરવો.

જેમકે, મેં તેને પૂછ્યું કે કાલે અત્યારે તમે શું કરતા હોશો? I asked him, "What will you be doing at this time tomorrow?" I asked him what you will be doing at this time tomorrow, અને I asked him what he would be doing at this time tomorrow.

755. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દ વગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ ભવિષ્યકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future continuous tense લેવો. જેમકે, મેં તેને પૂછ્યું કે કાલે અત્યારે તમે તમારો પાઠ કરતા હોશો? I asked him, "Will you be doing your lesson at this time tomorrow?" I asked him you will be doing your lesson at this time tomorrow, I asked him if he would be doing his lesson at this time tomorrow.

756 *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુ ભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* માં પણ future perfect continuous tense વાપરવો. જેમકે, હું તેને પૂછું છું કે કાલે અત્યારે તમે કેટલા કલાક થયા તમારો પાઠ વાંચતા હોશો? I ask him, "For how many hours will you have been reading your lesson at this time tomorrow?" I ask him for how many hours you will have been reading your lesson at this time tomorrow, અને I ask him for how many hours he will have been reading his lesson at this time tomorrow.

757. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ચાલુભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* અને *indirect form* બનેમાં future perfect continuous tense વાપરવો. જેમકે, હું તેને પૂછુછું કે કાલે અત્યારે તમે ત્રણ કલાક થયા તમારો પાઠ વાંચતા હોશો? I ask him, "Will you have been reading your lesson for three years at this time tomorrow?" I ask him you will have been reading your lesson for three years at this time tomorrow અને I ask him if he will have been reading his lesson for three hours at this time tomorrow.

758. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ચાલુભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* મા past future perfect continuous tense વાપરવો, એટલે *will* નો *would* કરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે કાલે અત્યારે તમે કેટલા કલાક થયા તમારો પાઠ વાંચતા હોશો? I asked him "For how many hours will you have been reading your lesson at this time tomorrow?" I asked him for how many hours you will have been reading your lesson at this time tomorrow, અને I asked him for how many hours he would have been reading his lesson at this time tomorrow.

659. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં

હોય, અને તે વાક્ય ચાલુ ભૂતભવિષ્યકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past future perfect continuous tense વાપરવો એટલે *will* નો *would* કરવો. જેમકે, મેં તેને પૂછ્યું કે કાલે અત્યારે તમે તમારો પાઠ ત્રણ કલાક થયા વાંચતા હોશો ? I asked him, "Will you have been reading your lesson for three hours at this time tomorrow ?" I asked him you will have been reading your lesson for three hours at this time tomorrow, અને I asked him if he would have been reading his lesson for three hours at this time tomorrow.

760 *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવાળુ સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ભવિષ્યવર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* મા પણ present prospective tense લેવો. જેમકે, હું તેને પૂછુછું કે તમે ક્યારે ઘેર જવાના છો ? I ask him, "When are you to go home?" I ask him when you are to go home, અને I ask him when he is to go home.

761. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય, અને તે વાક્ય ભવિષ્યવર્તમાનકાળમાં હોય તો *indirect question* અને *indirect form* બન્નેમાં present prospective tense વાપરવો. જેમકે, હું તેને પૂછુંછું કે તમે ઘેર જવાના છો ? I ask him, "Are you to go home ?" I ask him you are to go home, અને I ask him if he is to go home.

762. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવાળું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ભવિષ્યવર્ત્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past prospective tense વાપરવો. જેમકે, મેં તેને પુછ્યું કે તમે ક્યારે ઘેર જવાના છો? I asked him, "When are you to go home?" I asked him when you are to go home. અને I asked him when he was to go home.

763. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય જે ક્રિયાપદનું કર્મ હોય તે ક્રિયાપદ ભૂતકાળમાં હોય, અને તે વાક્ય ભવિષ્યવર્ત્તમાનકાળમાં હોય તો *indirect question* માં તેજ કાળ અને *indirect form* માં past prospective tense વાપરવો. જેમકે, મેં તેને પુછ્યું કે તમે ઘેર જવાના છો? I asked him, "Are you to go home?" I asked him you are to go home, અને I asked him if he was to go home.

764. *Direct question* માં સવાલ પુછનાર શબ્દવાળું વાક્ય જે પુછ ક્રિયાપદનું કર્મ હોય તેજ વાક્ય વળી સવાલ પુછનાર શબ્દવગરના જાણ ક્રિયાપદવાળા વાક્યનું કર્મ હોય એમ પણ બને છે. એવે ઠેકાણે જાણવાળું વાક્ય પુછ ની પછી બોલવાનું છે. ઉદાહરણ, હું તેને પૂછુંછું કે તમારો ભાઈ ક્યારે આવશે એ તમે જાણોછો? I ask him, "Do you know when will your brother come?" I ask him you know when your brother will come, અને I ask him if he knows when his brother will come.

765. ઉપલી કલમમાં હું પૂછુંછું ને બદલે મેં પૂછ્યું હોય તો I asked him, "Do you know when will

your brother come ?" I asked him you know when your brother will come, અને I asked him if he knew when his brother would come.

766. *Direct question* માં સવાલ પૂછનાર શબ્દવગરનું વાક્ય જાણ ક્રિયાપદનું કર્મ હોય તો પૂછ ની પછીના કે નું અંગ્રેજી *if* કરવું નહીં. જેમકે, હું તેને પૂછુછુ કે તમારો ભાઈ આવશે એ તમે જાણોછો? I ask him, "Do you know will your brother come ?" I ask him you know your brother will come, અને I ask him if he knows his brother will come. *knows* ની પછી *that* બોલી શકાય, પણ નહીં બોલવામાંઆવે તો ચાલે.

767. ઉપલી કલમમાં હું પૂછુંછુંને બદલે મેં પૂછ્યું હોય તો I asked him, "Do you know will your brother come ?" I asked him you know your brother will come, અને I asked him if he knew his brother would come.

768. પૂછ ક્રિયાપદના કર્મ તરીકે આવનાર વાક્ય જેમ સવાલ પૂછનાર શબ્દ સહિત અને તે વગર આવેછે તેમ જાણવાળું વાક્ય પણ આવી શકે. જેમકે, હું તેને પૂછુંછુ કે તમારો ભાઈ ક્યારે આવશે એ તમે શી રીતે જાણોછો? I ask him, "How do you know when will your brother come?" I ask him how you know when your brother will come, અને I ask him how he knows when his brother will come.

769. ઉપલી કલમમાં હું પૂછુંછુંને બદલે મેં પૂછ્યું હોય તો I asked him, "How do you know when will

your brother come?" I asked him how you know when your brother will come, અને I asked him how he knew when his brother would come.

770. *Direct question* માં પૂછ્યાની પછી સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય હોય તો *if* વાપરવાનો છે, પણ એવા વાક્યના સંબંધમાં જાણ ક્રિયાપદવાળું વાક્ય સવાલ પૂછનાર શબ્દવગરનું હોય તો *if* જાણવાળા વાક્યમાં વાપરવાનો છે. જો જાણવાળું વાક્ય સવાલ પૂછનાર શબ્દવાળું હોય તો તેમાં પણ *if* બોલવાનો નથી, અને એમ હોય ત્યારે તો *if* બીલકુલ આવેજ નહીં.

771. ઉપલી કલમોમાં જાણોછોને બદલે કહી શકોછો પણ બોલાય. જેમકે, હું તેને પૂછુંછું કે તમારો ભાઈ ક્યારે આવશે એ તમે કહી શકોછો? I ask him, "Can you say when will your brother come?" I ask him you can say when your brother will come. અને I ask him if he can say when his brother will come.

772. ઉપલી કલમમાં હું પૂછુંછું ને બદલે મેં પૂછ્યું હોય તો I asked him, "Can you say when will your brother come?" I asked him you can say when your brother will come, અને I asked him if he could say when his brother would come.

773. હું તેને પૂછુંછું કે તમારો ભાઈ આવશે એ તમે કહી શકોછો? I ask him if he can say (that) his brother will come. Past tense માં I asked him if he could say (that) his brother would come.

774. હું તેને પૂછુંછું કે તમારો ભાઈ ક્યારે આવશે એ તમે શી રીતે કહી શકોછો? I ask him how he can say

when his brother will come. Past tense માં I asked him how he could say when his brother would come.

775. ઉપરની જેટલી કલમોમાં પૂછ ની પછીનાં સવાલ પૂછનાર શબ્દવગરનાં સવાલનાં વાક્યોમાં *if* વાપરવામાં આવ્યો છે તેટલી કલમોમાં *whether* વાપરવામાં આવે તો ચાલે.

776. પૂછ ક્રિયાપદના સંબંધમાં જાણ ક્રિયાપદના કર્મ તરીકે જે સવાલ પૂછનાર શબ્દવગરનું સવાલનું વાક્ય આવેછે તેને અંતે કે નહીં બોલાય, અને જાણવાળા વાક્યમાં સવાલ પૂછનાર શબ્દ નહીં હોય તો બન્ને વાક્યમાં *if* બોલાય એ લે જાણવાળામાં *if* અને બીજામાં *whether*. જેમકે, હું તેને પૂછુંછુ કે તમારો ભાઈ આવશે કે નહીં એ તમે જાણોછો? I ask him if he knows whether his brother will come or not. Past tense માં I asked him if he knew whether his brother would come or not એ વાક્યમાં *or not* બોલવાની જરૂર નથી.

777. ઉપલી કલમમાં જાણોછો ને બદલે કહી શકોછો પણ બોલવામાં આવેછે. જેમકે, હું તેને પૂછુંછુ કે તમારો ભાઈ આવશે કે નહીં એ તમે કહી શકોછો? I ask him if he can say whether his brother will come. Past tense માં I asked him if he could say whether his brother would come.

778. *Direct form* માં જે બોલવામાં આવે તે *say* ક્રિયાપદનું કર્મ હોય, અને તેનો પહેલો શબ્દ vocative case એટલે સંબોધનમાં આવેલું common noun હોય તો *indirect form* માં *say* નો *tell* કરવો, અને તે નામની પહેલાં *say* ના subject પ્રમાણે છઠ્ઠી વિભક્તિનું સર્વનામ મૂક્યા પછી impera-

tive mood માં જે verb હોય તેની પહેલાં *to* મૂકવો. ઉદાહરણ, I say, "Father, give me a good book." એ *direct form* થયું. એનું *indirect form* I tell my father to give me a good book.

779. *Direct form* માં vocative case માં આવનારૂં proper noun હોય તો છઠ્ઠી વિભક્તિનું સર્વનામ વાપરવાની જરૂર નથી. જેમકે, She says, "Rambai, come with me to that school." એનું *indirect form* She tells Rambai to come with her to that school.

780. ઉપલી કલમોમાં infinitive mood નાં verbs *to give* અને *to come* આવેલા છે તે નહીં વાપરવા હોય તો તેમ પણ બની શકે. જેમકે, I tell my father that he should give me a good book, અને She tells Rambai that she should come with her to that school.

781. *Direct form* માં I said, "Father, give me a good book," અને She said, "Rambai, come with me to that school," હોય તો *indirect form* માં I told my father to give me a good book, અને She told Rambai to come with her to that school. બીજી રીતે I told my father that he should give me a good book, અને She told Rambai that she should come with her to that school.

782. I say "Father, give me a good book" નું *indirect form* માં I tell my father to give me a good book આપવામાં આવ્યું છે, પરંતુ પોતાના બાપને જે કહેવાનું છે તે વિવેકપૂર્વક કહેવું જોઈએ, તેથી *I tell* ને બદલે

I ask વગેરે બોલવું. એવે ઠેકાણે *ask* નો અર્થ વિનંતિ કર થાયછે.

783. She says, "Rambai, come with me to that school" નું *indirect form* માં She tells Rambai to come with her to that school આપ્યું છે, તેમાં જો તે અને રામબાઈ બેનપણી હોય તો *tells* વાપરવાને હરકત નહીં, પણ તેના કરતાં રામબાઈ મોટા દરજાની હોય તો *asks* બોલવો.

784. કહેનાર માણસ સાંભળનારના કરતાં ઊંચી પદવીના હોય તો *say* ને ઠેકાણે *tell* નહીં વાપરતાં *order* વાપરી શકાય, અને સાંભળનારની પંક્તિ ગ્રહકાયલામાં ઘણી નીચી હોય તો કહેનાર માણસ *tells* ને ઠેકાણે *commands* વાપરી શકે. ઉદાહરણ, The master says, "You are to come to school early." એનું *indirect form* માં The master orders you to come to school early. The king says "That man is to leave the court at once." *Indirect form* માં The king commands that man to leave the court at once.

785. *Direct form* માં *say* ના કર્મ તરીકે જે બોલવામાં આવે તેમાં *just now* હોય તો *indirect form* માં *just then* કરવું. જેમકે, I said "Ramdas, you should go home just now." *Indirect form* મા I told Ramdas that he should go home just then અથવા I told Ramdas to go home just then.

786. I said, "Father" = I told my father. He said "Father" = He told his father. She said, "Mother" = She told her mother. We said,

"Father" = We told our father. એજ પ્રમાણે ત્રણે persons અને બને numbers માં કરવાનું છે.

787. *Direct form* માં જે બોલવામાં આવેછે તે જ્યારે *say* ક્રિયાપદનું કર્મ હોયછે, અને એ બોલવાના કર્મ તરીકે બીજું બોલવું થાયછે ત્યારે *indirect form* માં *tell* બોલાય છે, અને બને જાતના બોલવામાં verb infinitive mood માં આવેછે. જેમકે, હું કહુંછુ કે રામભાઈ તારા ભાઈને કહેજે કે સાંજરે મારી પાસે આવે. એ વાક્યનું *direct form* માં I say, "Rambhai, tell your brother," "Come to me in the evening." *Indirect form* માં I tell Rambhai to tell his brother to come to me in the evening

788. ઉપલી કલમમાં હું કહુંછું ને બદલે મેં કહ્યું હોય તો *direct form* માં I said, "Rambhai tell your brother," "Come to me in the evening," અને *indirect form* માં I told Rambhai to tell his brother to come to me in the evening.

789. *Direct form* માં *I say* ને બદલે *He says* હોય તો He says, "Rambhai, tell your brother," "Come to me in the evening," અને *indirect form* માં He tells Rambhai to tell his brother to come to him in the evening. *She says* હોય તો *direct form* માં ઉપર પ્રમાણે અને *indirect form* માં She tells Rambhai to tell his brother to come to her in the evening. મતલબ એટલી કે કહેનારનાં જાતિ વચન પ્રમાણે *to come to* ની પછીનું સર્વનામ બોલવું.

790. ઉપલી કલમમાં infinitive mood માં બે ક્રિયાપદ આવેલાછે તે કાઢીનાખવા હોય તો He tells Rambhai

that he should tell his brother that he should come to him in the evening, અને She tells Rambhai that he should tell his brother that he should come to her in the evening એ પ્રમાણે થાય. પણ *should* વાપરવાથી બે જાતનું બોલવું થાયછે તે સારૂં નથી જણાતું, માટે એવે ઠેકાણે infinitive mood માં બને ક્રિયાપદ બોલવા એ વધારે સારૂં છે.

791. કલમ ૭૮૯ માં *He says* અને *She says* વાળાં વાક્યો past tense માં બોલવાં હોય તો He told Rambhai to tell his brother to come to him in the evening અને She told Rambhai to tell his brother to come to her in the evening થાય.

792. *Direct form* માં *say* ના કર્મ તરીકે જે બોલવામાં આવે તેમાં vocative case માં રામભાઈને બદલે રામબાઈ હોય તો ઉપલી કલમોમાં આપેલા દાખલામાં present tense માં *indirect form* માં He tells Rambai to tell her brother to come to him in the evening, અને She tells Rambai to tell her brother to come to her in the evening, અને past tense માં He told Rambai to tell her brother to come to him in the evening અને She told Rambai to tell her brother to come to her in the evening.

793. *Direct form* માં *say* ના કર્મ તરીકે જે બોલવામાં આવે તેમાં vocative case માં બે વિશેષ નામ જેવાં કે રામભાઈ અને ભાઈદાસ હોય તો ઉપલા બધા દાખલામાં *brother* ની પહેલાં *their* આવે, અને રામબાઈ અને પ્રેમબાઈ હોય ત્યારે પણ *their* આવે, કારણ કે *their* ત્રણે જાતિના નામરૂપી

ને જે *he, she,* અને *it* છે તે બધાનું બહુવચન છે, એટલે એ બધી જાતિમાં ગણવાનું છે.

794. *Direct form* માં *say* ના કર્મ તરીકે જે બોલવામાં આવેછે તેમાં vocative case માં આવનાર વિશેષ નામ સાંભળનાર છે તેથી તેને જે કહેવામાં આવેછે તેમાં પુરૂષની બાબતના ગુજરાતી ભાષના બીજા નિયમ પ્રમાણે પુરૂષ વાપરવામાં આવેછે. એથીજ એ વિશેષ નામની જાતિ પ્રમાણે ઉપલા દાખલામાં *brother* ની પહેલાં *his* અને *her* બોલવામાં આવ્યા છે.

795. *Direct form* માં *say* ના કર્મ તરીકે જે બોલવામાં આવેછે તેના કર્મ તરીકે જે કહેવામાં આવેછે તેમાં *I say, He says,* અને *She says* એ બધાની બાબતમાં આખરે મારી પાસે બોલાયછે તે ગુજરાતી ભાષાના પુરૂષ વિશેના પહેલા નિયમ પ્રમાણે છે, તેથી અંગ્રેજીમા *indirect form* માં કહેનારની જાતિ ઉપર નજર રાખીને *I say* ની બાબતમાં *to come to* ની પછી *me, He says* ની બાબતમાં *him* અને *She says* ની બાબતમાં *her* બોલવાનું છે. *I say* વગેરેના plural number માં એટલે *They say* ની બાબતમાં *to come to* ની પછી them બોલવાનું છે.

796. કલમ ૭૮૭ માં જે ગુજરાતી વાક્ય આપેલું છે તેને બદલે 'હું કહુંછુ કે રામભાઈ, તારા ભાઈને કહેજે કે તમને વખત મળે ત્યારે મારી પાસે આવજો' એવું વાક્ય હોય તો present અને past tense માં નીચે પ્રમાણે આવે :—

I say, "Rambhai, tell your brother," "Come to me when you get time."

I tell Rambhai to tell his brother to come to me when he gets time.

I said, "Rambhai, tell your brother to come to me when you get time."

I told Rambhai to tell his brother to come to me when he got time.

797. *I say* ને બદલે *He says* અને *She says* હોય તો *direct form* માં તો ઉપર પ્રમાણેજ બોલવું, પણ *indirect form* માં He tells Rambhai to tell his brother to come to him when he gets time, અને He told Rambhai to tell his brother to come to him when he got time, અને She tells Rambhai to tell his brother to come to her when he gets time, અને She told Rambhai to tell his brother to come to her when he got time.

798. રામભાઈને બદલે રામબાઈ હોય તો બને કાળમાં *direct form* માં તો સરખુંજ બોલવાનું છે, પણ *indirect form* માં I tell Rambai to tell her brother to come to me when he gets time, અને I told Rambai to tell her brother to come to me when he got time, He tells Rambai to tell her brother to come to him when he gets time, અને He told Rambai to tell her brother to come to him when he got time, અને She tells Rambai to tell her brother to come to her when he gets time, અને She told Rambai to tell her brother to come to her when he got time.

799. ઉપલી કલમનાં વાક્યો plural number માં નીચે પ્રમાણે આવે :—

They say, "Rambhai, tell your brother," "come to us when you get time."

They tell Rambhai to tell his brother to come to them when he gets time.

They said, "Rambhai, tell your brother," "Come to us when you get time."

They told Rambhai to tell his brother to come to them when he got time.

800. ઉપલી કલમમાં રામભાઈ છે તેને બદલે રામબાઈ હોય તો બને કાળમાં *direct form* માં સરખુંજ બોલવું, પણ *indiret form* માં *brother* ની પહેલાં *his* છે તેને ઠેકાણે *her* બોલવો.

801. કલમ ૭૮૭ માં તારા ભાઈને છે તેને બદલે તારી બેનને હોય તો બને કાળમાં *direct form* માં એટલોજ ફેર કે જ્યાં *brother* છે ત્યાં *sister* બોલવું, અને *indirect form* માં I tell Rambhai to tell his sister to come to me when she gets time, અને I told Rambhai to tell his sister to come to me when she got time. He tells Rambhai to tell his sister to come to him when she gets time, અને He told Rambhai to tell his sister to come to him when she got time, અને She tells Rambhai to tell his sister to come to her when she gets time, અને She told Rambhai to tell his sister to come to her when she got time.

802. રામભાઈને બદલે રામબાઈ હોય તો બને કાળમાં *direct form* માં સરખુંજ બોલવું, પણ *indirect form* માં *sister* ની પહેલાં *his* ને બદલે *her* બોલવો.

803. ઉપલી કલમનાં વાક્યો plural number માં આ પ્રમાણે આવે. They say, "Rambhai, tell your sister," "Come to us when you get time." They tell Rambhai to tell his sister to come to them when she gets time. They said, "Rambhai, tell your sister," "Come to us when you get time." They told Rambhai to tell his sister to come to them when she got time.

રામભાઈને બદલે **રામભાઈ** હોય તો બને ફોર્મમાં *direct form* માં સરખુંજ આવે, પણ *indirect form* માં ફેર એટલોજ પડે કે *sister* ની પહેલાં *his* છે તેને ઠેકાણે *her* મૂકાય.

804. ઉપલી કલમોમાં past tense માં *when he got time* આવેલું છે ત્યાં જ્યારે તમને વખત મળે છે તેને બદલે જો તમને વખત મળે હોય તો *when* ને ઠેકાણે *if* આવે એટલે *if he got time* થાય. *If he got time = If he should get time*; અને એજ પ્રમાણે *when he got time = when he should get time* છે એમ સમજવું.

805. I tell Jamnadas not to go out till he has finished his work, અને I told Jamnadas not to go out till he had finished his work. એ વાક્યો *indirect form* માં છે. એનું *direct form* માં I say અને I said, "Jamnadas, do not go out till you have finished your work." ગુજરાતીમાં હું કહુંછુ અને મેં કહ્યું કે જમનાદાસ, જ્યાં સુધી તમે તમારૂં કામ પૂરૂં કર્યા રહો ત્યાં સુધી તમે બહાર જતા ના. He tells Jamnadas not to go out till he has finished his work, અને He told Jamnadas not to go out till he had finished his work. He tells અને *He told*, "Jamnadas, do not go out till you

have finished your work." ગુજરાતીમાં ઉપર પ્રમાણેજ બોલવાનું છે. *She tells* અને *She told* ની બાબતમાં *He tells* અને *He told* ની બાબતમાં છે તેમજ સમજવાનું છે.

જમનાદાસને બદલે **જમનાબાઈ** હોય તો બને કાળમ ઉપર પ્રમાણેજ બોલવું. ફક્ત એટલોજ ફેર કે *till* ની પછી *he* હોય ત્યાં *She*, અને *work* ની પહેલાં *his* હોય ત્યાં *her* બોલવો.

806. *Indirect form* માં I ask Mr. Ranchhordas to be so kind as to send his son to me when he returns from school હોય તો *direct form* માં I say, "Mr. Ranchhordas, be so kind as to send your son to me when he returns from school." ગુજરાતીમાં હું કહુંછું કે રણછોડદાસભાઈ કે રણછોડદાસજી, આપના ચિરંજીવી નિશાળેથી પાછા આવે ત્યારે મહેરબાની કરીને તેને જરા મારી પાસે મોકલજો.

807. Past tense માં ઉપલું વાક્ય લેવામાં આવે તો *indirect form* માં I asked Mr. Ranchhordas to be so kind as to send his son to me when he returned from school, અને *direct form* માં *I said* બોલીને ઉપર પ્રમાણેજ બોલવું, અને ગુજરાતીમાં પણ મેં કહ્યું બોલીને રણછોડદાસજી વગેરે બોલવું.

808. *He asks* અને *He asked*, અને *She asks* અને *She asked* હોય તો બને કાળમાં *indirect form* માં He asks Mr. Ranchhordas to be so kind as to send his son to him when he returns from school, અને He asked Mr. Ranchhordas to be so kind as to send his son to him when he returned from school, અને She asks Mr. Ranchhordas to be so kind as

to send his son to her when he returns from school, અને She asked Mr. Ranchhordas to be so kind as to send his son to her when he returned from school. *Direct form* માં બધાની બાબતમાં કલમ ૮૦૬ માં *I say* ની પછી Mr. Ranchhordas, be so kind વગેરે આપેલું છે તેજ બોલવાનું છે. ગુજરાતીમાં પણ એજ કલમમાં છે તે બોલવું.

Be so kind as to ને બદલે *be so good as to, be kind enough to, be good enough to, have the kindness to,* અને *have the goodness* બોલીશકાય.

809. *Indirect form* માં The master orders Chhotoo when he goes home not to forget to ask his father to buy him a new book હોય તો *direct form* માં The master says, "Chhotoo, when you go home, do not forget to ask your father to buy you a new book." Past tense માં *direct form* માં સરખુજ અને *indirect form* માં The master ordered Chhotoo when he went home not to forget to ask his father to buy him a new book. ગુજરાતીમાં બને કાળમાં મહેતાજી કહેછે અને મહેતાજીએ કહ્યું કે છોટુ, તું ઘેર જાય ત્યારે તારા બાપને વિનંતિપૂર્વક કહેવાને ભૂલતો ના કે તારે માટે નવી ચોપડી વેચાતી લે.

810. I tell Bapubhai that, if he walk fast, it will take him two hours to reach my village. Indirect. I say, "Bapubhai, if you walk fast, it will take you two hours to reach my village" Direct. *He tells Bapubhai* ની બાબતમાં *my village* ને બદલે *his village,* અને *She tells Bapubhai* હોય તો *her*

village બોલવું. *He tells* અને *She tells* ની બાબતમાં *direct form* માં *I tell* ની બાબતમાં છે તેવુંજ બોલવાનું છે. ગુજરાતીમાં હું કહુંછું. તે કહેછે, અને તે કહેછે કે બાપુભાઈ, જો તમે ઉતાવળા ચાલશો તો મારે ગામ પોંચતાં તમને બે કલાક લાગશે.

811. ઉપલી કલમનાં વાક્યો past tense માં લેવાં હોય તો I told Bapubhai that, if he walked fast, it would take him two hours to reach my village. *He told Bapubhai* અને *She told Bapubhai* ની બાબતમાં *my village* ને બદલે *his village* અને *her village* બોલવું. ગુજરાતીમાં ઉપલી કલમમાં છે તેમજ બોલવું.

812. It will take you two hours to reach my village ને બદલે You will be two hours reaching કે in reaching my village, અથવા It will be two hours before you reach my village પણ બોલવામાં આવેછે.

813. He tells me that he believes my statement to be correct. } *Indirect.*

He tells me, "I believe your statement to be correct." } *Direct*

He told me that he believed my statement to be correct. } *Indirect.*

He told me, "I believe your statement to te correct." } *Direct.*

814. ઉપલી કલમમાંનાં વાક્યોમાંથી *to be* કાઢીનાખ્યો હોય તો નીચે પ્રમાણે.

He tells me that he belives my statement is correct. } *Indirect.*

He tells me, "I believe your statement is correct." } *Direct.*

He told me that he believed my statement was correct. } *Indirect*

He told me, "I believe your statement is correct. } *Direct.*

815. ઉપલી બે કલમોનાં વાક્યોને માટે ગુજરાતીમાં બને કાળમાં તે મને કહેછે અને તેણે મને કહ્યું કે હું ધારૂંછું કે તમારૂં કહેવું ખરૂં છે એમ બોલવું.

816. He tells me that he is not a little surprised at what I say. } *Indirect*

He tells me, "I am not a little surprised at what you say." } *Direct.*

He told me that he was not a little surprised at what I said. } *Indirect.*

He told me, "I am not a little surprised at what you say." } *Direct.*

817. ઉપલી કલમમાં આવેલાં વાક્યોનું ગુજરાતી તેમને કહેછે અને તેણે મને કહ્યું કે તમે જે કહોછો તે સાંભળીને હું કંઈ થોડો આશ્ચર્ય પામતો નથી.

818. He tells me that he is but little કે એકલું little surprised at what I say. } *Indirect.*

He tells me, "I am but little કે એકલું little surprised at what you say." } *Direct.*

He told me that he was but little કે એકલું little surprised at what I said. } *Indirect.*

He told me, "I am but little કે એકજું little surprised at what you say." } *Direct.*

819. ઉપલી કલમનાં વાક્યોનું ગુજરાતી તે મને કહેછે અને તેણે મને કહ્યું કે તમે જે કહોછો તે સાંભળીને હું થોડોજ આશ્ચર્ય પામુંછું.

820. ગુજરાતીમાં કોઈપણ માણસનું જે બોલવું થાય તે જો અડધા અથવા આખા પાના જેટલું લાબું હોય તો તેનું અંગ્રેજી કરતી વખતે *direct form* વાપરવી વધારે સારી છે.

821. જે બાબત હમેશા સરખીને સરખીજ હોયછે એટલે જેમાં કદી ફેર પડતો નથી તે બાબત કહીં જણાવવી હોય તો tense વિશેનો અંગ્રેજીમાં જે નિયમ છે તે નિયમ પ્રમાણે ચાલવાનું નથી. જેમકે, He says that mildness governs better than anger, અને He said that mildness governs better than anger. They say that two and two make four, અને They said that two and two make four.

Remarks on Select English Verbs.

The verb Marry.

822. *Marry* નો અર્થ પરણ અને પરણાવ બને થાયછે. ઉદાહરણ, *He married* a beautiful lady તે ખુબસુરત સ્ત્રી પરણ્યો અથવા તે ખુબસુરત સ્ત્રીની જોડે પરણ્યો, અને He *married* his daughter to a respectable man તેણે પોતાની છોકરીને આબરૂદાર માણસ જોડે પરણાવી. બને અર્થે *marry* transitive છે. *Marry* ની પછી અંગ્રેજીમાં *to* ન બોલવો. પરણાવને અર્થે *marry* = *give in marriage* છે, તેથી He *married* his daughter

to વગેરે છે તેને બદલે He *gave* his daughter *in marriage to* વગેરે બોલાય.

The verb **Desert.**

823. *Desert* transitive verb છે, અને એનો અર્થ છોડી દ થાયછે. દાખલો, He *deserted me* તેણ મને છોડી દીધો, પરંતુ He *deserted to me* પણ બોલાય. એનો અર્થ એવો છે કે તે કોઈને છોડીને મારી તરફ આવ્યો. He *deserted from me* એટલે તે મને છોડીને કોઈની તરફ ગયો.

The verb **Revolt**

824. *Revolt* નો અર્થ ફિતુર કર થાયછે, અને એ intransitive verb છે. જેમ *desert* ની પછી *to* આવેછે તેમ એની પછી પણ આવેછે. જેમકે, They *revolted to* the French તેઓ ફિતુર કરીને ફ્રેન્ચની તરફ જતા રહ્યા.

The verb **Fear.**

825. *Fear* અંગ્રેજીમાં transitive verb છે, પણ ગુજરાતીમાં એની પહેલાં થી આવેછે તેથી એમ ધારવામાં આવેછે કે એ intransitive હોશે. એમ ધારીને 'હું તેનાથી બીહુંછું' ને માટે 'I fear from him' બોલવામાં આવેછે.

Fear ની પછી *from* બોલવું એ ખોટું છે, અને એવી ભુલ ન થાય એટલા સારૂ યાદ રાખવાનું એ કે *to fear* = *to be afraid of* છે. તેથી *I fear him* = *I am affraid of him.* *He fears me* = *He is afraid of me.*

826. *I fear him* નું passive *He is feared by me* થાયછે તેનું ગુજરાતી કરતી વખત મારાથી તે બીવાડાયછે એમ બોલવામાં આવેછે, પણ તેમ નહીં બોલતાં મારાથી તે બીવાયછે એમ બોલવું. મૂળમાંજ એવું યાદ રાખવાનું છે કે *to fear* એટલે બીવું, બીવડાવવું નહીં.

The verb **Miscarry**.

827. *Miscarry* એટલે ગેરવલે પડ. એ ક્રિયાપદના રૂપ ઉપરથી એમ ધારવામાં આવે કે એ transitive હોશે. એવી ધારણાથી 'મારો કાગળ ગેરવલે પડ્યો હોશે' ને માટે 'My letter must have been miscarried' બોલવામાં આવે, પણ એમ બોલવું ખોટું છે. અંગ્રેજીમાં એ ક્રિયાપદ intransitive છે એમ સમજીને એ વાક્યનો તરજૂમો કરવાનો છે, તેથી my letter *must have miscarried* બોલવું જોઈએ. તેમજ past tense માં my letter *miscarried*, *was miscarried* નહીં, અને present perfect માં my letter *has been miscarried* નહીં પણ *has miscarried*. *Miscarry* નો past tense અને past participle *miscarried*.

The verb **Fly**.

828. *Fly* નો મૂળ અર્થ ઉડ થાયછે જેમકે, Birds *fly* પક્ષીઓ ઉડેછે. આવે અર્થે એ intransitive છે, અને એનો past tense *flew*, અને past participle *flown* થાયછે.

829. *Fly* નો અર્થ નાસ પણ થાયછે. જેમકે, They *fly* from him daily તેઓ તેનાથી રોજ નાસેછે. આવો અર્થ હોયછે ત્યારે પણ એ intransitive છે, અને *flee* ની બરાબર છે, તેથી એનો past tense અને past participle બને *fled* થાયછે.

830. *Fly* transitive verb તરીકે પણ વપરાયછે. જેમકે, He tried to *fly* the danger તેણે ભયથી નાસી જવાનું યત્ન કર્યું. એવે ઠેકાણે પણ એનો past tense અને past participle બને *fled* થાયછે.

The verb **Flow**.

831. *Flow* એટલે વહે એ intransitive verb છે. જેમકે, Do you know how that river *flows*. *Flow* નો past tense અને past participle બને *flowed* થાયછે.

The verb **Die**.

832. *Die* એટલે મર એ intransitive verb છે, અને એનો past tense *died* અને past participle પણ *died* થાયછે. Past participle તરીકે *dead* પણ આવેછે.

833. *Died* past participle હોય ત્યારે એની જોડે *is* કે *was* બોલાય નહીં, કારણ કે એ intransitive છે, પણ *dead* તો past participial adjective છે તેથી એની જોડે *is* કે *was* આવી શકે. એ ઉપરથી *is dead* કે *was dead* બોલાય, પણ *is died* કે *was died* નહીં બોલાય. *Is dead* = *has died*, *was dead* = *had died*, અને *will be dead* = *will die*

834. *Die* transitive verb તરીકે પણ વપરાયછે. જેમકે, He *died* a good death તે સારે મોતે મરીગયો. They *died* an unnatural death તેઓ કમોતે મરીગયા.

835. *Disease* એટલે રોગની બાબતમાં *die* ની પછી *of* આવેછે. જેમકે, He *died of* small-pox. *Sword* એટલે તરવાલની બાબતમાં *by*, જેમકે, He *died by* the sword, અને *cause* એટલે પક્ષની બાબતમાં *for*. જેમકે, He *died for* his cause.

836. To *die by* the sword ની માફક to *perish by* cold બોલવામાં આવેછે, પણ વખતે *with* પણ આવેછે. જેમકે, To *die with* laughing, અને to *die with* fatigue. એજ પ્રમાણે to *die of* starvation, to *die of*

hunger, to *perish from* hunger, to *die from* poison વગેરે બોલવાની અંગ્રેજીમાં રૂઢી છે.

The verb **Dye.**

837. *Dye* નો અર્થ રંગ થાયછે, અને એનો past tense *dyed*, અને past participle પણ *dyed* થાયછે. એ transitive verb છે તેથી *is dyed* કે *was dyed* બોલી શકાય.

Was dyed એટલે રંગાયો, તેથી 'તે લડાઈમાં કોણ મરી ગયો' નું અંગ્રેજી કરતી વખત કોઈ એમ બોલે કે Who was *died* in that battle? તો ઉપરથી સાંભળનાર એમ કહે કે *dyed in red or black?* એથી પેલા બોલનારની હાસી થાય. માટે *died* ની જોડે *is* કે *was* કદી બોલવો નહીં.

The verb **Avoid.**

838. *Avoid* એટલે થી દૂર રહે એટલે અંગ્રેજીમાં *keep away from*. *Fear* ની માફક એ ક્રિયાપદની પહેલાં થી આવ્યાથી એ intransitive હોશે એમ ધારવામાં આવે, પણ એ થી અંગ્રેજીમાં લેવાનો નથી એટલે એની પછી જે નામ આવે તે નામની પહેલાં *from* બોલવાનો નથી. જેમકે, તેણે ભયથી દૂર રહેવાને યત્ન કીધું He tried to *avoid* the danger, *from* the danger નહીં.

The verb **Avert.**

839. *Avert* એટલે turn away નો અર્થ દૂર કર અથવા એક કોરે ખસેડી નાખ. To *avert* the danger નો અર્થ એવો કે જે ભય હોય તેનાથી દૂર ન રહેતાં તેને એક કોરે કરવો કે જેથી તે આવી પડતો અટકે. જો કોઈ માણસના ઉપર પથર ફેંકવામાં આવે, અને તે માણસ તે પથરને લાકડી વડે એક બાજુએ ખસેડી નાખે તો તેણે તે પથરને *avert* કીધો કહેવાય, પણ પથરને ખસેડીનાખવાને બદલે પોતેજ ખસી જાયતો *avoid* કીધો કહેવાય.

The verb **entrust.**

840. *Entrust* એટલે સોંપ એ transitive verb છે, અને એને વાપરવાની બે રીત છે. પહેલી રીતમાં સોંપવાની વસ્તુ જેને સોંપવામાં આવેછે તેની પહેલાં, અને બીજી રીતમાં તેની પછી વપરાયછે. ઉદાહરણ, મેં તેને મારૂં કામ સોંપ્યું I *entrusted* my work *to* him, અને I *entrusted* him *with* my work.

The verbs **Sit, Lie,** અને **Stand.**

841. ગુજરાતીમાં ભૂતવર્ત્તમાન પણ અંગ્રેજીમાં present continuous લેવાનો હોય, અને ભૂતભૂત હોય તો past continuous લેવાનો હોય એવા અંગ્રેજીમા ત્રણ ક્રિયાપદ છે તેના નામ *Sit, Lie* અને *Stand* ઉદાહરણ, તે ખુરસીપર બેઠો છે He *is sitting* on a chair. તે ખુરસીપર બેઠો હતો He *was sitting* on a chair તે જમીનપર પડેલો છે He *is lying* on the ground. તે જમીનપર પડેલો હતો He *was lying* on the ground. તે રસ્તે ઉભો છે He *is standing* on the road. તે રસ્તે ઉભો હતો He *was standing* on the road. *Sit* નો past tense *sat* અને past participle પણ *sat*. *Lie* નો past tense *lay*, અને past participle *lain*. *Stand* નો past tense અને past participle બંને *stood*.

The verb **Find.**

842. *Find* નો અર્થ ને માલમ પડ. ગુજરાતીમાં એથી વિભક્તિમાં નામ અથવા સર્વનામ આવ્યું હોય તેની અંગ્રેજીમાં પહેલી કરવાની છે. ઉદાહરણ, મને માલમ પડેછે કે તમે સારા છોકરા છે I *find* that you are a good boy. તેને માલમ પડેછે હોય તો He *finds*, તેઓને માલમ

પડેછે They *find* વગેરે. *Find* નો past tense અને past participle બને *found* છે.

843. *Find* ના જેવા બીજા ક્રિયાપદ છે તેનાં નામ *feel, get, receive, meet* વગેરે. ઉદાહરણ, મને લાગેછે કે તમે કહોછો તે ખરૂં છે I *feel* that what you say is true. તેને હમેશ ઇનામ મળેછે He always *gets* a prize. તેઓને સારાં ઇનામ મળશે They will *receive* good prizes. મારા ભાઇને બે માણસ મળ્યાં my brother *met* two men. એ બધા ક્રિયાપદની બાબતમાં યાદ રાખવાનું એ છે કે ગુજરાતીમાં ચોથીવાળું નામ અંગ્રેજીમાં subject થઇ જાયછે, અને ગુજરાતીમાં જે કર્તા હોયછે તે અંગ્રેજીમાં object થાયછે.

The verb Lie.

844. *Lie* નો અર્થ પડ થાયછે ત્યારે એનો past tense *lay* પડ્યો, અને past participle *lain* પડેલો, અને જ્યારે જૂઠું બોલ એવો અર્થ થાયછે ત્યારે past tense *lied* જૂઠું બોલ્યો, અને past participle *lied* જૂઠું બોલેલો થાયછે. બને અર્થે એ intransitive છે.

845. કવિતામાં *lie* transitive તરીકે વપરાયછે. જેમકે, He *lies* him down there. તે ત્યાં પોતાને પાડેછે, એટલે તે ત્યાં પડેછે અથવા તે ત્યાં પડાવ નાખેછે. *Lie* નો past tense *lay* જ્યારે present tense માં હોયછે ત્યારે એનો અર્થ મૂક કરવાનો છે, અને એનો past tense *laid* મૂક્યો, અને past participle *laid* મૂકેલો.

846. *Lie* ઉપરથી *lay, laid, laid* થાયછે તેમ *grind, find, bind, fall, see* વગેરે ઉપરથી પણ *ground, grounded, grounded, found, founded, founded.*

bound, ***bounded, bounded, fell, felled, felled***, *saw*, *sawed*, ***sawn*** વગેરે થાયછે.

The verbs **Beat** અને **Bite**.

847. *Beat* એટલે માર. એનો past tense *beat*, અને past participle *beaten*. *Bite* નો અર્થ કરડ. એનો past tense *bit* અને past participle *bitten*.

848. *Beat* ને વાપરવાની રીત એવી છે કે મારવાની વસ્તુ અને મારખાનાર માણસમાં મારખાનાર પહેલો બોલવો, અને પછી *with* બોલીને મારવાની વસ્તુનું નામ બોલવું. જેમકે, I *beat* him *with* a cane, I *beat* a cane to him નહીં.

The verbs **Draw** અને **Drive**.

849 *Draw* એટલે ખેંચ. એનો past tense *drew* અને past participle *drawn*. *Drive* એટલે હાંક. એનો past tense *drove* અને past participle *driven*.

The verb **Hang**.

850. *Hang* નો અર્થ ટાંગ થાયછે ત્યારે એનો past tense અને past participle બન્ને *hung* થાયછે, અને ફાંસી દે એવો અર્થ થાયછે ત્યારે past tense અને past participle બન્ને *hanged* કરવાનાં છે.

The verbs **Lay, Pay**, અને **Say**.

851. *Lay, pay*, અને *say* નો past tense અને past participle *laid, paid*, અને *said* છે. એકજ syllable વાળા એટલે એકજ પદી ક્રિયાપદ જેને છેડે *y* આવેછે અને તેની પહેલાં *a* સ્વર હોયછે તેનો past tense અને past participle કરતી વખતે *y* કાયમ રહેછે, અને *ed* લાગેછે. જેમકે, *play, played, played, stay, stayed, stayed, bay, bayed,*

bayed, *bray*, brayed, *brayed*, *pray*, *prayed*, *prayed*, *stray*, *strayed*, *strayed* વગેરે. *Stay* નો past tense અને past participle વખતે *staid* થાયછે, પણ *stayed* બોલવો એ વધારે સારૂં છે. એ નિયમના અપવાદ તરીકે *lay*, *pay*, અને *say* છે. *Slay* નો past tense *slew* અને past participle *slain* થાયછે તેથી એ ક્રિયાપદ સાધારણ નિયમની બહાર છે તેમ અપવાદમાં પણ નથી.

The verbs **Lose** અને **Loose**.

852. *Lose* એટલે ખો. એનો past tense *lost*, અને past participle પણ *lost*. *Loose* નો અર્થ છોડ. એનો past tense અને past participle બને *loosed* થાયછે. *Loosen*, *loosened*, અને *loosened* પણ બોલવામાં આવેછે.

The verbs **Sit**, **Seat**, અને **Set**.

853. *Sit* એટલે બેસ. એનો past tense અને past participle બને *sat*. *Seat*, એટલે બેસાડ. એનો past tense *seated*, અને past participle પણ *seated*. *Set* એટલે બેસાડ. એનો past tense અને past participle બને *set* થાયછે.

Sit કવિતામાં transitive verb તરીકે વપરાયછે. જેમકે, He *sits* him down the monarch of a *shed*.

The verbs **Sow** અને **Sew**.

854. *Sow* નો અર્થ વાવ થાયછે, અને એનો past tense *sowed*, અને past participle *sown*. *Sew* એટલે સીવ નો past tense *sewed*, અને past participle *sewn* થાયછે.

The verb **Spit**.

855. *Spit* એટલે થુંક થાયછે ત્યારે એનો past tense *spat* કે *spit*, અને past participle પણ *spat*, કે *spit*.

જ્યારે *spit* = ભુંજ થાયછે ત્યારે past tense અને past participle બન્ને *spitted* કરવાનાં છે.

The verb **Wake**.

856. *Wake* intransitive હોયછે ત્યારે એનો અર્થ જાગ થાયછે, અને એનો past tense અને past participle બન્ને *woke* થાયછે, અને transitive હોયછે ત્યારે past tense અને past participle બન્ને *waked* થાયછે.

The verb **Wind**.

857. *Wind* એટલે લપેટ કે કુંચી આપ. એનો past tense અને past participle બન્ને *wound* પણ જ્યારે એનો અર્થ ફુંક હોયછે ત્યારે past tense *winded* અને past participle પણ *winded*

The verb **Eat**.

858. *Eat* એટલે ખા Past tense *ate* અને past participle *eaten* વખતે past tense માં *eat* પણ લખવામાં આવેછે. To *eat* a fruit અને To *eat of* a fruit એમ એમાં ફેર એટલો છે કે પહેલામાં ફળ બધું ખાવું, અને બીજામાં ફળમાંથી થોડું ખાવું.

The verb **Bear**.

859. *Bear* નો અર્થ જણ. એનો past tense *bore* (*bare*), અને past participle *born*, પણ જ્યારે *bear* એટલે લઇજા થાયછે ત્યારે એનો past tense *bore* અને past participle *borne* કરવાનાં છે.

જણ ને અર્થે *to bear* નો passive voice *to be born* છે અને તેનો અર્થ જણાવું થાયછે, તેથી *He was born* નો છૂટો તરજૂમો તે જણાયો છે, પર તુ ગુજરાતીમાં એમ બોલવામાં આવતું નથી, માટે તે જણાયો = તે જનમ્યો બોલવાનો ચાલ છે. તે જનમ્યો નુ અંગ્રેજી કરવું હોય તો એની બરાબર તે જણાયો છે એમ સમજીને *He was born* બોલવું.

The verb **Work.**

860. *Work* નો અર્થ શ્રમ કર હોયછે ત્યારે past tense અને past participle બને *worked* છે, અને જ્યારે એનો અર્થ ફક્ત કર (ફેરફાર a change) થાયછે ત્યારે past tense અને past participle પણ *wrought* થાયછે.

The verb **Invest.**

861. *Invest* ની બાબતમાં એમ છે કે જેને *invest* કરવાનું તે જીવવાળો પ્રાણી હોયછે ત્યારે એની પછી *with* બોલવાનો છે. જેમકે, તે પોતાના છોકરાને જનોઈ પહેરાવવા ઈચ્છેછે He wishes to *invest* his son *with* the sacred thread. પણ જ્યારે જે *invest* કરવાનું હોય તે જીવવગરની વસ્તુ હોયછે ત્યારે એની પછી *in* આવેછે. જેમકે, તે વરસો વરસ તે બૅંકમાં ઘણો પૈસો મૂકેછે He *invests* much money *in* that bank every year.

The verb **Impress.**

862. *Impress* ની જોડે બે કર્મ આવેછે, એક જીવવાળું અને બીજું જીવવગરનું. જો જીવવાળા કર્મ જોડે preposition વાપરવું હોય તો *upon* બોલવો, અને જીવવગરના કર્મ જોડે બોલવું હોય તો *with* વાપરવો. જેમકે, I wish to *impress upon* him the necessity of doing so, અને I wish to *impress* him *with* the necessity of doing so. એ વાક્યનું ગુજરાતી એમ કરવાની જરૂર છે એ હું તેના મનમાં ઠસાવવાને ચાહુંછું.

The verb **Indulge.**

863. *Indulge* એટલે ગમ્મત કર અને ગમ્મત કરાવ. જ્યારે એ ક્રિયાપદ intransitive હોયછે ત્યારે એની પછી *in*, અને transitive હોયછે ત્યારે *with* આવેછે. જેમકે, He

indulges in Bhang, અને He *indulges* himself *with* a cup of Bhang.

The verb Reconcile.

864. *Reconcile* નો અર્થ સમાધાન કરાવ થાયછે ત્યારે એની પછી *to*, અને મળતું છે એમ બતાવ એવો અર્થ થાયછે ત્યારે *with* આવેછે. ઉદાહરણ, He wishes to *reconcile* you *to* your brother, અને I cannot *reconcile* this act of his *with* the experience I have of him. ગુજરાતીમાં તમને તમારા ભાઈની સાથે સમાધાન કરાવવાને તે ચાહેછે, અને તેના વિષેના મારા અનુભવ સાથે તેનું એ કામ મળતું આવેછે એમ હું બતાવી શકતો નથી. બીજા વાક્યની મતલબ એવી કે તેને વિષેનો મારો અનુભવ છે તે પ્રમાણે તો તેનું એ કામ મને નવાઈ જેવું લાગેછે.

The verb Distinguish.

865. *Distinguish* નો અર્થ પારખ છે. પારખવાની વસ્તુ બને જોડે લેવામાં આવેછે ત્યારે *between*, અને જુદી જુદી બોલવામાં આવેછે ત્યારે *from* બોલવાનો છે. ઉદાહરણ, He cannot *distinguish between* these two things, અને He cannot *distinguish* this thing *from* that thing.

Distinguish ની પછી *between* વાપરવામાં આવેછે એ બરાબર છે એ શેપર્ડ સાહેબના વિચાર ઉપરથી તા. ઘણા ગ્રંથોમાં એમ છે તે ઉપરથી માલમ પડેછે. પરંતુ પોતાના 'Bad English exposed' નામના ગ્રંથમાં ઉવાશિંગટન મુન સાહેબ જે લખેછે તે ઉપરથી એમ કે એવે ઠેકાણે ખરો શબ્દ *distinguish* નહી પણ *discriminate* છે, તેથી *distinguish* one thing *from* another, અને *discriminate between* two or more things એમ બોલવું જોઈએ. એ બાબતમાં મારો પોતાનો વિચાર એવો છે કે એવે ઠેકાણે *distinguish* અને *discriminate* બને વાપરી શકાય, પણ યાદ રાખવાનું એટલું કે *discriminate* કરવામાં વધારે બારીકી રહેલી છે.

The verb **Divide**.

866. *Divide* એટલે વહેંચી લે. જ્યારે બે જણની વાત હોય ત્યારે એની પછી *between*, અને બેથી વધારે હોય ત્યારે *among* વાપરવાનો છે. જેમકે, Those two men *divided* the spoils *between* them, અને All those men *divided* the spoils *among* them *Divide* નો past t nse અને past participle પણ *divided*.

The verb **Feed**.

867. *Feed* નો અર્થ ખા અને ખવાડ એ થાયછે એ ક્રિયાપદ transitive અને intransitive બંને હોયછે. જ્યારે એ intransitive હોયછે ત્યારે એની પછી *on* અને transitive હોયછે ત્યારે *with* આવેછે. જેમકે, He *feeds* *on* fruit, અને He *feeds* them *with* fruit. *Feed* નો past tense *fed*, અને past participle પણ *fed*.

The verb **Confide**.

868. *Confide* નો અર્થ ભરોંસો રાખ થાયછે ત્યારે એ intransitive હોયછે, અને એની પછી *in* આવેછે. જેમકે, He *confides in* what you say. જ્યારે એનો અર્થ સોંપ થાયછે ત્યારે એ transitive હોયછે, અને એની પછી *to* બોલવાનો છે, જેમકે, He *confided* his secrets *to* me. જો *confides in* માં *in* એકઠો લેવામાં આવે તો બે મળીને transitive verb થાય, અને *what=that which* છે, તેથી *that* એનો object થાય.

The verb **Betray**.

869. *Betray* એટલે ફસાવ. જ્યારે ફસાનાર અને જેને તે ફસાવવામાં આવેછે તે બંને જીવવાળા પ્રાણી હોયછે ત્યારે એની પછી *to* બોલવાનો છે. જેમકે, They *betrayed*

him to his *enemy.* પણ ફસાવનાર એકલોજ જીવવાળો હોયછે ત્યારે *into* આવેછે. જેમકે, They *betrayed him into the hands* of his enemy. *Betray* નો past tense અને past participle બને *betrayed.*

The verb **Present.**

870. *Present* નો અર્થ નજર કર થાયછે. એ ક્રિયાપદને બે objects હોયછે, એક જીવવગરનો અને બીજો જીવવાળો. જીવવાળું કર્મ જીવવગરના કર્મની પહેલાં કે પછી બોલવામાં આવે તોપણ તેની પહેલાં *to* મુકવો જોઇએ. જેમકે, He *presented to* me very good books અથવા He *presented* very good books *to* me. જો જીવવાળું કર્મ પહેલું લેવામાં આવે, અને તેની આગમજ *to* નહીં બોલવો હોય તો જીવવગરની વસ્તુની પહેલાં *with* બોલવો. જેમકે, He *presented* me *with* very good books. *Furnish, provide, supply, entrust* વગેરેની બાબતમાં પણ એવોજ નિયમ સમજવાનો છે. *Present* નો past tense *presented* અને past participle પણ *presented.*

The verb **Banish.**

871. *Banish* એટલે કાઢીમૂક. 'He was banished the kingdom' એ 'The king banished him the kingdom' નું passive છે. *Banished* ને બે objects છે એટલે *him* અને *kingdom.* જ્યારે એનું passive કરવામાં આવેછે ત્યારે એક object subject થાયછે અને બીજો object object જ રહેછે. એ બાબતમાં કેટલાક એમ કહેવા માગેછે કે *kingdom* ની પહેલાં *from* અધ્યાહાર્ય છે, પણ એવો ખુલાસો એવાજ દાખલામાં ચાલે એમ નથી. 'He was given a present by the king' માં *present* ની

પહેલાં કોઈ પણ preposition અધ્યાહાર્ય છે એમ કહી શકાય નહીં. (Sheppard's Manual of General English page 95 article 371).

Banish ની બાબતમાં જે કહેવામાં આવેલું છે તે પ્રમાણે જૂના વખતમાં હતું, પણ હાલમાં તો *from* બોલવાને કંઈ હરકત નથી એમ તપાસ કરતાં માલમ પડે છે. *Dismiss* ની બાબતમાં પણ એજ પ્રમાણે છે.

The verb **Please.**

872 *Please* ક્રિયાપદનો એક ખાસ ઉપયોગ *If you please* માં કરવામાં આવે છે. કેટલાકના ધારવામાં એમ છે કે અગરજો *you* એ *please* નો subject જણાય છે તોપણ એ subject નહીં પણ object છે, કારણ કે *If you please* = *If it should please you* છે. પણ શેપર્ડ સાહેબનું કહેવું એવું છે કે *please* passive voice માં છે, એટલે *be pleased* ની બરાબર છે, અને તેથી " *If you please* = *If you be pleased* છે એમ સમજવું વધારે સારું છે.

The verbs **Rob** અને **Steal.**

873. *Rob* નો અર્થ *steal* ની માફક ચોર થાય છે. એમાં ફેર એટલો છે કે *rob* ની બાબતમાં વગર ધાસ્તીએ છુચોક ચોરીનું કામ કરવાનું છે, પણ *steal* ની બાબતમાં ચોરવાનું કામ કોઈ જાણે નહીં એમ ફિકર રાખીને કરવાનું છે.

874. *Rob* ને વાપરવાની રીત એવી છે કે ચોરવાની વસ્તુની પહેલાં તે વસ્તુનો માલિક લેવો, અને પછી *of* બોલીને જે વસ્તુ હોય તે બોલવી. જેમકે, They *robbed him of* many rupees, They ***robbed his*** many rupees નહીં બોલવું. *Rob* નો past tense અને past participle બન્ને ***robbed***, અને ***steal*** નો past tense ***stole*** અને past participle ***stolen***.

The verb **Dare.**

875. *Dare* નો અર્થ હિંમત ધર. જ્યારે એ ક્રિયાપદ *venture* ની બરાબર હોયછે ત્યારે એ intransitive હોયછે, અને એનો past tense *durst* અને past participle *dared* થાયછે. જ્યારે એનો અર્થ *to challenge* થાયછે ત્યારે એ transitive ગણવાનો છે, અને એને past tense અને past participle બને *dared* કરવાનાં છે.

876. લેટમ્ સાહેબ પોતાની Hand Book of the English Tongue નામની ચોપડીમાં ૩૪૨ મે પાને કલમ ૪૫૯ માં લખેછે કે *dare* ક્રિયાપદ transitive અને intransitive બને છે. *I dare do such a thing*, અથવા I dare (challenge) such a man to do it આપણે બોલીશકીએ. Present tense માં એ પ્રમાણે બોલવું બેશક ખરૂં છે. Past tense માં *dare* બોલની બેવડી શક્તિ શકભરેલી છે; તોપણ મારા પોતાના મનમાં તો એમ છે કે એ પ્રમાણે બોલાય ખરૂં. *I dared him to accept my challenge* એમ તો આપણે બેશક બોલીશકીએ; અને *I dared not venture on the expedition* એમ પણ કદાચ બોલીશકાય. એમ છતાં એ છેલા વાક્યમાં *durst* બોલવો એ વધારે સારૂં છે. હવે, અગરજો *dare* transitive અને intransitive બને છે એવો દાખલો અપાય, તોપણ *durst* તો ફક્ત intransitive જ છે. *I durst him to accept my challenge* એમ બોલાય નહીં. વળી, *dare* ફક્ત present tense માંજ વપરાય, અને *dared* past tense માંજ વપરાય. પણ *durst* તો બને કાળમાં વાપરીશકાય—એ પ્રમાણે *I am afraid to* અને *I was afraid to* બનેની બાબતમાં *I durst not* બોલાય. વળી, *I durst not do it, although you ask me*, અને

I durst not do it when you asked me બને બોલીશકાય. તેથી ફરીને *durst* past અને present બને છે. I *durst* અને he *durst* એમ પણ બોલવાને હરકત નથી.

877. Hiley's Grammar ને ૫૦ મે પાને કલમ ૧૬૨ માં એમ છે કે *dare* જેનો intransitive તરીકે અર્થ *venture* અને past tense *durst* થાયછે, અને *need* intransitive એ બે ક્રિયાપદનું સાધારણ રૂઢી પ્રમાણે બીજા અને ત્રીજા પુરૂષમાં સરખુંજ રૂપ છે. જેમકે, Thou *dare*, he *dare* not ride; Thou *need*, he *need* not walk. પરં *dare* જે transitive તરીકે *to challenge* ની બરાબર છે, અને જેનો past tense એની બાબતમાં *dared* થાયછે, અને *need* જે transitive તરીકે *to want* ને અર્થે આવેછે, એ બે ક્રિયાપદને બીજા પુરૂષમાં *st* અને ત્રીજામાં *s* લાગેછે. જેમકે, Thou *darest*, he *dares* him to the conflict Thou *needest* help. He *needs* your guidance.

878. Angus Hand Book of the English Tongue ને પાને ૨૨૨ મે કલમ ૩૦૫ માં એમ છે કે *dare, durst* વગેરે એક ક્રિયાપદનાં રૂપ છે. *Durst* past tense છે તોપણ present અને past બને કાળમાં એનો અર્થ થઈ શકેછે, અને એ બધા પુરૂષમાં આવેછે. *Dare* transitive છે, અને *durst* તો ફક્ત intransitive જ છે.

879. Rowe અને Webb સાહેબના Hints નામના ગ્રંથમાં પાને ૧૨૧ મે કલમ ૨૭૨ માં *dare* બાબત નીચે મુજબ આપેલું છે.

	Singular.			Plural.		
	1	2	3	1	2	3
Pres. Ind.	dare	darest	dare / dares		dare	
,, Subj.	dare	dare	dare		dare	
Pres. Ind. & Sub....	durst	durst	durst		durst	

NOTE.—*I can* ની માફક *I dare* જૂનો preterite છે તેથી એનો ખરો 3rd person *he can*, *he shall* વગેરેની માફક *he dare* છે, પણ વારંવાર ભૂલથી *he dares* વાપરવામાં આવેછે. *dare* જ્યારે transitive verb તરીકે '*to challenge*' ને અર્થે વપરાયછે ત્યારે એનો નવો past tense અને past participle *dared* થાયછે; જેમકે, 'He *dared* me to do it.' વળી *dared durst* ને માટે વાપરવામાં આવેછે. 'I *dare* say મા *dare* માં emphasis એટલે ભાર છેજ નહી, અને એનો અર્થ 'probably' છે.

880. ઉપલી કલમમાં કહેલા ગ્રંથની કલમ ૨૮૯ માં *Need* વિશે એમ લખેલું છે કે જ્યારે એ ક્રિયાપદ auxiliary તરીકે વપરાયછે ત્યારે જાણે તે *dare* ની માફક preterit હોય એમ તેનો 3rd person singular *needs* નહીં પણ *need* થાયછે; જેમકે, 'He *need* not go' એટલે He is under no necessity to go. He must *needs* go માં *needs* adverb છે.

881. Sheppard's Manual of General English માં પાને ૧૬૦ મે કલમ ૫૪૯ માં એમ છે કે જ્યારે *dare* ની પછી *say* બોલવામાં આવેછે ત્યારે *to* અધ્યાહાર્ય રાખવાનું છે, પણ *to* બોલાય પણ ખરૂં. ફેર એટલો કે *to* ન હોય ત્યારે એનો અર્થ **ધાર કે માન** થાયછે, અને *to* સાથે ભરોસાથી કહેવાનું છે એમ સમજવું. ઉદાહરણ, He *dare* not *say* it is so એમ છે એવું તે ધારતો નથી. He *dare* not *to say* it is so એમ છે એવું તે દઢતાથી કહીશકતો નથી.

Dare ની બાબતમાં જૂદા જૂદા વૈયાકરણીઓનાં વ્યાકરણમાંથી જે આપવામાં આવ્યું છે તેમાં એમ પણ છે કે જ્યારે એ intransitive હોયછે ત્યારે 3rd person singular માં *he dare* ફક્ત present tense માં બોલવાનું છે, પરંતુ મારા વાંચ્યા તા. જાણ્યા પ્રમાણે *he dare* past tense મા પણ બોલીશકાય. Colonel Meadows Taylor ની Tara નામની Maratha Tale માં પાને ૨૬૧ મે લીટી ૯-૧૦ માં past tense માં Need he deny these papers? He dare not એ પ્રમાણે છે. વળી એજ ગ્રંથને પાને ૩૭૯ મે લીટી ૩૭ માં that he dare not take them past the force વગેરે છે તેમાં પણ past tense માં અર્થ લેવાનો છે. તેથી 'He *dare* not go there alone' નો અર્થ

ત્યાં એકલા જતાં તેની હિંમત ચાલતી નથી, અને ત્યાં એકલા જતાં તેની હિંમત ચાલી નહીં બને થાય, અને *dare* ની માફક *need* ની બાબતમાં પણ છે એટલે 'He *need* not go there alone' નો અર્થ પણ બને કાળમાં થઈશકે. Past perfect માં He *need* not have gone there તેણે ત્યાં જવું જોઈતું નહોતું. You must needs go there માં *needs* adverb છે અને *necessarily* કે *of necessity* ની બરાબર છે. વળી *I dare say* માં શેપર્ડ સાહેબના તા. રો અને ઉવેમ સાહેબના વિચાર પ્રમાણે કોઈ જાતનું નક્કીપણું નથી, પણ મારા પોતાના મનમાં જે છે તે પ્રમાણે તો. એ બાબતમાં મેં જે તપાસ કરેલી છે તે ઉપરથી મારૂં કહેવું એમ છે કે *I dare say* માં નક્કીપણું છે તો ખરૂં, પણ *I dare to say* માં છે તેટલું નહીં.

The verb.

Meseems, Methinks, અને **Me listeth or Me lists.**

882. *Meseems* એ *it seems to me* ની બરાબર છે. એવે ઠેકાણે *seems* intransitive છે, અને me dative case માં છે. *Methinks* એ Anglo-saxon માં જે form *to seem* ની બરાબર છે તે form માંથી નીકળેલો છે. એ પણ intransitive છે અને સર્વનામ dative છે. *Me listeth* કે *me lists = it pleases me.* એ ક્રિયાપદ transitive છે તેથી *me* accusative case માં છે. એ બધા ક્રિયાપદને impersonal verbs કહેછે. ખરેખરા એવા ક્રિયાપદ અંગ્રેજીમાં ત્રણજ છે. Latham's Hand-Book of the English Tongue, Page 404 and article 589.

The verb **Use**.

833. *Use* નો અર્થ habitual action એટલે જાથુક કામ કરવાનો થાયછે ત્યારે એ past tense માં વાપરી શકાય પણ present tense માં નહીં વપરાય, એટલે Those children *used* to cry daily બોલાય, પણ Those children *use* to cry daily નહીં બોલાય. એવે ઠેકાણે *used* નો અર્થ તો જે અનિયમિત ભૂતકાળની નિશાની છે તે છે એમ સમજવું. Present tense માં *use* ને બદલે It is the custom of

those children to cry daily એમ અથવા Those children are accustomed to cry daily એમ બોલવું. *Use* ની જોડે *up* આવેછે ત્યારે એનો અર્થ વાપરીનાખ્ય કરવાનો છે. જેમકે, He *used up* all his strength તેણે પોતાનું બધું બળ વાપરી નાખ્યું.

The verb Inform.

884. *Inform* એટલે ખબર કર. એ ક્રિયાપદને વાપરવાની રીત એવી છે કે જેને ખબર કરવાની હોય તે બોલ્યા પછી ખબર કરવાની જે વાત હોય તેની પહેલાં *of* મૂકીને વાક્ય પૂરું કરવું. જેમકે, He *informed* him *of* this. He *informed this to* him નહીં બોલવું.

The verb Serve.

885. *Serve* ની જોડે *summons* આવેછે ત્યારે અર્થ બજાવ થાયછે. એવે અર્થે એને વાપરવાની રીત એવી છે કે જ્યારે બજાવવાનો સમન કર્તા તરીકે લેવામાં આવેછે, ત્યારે જેના ઉપર તે સમન બજાવવાનો હોયછે તેની પહેલા *upon* બોલવો. જેમકે, The summons was *served upon* him. પણ જ્યારે જેના ઉપર સમન બજાવવાનો હોય તે પહેલું બોલવામાં આવેછે, ત્યારે *summons* ની આગમજ *with* બોલવાનો છે. જેમકે, He was *served with* the summons. એજ પ્રમાણે A good dish was *served to* him, અને He was *served with* a good dish.

The verb Part.

886. *Part* એટલે જૂદા પડ. એ intransitive verb છે, અને ગુજરાતીમાં એની પછી થી અને અંગ્રેજીમાં *with* આવેછે. જેમકે, *I parted with* my friend હું મારા દોસ્તદારથી જૂદો પડયો. એ ક્રિયાપદની પછી *from*

પણ આવેછે. જેમકે, I *parted from* my friend હું મારા દોસ્તદારથી જૂદો પડયો. *With* બોલવામાં આવેછે ત્યારે એવું સમજવાનું છે કે મારૂં જૂદું પડવું હેત અને દલગીરીની સાથે અને ફરીથી મળવાની આશાથી થયું છે, પણ *from* બોલવામાં આવે ત્યારે કંઈ પણ અણબનાવને લીધે ગુસ્સે થઈને જૂદા પડવું એમ ગણવાનું છે. એમ છે તેથી *part* ની પછી *with* ને બદલે *from* અને *from* ને બદલે *with* બોલવું તદન ખોટું છે.

887 *Part* ઘણીતે transitive verb તરીકે વપરાયછે. જેમકે, To *part company.* જ્યારે બે જણા જોડે મુસાફરી કરતા કરતા ચાલ્યા જાયછે, અને કોઈ ઠેકાણેથી જૂદે જૂદે રસ્તે જાયછે ત્યારે They *parted company* એટલે તેઓએ સાથ કે સંઘાથ છોડયો એમ કહેવામાં આવેછે. *Part* ના transitive તરીકે બીજો અર્થ છૂટાં પાડ થાયછે. જેમકે, He *parted* the *boughs* on the road રસ્તે જે ડાળી હતી તે તેણે છૂટી પાડી.

The verb **Accompany.**

888 *Accompany* એટલે જોડે જા transitive verb છે. એનું કર્મ પ્રાણી હોયછે ત્યારે passive voice માં ધારા પ્રમાણે *by* preposition આવેછે. જેમકે, I *accompanied* him to Bombay હું તેની જોડે મુંબઈ ગયો. Passive voice માં He was *accompanied by* me to Bombay જ્યારે એ ક્રિયાપદનો object જીવવગરનો હોયછે ત્યારે એની પછી *with* આવેછે. જેમકે, I *accompanied* these words *with* a remark આ બોલોની સાથે મેં ટીકા કાઢી.

The verb **Avail.**

889. *Avail* transitive હોયછે ત્યારે એનો અર્થ ફાયદો કર થાયછે. એવે અર્થે એને વાપરવાની રીત એવી

છે કે એની પછી subject નાં number અને gender પ્રમાણે reflexive pronoun વાપરવું, અને પછી *of* મૂકીને જે વસ્તુનો ફાયદો લેવા હોય તે વસ્તુ બોલવી. જેમકે, He *availed* himself *of* that opportunity. She *availed* herself *of* such a kind offer. Those men *availed* themselves *of* my services.

890. *Avail* નો transitive verb તરીકે લીજો અર્થ મદદ કર થાયછે. જેમકે, His strength *availed* him much તેના બળે તેને બહુ મદદ કીધી એટલે તેનું બળ તેને બહુ કામ લાગ્યું. Their courage *availed* them nothing તેઓની હિંમત તેઓને કંઈ કામ લાગી નહીં.

891. *Avail* intransitive હોયછે ત્યારે એનો અર્થ કામ લાગ કરવાનો છે. જેમકે, Medicines will not *avail* without strict regimen. સખત ફરી વગર ઓસડ કામ નહીં લાગે. What he said *availed* nothing. તેણે જે કહ્યું તે કંઈ કામ લાગ્યું નહીં.

The verb Welcome.

892. *Welcome* નો અર્થ સરભરા કર થાયછે. એવે અર્થે એ transitive છે, તેથી જેની સરભરા કરવાની હોય તેનો તરજુમો કરતી વખત નીજે માટે *of* બોલવો નહીં. જેમકે, ત્યાં બધાએ તે માણસની સરભરા કીધી All *welcomed* that man there. Passive voice માં That man *was welcomed* there by all. *Welcome* નો past tense અને past participle બને *welcomed* છે.

893. ઉપલી કલમમાં *was* ની જોડે *welcomed* બોલવામાં આવ્યું છે તેમ *welcome* પણ બોલાય. મનમાં રાખવાનું એ કે એવે ઠેકાણે *welcome* past participial adjective

છે અને *received with gladness* એટલે 'ખુશીની સાથે સનમાન પામેલો'ની બરાબર છે. That man *was welcome* there ત્યાં તે માણસનું ખુશીની સાથે સનમાન કરવામાં આવ્યું. Present tense માં 'You *are welcome*' here નો છુટો તરજુમો અત્રે 'તમારૂં ખુશીની સાથે સનમાન કરવામાં આવેછે' પણ સારૂં ગુજરાતી અત્રે 'તમે ભલે પધાર્યા.' He *is welcome* to my house and home, મારાં ઘર બાર તેનાં છે.

The verb **Become**.

894. *Become* transitive હોયછે ત્યારે એનો અર્થ ને ઘટ થાયછે. જેમકે, એમ કરવું તમને ઘટેછે It *becomes you* to do *so*. એ વાક્યમાં *you* direct object છે તેથી *to* બોલવાનો નથી. જેને ઘટેછે તે વિશેષ કે સામાન્ય નામ હોય ત્યારે પણ *to* નહીં બોલવો. જેમકે, ત્યાં જવું રામભાઇને ઘટેછે It *becomes* Rambhai to go there. પોતાના પાઠ સારા કરવા એ તમારા ભાઇને ઘટેછે It *becomes* your *brother* to prepare his lessons well.

895. ઉપલી કલમમાં જે અંગ્રેજી વાક્યો છે તેમાં શરૂઆતમાં *It* આવ્યો છે તે એ નું અંગ્રેજી છે. એ એ ત્રીજા ગુજરાતી વાક્યમાં પ્રત્યક્ષ આવેલો છે, અને બીજા બે વાક્યોમાં એમ કરવું અને ત્યાં જવું ની પછી અધ્યાહાર્ય સમજવાનો છે. એ *it* impersonal pronoun અપુરૂષવાચક સર્વનામ છે, અને *to do, to go* અને *to prepare* ને માટે subject તરીકે શરૂઆતમાં આવેછે, પરંતુ *becomes* ના ખરા subjects *to do, to go,* અને *to prepare* છે.

The verb **Deserve**.

896. *Deserve* નો અર્થ *become* ની માફક ને ઘટ થાયછે. જેમકે, તમને સારૂં ઇનામ ઘટેછે You *deserve* a

good reward. જમનાદાસને સખ્ત સજા ઘટેછે Jamnadas *deserves* severe punishment. તે છોકરાને બહુ વખાણ ઘટેછે That *boy deserves* great praise. નમને, જમનાદાસને અને છોકરાને એમાં નમે, જમનાદાસ અને છોકરો subjects થાયછે તેથી ને એટલે *to* અંગ્રેજીમાં લેવાનો નથી.

897. ઉપલી કલમમાં જે અંગ્રેજી વાક્યો છે તેમાં object તરીકે substantives એટલે નામ આવેલાં છે. એ નામને ઠેકાણે infinitive substantives આણવા હોય તો એ નામો નું passive voice નું infinitive mood નું રૂપ લેવું, એટલે *reward* નું *to be rewarded*, *punishment* નું *to be punished*, અને *praise* નું *to be praised* કરવું. એમ કીધા પછી adjectives છે તેના adverbs કરવા, એટલે *good* નું *well*, *severe* નું *severely*, અને *great* નું *greatly* કરવું. એ પ્રમાણે કરવાથી You *deserve* to be well rewarded. Jamnadas *deserves* to be severely punished. That boy *deserves* to be *greatly* praised થાયછે.

898. You *deserve* a good reward વગેરે વાક્યોમાં *deserve* નહીં વાપરવો હોય તો You *are deserving* of a good reward. Jamnadas *is deserving* of severe punishment. That boy *is deserving* of great praise એમ બોલવું.

Resemblance between Become and Deserve.

899. *Become* અને *deserve* બનેનો અર્થ ને ઘટે થાયછે એટલું એ બેમાં મળતાપણું છે. મળતાપણાની બીજી બાબત એ છે કે બનેમાં જેને ઘટેછે તેમાં જીવ હોયછે.

Difference between Become and Deserve.

900. *Become* ની બાબતમાં જેને ઘટેછે તે object છે, અને *deserve* ની બાબતમાં જેને ઘટેછે તે subject છે. પહેલાની બાબતમાં જે ઘટેછે તે infinitive mood નો verb એટલે infinitive substantive nominative case માં હોય છે, અને બીજાની બાબતમાં જે ઘટેછે તે substantive અને infinitive substantive બને accusative case માં હોયછે. આવી તરેહનો એ બેમાં ફેર છે. 'તમને એમ કરવું ઘટેછે' ની બરાબર તમને એમ કરવું લાયક છે, અને તમને સારૂં ઈનામ ઘટેછે = તમને સારૂં ઈનામ લાયક છે અથવા વધારે સારૂં તમે સારા ઈનામને લાયક છો. એ ઉપરથી *become* ની બાબતમાં કંઈ કામ કોઈને લાયક છે એમ, અને *deserve* ની બાબતમાં કોઈ કંઈ વસ્તુ અથવા કામને લાયક છે એમ સમજવાનું છે. એ વળી એમ બે ક્રિયાપદની વચ્ચે બીજો ફેર છે.

901. ઘટેછે ને અર્થે *become* ના જેવા બીજા ક્રિયાપદ *Befit, behove* અને *beseem*, અને *deserve* ને મળતો ક્રિયાપદ *merit* છે. *Is deserving of* અને *are deserving of* ને બદલે *is worthy of* અને *are worthy of* બોલાય.

The verb Promise.

902. *Promise* એટલે **વચન આપ** એ બે object વાળો transitive verb છે, અને એવી જાતના ક્રિયાપદમાં direct object તરીકે substantives અને infinitive substantives આવેછે તેવા ક્રિયાપદને મળતો આવેછે. જેમકે, તેઓએ તેને સારા ઈનામનું વચન આપ્યું. આ વાક્યનું અંગ્રેજી **વચન આપ્યું**ની પહેલાં નું છે તે કાઢી નાખીને કરવાનું છે, તેથી They *promised* him a good reward.

તેઓએ તેને તે કરવાનું વચન આપ્યું They *promised* him to do it.

903. ઉપલી કલમમાં 'They *promised* him a good reward' માં *reward* direct object અને *him* indirect object છે. એ વાક્યની બરાબર They *promised* a good reward to him. Passive voice માં He *was promised* a good reward by them. 'They *promised* him to do it' મા *to do it* direct object છે અને *him* indirect object છે. એ વાક્યની બરાબર They *promised* to do it (doing it or the doing of it) to him Passive માં He was promised the doing of it by them

904. ઉપલી કલમ માં 'They promised him to do it' છે, તેમાં *to do* જે infinitive substantive direct object છે તે જે કામ કરીશું તે કામ જેને વચન આપવામાં આવેછે તેની એટલે *him* ની સાથે નહીં પણ વચન આપ જોડે સંબંધ રાખેછે. પણ જ્યારે જે કામ કરવાનું વચન આપવામા આવેછે તે કામ જેને વચન આપવામાં આવેછે તેનેજ કે તેની ઉપર કરવામાં આવેછે ત્યારે infinitive substantive પહેલો લેવો, અને પછી તેના direct object તરીકે જેને વચન આપવામાં આવે તે લેવો. જેમકે, તેઓએ તેને સારૂં ઇનામ આપવાનું વચન આપ્યું *They promised to reward* him well. Passive voice માં He *was promised to be rewarded* well by them.

Resemblance between Promise and Permit.

905. *Promise* અને *Permit* માં મળતાપણું એ છે કે બને બે object વાળા transitive verbs છે, અને તેથી બંનેને બને voice માં direct object તરીકે substantive અને infinitive substantive બને આવેછે.

Difference between Promise and Permit.

906. *Promise* ની બાબતમાં જેને વચન આપવામાં આવે તે infinitive substantive માં દર્શાવેલા કામનો direct object હોયછે ત્યારે infinitive substantive passive voice ને રૂપે આવેછે, પણ *Permit* ની બાબતમાં બને voice માં infinitive substantive active voice ને રૂપેજ રહેછે. એટલો એ બે ક્રિયાપદમાં ફેર છે.

907. 'They promised to reward him' નું passive 'He was promised to be rewarded by them' છે, તેમાં *him* direct object છે, પણ વખતે indirect object પણ થઈશકે. જેમકે, They promised to do him justice

---

908. જ્યારે active voice માંનો subject વાસ્તવિકરીતે કરનાર ન હોય એટલે તે ભાવવાચક નામ, જડ કે નાન્યતર નામ હોય ત્યારે passive voice માં *by* નહીં બોલતાં બીજાં prepositions વાપરવાં. જેમકે :—

His conduct displeased me.	I was displeased *at* his conduct.
Little satisfies him.	He is satisfied *with* little
That does not surprise me.	I am not surprised *at* that.
The book contains much information.	Much information is contained *in* the book.

(Sheppard's Manual of General English, Page 126 Note 2).

---

909. Transitive verbs કોઈવાર active voice ને રૂપે આવેછે પણ અર્થ passive voice માં કરવાનો હોયછે. ઉદાહરણ, A fine house to let. A scene difficult to

describe. He is to blame. Good books to sell. A stone too large to lift. A lesson too long to learn. એ બ઼ વાક્યોમાં *to let* = *to be let, to describe* = ***to be described**, to blame* = *to be blamed, to **sell*** = ***to be sold**, to lift* = *to be lifted, to **learn*** = *to be **learnt***. આવી બાબતમાં active voice નાં રૂપ વાપરવાં એ વધારે સારૂં છે.

Different ways in which intransitive verbs are used as transitive in English.

910. *(a)* Cognate object એટલે પોતાને મળતો કે પોતાની જાતનોજ object આવેછે ત્યારે intransitive verbs transitive ગણાવાના છે. ઉદાહરણ, *To die* an unnatural *death*, કમોતે મરવું, *to dream a dream*, સ્વપ્નું આવવું, *to fight a fight*, લડાઈ લડવી, *to live a life*, જીંદગી ગુજારવી, *to play a play*, રમત રમવી, *to **run** a **race***, શરત બકવી, *to **sleep** a **sleep***. ઊંઘ કાઢવી, *to weep **tears*** of joy, હરખનાં આંસુ પાડવાં. Cognate object ને accusative of kindred signification પણ કહેછે.

(b) પાછળથી preposition આવ્યાથી એઓ transitive ગણાયછે. ઉદાહરણ, He *talks of* this matter much. You should not *object to* that. I ***submitted** to* his order. You had better ***inquire into*** the matter. Do not *dwell upon* that. એ બધા ક્રિયાપદનો passive voice કરતી વખતે દરેકની પછી જે preposition છે તે તેની પાછળથી લેવાનું છે. જેમકે, This matter is *talked of* by him much. That

should not be *objected to* by you. His order was *submitted to* by me. The matter had better be *inquired into* by you. Let that be not *dwelt upon* by you.

આ કલમમાં જે prepositions આવેલાં છે તેને ક્રિયાપદ જોડેજ લઈને prepositions નહીં પણ adverbs ગણવાના છે, અને એઓની પછીનાં નામનું વ્યાકરણ કરતી વખતે accusative case governed by the transitive verb જે હોય તે preposition સાથે બોલવો. જેમકે, પહેલા વાક્યમ. accusative case governed by the transitive verb *talks of*. Intransitive verbs ની પછીનું preposition ક્યારે જુદું અને ક્યારે ક્રિયાપદની જોડે લેવું એ બાબત યાદરાખવાનું એ કે intransitive verb હોય તેનો passive voice કરી જોવો. તેમ જો થાય નહી તો preposition જુદું લેવું. જેમકે, He sat on the ground નું passive 'The ground was sat on by him' એમ કંઈ બોલાય નહી માટે *on* જુદું જ લેવું.

(c) શરૂમાં *be* લગાડવાથી, જેમકે, *to lie* જૂઠું બોલવું છે એની પહેલાં *be* મૂકવાથી *to belie* જૂઠા પાડવું, *to moan* શોક કરવો માં *be* મૂકવાથી *to bemoan* શોક કરવો, *to seem* દેખાવું ઉપરથી *to beseem* ને ઘટવું, *to fall* ઉપરથી *to befal* ઉપર પડવું, *to labour* ઉપરથી *to belabour* ખઝોડવું, *to come* ઉપરથી *to become* ને ઘટવું. ઉદાહરણ, His actions *belie* his words. તેનાં કામ તેના બોલને જૂઠા પાડેછે. They all *bemoaned* the death of so good a man તે બધાએ એવા સારા માણસના મરણને માટે શોક કીધો. It *beseems* you all to go there ત્યાં જવું તમને બધાને ઘટેછે. Great misfortunes *befal* them તેઓના ઉપર મોટી આફતો ગુજરેછે. They *belaboured* him with sticks તેઓએ તેને લાકડીથી ખઝોડયો. It *becomes* them to reward you, તમને ઇનામ આપવું એ તેઓને ઘટેછે.

(*d*) Transitive verbs ની માફક object આવ્યાથી. જેમકે :—

Tell the *Sepoy* to *go* his *round.*	સિપાઈને કહો કે રોન ફરવા જા.
They *laughed him to scorn.*	તેઓએ હસી કાઢીને તેનો તિરસ્કાર કીધો.
We *talked* the *night away.*	અમે વાતમાં ને વાતમાં આખી રાત કાઢી.
You should not *run him* down.	તમારે તેને હલકો નહીં પાડવો જોઈએ.
I will not *fail you.*	હું તમને છોડ નહીં દઉં.
They *wept* a last *adieu.*	તેઓએ રડતાં રડતાં છેલ્લી સલામ કીધી.
I *looked* that *man* in the face	મેં તે માણસના મોંપર નજર કીધી.
The child *cried itself to sleep.*	છોકરૂં રડીરડીને ઊંઘી ગયું.
He wished to *sleep* off the *effects* of Bhang.	ઊંઘીને ભાંગનો નીશો ઉતારવાની તેણે મરજી કીધી.
She *sobbed herself to sleep.*	તે ડસકાં ભરતી ભરતી ઊંઘી ગઈ.
They tried to *frown him* down.	તેઓએ ગુસ્સે થઈને તેને નરમ પાડવાનું કીધું.
They were *screaming messages.*	તેઓ બૂમ પાડીને સંદેસા પહોંચાડતા હતા.

They *stared him* out of countenance.	તેઓએ તેની સામા એટલું તાકી તાકીને જોયું કે તેનો ચહેરો ઠેકાણે રહ્યો નહીં.
The church bells *rang* out their noisy *peals*.	દેવલના ઘંટો કણીંગ કણીંગ વાગતા હતા.

Intransitive but used as transitive in Gujarati

911. રડ, જા, બેસ, હસ, ચઢ વગેરે ક્રિયાપદ ગુજરાતીમાં અકર્મક છતાં સકર્મક તરીકે વપરાયછે. ઉદાહરણ, તે રોજ રોદડાં રડેછે. તે ત્રણ જગા ગયો. તે બાયડી માતા બેસવાની છે. તે તો પોતાની મૂર્ખાઇને હસેછે. તેઓ પાંચ નંબર ચઢયા.

Causative verbs.

912. Causative verbs એટલે પ્રેરકભેદવાળા ક્રિયાપદ ઘણુંકરીને intransitive verbs માં ફેરફાર કરવાથી થાયછે. જેમકે :—

Sit બેસ Set બેસાડ	Stand ઉભોરહે Stay ઉભો કર.
Lie સુ Lay સુવાડ	Fall પડ Fell પાડ.
Rise ઉઠ Raise ઉઠાડ	Suck ચૂસ Soak ચુસાડ.
Drink પી Drench પા	Dive ડુબકી માર Dip ડુબકી મરાવ.

એવી જાતના ક્રિયાપદ કોઇવાર અકર્મકમાં જે રૂપે છે તેજ રૂપે causative થાયછે એટલે પ્રેરકભેદમાં વપરાયછે. જેમકે :—

He *floated* the wood down the river. He *walked* the horse to the stable. It is so soft that you can run your finger into it. Sheppard's Manual of General English Page 27, Article 92).

Transitive verbs different from those given in Article 910 b.

913. કેટલાક transitive verbs એવા હોયછે કે તેઓની પછીના preposition ની પહેલાં નામ અને પછીથી નામ કે સર્વનામ આવેછે ત્યારે passive voice કરતી વખત પછીના નામ કે સર્વનામને કર્તા બનાવવાનો છે, અને ક્રિયાપદનું રૂપ passive voice નું કર્યા પછી જેમ હોય તેમ બોલવાનું છે. જેમકે, They lost sight of land નું passive Land was lost sight of by them. He took care of me. I was taken care of by him. They made a fool of that man. That man was made a fool of by them. We made a laughing-stock of him. He was made a laughing-stock of by us. I gave credence to his assertion. His assertion was given credence to by me. They had to make amends for the loss. The loss had to be made amends for by them.

914. *Take care of* સિવાય *take notice* અને *cognisance of* બોલાયછે, અને *make* a *fool* અને a *laughing-stock of* સિવાય *game of*, *fun of*, a *point of*, a *mess of*, a *virtue of* વગેરે બોલાયછે દાખલા:—

They took notice of him.	He was taken notice of by them.
You had better take cognisance of the matter.	The matter had better be taken cognisance of by you.

They made game of that man	**That man was made game of by them.**
Do not make fun of them.	Let them be not made fun of by you.
He made a point of it.	It was made a point of by him.
They have made a complete mess of it.	It has been made a complete mess of by them.
You should make a virtue of necessity.	Necessity should be made a virtue of by you.

915. કેટલાક transitive verbs એવા છે કે તેઓની પછી આવનાર preposition ની પહેલાં વિશેષણ કે ક્રિયા-વિશેષણ અને પાછળથી નામ કે સર્વનામ આવેછે, ત્યારે ઉપલી કલમમાં આવેલા નિયમ પ્રમાણે ચાલવાનું છે. જેમકે :—

He spoke *ill* of Rambhai.	Rambhai was spoken *ill* of by him.
They made *light* of his advice.	His advice was made *light* of by them.
They made *much* of the stranger.	The stranger was made *much* of by them.
They talked *highly* of his merits.	His merits were talked *highly* of by them.
He spoke *disparagingly* of that man.	That man was spoken *disparagingly* of by him.

916. **'To make friends with any one'** નો અર્થ એવો થાયછે કે કોઈની જોડે દોસ્તી કરવી. એમાં *friends* plural number માં વાપરવામાં આવેછે એ દેખીતું તો નવતરૂં લાગે એવું છે, પણ *friends = friendship* છે એમ સમજવામાં આવે તો પછી મનમાં કોઈ જાતનો ખતરો રહે નહી.

Active voice નો passive voice ક્યારે નહીં કરવો.

917. 'The master likes the boy to be punished severely' મા *boy likes* નો અપૂર્ણ object છે, કારણ કે માસ્તર કંઈ છોકરાને ચાહેછે એમ નથી, પણ છોકરો સજા પામે એવું ચાહેછે એમ છે. તેથી *boy* ની જોડે *to be punished* લેવામાં આવે તોજ બને મળીને પૂર્ણ object થાય. એમ છે તેથી એવા વાક્યનું passive 'The boy is liked by the master to be punished' કરવામાં આવે તો તે કંઇનું જણાય, કેમકે માસ્તરથી છોકરો ચહવાયછે એમ કંઈ છે નહીં, પણ છોકરો સજા પામે એવું માસ્તરથી ચહવાયછે એમ છે. તેથી એવા વાક્યનું passive કરવું નહીં. એમજ પ્રમાણે 'I want that man to be treated well' માં *want* નો પૂર્ણ object *man* એકલો નહીં પણ *man to be treated* ગણવાનો છે. એ વાક્યને પણ passive voice માં લેવું નવતરૂં લાગે એવું છે.

918. ઉપલી કલમમાં 'The master likes the boy **to** be punished severely' અને 'I want that man to be treated well' એ બે અંગ્રેજી વાક્યો છે તેમાંનાં પહેલાની બરાબર The master likes 'the being punished severely of that boy' એટલે 'the severe punishment of that boy,' અને I want 'the being treated

well of that man' એટલે **'the good treatment of that man'** એમ સમજવાનું છે.

જેનું continuous form નહીં થાય એવા verbs.

919. *Believe, fear, hope, know, love, wish, mean, intend* વગેરે એવા ક્રિયાપદ છે કે એઓનું continuous form વાપરવામાં આવતું નથી, તેથી *is* કે *was believing, fearing, knowing, loving* વગેરે બોલવું ખોટું છે. યાદ રાખવાનું એ કે બને કાળમાં સાદાં તેમજ ચાલુ રૂપમાં *believes, believed, fears, feared, hopes, hoped, knows, knew, loves, loved* વગેરે બોલવું.

Transitive and intransitive verbs.

920. કેટલાક ક્રિયાપદ transitive અને intransitive બને હોયછે. જેમકે :—

The doctor wants to *bleed* his arm.	દાક્તર તેના હાથની ફસ ખોલવા માગેછે.
This made him *bleed* much.	આથી તેને બહુ લોહી નીકળ્યું.
He was *drawing* water from the well.	તે કૂવામાંથી પાણી ભરતો હતો.
The long-wished-for day is *drawing* near.	કંઈ દહાડાનો ચાહેલો દિવસ પાસે આવતો જાયછે.
He *flew* a kite yesterday.	કાલે તેણે કનકવો ચગાવ્યો હતો.
The chamber door *flew* open with a sudden slap.	ઓરડાનું બારણું ફડાક દઈને ઉઘડી ગયું.

Hold out some hope to him.	તેને કંઈ આશા આપો.
He will not *hold* out long.	તે લાંબી મુદત ટકવાનો નથી.
You will *obtain* a good pay.	તમને સારો પગાર મળશે.
This custom *obtains* among them.	આ ચાલ તેઓમાં ચાલેછે.
He cannot *recover* this money.	તેનાથી એ પૈસા વસૂલ થતા નથી.
Would you would soon *recover*.	તમે જલદી સારા થાઓ એવું હું ચાહુંછુ.

921. **Intransitive** તરીકે વપરાતા **transitive** જેમકે :—

It is difficult to *determine* in such a case.	એવી બાબતમાં નક્કી કરવું મુશ્કેલ છે.
Does he really *learn* by coming to you?	તમારી પાસે આવ્યાથી તે ખરેખર શીખેછે?
He *read* till he was tired.	થાકીગયો ત્યાંસુધી તેણે વાંચ્યા કીધું.
He *speaks* better than that boy.	તે છોકરાના કરતાં તે સારૂં બોલેછે.
You *teach* more carefully than he.	તેના કરતાં તમે વધારે કાળજીથી શીખવોછો.

---

922. ભૂલથી **transitive** માં ગણાઈ જાય એવા **intransitive**.

That man *has* not *appeared* yet.	હજી તે માણસ દેખાયો નથી.
The army *consisted* of 2000 men.	લશ્કરમાં બે હજાર માણસ હતા.
It *happened* that he was not there	એવું બન્યું કે તે ત્યાં નહોતો.
My brave boy *has perished*.	મારો બહાદુર છોકરો નાશ પામ્યો છે.
Five of those books still *remain*.	તે ચોપડીમાંની પાંચ હજી રહેલી છે.
With all his labour he did not succeed.	તેની મધળી મહેનત છતાં તે ફતેહ પામ્યો નહીં.

પહેલા વાક્યમાં *is appeared*, બીજામાં *is consisted*, ત્રીજામાં *was happened*, ચોથામા *is perished*, પાંચમામાં *are remained* કે *are remain*, અને છઠામા *was* not *succeeded* બોલવુ તદન ખોટુ છે એમ ખૂબ યાદ રાખવુ

923. ગુજરાતીમાં દેખીતા intransitive પણ અર્થે passive માં થઈશકે એવા ક્રિયાપદ ઠરવું, હારવું, સુધરવું, રહેવું, બનવું વગેરે છે. ઠરવું, *to be decided*, હારવું, *to be defeated*, સુધરવું, *to be improved*, રહેવું *to be left*. બનવું *to be made*. દાખલા :—

It *is* not *decided* when he is to go.	તે ક્યારે જવાનો છે એ ઠર્યું નથી.
Do what they would, they *were* signally *defeated*.	મરજીમાં આવે તે તેઓએ કીધું, તોપણ સચોટ હારી ગયા.
It will be long before his writing *is improved*.	તેના અક્ષર સુધરતાં લાંબો વખત લાગશે.

Do you know how much *is left ?*	કેટલું રહ્યું છે એ તમે જાણો-છો ?
I know where such boxes *are made.*	એવી પેટી ક્યાં બને છે એ હું જાણુંછું.

---

924. **Nouns the use of which as verbs is worth knowing.**

He would have you *shoe* his horse.	પોતાના ઘોડાને તમારી પાસે નાળ જડાવવાની તેની મરજી છે.
He is all readiness to *back* your efforts	તમારી મહેનતને આશરો આપવાને તે તૈયાર છે.
You had better have *seasoned* the Kari.	તમે કઢીમાં વઘાર કીધો હોત તો ઠીક.
It is not his business to *sort* letters.	કાગળ જૂદા પાડવા એ તેનું કામ નથી
When will the goods have all been *booked ?*	સઘળો સામન ક્યારે નોંધાઈ રહેશે ?
Ere all these bales are *shipped* much has to be done.	આ સઘળી ગાંસડી વહાણપર ચઢાવવામાં આવે તે પહેલાં ઘણું કરવું પડે એમ છે.
I would rather have you *hand* this book to him.	આ ચોપડી તમે તેને આપો એ મને વધારે પસંદ છે.
He is too clever not to *master* the English language soon.	તે એટલો હોશીઆર છે કે જલદી અંગ્રેજી ભાષા પૂરે-પૂરી શીખ્યા વગર નહીં રહે.

Tell that man to come to me when he has *weeded* that farm.	તે માણસને કહો કે જ્યારે તું તે ખેતર નીંદી રહે ત્યારે મારી પાસે આવજે.
When he had done speaking, he *elbowed* his way through the crowd.	જ્યારે તે બોલી રહ્યો ત્યારે તે લોકના ટોળામાંથી કહોણી મારીને પોતાનો રસ્તો કરતો કરતો ચાલ્યો ગયો.
He said he could not say how long that wolf had been *lapping* at that stream.	તેણે કહ્યું કે તે વરૂ કેટલીવાર થયાં તે ઝરામાંથી પાણી પીએછે એ હું કહી શકતો નથી.
The lecture was well *penned*, and worthy of commendation.	ભાષણ સારી રીતે લખેલું અને વખાણવાજોગ હતું.
He seems to be *schooled* in the art of music.	તે ગાયનકળામાં પહોંચેલો થયલો જણાયછે.
He was *fanning* smoke from his friend.	તે પોતાના દોસ્તદારની પાસેથી વીંજણોવતી ધૂમાડો ખસેડી નાખતો હતો.
He told them they would do well to *pocket* the insult they had received.	તેણે તેઓને કહ્યું કે તમારૂં જે અપમાન થયું છે તે તમે પી જાઓ તો ઠીક.
What a lot of time you have taken to *thread* that needle!	તે સોય પોરવતાં તમે તો કાળના કાળ કાઢી નાખ્યા ને શું ?

They *fooled* that man to the top of his bent.	તેઓએ તે માણસને આસમાનપર ચઢાવી દીધો.
He *wormed* himself into their confidence.	તેણે ધીમે રહીને તદબીરથી તેઓનો ભરોંસો સંપાદન કરી લીધો.
Great was the anger he felt when he was *bearded* in this manner.	એવી રીતે પોતાનો તિરસ્કાર થયો ત્યારે તેને બહુજ ગુસ્સો લાગ્યો.
He was not a little displeased at being thus *snowed* up.	બરફને લીધે આવા રીતે ઘરમાં ગોંધાઈ રહેવાથી તે કંઈ થોડો નાખુશ થયો નહીં.
They *glared* open-mouthed astonishment.	તેઓ બગધ્યાન થઈને જોઈ રહ્યા.
That man seems to be wonderfully *steeled* against humanity.	દયાની બાબતમાં તે માણસ અજબ પત્થર હૈયાનો જણાય છે.
He is too proud to *brook* so much restraint.	તે એટલો મગરૂર છે કે એટલો બધો દાબ તેનાથી સહન થવાનો નથી.
It is anything but good to *broach* such a quarrel.	એવો કજીઓ જગાડવો એ સારૂં તો નહીંજ તો.
In the long run they *screwed* that thing out of him.	છેલ્લે સરવાળે તેઓએ તે વસ્તુ તેની પાસેથી કઢાવી.

They wish you to *dance attendance* upon that man.	તેઓની મરજી એવી છે કે તમે તે માણસની તેનાતમાં હાજર ને હાજર રહો.
He *shouldered* the box again.	તેણે પેટી પાછી ખાંધે લીધી.
His countenance *beamed* with delight.	તેનો ચહેરો આનંદથી ખીલી રહ્યો.
No one *seconded* his proposal.	તેની સૂચનાને કોઈએ ટેકો આપ્યો નહીં.
He is a great fool thus to *pride* himself on his learning.	તે બહુ બેવકૂફ છે પોતાના વિદ્યાનું આ પ્રમાણે એટલું બધું અભિમાન રાખે છે.
They *eyed* him from head to foot.	તેઓએ તેને પગથી તે માથા સુધી જોયો.
He *tuned* his fiddle, and played an air which eased me of all anxiety.	તેણે પોતાની સારંગી મેળવીને સૂર કાઢ્યો તેથી મારી સઘળી ચિંતા જતી રહી.

FINIS.